
||હરિ:ૐ||



# શ્રદ્ધા

- પૂજ્ય શ્રીમોટા

॥ હરિ:ૐ ॥

પૂજ્ય શ્રીમોટા
વિરચિત

# શ્રદ્ધા

: સંપાદક :
રમેશ ભટ્ટ

હરિ:ૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑

| આવૃત્તિ | વર્ષ | પ્રત | આવૃત્તિ | વર્ષ | પ્રત |
|---|---|---|---|---|---|
| પ્રથમ | ૧૯૭૧ | ૧૨૫૦ | ત્રીજી | ૨૦૧૩ | ૧૦૦૦ |
| બીજી | ૧૯૯૯ | ૧૦૦૦ | | | |

❑ પૃષ્ઠ : ૫૬ + ૨૬૮ = ૩૨૪

❑ કિંમત : **રૂ. ૨૫/-**

❑ **પ્રાપ્તિસ્થાન :** હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઇનર : **મયૂર જાની,** મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઇન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

**(ત્રીજી આવૃત્તિ)**

પૂજ્ય શ્રીમોટાની વ્યક્ત ભાવના કે, ‘તને શરમ ના
આવતી હોય તો **નામસ્મરણ**નો જેટલો ચેપ
લગાડાય એટલો લગાડજે’ અને તેને
ભાવપૂર્વક ઝીલીને સ્વજનોને ઘેર ઘેર જઈને
જપયજ્ઞની ધૂણી ધખાવી તે માટે ભેખ લેખનાર
અને
શ્રીસદ્‌ગુરુ પ્રત્યે પૂર્ણ શ્રદ્ધાથી સમર્પિત એવા
અને
પૂજ્ય શ્રીમોટાના અક્ષરદેહના પ્રકાશનના
હરિઃૐ આશ્રમ, સુરતના કાર્યમાં વર્ષોથી
મુદ્રણશુદ્ધિનું કાર્ય, ‘એ પણ શ્રીમોટાની જ સેવા છે’
એવા સદ્‌ભાવથી કરતા રહેલા અમદાવાદ નિવાસી નિવૃત્ત
શિક્ષક અને સાધનાના પંથે ગતિમાન
**શ્રી જયંતીભાઈ ડાહ્યાભાઈ જાની**ને
તથા તેમનાં સદ્‌ગત ધર્મપત્ની
**શ્રીમતી ઊર્મિલાબહેન જયંતીભાઈ જાની**ને
આદરપૂર્વક **‘શ્રદ્ધા’**ની આ ત્રીજી આવૃત્તિનું
પ્રકાશન સમર્પિત કરતાં
અમો આનંદની લાગણી અનુભવીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાનો ૭૫મો સાક્ષાત્કારદિન
તા. ૨૦-૪-૨૦૧૩, રામનવમી
સં. ૨૦૬૯

**ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સુરત.

# સમર્પણ-ભાવાંજલિ

## (પ્રથમ આવૃત્તિ)

## શ્રી હસમુખભાઈ ગોપાલદાસ મહેતાને
## અને
## શ્રીમતી પ્રમીલાબહેન હસમુખભાઈ મહેતાને

(અનુષ્ટુપ)

કેટલું કેટલું આપ્યું મર્યાદા કૈં વિનાનું શું !
થયો ઉપકાર તે કેવો ઋણ વાળી ન હું શકું. ૧

કેવી સરળતા દીધી યોગ્ય સાધન અર્પીને !
સંઘર્યો છે મને કેવો ! સાચવી, સાચવી લીધો. ૨

હૃદે ઓછું ન આણ્યું છે મારા ચડભડાટથી,
નવાજ્યા શો કરેલો છે તમે મને શું ભાવથી ! ૩

આપવાનું કર્યા કીધું, પ્રત્યેક વર્ષ પ્રેમથી,
હડસેલી ભિખારીને મૂક્યો ના બારણા થકી. ૪

કરી શક્યો તમારું ના, હું તો કર્મ ખરેખરું,
છતાં શું કર્મ મારાં તે કર્યાં શાં રૂડી પેર શું ! ૫

મને નવાજીને કેવી પૂર્ણ સ્વતંત્રતા દીધી
-**हरि** ઉછેરવા કેવો સોંપ્યો તમે મને રીઝી ! ૬

સંસારે વર્તવામાંયે **हरि** સાથે પૂરેપૂરી,
તમે શી છૂટ બક્ષી છે ! તેને કેમ ભૂલું જરી ? ૭

મને સંતોષવા પૂરો બંનેયે બનતું કરી,
હૃદે હર્ષ પમાડ્યો, તે કૃપાપ્રસાદી ભાવની. ૮

કશું બાકી ન રાખ્યું છે, જે તે સર્વ કરી ચૂકો,
મારો સંતોષ તે માત્ર તમારું સુખ શું ગણો ! ૯

મુશ્કેલી કેટલી સેવો, કેટલુંયે જતું કરો,
ધારો ઉદારતા હૈયે મારે માટે હૃદે તમો. ૧૦

કેટલુંયે કરો મારું સૌ અવારનવાર તે,
આડુંઅવળું મારું તે ધ્યાન લીધું ન છે હૃદે. ૧૧

સંભાળો છો તમે કેવો આશ્રમ ભલી પેરચે,
કેટલોયે કર્યો ખર્ચો નાદાન, શું ગણાવું તે ! ૧૨

કશું ના ગણકાર્યું છે સૌ સગવડ આપવે,
મને નિરાંત, આરામ દેવા, શું શું કર્યું તમે ! ૧૩

**'શ્રદ્ધા'**ને લખવા માટે રાખ્યો મુક્ત તમે મને,
ને કચવાટ સૂહેજેયે દાખવ્યો છે ન તે તમે. ૧૪

તમારા આપવા તોલે મારાથી શું અપાય તે ?
તે આપી હું શકું એવી કશી શક્તિ ન જીવને. ૧૫

આપી આપી નજીવું **આ** ભાવાંજલિ શી દિલની !
**'શ્રદ્ધા'** સમર્પીને ભાવે થાઉં કૃતાર્થ દિલથી. ૧૬

**-મોટા**

હરિઃૐ આશ્રમ,
કાવેરી ઓવારે,
અમરેન્દ્રપુરમ્ અગ્રહારમ્
કુંભકોણમ્ (દક્ષિણ ભારત)
તા. ૧૪-૭-૧૯૭૧

# શ્રદ્ધાંજલિ

## (પ્રથમ આવૃત્તિ)
## શ્રી રમણભાઈ અમીન (એલેમ્બિકવાળા)ને
## તથા
## શ્રીમતી ધીરજબહેન અમીનને

(અનુષ્ટુપ)

કેટલા ભાવથી કેવા તમે નવાજીને મને,
આપ્યો શો સાથ મારાં તે કર્મ ફળાવવા જગે ! ૧

ઉપલા સ્તરનાં લોક કેટલાં ઊતરી નીચે,
સેવા કેવી કરો મારી ! કેવી તે નમ્રતા હ્રદે ! ૨

મદદ, ઓથ શી દીધી કેટકેટલી વાર તે !
કેવી અગવડો સેવી ! નિરાંત આપવા મને. ૩

કેવી તૈયારી દાખી છે ! આરામ પ્રિય હોઈને !
છતાં તત્પર શાં પોતે ! સેવામાં તો પરોઢિયે ! ૪

તુચ્છ જોડકણું 'શ્રદ્ધા' ઉત્સુક વાંચવા હ્રદે,
તન્મયતા શી જોઈને મુગ્ધ થયો છું હું ખરે ! ૫

કેવા સૂક્ષ્મ વિવેકાદિ ! નાદાનિયત મારી શી !
બંનેનો મેળ તે જામે, એ તો કૃપાપ્રસાદી શી ! ૬

એક શો સાવ ભિખારી ! બીજો શ્રીમંત જીવને,
મેળ જો ખવડાવ્યો છે, તેમાં છે હેતુ જીવને. ૭

કોઈ વાર મળેલાં જે, જીવને આજ શાં મળ્યાં !
હેતુ ફળાવવા તેવો થજો તત્પર બેઉ ત્યાં. ૮

સમર્પણ, ફનાગીરી, શ્રેયને પંથ ઉભયે
-જોડિયા ભાઈ છે, તેની મૈત્રી કેળવજો હૃદે. ૯

જીવને તો પ્રભુભાવ ભાવ થકી ઉગાડવા,
પ્રભુકર્તવ્ય મારું હો ઉદ્યત તે ફળાવવા. ૧૦

સ્મરણ, પ્રાર્થના, શુદ્ધિ સત્સોબત, નિવેદન,
ભજન-કીર્તનો, ભાવ, નિત્ય નિત્ય સમર્પણ. ૧૧

શો પરમાર્થ ને ત્યાગ થજો ઉમંગથી સદા !
થવા જીવન ઉત્કૃષ્ટ અપાજો ભોગ સર્વદા. ૧૨

શ્રદ્ધાંજલિ વિના બીજું અર્પી શું શકું દીન હું ?
અર્પાયેલું જ સ્વીકારી કૃતાર્થ કરજો, સ્તવું. ૧૩

હરિઃૐ આશ્રમ, **-મોટા**
કાવેરી ઓવારે,
અમરેન્દ્રપુરમ્ અગ્રહારમ્
કુંભકોણમ્ (દક્ષિણ ભારત)
તા. ૧૪-૭-૧૯૭૧

॥ હરિઃૐ ॥

# પ્રસ્તાવના

## (પહેલી આવૃત્તિ)

'ब्रह्म सत्यं जगन्मिथ्या' એવું જ્યારે જગદ્‌ગુરુ શંકરાચાર્યે પ્રતિપાદિત કર્યું, ત્યારે જગતથી ઉદાસીન થઈ જવાનું એમ નથી સૂચવ્યું, પણ દૃષ્ટિફેર કરવાનું સમજાવ્યું છે. આંખથી જોવું અને સૂક્ષ્મ દૃષ્ટિથી જોવું, એ બેમાં જે ફેર છે, તે જ એનું રહસ્ય છે. પૂજ્ય શ્રીમોટા કહે છે, તેમ સૂક્ષ્મદૃષ્ટિથી જોવા માટે શ્રદ્ધા અત્યંત આવશ્યક છે. શ્રદ્ધાથી જે નીરખાય છે, તે જ જગતનું આંતર સ્વરૂપ છે.

'આંખથી જોવું' શ્રદ્ધાથી જોવું બેમહીં ફેર છે,
એકનું જોવું છે સ્થૂળ, બીજાનું જોવું સૂક્ષ્મ છે.

પૂજ્ય શ્રીમોટાની 'શ્રદ્ધા' અતિ ગહન અને સૂક્ષ્મ છે. આત્માની પ્રતિછાયા જેવી 'ચેતનવંતી' અને 'પ્રાણવાન' છે. આધારની અખિલાઈમાં એનો વાસ છે. 'હૈયામાંથી પ્રગટે છે' લજ્જાળુ અને સંકોચશીલ હોવા છતાં પ્રચંડ પુરુષાર્થની પ્રેરક છે. 'મનન ચિંતવનાદિથી' પ્રજ્વળેલા અગ્નિ જેમ 'ઝગ્યા' કરે છે, પોષાયા કરે છે અને પાક્યા કરે છે.

પથે જે જે મળે તેની શ્રદ્ધા ક્રાંતિ કરાવીને,
પ્રેરણા નવી દૃષ્ટિ ને દે નવો વેશ સર્વને.

પૂજ્યશ્રીએ તેથી શ્રદ્ધાને આત્મોન્નતિના પથે અનિવાર્ય ગણી છે. એમ તો ઋગ્વેદથી માંડી આજ સુધીના આત્મવિકાસના ઇતિહાસમાં શ્રદ્ધાને પાયારૂપ ગણવામાં આવી છે. એનો મહિમા પણ ઘણો ગવાયો છે. ઋગ્વેદે ગાયું છે કે :-

श्रद्धां प्रातर्हवामहे, श्रद्धां मध्यंदिनं परि ।
श्रद्धां सूर्यस्य निम्रुचि श्रद्धे श्रद्धापयेह नः ॥

ગીતામાં પણ ભગવાન શ્રીકૃષ્ણે ચોખ્ખે ચોખ્ખું શ્રદ્ધાને ઘણું જ મહત્ત્વ આપ્યું છે. વારંવાર ગીતામાં શ્રદ્ધાનો ઉલ્લેખ થયો છે. જેમ કે श्रद्धावान् लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः । અથવા श्रद्धानामत्यरमा भक्तास्तेऽतीव मे प्रियाः । વગેરે ભાગવત તો શ્રદ્ધાના પાયા પર રચાયેલા, ગોપીઓના દિવ્ય પ્રેમની જ કથા છે. આમ, શ્રદ્ધાની અનિવાર્યતા તો જ્યાં ત્યાં બધે જ આત્મવિકાસાર્થે સ્વીકારાઈ છે, પરંતુ હજી સુધી ક્યાંયે, ક્યારેય, શ્રદ્ધાના આ પુસ્તકમાં થયું છે, એવું ભાવનામય વિશ્લેષણાત્મક અને વૈજ્ઞાનિક વિવરણ જાણવા જોવામાં આવ્યું નથી. ગુજરાતી ભાષા માટે તો આ પુસ્તક એક અમૂલ્ય પ્રાપ્તિ છે.

સામાન્યતઃ આત્મવિકાસના માર્ગે પદાર્પણ કરનારને પ્રારંભિક દશામાં જ શ્રદ્ધાનું મહત્ત્વ ઉપદેશવામાં આવે છે, પણ શ્રદ્ધાના પ્રત્યક્ષ અનુભવને યોગ્ય માર્ગદર્શન ઉપલબ્ધ થતું નથી. તેથી, સાધક ત્યાં જ અટવાઈ જાય છે. કદી અંધશ્રદ્ધા કે નિમ્ન પ્રકારની શ્રદ્ધાનાં વમળોમાં ઘસડાઈ જાય છે. પૂજ્ય શ્રીમોટા આ પુસ્તકમાં-'जीवदशानी શ્રદ્ધા' 'અંધશ્રદ્ધા' અને શ્રદ્ધાના તફાવતને સ્પષ્ટપણે સમજાવે છે. અંધશ્રદ્ધા એ સ્થૂળ 'આંખથી જોવાનું' છે, જ્યારે શ્રદ્ધાનું જોવું સૂક્ષ્મ છે. जीवदशानी શ્રદ્ધા જેવો જીવ હોય તેવી રહે છે. એને સેવવાથી કદી ભૂલું પડાય છે અને રાગદ્વેષાદિનાં વર્તુળમાં ફસાઈ જવાય છે. આમ, તેનો વિકાસ અટકી જાય છે. આવી जीवदशानी શ્રદ્ધામાં તેથી ઝાઝા પ્રાણ હોતા નથી.

શ્રદ્ધાની ઝીણવટભરી શાસ્ત્રીય સમજ આપતું આ પુસ્તક પૂજ્યશ્રીની અનુભવવાણીનો પડઘો છે. પૂજ્યશ્રી શ્રદ્ધાની મહત્તા વર્ણવતાં કહે છે, કે ઈશ્વરની કૃપાપ્રસાદીરૂપ શ્રદ્ધાના બળે જ એમનું જીવનઘડતર થયું છે :-

થવા મરજીવા પ્રેર્યો શ્રદ્ધાએ જીવનપથે,  
તેથી પ્રયત્નમાં પ્રાણ શક્યા છે પ્રગટી હદે.

આ યુગની મહાન સંત વિભૂતિ કે જે મુક્તાત્માના જીવન વિશે જગત ગૌરવ લઈ શકે છે કે :-

धन्या वसुन्धरा यस्यां मुक्तात्मानो भवादृशाः ।
संदर्शयन्ति सन्मार्गं नौमि त्वां भक्तवत्सलम् ॥

તેઓશ્રી રચિત આ શ્રદ્ધામાહાત્મ્ય સ્વાનુભવનું સ્વયંસ્ફુરિત પ્રકાશન છે. એના વિશે કંઈ પ્રસ્તાવનારૂપે લખવું એ પણ સૂર્યના પ્રખર પ્રકાશમાં આગિયાના ચમકવા જેવું છે, પરંતુ અધ્યાત્મના અનુભવરહિત, અલ્પમતિ, મને આ કામ સોંપાયું, એ પણ આ મહાત્માના દિલની ઉદારતા છે. પૂજ્યશ્રીના 'દિલની વાત ન્યારી છે', પ્રેમના પુંજસમ એ મહાન કર્મયોગીની ઇચ્છા શિરોધાર્ય કરવાની તક એ જ અહોભાગ્ય !

अथातो ब्रह्मजिज्ञासा એ પ્રથમ સૂત્ર દ્વારા બ્રહ્મસૂત્રમાં જિજ્ઞાસાની આવશ્યકતા સાધક માટે પ્રારંભિક દશામાં જ દર્શાવાઈ છે. છતાં જિજ્ઞાસાની વિસ્તૃત સમજ આપતું કશું જ વિવરણાત્મક સાહિત્ય, ખાસ કરીને-ગુજરાતીમાં તો જણાતું ન હતું. એ ખોટ તો પૂજ્યશ્રીના પુસ્તક 'જિજ્ઞાસા'થી પુરાઈ છે. 'શ્રદ્ધા'ના પ્રકાશનથી તે અધૂરું કાર્ય પણ પૂર્ણ થશે, કારણ શ્રદ્ધા અને જિજ્ઞાસા પરસ્પર સંકળાયેલાં-ઓતપ્રોત જેવાં છે. પૂજ્યશ્રીએ આ પુસ્તકમાં જિજ્ઞાસા અને શ્રદ્ધાની તુલના કરી અનુભવાત્મક માહિતી આપી છે.

'જિજ્ઞાસાના જ છે પ્રાણ શ્રદ્ધા પોતે શી જીવને !'

ધગધગતા જ્વાળામુખી સમી જિજ્ઞાસાથી જ એના પ્રાણરૂપ શ્રદ્ધા પ્રાગટ્ય પામે છે, પૂજ્યશ્રી કહે છે, કે તીવ્ર ઝંખનાના ઉત્કટ અગ્નિથી છતી થયેલી નિર્ણયાત્મક અને પ્રેરણાત્મક શ્રદ્ધા પેલી જીવદશાની શ્રદ્ધા કરતાં જુદી છે. એ તો એકીસાથે ત્રિગતિ ધારણ કરે છે :-

ચેતના છે ગતિશીલ, સર્જનશીલ આપ છે,
ક્રિયાશીલ વળી પાછી ત્રિગતિ એકસાથ છે.

તીવ્ર જિજ્ઞાસાથી ગતિશીલ બનેલી શ્રદ્ધાની શક્તિ અમાપ છે. પૂજ્યશ્રીની અનુભવવાણી કહે છે તેમ :-

શ્રદ્ધા ને વળી જિજ્ઞાસા મેળ ઉભયનો હૃદે
-થતાંમાં ઊભરો ધોધ જેવો ઊંડે જ જીવને,

શ્રદ્ધા અને જિજ્ઞાસા ઓતપ્રોત થતાં, પ્રાણ તત્ત્વનું સંકલન કરી આધારમાં દિવ્યતા પ્રગટાવે છે. પૂજ્યશ્રી કહે છે, કે પર્વતો ઉથલાવવાની પ્રચંડ શક્તિ ધરાવતી આવી અડગ, અતૂટ, અણનમ, સ્વતંત્ર, નિરપેક્ષ શ્રદ્ધા, એકલક્ષી અને આત્મલક્ષી બને છે. સાધકની કસોટી કરે છે, આત્મોન્નતિ માટે ભગીરથ પ્રયત્ન કરાવે છે અને પ્રત્યેક પળે પ્રત્યેક સંજોગોમાં સાથી, માર્ગદર્શક 'મા' બને છે. તેથી તો પૂજ્ય શ્રીમોટા ભાવવિભોર થઈ દિવ્યપ્રેમે નવરાવતી માડીને ભાવાંજલિ અર્પતાં કહે છે, કે :-

જગજ્જનની શ્રદ્ધા છે, માતાસમી મળી મને,
ઉછેર્યો લાડકો, કેવો ગણીને મુજને હૃદે !

અને

માને સંભારતાં હૈયે ભાવાશ્રુ દડી પડે,
હર્ષઘેલો થઈ કેવો આળોટું પાદ માડીને !

પૂજ્યશ્રી કહે છે, કે કુમળા છોડની જેમ જતન કરી ઉછેરેલી આ શ્રદ્ધા પરિપક્વ થતાં અનોખો પુરુષાર્થ પ્રગટાવી સાધનાપથે અવનવાં રૂપ ધારણ કરે છે :-

શ્રદ્ધા કેવી જ આરંભે, મધ્યમાં વળી કેવી તે !
શ્રદ્ધા અંતે અનોખી છે, આખરે આત્મરૂપ તે.

ઊર્ધ્વગામી જીવનમાં વૃત્તિઓની શુદ્ધિ કરતી શ્રદ્ધાના સાથ વડે વિવેક, ભાવ અને મુલાયમતા પ્રગટે છે. શ્રદ્ધાદીપના તેજસ્વી પ્રકાશમાં તર્ક વિતર્ક અદૃશ્ય થતાં, સાધનાનો પંથ આપમેળે આગળ સૂઝે છે, 'ગુણ' અને 'ભાવ'નો વિકાસ થાય છે. પ્રાર્થના, ભક્તિ, આત્મનિવેદન દ્વારા એ ભાવ પોષાતાં શ્રદ્ધા 'નિષ્ઠા' બને છે, બુદ્ધિ 'પ્રજ્ઞા' બને છે અને શ્રદ્ધા આત્મજ્ઞાનનું દિવ્ય કર્તવ્ય સાધે છે :-

દ્વંદ્વ ને ગુણથી મુક્ત શ્રદ્ધા કરાવવા ચહે !
દિવ્ય કર્તવ્ય શ્રદ્ધાનું તે પોતે શી કર્યાં કરે !

પૂજ્ય શ્રીમોટાના સ્વાનુભવની સ્વયંભૂ ગાથા જેમની તેમ વાચક સમક્ષ છે. તેને 'મઠારવા'માં આવી નથી. છતાં જેટલી ગહન તેટલી જ વિચારોની ગૂંથણી સ્વાભાવિકપણે થઈ ગઈ છે. એની વાણી અતિશય ભાવમય હોવા છતાં વિષયની ચર્ચા વૈજ્ઞાનિક અને બુદ્ધિગ્રાહ્ય બની છે. શ્રદ્ધા વિશેની સૂક્ષ્મમાં સૂક્ષ્મ સમજ આપતી વખતે પણ ભાષાશૈલી તો અતિ સરળ રહી છે. સાદા સીધા તળપદા શબ્દો પણ ભાવનું કેવું સચોટ વહન કરી શકે છે, તેનું આ દૃષ્ટાંત છે. વાલ્મીકિ ઋષિની વાણી જેમ આ દિવ્ય વાણી પણ 'અનુષ્ટુપ'માં જ સ્ફુરી છે, જ્યાં ભાવનો ધોધ શબ્દરૂપે ધસારાબંધ વહેતો હોય ત્યાં છંદનાં શાં ગજાં ?

કવિતામાં લખાયેલું આ પુસ્તક સરળ શબ્દોમાં ગહન અર્થ વ્યક્ત કરે છે, એવા પ્રત્યેક શબ્દમાં સ્વાનુભવનું બળ સ્પષ્ટ તરી આવે છે અને વાણી હૃદય સોંસરી ઉતારી દે છે. પૂજ્યશ્રીએ સ્વાનુભવ કથન ઉમેરીને વિજ્ઞાનમાં જેમ Theory પછી Practical આવે, તેમ પોતાનું કથન સંપૂર્ણપણે વૈજ્ઞાનિક પદ્ધતિનું બનાવ્યું છે. પોતે 'શક્તિપ્રપાત' જેવા ચમત્કારમાં માનતા નથી, પરંતુ શ્રદ્ધાના બળે થતા સમજપૂર્વકના વિવેકયુક્ત વિકાસને જ આત્મોન્નતિ માટે સ્વીકારે છે, એ પણ અહીં એમણે સ્પષ્ટપણે દર્શાવ્યું છે. શ્રદ્ધાની દિવ્ય શક્તિની જ્વલંત ગાથા સમું જેનું જીવન હોય, તેનું દિવ્ય કથન પણ અદ્વિતીય બને જ. આ સનાતન જલતો અખંડ શ્રદ્ધાદીપ જિજ્ઞાસુઓ માટે આત્મવિકાસના પંથે એક ઉજ્જ્વળ દીવાદાંડીરૂપ બની રહેશે.

સમુદ્રકિનારે ઊભેલાને મરજીવાના જીવનની શું સમજ પડે ? એ તો 'ઘાયલ કી ગત ઘાયલ જાણે' છતાં, સમુદ્રતટ પરથી શંખલા વીણવાનો આ અલ્પ પ્રયાસ પૂજ્યશ્રીનાં ચરણે અર્પણ કરી કૃતાર્થ થાઉં છું.

અંતરંગ, રામકૃષ્ણકુંજ સોસાયટી, - **મીનાક્ષી લ. દલાલ**
અમદાવાદ-૧૫
તા. ૩-૧૧-૧૯૭૧

॥ હરિઃૐ ॥

# વિવેકે જ્ઞાન શ્રદ્ધાનું આપ્યું છે હૃદયે મને

માખણ દૂધમાં ગુપ્ત નિશ્ચયે જેમ સૂક્ષ્મ છે,
શ્રદ્ધામાં તેવી રીતે તો જ્ઞાન પોતે શું છાનું છે ! ૧

જીવતી કેળવાયાથી શ્રદ્ધા જીવનમાં હૃદે,
વિવેક આપમેળે ત્યાં ફૂટી નીકળતો પથે. ૨

એવા સદ્‌ગુરુએ કેવો કર્યો છે તારવ્યા મને !
પ્રદેશે શા અજાણ્યામાં મરાવ્યા ભૂસકા પથે ! ૩

સાધનાપંથમાં જેમ ધપાતું જ્યાં જવાય છે,
શ્રદ્ધાનાં શક્તિવિવેક નવાં નવાં ખીલ્યાં કરે. ૪

શક્તિવિવેકમાં ઑર ખીલતી સૂક્ષ્મતા બઢે,
એવો સદ્‌ગુરુ વિવેક બને જીવનનો પથે. ૫

વિવેક સદ્‌ગુરુને શો સંબંધ બુદ્ધિ સાથ છે !
વિવેકને લીધે બુદ્ધિ યોગ્ય, તારવવા બને. ૬

એવા સદ્‌ગુરુએ કેવું શિખવાડી નવું નવું,
વલણ, વૃત્તિ ને દૃષ્ટિ ફેરવાવ્યાં કર્યાં સહુ. ૭

સમર્થ લખવા શ્રદ્ધા શો થયો સદ્‌ગુરુ લીધે !
બાકી બોથડ સંપૂર્ણ એમાં એનું ગજું ન કૈં. ૮

સદ્‌ગુરુએ લખાવ્યું છે, સદ્‌ગુરુએ સ્ફુરાવ્યું છે,
સદ્‌ગુરુની બલિહારી ભારોભાર શી તે વિશે ! ૯

જેવા સૂક્ષ્મ પ્રદેશે તે થયું પ્રવેશવાનું ત્યાં,
વિવેક સૂક્ષ્મ તે સાથે કેળવાતો ગયો તદા. ૧૦

સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિવેક પાંગરતા જતા હૃદે,
બધું પારખવા શક્તિ એને સંપન્ન હોય છે. ૧૧

સદ્‌ગુરુના બધા એવા શા વેશપલટા નવા !
અનેક તે પ્રદેશોમાં આગવા આગવા સદા. ૧૨

મને સદ્‌ગુરુ એવાએ મઠારીને મઠારતાં-
શ્રદ્ધાના જ્ઞાનની વાતો છાનીમાની કરી તદા. ૧૩

સલાહ, સૂચનો સૂક્ષ્મ હુકમ તે બધાંતણું
-પાલન પ્રેમથી ભાવે એકરાગે થઈ કર્યું. ૧૪

ઊઠ્યા છે તે જ વેળાએ સંકલ્પ ને વિકલ્પ ના,
માત્ર હેતુતણું જ્ઞાન ભક્તિભાવે રખાયું ત્યાં. ૧૫

હુકમ પાળવા યોગ્ય ભૂમિકા કેળવાવીને
-બનાવ્યો યોગ્ય સંપૂર્ણ શ્રદ્ધાની શી પ્રસાદી તે ! ૧૬

વિવેક સદ્‌ગુરુ સાચો યોગ્યમાં યોગ્ય જીવને,
તેના જેવો બીજો ગુરુ જીવને ના મળી શકે. ૧૭

એવા સદ્‌ગુરુની તોલે બીજો કો આવી ના શકે,
એની ભક્તિ ઊગી જેને તેનો બેડો જ પાર છે. ૧૮

ભક્તિ પૂરેપૂરી જાગ્યા વિના કાર્ય સધાય ના,
ભક્તિ તેથી અનિવાર્ય જીવનના વિકાસમાં. ૧૯

શ્રદ્ધાથી ભક્તિ પાકે છે, શ્રદ્ધાને સેવતાં હૃદે,
અખંડાકાર શ્રદ્ધામાં જિવાતાં ભક્તિ શી ફળે ! ૨૦

**-મોટા**

॥ હરિઃૐ ॥

# સંપાદકીય

## (પ્રથમ આવૃત્તિ)

બારણું ઊઘડે છે. અંદર ભવ્યતા છે, વિશાળતા છે, ગહનતા છે. ઘૂઘરીઓના મધુર અવાજો છે, ઘંટના નાદ છે અને શંખના ધ્વનિ છે. ઝરૂખે ઝરૂખે અને ગોખે ગોખે દીપમાળાઓ ઝળહળે છે. ભાવપૂર્ણ હૃદયના ઊંડાણમાંથી પ્રગટી રહેલી સ્તવન સ્તુતિ સાંભળનારનાં અંતરને કવિતા આત્માની કલાનો આસ્વાદ કરાવે છે.

પણ હું તો બહાર છું. નિજમંદિરમાંના પ્રભુનાં દર્શન કર્યાં નથી, તેમ છતાં બારણા બહાર ઊભેલાને જે પ્રસાદ મળ્યો છે, એમાંથી એકાદ કણ પણ આપી શકાય તો...

એ ચેષ્ટા કરવી છે.

પૂજ્ય શ્રીમોટાએ ગયે વર્ષે પારમાર્થિક જિજ્ઞાસાનું લક્ષણશાસ્ત્ર રચેલું. આ વર્ષે નિમિત્ત યોગે 'શ્રદ્ધા'નું સ્ફુરણ થયું છે. આ બંને વિષય પર પૂજ્ય શ્રીમોટાએ જે શ્લોકો રચ્યા એને ક્રમબદ્ધ ગોઠવવાનું કામ મને સોંપાયું. ગોઠવણીની આ પ્રક્રિયાએ મને તદ્‌વિષયક સ્વાધ્યાય કરાવ્યો અને આ વિષય પરની ચોકઠાયેલી સમજણને ઊથલાવીને એને પ્રકાશિત કરી. આમ થયું એમાં પૂજ્ય શ્રીમોટાનો મારા પ્રતિનો અકારણ અનુગ્રહ છે.

પણ, આ પ્રકારના આધ્યાત્મિક વિજ્ઞાનના પુસ્તકનું પ્રસાદરૂપે કશુંક પણ લખવું એમાં મારી લેશ પણ લાયકાત નથી, પણ લખવાનું કહેવાયું છે, તો 'શ્રદ્ધા'ના નૈવેદ્ય થાળમાંથી સંપાદિત થયેલા પ્રસાદની એક કણ આપવાની ચેષ્ટા કરું.

શ્રદ્ધા વિશેનું પૂજ્ય શ્રીમોટાનું અનુભવદર્શન વિશિષ્ટ છે, તે

આપણી આ વિષયની સમજને અજવાળે છે. ‘જેવી શ્રદ્ધા હશે એવાં આપણે થઈશું.’ એવું શ્રદ્ધા વિશે ઘણી વાર સંભળાયું છે. શ્રીમોટા એમ કહે છે, કે ‘જેવા આપણે હોઈશું એવી શ્રદ્ધા થશે.’ કેમ કે શ્રદ્ધા એ આત્માની શક્તિ છે. વળી, આપણે જે તે ભૂમિકામાં ‘શ્રદ્ધાળુ’ બની રહેવાની લાગણી સેવ્યા કરીએ છીએ. અપણી પ્રત્યેક પ્રવૃત્તિ પાછળ ‘શ્રદ્ધાબળ’નો આશ્રય છે, એમ માનીએ છીએ. શ્રીમોટા આ વિચારને છેક જ નકારતા નથી, પણ આ પુસ્તકમાં જે ‘શ્રદ્ધા’ની વાત સમજાવાઈ છે, તે જીવકક્ષાની સમજવાળી શ્રદ્ધા નથી. જીવદશાનાં પ્રાકૃતિક વલણોને સમજવા માટે અને નિમ્ન પ્રાણની પરિતૃપ્તિ માટે જેનો આશ્રય બહુજન સમાજ લીધા કરે છે, એને એક ‘માન્યતા’ કહેવી હોય તો કહી શકાય, પણ એ ‘શ્રદ્ધા’ નથી. શ્રદ્ધાને એવી જીવદશાના કોઈ પણ અંગ સાથે લેશ પણ સંબંધ નથી. શ્રદ્ધા તો જીવનવિકાસના ઉચ્ચપ્રદેશ સાથે સંબંધ ધરાવતી આત્મશક્તિ છે. કામનાના સર્વ કોઈ અંગ પાછળ શ્રદ્ધાને ‘માનવા’નો જે એક રિવાજ પડી ગયેલો છે, એનું મૂળ કારણ એ છે, કે શ્રદ્ધા જીવનનાં મૂળમાં રહેલી શક્તિ છે. જીવને લીધે શ્રદ્ધા નથી, પણ શ્રદ્ધાને લીધે જીવ છે. આખી વસ્તુસ્થિતિને ઊલટી કરી દેવાથી શ્રદ્ધા વિશે ભારે ગેરસમજ ફેલાયેલી છે. શ્રીમોટાએ આ ગ્રંથમાં શ્રદ્ધા વિષયક સમજને નૂતન અર્થપ્રકાશના સંદર્ભમાં મૂકી છે.

શ્રદ્ધા શક્તિ છે અને એ શક્તિનું પ્રમાણ અનુભવમાં છે. સાધનાભ્યાસ કેળવતાં કેળવતાં શ્રદ્ધાની શક્તિ અનુભવાય છે. શ્રીમોટા શ્રદ્ધાને ગતિશીલ, ક્રિયાશીલ અને સર્જનશીલ કહે છે. આ વિચાર આધ્યાત્મિક માર્ગના સાધક માટે મૌલિક છે, પ્રકાશપ્રેરક છે. સામાન્ય માન્યતા પ્રમાણે શ્રદ્ધાને ‘અંધ’ વિશેષણ અપાયું છે. શ્રીમોટા અનુભવથી પ્રમાણિત થયેલી શ્રદ્ધા અંધ નથી એમ કહે છે. એમની

દૃષ્ટિએ તો વિચારને પ્રેરનારી જે બુદ્ધિશક્તિ છે, એ શ્રદ્ધાને આશ્રયે જ વિકાસશીલ બને છે. એ વિકાસશીલતા ક્રિયામાં પરિણમતાં જે અનુભવ થયા કરે છે, એમાં શ્રદ્ધાની શક્તિ વર્તાય છે. આ રીતે શ્રદ્ધા સર્જનશીલ અને ક્રિયાશીલ છે. શ્રીમોટા કોઈ પણ વિચારભાવને માત્ર તર્કબદ્ધતામાં પડ્યો રખાવવામાં માનતા નથી, પણ પુરુષાર્થ વડે અવિરતપણે મથ્યા રહીને એ વિચારભાવને જીવનમાં સ્થાપિત કરવો જોઈએ. એમ કરવાથી જ સાધક પ્રગતિ કરી શકે છે. જેમ જેમ વિચાર અનુભવ દ્વારા જીવનમાં સ્થાપિત થતો જાય, તેમ તેમ જીવનની ભૂમિકા પણ ઉચ્ચ જીવન માટે બદલાતી રહે. આ બદલાતી સ્થિતિમાં ટકાવનારી, પ્રેરનારી શક્તિ તે શ્રદ્ધા છે. આથી, એને ગતિશીલ પણ કહી છે. જીવનવિકાસની સાધનાના અનંતાનંત માર્ગ પર શ્રદ્ધાશક્તિનાં અનંત રૂપો પ્રગટે છે. શ્રીમોટાએ એવાં રૂપોનાં જે દર્શન કર્યાં છે, એ આ પુસ્તકમાં સુજ્ઞ વાચક જોઈ શકશે.

આ ગ્રંથમાં શ્રીમોટાએ આ શ્રદ્ધાશક્તિનો પરિચય કરાવતાં બીજી બે ત્રણ મહત્ત્વની બાબતો આલેખી છે. જીવનવિકાસ પરત્વે અભિમુખ થયેલાઓ ઝડપથી ગતિ કરવા ‘શક્તિપ્રપાત’ની અપેક્ષા રાખી પુરુષાર્થવિહીન જડ દશા ભોગવતા હોય છે. આ પુસ્તકના સાતમા ખંડમાં શ્રીમોટાએ ‘શક્તિપ્રપાત’ અંગેની બીન અનુભવીઓની માન્યતાનું સખત શબ્દોમાં નિરસન કર્યું છે. એમણે તો શ્રેયાર્થીને પાત્રતા કેળવવા તરફ જ પુરુષાર્થી બનવાને ઝોક આપ્યો છે. આ જ ખંડમાં શ્રીમોટાએ ‘પ્રેરણા’, ‘પ્રજ્ઞા’ આદિની સ્થિતિ અને કક્ષાઓની સરળ રીતે સમજૂતી આપી છે અને આઠમા ખંડમાં સાધનાની પ્રક્રિયા અને એના તબક્કા આલેખ્યા છે. કોઈ પણ શ્રેયાર્થીને આ બંને ખંડો ખૂબ જ માર્ગદર્શક અને પ્રેરક બની રહેશે. બીજી મહત્ત્વની બાબત છેલ્લા ખંડ ‘પ્રેમપરાગ’માં છે. શ્રીમોટાએ આ

જીવનમાં અખંડ સાધનાભ્યાસથી દિવ્ય જીવનનું જે શિખર પ્રાપ્ત કર્યું છે અને હવેનું एमनुं आ जीवन तीर्थ બની રહ્યું છે, એની રોમાંચક કથાના તાણાવાણામાંથી પ્રેમભક્તિવાળો શ્રેયાર્થી પોતે તે પારખી શકશે.

શ્રીમોટાની નિરૂપણરીતિ સમજવા જેવી છે. એમણે શ્રદ્ધાવિષયક રચેલા આ શ્લોકો અનુષ્ટુપમાં છે. શ્રીમોટાએ શ્લોક રચ્યા છે, એમ કહેવા કરતાં શ્રીમોટાએ શ્રદ્ધા વિશે જે વાત કરી છે, એ અનુષ્ટુપના માળખામાં ગોઠવાઈને આવી છે, એમ કહેવું યથાર્થ થશે. શ્રીમોટા તો આને જોડકણાં તરીકે જ ઓળખાવે છે, પણ છંદની માપપટ્ટીથી શ્રીમોટાનું નિરૂપણ જોવા સમજવાનો યત્ન કરનાર તત્ત્વનો આસ્વાદ નહિ કરી શકે. શ્રીમોટાને વાત કહેવી છે અને એમને એ વાત અનુષ્ટુપમાં કહેવાનું વધુ ફાવ્યું છે. આથી, અનુષ્ટુપના ચરણ કે એમાંના લઘુ ગુરુની મર્યાદા સર્વત્ર સ્વાભાવિક રીતે અસ્વીકાર્ય બની જાય છે. વાત કરનારને ભાષાના એ બાહ્ય માળખામાં એકાગ્ર થવાનું હોય નહિ. આમ છતાંય શ્લોક એનું શ્લોકત્વ સાધે છે. એમાં નિરૂપાયેલા વિચારભાવમાં આંતરભાવનો એક પ્રકારનો લય છે. વાત સમજાવવા માટે શ્રીમોટા અનુષ્ટુપના ૧૬ થી ૨૦ ચરણ સુધી અવિરામ ગતિ કરે છે. આમ છતાં એટલું તો સ્પષ્ટ છે, કે શ્રીમોટાની શિક્ષણ પ્રક્રિયા ક્યાંય અસંદિગ્ધ બનતી નથી.

વળી, તેમણે આટલું બધું વિવરણાત્મક લખાણ થોડાક જ દિવસોમાં એકધારું એક જ સપાટે લખ્યા કરેલું છે. આ ઘટના કુંભકોણમ્ અને નડિયાદના હરિઃૐ આશ્રમનાં કેટલાંક ભાઈ બહેનોએ નજરે જોયેલી છે અને એ વિસ્મયકારક છે. એને આપણી પોતાની નજરે માપવાની છૂટ ના હોય.

વળી, શ્રીમોટાના શ્રદ્ધા વિષયક નિરૂપણમાં ભાષાની અત્યંત

સરળતા છે. વાતચીતમાં આવતું તળપદાપણું વાચકને આત્મીયતાનો અનુભવ પણ કરાવે છે. નિરૂપણ સરળ હોવાથી એ સહેલું બનતું નથી, કેમ કે વિષય જ ગહન છે. શ્રીમોટાએ 'શ્રદ્ધા' શબ્દને અનેક અર્થછાયામાં નિરૂપ્યો છે. વળી, 'શ્રદ્ધા' શબ્દ એ શક્તિરૂપે ક્રિયમાણ હોય અને એ શક્તિ કેવી રીતે વ્યક્ત થાય છે, એ બધું જાણે તાદૃશ્ય બનતું હોય એવી રીતે આલેખ્યું છે. શ્રદ્ધા શક્તિની ગતિ, રીતિ અને સક્રિયતા હૃદયમાં અનુભવાય છે. 'હૃદ' શબ્દ ઘણી બધી અર્થછાયાઓ પ્રગટાવે છે. શ્રીમોટાની દૃષ્ટિએ 'હૃદય' એ સ્થાનસૂચક શબ્દ નથી, પણ કક્ષાસૂચક શબ્દ છે. જીવનવિકાસની ગતિમાં અનંત કક્ષાઓ પ્રગટ્યા જ કરતી હોવાથી, આ શબ્દ પણ તે તે કક્ષાએ તે તે ભાવનો અર્થ અનુભવાવે. આધ્યાત્મિક અનુભવને વ્યક્ત કરવા શબ્દનું સામર્થ્ય સંપૂર્ણ હોતું નથી. શ્રીમોટાએ પ્રયોજેલા રૂઢિપ્રયોગો અને તળપદા શબ્દો આ શાસ્ત્રને પારિભાષિક શબ્દોના ભારેપણામાંથી ઉગારે છે, અને વાણીની સ્વાભાવિકતાથી એને રસભર્યું અને હૃદયંગમ પણ બનાવે છે.

જીવનવિકાસના માર્ગમાં શ્રદ્ધા એ પાયાની હકીકત છે. આમ છતાં એનાં લક્ષણ, શક્તિ અને કાર્ય વિશે, તેમ જ સાધનાના જુદા જુદા તબક્કામાં શ્રદ્ધા શક્તિના વૈવિધ્યપૂર્ણ કાર્ય વિશે આટલા વિસ્તારથી અને આટલી વિશદતાથી યથાયોગ્ય વિવરણ થયું હોય એમ જાણ્યું નથી. સંસ્કૃતમાં જ્ઞાન, ભક્તિ, યોગ અંગેનું મૂળગામી સાહિત્ય વિપુલ પ્રમાણમાં હોવા છતાં, શ્રદ્ધા વિશે આવું વિવરણ થયું હોય એમ આ લખનારની જાણમાં નથી. વળી, ગુજરાતી ભાષામાં તો આ પ્રકારનું લખાણ તો સૌ પહેલું છે. આ વિષયનું શ્રીમોટાએ કરેલું વિસ્તારી, વિશદ વિવરણ શ્રેયાર્થીને માટે તો એક સ્વતંત્ર દેણગી છે, એટલું જ નહિ પણ ગૂર્જરવાણી પણ આવા

વિષયના વ્યક્તવ્યનું સામર્થ્ય ધરાવતાં ધન્ય થાય છે, એમાં લેશ પણ અતિશયોક્તિ નથી.

આ શ્રદ્ધામંદિરના બારણે બહાર ઊભીને, આ લખનારને મળેલા 'પ્રસાદ'ની આ કણ છે, પણ હવે પછીનાં પાનાંઓમાં પૂજ્ય શ્રીમોટાએ પ્રેમભક્તિભાવે પીરસેલું નૈવેદ્ય શ્રેયાર્થીને માટે ઉત્તમ પ્રકારનું ભોજન બની રહો એવી પ્રાર્થના સાથે વિરમું છું.

હરિ:ૐ આશ્રમ, નડિયાદ - **રમેશ મ. ભટ્ટ**

તા. ૨૫-૮-૧૯૭૧

॥ હરિઃૐ ॥

# પ્રણામ

(અનુષ્ટુપ)

શ્રદ્ધા**મા**ની કૃપાથી જે પ્રસાદી ઊતરી અહીં,
સેવવા કર્મ **આ** પામ્યો કૃપા તો **આપની** ઘણી. ૧

ઉત્સાહ એકધારો શો વેગબંધ વધ્યે જતો,
કર્મમાં દિલ પ્રોવાને લેશ ના યત્ન તો થતો. ૨

સાધનામાર્ગનું કેવું ઊંડું ને વળી ગૂઢ જે,
આપથી જે અનુભવ્યું વ્યક્ત કેવું અહીં જ છે ! ૩

'શ્રદ્ધા' એ શબ્દ ના કિંતુ, અનેકાનેક ભાવના-
અર્થ તો સ્હેજ યોજાયા એના, એથી અનુભવ્યું,
'શબ્દની કેટલી શક્તિ, કેવી છાયા પ્રસારતાં,
કૃપાથી દિલ જો ખૂલે સ્પંદનો અનુભવાય ત્યાં.' ૩-૪

શ્રદ્ધા**મા**એ કર્યા **'મોટા'**, એનો શો ઈતિહાસ છે !
ઉરે રોમાંચ શા જાગે, શબ્દ ત્યાં ઉપહાસ છે ! ૫

કરાવ્યું કર્મ **આ** જે તે વિકાસોન્મુખ તો થવા-
-ધરાયો લેશ હેતુ છે-આપની **તે** ઘણી કૃપા !
સર્વ **આ** કૈં સમર્પું છું આપનાં ચરણે હવાં. ૬

**- રમેશ મ. ભટ્ટ**

॥ હરિઃૐ ॥

# લેખકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

તા. ૨૯-૬-૧૯૭૧ની બપોરે મુંબઈથી વિમાનમાં બેસી એકાદ કલાકમાં અમે બેંગ્લોર પહોંચ્યાં. ત્યાંથી એલેમ્બિક કાચના કારખાનાના મૅનેજિંગ ડિરેક્ટર શ્રી રમણભાઈ અમીન (એલેમ્બિકવાળા)ના ગ્લાસ ફૅક્ટરીના ગેસ્ટ હાઉસમાં પહોંચી ચાપાણી લઈ આરામમાં હતો, તે વેળા કાચના કારખાનાના કેટલાક ઉચ્ચ અમલદાર પણ હાજર હતા. ત્યારે કોઈક નિમિત્તસર શ્રદ્ધા પર કંઈક વાતચીત થઈ. તે પરથી શ્રદ્ધા પર લખવાનું મન થયું અને શ્રીપ્રભુકૃપાથી તેનો અમલ પણ તુરંત થયો. એમ શ્રદ્ધા પર લખવાનું થતાં થતાં તે લખાણ તે અમલદાર ભાઈને પણ વંચાવવાનું બન્યું. હું જેમ જેમ લખતો જતો હતો અને જેમ જેમ નોટનું પાન પૂરું થાય કે એકદમ હૃદયની ઉત્સુકતાથી શ્રી રમણભાઈ ઊઠતા અને ઝડપથી તે પાનામાં લખાયેલું શ્રદ્ધા પરનું લખાણ વાંચી લેતા અને તેટલામાં જ વળી, **આ જીવ** બીજું પાનું લખી લેતો અને તેઓ એમ કેટલીય વાર ઝડપભેર ઉત્સાહ ઝંખનાભર્યા ઊઠતા, તે દૃશ્ય આજે પણ દૃષ્ટિ સમક્ષ જીવતુંજાગતું છે. એવી તે સજ્જનતાની સૌરભભર્યું સૌજન્ય દિલને આનંદવિભોર કરી દેતું અને તેથી શ્રદ્ધા પરનું લખવાને શ્રીપ્રભુકૃપાથી **આ જીવ**ને વધારે પોરો ચડ્યો. ત્યાં કેટલાંય મળવા કરવાને આવ્યાં કરતાં. તા. ૩૧-૬-૧૯૭૧ના રોજ તો બપોરથી સાંજ સુધી બેંગ્લોરમાં ચારેક ઠેકાણે જવાનું પણ થયું હતું. તેમ છતાં તા. ૩૦-૬-૧૯૭૧ અને તા. ૩૧-૬-૧૯૭૧ની સવારે તથા તા. ૧-૭-૧૯૭૧ના દિવસે **'શ્રદ્ધા'** પર લખાયું હતું. **'જીવનગીતા'** છપાતી હતી તેમાં શ્રદ્ધા પર થોડુંક વિવેચન તો લખ્યું હતું તેમાં ઉમેરવા

બેંગ્લોરમાં શ્રદ્ધા પર લખાયેલું આ વિવેચન છપાઈ જાય તો ઉત્તમ, આથી, સુરત શ્રી ચૂનીભાઈ તમાકુવાળાને મોકલી આપ્યું. તે શ્લોકો સો જેટલા પણ ભાગ્યે જ હશે. તે વખતે મનમાં એમ થયું કે ગીતામાં જે ટિપ્પણ-નોંધ હોય, તે વિવેચન તરીકે ભલે હોય, પરંતુ તે નોંધ દોઢસો કડીઓ જેટલી થઈ જાય, તો તે ઠીક ના કહેવાય. હવે જો શ્રીપ્રભુકૃપાથી વધારે લખાય, તો શ્રદ્ધા પરના લખાણનું એક પુસ્તક સ્વતંત્ર જ છપાવવું એમ દિલમાં દિલથી નક્કી થયું.

મદ્રાસમાં તો નહિવત્ લખાયું. જે લખાયું તે શ્રી રમણભાઈ અમીનને વડોદરા વાંચવા મોકલી આપ્યું, કારણ કે તેમની તેવી ઝંખનાયુક્ત ઉત્સુકતા હતી.

તે પછી કુંભકોણમ્ આશ્રમમાં આવ્યા પછી તા.૮-૭-૧૯૭૧ના ગુરુપૂર્ણિમાનો ઉત્સવ (જે તિરુચિરાપલ્લીમાં ઊજવાયો) ઊજવાયા બાદ તા. ૯-૭-૧૯૭૧ થી તા. ૧૩-૭-૧૯૭૧ સુધી અને તા. ૧૪-૭-૧૯૭૧ના સવારમાં અને બપોરના એક કલાકમાં થઈને લગભગ તેરસો કડીઓ લખાઈ હશે.

જો હૃદયમાં જીવતીજાગતી સાધનાની જીવંત ચેતનાત્મક સામગ્રી ભરી પડેલી ના હોય, તો આટલા બધા શ્લોકોની સામગ્રી અને તે પણ તે બધી તેના જીવંતપણાના પ્રત્યક્ષ ઈતિહાસની બોલતી સાક્ષી પૂરતી, ચમત્કારિક રીતે દિલમાં સચેતન પડેલી હોય, તો જ તેટલું બધું લખી શકાય. તે ઉપરાંત, તેટલું લખાવાને કાજે **अनुष्टुप** છંદમાં તેવા લખનારનો હાથ સિદ્ધ થઈ ગયેલો હોવો જોઈએ.

શ્રીપ્રભુકૃપાથી **આ જીવ**ના હાથ પર **अनुष्टुप** છંદ તો સિદ્ધ થઈ જ ગયેલો છે, કેટલાકથી તો તે દશ્ય અનુભવાયેલું પણ છે.

કુંભકોણમ્ આશ્રમમાં એકાદ વર્ષ પૂરું થયા બાદ પ્રત્યેક ગુરુપૂર્ણિમાના સમયે જ આવવાનું બને છે. ગઈ સાલ **'જિજ્ઞાસા'** પર લખવાનું હતું અને આ સાલ **'શ્રદ્ધા'** પર.

એકાદ વર્ષ પછી આવવાનું થાય, એટલે અહીંનાં સ્વજનોને મારી સાથે વાતો કરવાનું દિલ થાય તો તે સ્વાભાવિક છે, પરંતુ મને તે સ્વજનોએ વાતમાં રોકવાનું કર્યું જ નહિ અને મને શ્રદ્ધા પર એકાગ્રપણે મુક્તપણે લખવાની જે લહેર-મજા બક્ષી, તેવા તેમના ઉપકારનો બદલો કેવી રીતે વાળી શકાય ?

પ્રત્યેક વર્ષે અહીંનાં, દક્ષિણ ભારતનાં સ્વજનો ભેગાં મળી શ્રીપ્રભુકૃપાથી થયેલા સંકલ્પનાં કર્મ ફળવવાને જે પ્રેમથી મને દાનની સારી એવી રકમ ભેટ-દક્ષિણામાં આપે છે, તેથી મને ઘણી સરળતા મળે છે, તે સાથે તે તે સંકલ્પ સંપૂર્ણ થવામાં મને હૃદયમાં હૃદયથી પોરો પણ ચઢે છે. દક્ષિણનાં **આ** સ્વજનોને તેમનાં જીવનમાં શ્રીહરિ યોગ્ય બરકત પ્રેરો એવી પ્રાર્થના છે.

**'આ શ્રદ્ધા'** પણ તે સ્વજનોએ મને આપેલી સગવડ અને રાહતનું પરિણામ છે.

• • •

આટલા સવિસ્તારપણાથી શ્રદ્ધાને બહુ જ થોડા સમજતા હશે, તે પણ આટલી વિશદતાથી તો નહિ જ.

શ્રદ્ધા વિજ્ઞાન પણ છે અને શાસ્ત્ર પણ છે, પરંતુ તે જડબેસલાખ નથી. શ્રદ્ધાના હાર્દનો ભાવ પ્રત્યેક વ્યક્તિની કેટલી, કેવી, તીવ્ર, ગાઢ, ઉત્કટ જ્વાળામુખી જેવી ધગધગતી તમન્ના છે અને કેટલી ગાઢ, ઉત્કટ તત્પરતા અને તાલાવેલી જાગે છે, તેના પર પણ આધાર રહેલો છે. પ્રત્યેકને પોતપોતાનાં સ્વભાવ, પ્રકૃતિ પ્રમાણે તે પ્રવર્તતી ભલે લાગે, પરંતુ આખરે તો જો જ્વાળામુખી સમી ધગધગતી ઉત્કટમાં ઉત્કટ તમન્ના જોગેલી હોય, તો નદીનાં પ્રચંડ પૂર સમયે તેના બંને કિનારાને છોડીને-વટાવીને નદીનું પાણી ક્યાંનું ક્યાંય વહી જતું હોય છે તેવું. તેવી શ્રદ્ધાનો પ્રભાવ અને પ્રતાપ, તેનો ભાવ તે પ્રમાણે પ્રવર્તતો અનુભવાય છે. **જીવ**ની પ્રકૃતિ અને સ્વભાવ તો મર્યાદાશીલ છે, તેમ છતાં ઉપરના પ્રકારની શ્રદ્ધા તો

**જીવ**નું તેવું બધું પણ તોડીફોડીને ક્યાંયે ફગાવીને ક્યાંયે વહેતી હોય છે. એવી પ્રચંડ ઝળહળતી તીવ્રતાથી જલતી શ્રદ્ધાને નથી કોઈ મર્યાદા, નથી કોઈ રીતરસમ, કે નથી કોઈ પદ્ધતિ. તેનો માર્ગ નિરનિરાળો છે. પોતે પોતાના જ સ્વયં ધોરણે સ્વતંત્ર રીતે વર્તનારી ચેતનાશક્તિ છે. તે પોતે સ્વયંભૂમાંથી પ્રગટેલી, સ્વયંભૂમાં મળવા, હળવા, ભળવા અને ગળવાને તથા તેમાં ચોક્કસ થઈ શ્રદ્ધા પોતે પણ તેમ થવાતાં થવાતાં કેટકેટલાં સ્વરૂપના પલટા લેતી હોય છે, એ પણ એક મૌલિક અનુભવ દર્શન છે.

શ્રદ્ધા કદી સાંકડા બંધાયેલા માર્ગની હોતી નથી. શરૂ શરૂમાં એનો માર્ગ ભલે અમુક ધોરણનો લાગે, કિંતુ ત્યાં પણ **एना** પ્રવાહનો વેગ પ્રચંડપણે વધતાં વધતાં શ્રદ્ધાના કિનારાની ક્ષિતિજો ક્યાંની ક્યાંય ગગનગામિની પ્રવર્તતી હોય છે.

આ સાધના માર્ગમાં ગણતરીનું મુદ્દલે કામ નથી. ભાવ કેળવાતો જાય અને ભાવનો ઉત્કર્ષ જેમ જેમ પ્રગટતો જાય, તેમ તેમ તેવા નવા નવા ઉન્મેષ ધોધની જેમ વહેતાં વહેતાં કેવા ફૂટી નીકળતા અને જે ભૂમિકા આપમેળે રચાતી જતી હોય છે, તેવા જુદા જુદા તબક્કામાં શ્રદ્ધાની શી કક્ષા, દક્ષા, લક્ષણો હોય વગેરે બધું શ્રીપ્રભુકૃપાથી વર્ણવવાનું થયું છે અને તે જ રીતે શ્રીપ્રભુપદે પ્રેમભક્તિભાવે ધર્યું છે.

(અનુષ્ટુપ)

અનુષ્ઠાન કરીએ છીએ કિંતુ તે માનતા નથી,
માનીએ જે છીએ તેનું પાલન કરતા નથી.
એવા કૈંક મળ્યા લોક ચેતન પામવા હૃદે,
ભલીવાર કશો તેમાં આવે પછીથી શી રીતે ?

જે મેળવવું છે, તેના પરત્વે હૃદયની હૃદયમાં ઉત્કટ જ્વાળામુખી જેમ ધગધગતી લગની જ્યાં સુધી લાગતી નથી, ત્યાં સુધી સાધનામાં

જ્વલંત ચેતનાત્મક વિકાસ થવો શક્ય નથી. તેમ છતાં સાધન પકડીને તેને એકધારા સતત વળગી જ રહ્યા કરવાથી પણ એવી શ્રદ્ધા જાગે ખરી.

શ્રદ્ધાનાં અનેક લક્ષણોને જુદી અને જુદી રીતે જેમ જેમ તે અનુભવમાં આવ્યાં કર્યાં હતાં, તે તે હકીકતોને મેં તે તે રીતે રજૂ કરી છે. કેટલીક વાર એકની એક હકીકત અનેક રીતે, દોહરાવી પણ છે. શ્રદ્ધાથી ઊંડો પૃથક્કરણભર્યો ચેતનાત્મક જાગૃત અભ્યાસ માનવીના હૈયામાં જાગૃત હોય છે. તેનાથી કરી તેની તટસ્થતાયુક્ત વિવેકશક્તિ પણ જાગી જઈ વૃત્તિ, વિચાર, લાગણી, ભાવના ક્ષેત્રમાં તે કેવી કુશળ કારીગરની જેમ કામ આપે છે, તેનું પણ આમાં નિરૂપણ થયું છે.

શ્રદ્ધા આટલી વિશદતાથી અને આટલા વિસ્તૃત સ્વરૂપમાં ભાગ્યે જ વ્યક્ત થયેલ હશે એમ માનું છું. શ્રદ્ધાને કેળવાતી રહેવાવાને કાજે હેતુના જ્ઞાનની સભાનતાથી ભાવને મહત્ત્વ આપ્યા કરવાનું જે થયું, તેને હું શ્રીભગવાનની પરમ કૃપાપ્રસાદી લેખું છું. ભાવ વિનાનું બધું જ શુષ્ક છે. ભાવ એ જ શ્રદ્ધાની પાંગરતી જતી પ્રાણશક્તિ.

આધ્યાત્મિક વિજ્ઞાનશાસ્ત્રમાં શ્રદ્ધાનું મહત્ત્વ અગ્રસ્થાને છે. શ્રદ્ધા પરત્વેનું ગુજરાતી ભાષામાં એનાં સર્વ પાસાંને લગતું ખાસ કોઈ લખાણ નથી. સાધનાના પંથના પથિકોનું એ પંથે પ્રથમ પગલું શ્રદ્ધા વડે કરીને મંડાય છે.

પ્રત્યક્ષ પ્રવર્તતાં લક્ષણ વિના કંઈ જ કશું એની યોગ્ય રીતિનું, સ્થિતિનું, યોગ્ય રીતે સ્વીકારાય જ નહિ અને તેવાં શ્રદ્ધાનાં લક્ષણો પણ આમાં બતાવવાનું શ્રીપ્રભુકૃપાથી બની શક્યું છે, કારણ કે જીવનવિકાસના સાધનાપંથમાં ધપતાં ધપતાં, અથડાતાં કુટાતાં, જે અનુભવ શ્રીપ્રભુકૃપાથી થયો અને તે કાળે તેમાં તેમાં જીવંત ચેતનાત્મક તટસ્થતાની સભાનતા શ્રીપ્રભુકૃપાથી જાગેલી રહ્યા કરેલી

હોવાથી, તેવું અનુભવથી સમજણમાં આવેલું હોવાથી, આ બધું તેથી કરી લખવાનું બની શક્યું છે અને તે પણ શ્રીપ્રભુકૃપાનું નિમિત્ત પ્રગટ્યું ત્યારે જ.

શ્રદ્ધા લખતાં લખતાં, 'શ્રદ્ધા**મા**' એમ લખતાં લખતાં **આ** શરીરને જન્મ દેનારી **મા**ની સ્મૃતિ જીવતી ઊગી આવી. તેથી શ્રદ્ધાને ઉદ્દેશી **મા** પર મેં લખ્યું છે. તે લખતાં લખતાં રડવું પણ આવ્યું છે. **મા** તે **મા** છે. **'મા તે મા, બીજા બધા વગડાના વા'** એવી જૂની કહેવત છે, તે કદાચ યથાર્થ જ હશે. **મા**નું હૃદયમાંનું સંભારણું ભાવનાપ્રેરક, ચેતનાત્મક, જીવતું હોય છે, વળી, તે શ્રદ્ધાને જ સંબોધીને સાથે સાથે લખાયું છે.

'જિજ્ઞાસા' પર લખાયું હતું, ત્યારે જ 'શ્રદ્ધા' પર લખવાની અછરતી ઊર્મિ થઈ હતી ખરી, તે પણ આ લખાણથી પૂરી થાય છે.

શ્રદ્ધાને હૃદયના પ્રેમથી જ દોહરાવી છે. કેટલુંક તો જુદા જુદા સંદર્ભમાં બેવડાય પણ છે, પરંતુ શ્રેયાર્થીને માટે તો તે ઉત્તમ છે. જીવનની આધ્યાત્મિક સાધનામાં પુનરાવર્તન તે દોષ નથી, કિંતુ ગુણવિકાસની વિકાસ પામતી જતી પ્રક્રિયાનું તે એક મુખ્ય લક્ષણ છે. આ હકીકત આધ્યાત્મિક માર્ગના પથિકને નવી ના હોવી ઘટે.

જીવનવિકાસના માર્ગમાં 'શ્રદ્ધા' તો મૂળ પાયો છે. આમેય પ્રત્યેકના જીવનમાં શ્રદ્ધા તો તે તે પ્રકારની છે જ.

શ્રદ્ધા પરનું જેમ જેમ લખાતું ગયું છે, તેમનું તેમ તે રહેવા દીધું છે, એને મુદ્દલે મઠારવાનું તો કર્યું જ નથી, માત્ર એને ક્રમવાર ગોઠવવાનું થયું છે.

આપણા જીવનમાં જો કોઈ ઊંડો રસ લેતું હોય છે, તો તે આપણને ગમતું હોય છે. એટલું જ નહિ, પરંતુ કોઈ આપણને કે આપણાં કર્મને કે ગુણને કે પછી આપણા સર્જનને બિરદાવતું હોય છે, તો તે આપણા અંતરને ગમતું હોય છે. એથી જે ઉત્સાહભર્યા,

જે ઉત્સુકતાભર્યા અને ઉત્કટ રસથી શ્રદ્ધાનાં લખાણને શ્રી રમણભાઈ અમીન વાંચવાનું દિલ કરતા, તે દર્શને મને એટલી બધી દિલમાં દિલથી દિલચસ્પી પ્રેરી હતી કે તેમની તેવી લાગણીએ આ શ્રદ્ધા લખવાને મને ઉત્તેજિત અને પ્રોત્સાહિત કર્યો છે, તે બદલ તેઓશ્રીનો હું ઋણી છું.

શ્રીપ્રભુકૃપાથી **આ જીવ**ને એવાં અભ્યાસ, ટેવ અને સમજણ છે, કે જે કંઈક કરવાનું દિલ થાય, તેને બની શકે એટલી ત્વરાથી આટોપી લેવાય તે ઉત્તમ, કારણ કે મૃત્યુની નિશ્ચિતતા તો નથી જ. તેથી મૃત્યુના વિચારથી નહિ, પણ તે તો છે જ, તેથી જે સંકલ્પ હોય તે શ્રીપ્રભુકૃપાથી જેટલો સવેળા સ્વસ્થતાપૂર્વક, શાંતિ અને ભાવથી પૂરો થઈ જાય, તે ઉત્તમોત્તમ.

વળી, મને એમ પણ છે, કે હવે **આ** શરીરને ઘણા રોગ છે અને તે ખવાતું જાય છે. તે હાલ વેદનાગ્રસ્ત તો છે જ, પરંતુ હવે તેવી વેદનાનો હુમલો સહન કરવાની શરીરની પણ મર્યાદા છે. શરીર ઉંમરને કારણે ઘરડું થતું જાય છે અને તેથી તેની સહન કરવાની તાકાત ઘટે તે સ્વાભાવિક છે. તે ઉપરાંત, હવે **આ** શરીરને થાક પણ લાગે છે, જે પહેલાં મુદ્દલે લાગતો જ ન હતો. આ ઉપરાંત, આમેય શરીરનો ભરોસો ના ગણાય. તેથી પણ જેટલું જલદી આટોપાય તેટલું ઉત્તમ.

આ કારણથી પણ મને થયું કે જેટલાં પ્રકાશન, જે કંઈ થવાનાં છે, તે જેટલાં વહેલાં શ્રીપ્રભુકૃપાથી થઈ જાય તો ઉત્તમ. બાકી, મને પોતાને તો **જીવવાની** કે **મરવાની** તે બેમાંથી એક પણ મરજી નથી. બંને આવકાર્ય અને સ્વીકાર્ય છે.

છેવટે એક જ પ્રાર્થના. મળેલાં સ્વજનોએ જે પ્રેમથી સાથ આપ્યો છે, તે હવે જરા વધારે પ્રેમથી, ભાવથી, ઉત્સાહથી અને દિલના ઉમંગથી, રસથી, જીવતોજાગતો સાથ મને આપે અને મારાં

કર્મને બિરદાવે અને જલદી સ્વસ્થતાથી નીપેટાય, તેમ થવા દેવામાં પોતે પોતાની શક્તિ પ્રેરાવે.

સમાજમાં જે કામ લીધેલાં છે, કે હવે પછી જે થશે કે જે પહેલાં થયેલાં છે, તેમાં 'મોટા'ની કશી જ વિશેષતા નથી. મોટા તો સમાજનો નોકર છે અને બહુ બહુ તો તે મુનીમ છે. મોટાનાં વખાણ થાય તે યથાયોગ્ય નથી, તેને લાયક પણ નથી. લાયક તો એકમાત્ર શ્રીભગવાન પોતે જ છે.

શ્રદ્ધા પરનું લખાણ તો જોડકણું છે. એને કાવ્ય ગણતો નથી, પણ તે સાથે મને એટલું સ્પષ્ટ લાગેલું છે, કે શ્રીપ્રભુકૃપાથી શ્રદ્ધા-જિજ્ઞાસાના ભાવથી યુક્ત મનન ચિંતવનની એકધારાથી સહજપણે જે પ્રગટ્યું છે, તે તો મારા ભગવાનની કૃપાપ્રસાદી છે, કારણ કે તે તો એકદમ એક જ ઝપાટે અને સપાટે સતત સ્ફુર્યાં જ કરેલું છે.

શ્રદ્ધાભાવની નિષ્ઠાથી જો કર્મને યોગ્ય રીતે ફળાવવું હોય, તો તેવાં કર્મને સંપૂર્ણપણે પ્રેમભક્તિભાવે, એકમાત્ર પોતાના જ વિકાસના હેતુની સભાનતાથી પ્રતિપળ જીવતીજાગતી ચેતનાત્મક તત્પરતા અને તાલાવેલી એનામાં લાગી પડેલાં જીવંતપણે વર્તાયેલાં, વર્તાતાં રહેતાં, પ્રત્યક્ષ કર્મના વહેવારમાં અનુભવમાં વ્યક્ત થયા કરેલાં જોઈશે જ એવી જ્ઞાનભક્તિયોગની સંપૂર્ણ સ્વસ્થતા તેવી તાલાવેલીમાં દર્શન દેતી અનુભવાતી હોય છે. એવી કર્મને સંપૂર્ણ થઈ જવાની દિલમાં, દિલમાંની, દિલના ભાવે જે એકતાનતાની સભાનતા સાથોસાથ કર્મમાં પ્રત્યક્ષ જીવતી હોવી ઘટે અને તે તેમ હોવાથી શ્રેયાર્થીને કંઈ કશા પરત્વે નકામી યદ્વાતદ્વાવાળી ઢીલ પોસાઈ શકતી નથી. આ મારા જેવાના અનુભવાયેલા જીવની પ્રત્યક્ષ હકીકત છે. તેથી, હંમેશાં 'પરવારાયેલી' દશામાં જ પ્રવર્તવું, તે તે એના એવા કર્મવહેવારનું પ્રત્યક્ષ દર્શન છે.

'સ્વાનુભવ કથન' જે 'જિજ્ઞાસા'માં છપાયેલું છે, તે મેં આ 'શ્રદ્ધા'માં પણ લીધેલું છે, કારણ કે શ્રદ્ધા અને જિજ્ઞાસાનાં વર્તન-અનુભવ પરસ્પર સંકળાયેલાં જ હોય, તેથી તેમ કર્યું છે. વળી, તે 'સ્વાનુભવ કથન'માં તો શ્રીપ્રભુકૃપાથી જેમ જેમ જે વર્તાયું છે, તેના અનુભવનો નિચોડ છે. હજી તેમાં ઉમેરી શકાય તેવું છે ખરું, પરંતુ જે આપમેળે, એક ઝપાટે અટક્યા વિના કે થંભ્યા વિના લખાઈ ગયું છે, તે પણ શ્રદ્ધા**મા**ની પ્રત્યક્ષ પ્રેરણાથી જ થયું છે, એમ અનુભવાયું હોવાથી, તેમાં નવો ઉમેરો કર્યો નથી.

શ્રદ્ધા પર લખતાં લખતાં નીચે પ્રમાણે જે લખાયું છે, તે **આ જીવ**ને અનુભવે યથાર્થ લાગ્યું છે :-

(અનુષ્ટુપ)

જ્યારે તે કરવું કર્મ, તેમ જ્યાં યોગ્ય લાગતાં,
સ્વસ્થતાથી શી ત્વરાયે કર્મે સધાતી હાર્દમાં !
તેવી ત્વરા વિશે **પ્રાણ** સ્વસ્થ જાગૃતિ જીવંત-
-પ્રગટેલી શી રહે કર્મે, ચેતેલી વર્તતી દિલ.
શ્રદ્ધાની શક્તિ કેવી જે ચેતેલી અગ્નિપેઠ તે
-હૃદે ભારે ત્વરા દ્વારા વ્યક્ત કેવી થતી રહે !

તેથી જ જ્યારે શ્રીપ્રભુકૃપાથી જે જે કંઈ કરવાનું પ્રાપ્ત થતું હોય છે, ત્યારે તેમાં ત્વરાનાં દર્શન થતાં રહે છે ખરાં. વળી, જ્યારે 'સંપૂર્ણ પરવારવું' હોય છે, ત્યારે સ્વસ્થતાયુક્ત ત્વરા એ ખાસ મહત્ત્વની હકીકત થઈ પડે છે, એ પણ એટલું જ સાચું છે.

શ્રદ્ધામાં શું કે જિજ્ઞાસામાં શું એવી ત્વરા એ પણ એક તેનું તેનું લક્ષણ જ ગણાયેલું છે. જ્યારે શ્રદ્ધા જ્વાળામુખી સમી ધગધગતી, પ્રજ્વળેલી જીવતી હોય છે, તેવા તેના તે કાળનાં ચેતનાત્મક લક્ષણમાં ત્વરા એ તે તે દશાનું પ્રત્યક્ષ સક્રિય પ્રવર્તતું લક્ષણ છે.

શ્રેયાર્થીના જીવનમાં જ્યારે ઉત્કટમાં ઉત્કટ શ્રદ્ધા પ્રજ્વળેલી

હોય છે, ત્યારે તેને થોભવું કે થંભવું પાલવે તેવું હોતું નથી, તે પણ એટલી જ યોગ્ય વાસ્તવિક હકીકત છે.

શ્રદ્ધા શ્રેયાર્થીને જીવનમાં શીખવે છે, કે તેણે જીવનવિકાસના માર્ગમાં જે તે બધું પૂરેપૂરું સમજી લેવું અને તે તે બધું પૂરેપૂરું પરવારી લેવું અને તે પણ શાંતિથી, સંપૂર્ણ સ્વસ્થતાથી. વળી, આવા પ્રકારની પૂરેપૂરી સભાનતાથી, તે તે આચરવાની કળા જીવનમાં જેમાં તેમાં પ્રત્યેક કર્મના વર્તનમાં ચેતનાત્મક કેળવતા રહેવાની ખાસ અગત્ય છે.

જીવનધ્યેયના હેતુ પરત્વેની ચેતનાયુક્ત ખાસ સભાનતા વિના થયેલાં કર્મ તે કર્મ ગણાતાં નથી. સાધનામાં યાહોમ કરીને ઝંપલાવ્યા પછી શ્રેયાર્થીનું પ્રત્યેક કર્મ એ તો પ્રત્યક્ષ યજ્ઞ છે. એવો એનો કર્મયજ્ઞ સતત જીવંત ચાલુ રહ્યા કરવો જ ઘટે છે. એવા યજ્ઞમાં અનેક પ્રકારના હેતુથી પ્રેરાયેલ જ્ઞાનપૂર્વકનાં બલિદાનો અપાયાં જ જતાં હોય છે અને એવાં જે બલિદાનો અપાયે જતાં હોય, તેની જીવતી પ્રેરણા તો શ્રદ્ધામાતા જ પ્રેરાવતી રહેતી હોય છે. જીવનને જીવનના ઊર્ધ્વ દિવ્ય વિકાસ માર્ગમાં જે નવા નવા જીવનના પલટા પ્રગટ્યા કરતા હોય છે, તે જ મોટામાં મોટો શ્રદ્ધામાતાનો ચમત્કાર છે. આવી બધી હકીકતો શ્રીપ્રભુકૃપાથી શ્રદ્ધાથી પ્રેરાયેલા જીવનના કર્મયજ્ઞ દ્વારા **આ જીવ**થી અનુભવાયેલી છે.

**આ જીવે** પ્રત્યક્ષ સંસારવહેવારમાં રહી રહીને જ આ પ્રકારની સાધના કરેલી છે. મૌન, એકાંત, અભય, નમ્રતા આદિ સાધનો હેતુની જ્ઞાનપૂર્વકની ભાવનાથી સેવેલાં, તે કેટલાંયની જાણમાં પણ છે અને હજી તેવાં કેટલાંક જીવતાં પણ છે, કોઈ સંતમહાત્મા હિમાલયની ગુફામાંથી આવીને એવી હકીકત કહે, તો તેની યોગ્યતા અને તેની હકીકતોના સાચાપણાની આપણને સાબિતી મળી શકતી નથી, જ્યારે શ્રીપ્રભુકૃપાથી મારા જીવનનું તેવું નથી, એ વિશિષ્ટતા છે, પરંતુ ગમે તેટલી યોગ્ય સાબિતી આપો તોપણ તેવાનો સ્વીકાર

જ્ઞાનભક્તિપૂર્વક સંસારીઓથી થશે કે કેમ તે પણ વિચાર માગી લે તેવી હકીકત છે.

**આ જીવ**થી આશ્રમો સ્થપાયા બાદ જે જે કર્મના સંકલ્પ થયા છે, તેવાં તેવાં કર્મો પણ શ્રદ્ધાના રણકાર દેતા બળ વડે જ તેણે લીધેલાં છે અને તે શ્રદ્ધામાતાએ જ તે તે સંકલ્પ ફળાવ્યા છે, એટલું જ નહિ પરંતુ શ્રદ્ધા જ્યારે એવી ઉત્કટમાં ઉત્કટ ભભૂકતા અગ્નિના જેવી પ્રગટેલી હોય છે, ભડકા જેવી જલતી થયેલી હોય ત્યારે, તેવી શ્રદ્ધા પોતે જ તે તે સંકલ્પ ફળાવવાને સામર્થ્યવાન હોય છે. તે હકીકત પ્રયોગ દ્વારા મારા જેવા અડબોથનું જીવન પુરવાર કરી આપે છે.

વળી, એવાં કર્મો દ્વારા કેટલાંય નિમિત્ત પ્રકારના **જીવો**નો સંબંધ શ્રીપ્રભુકૃપાથી મને જે મળી ગયેલો છે અને શ્રદ્ધામાતાએ તેવો કાળ જે ટૂંકાવી દીધો છે એનો, એવા વિજ્ઞાનનો ઈતિહાસ તો કાંઈ ન્યારો જ છે. આ હકીકત કદાચ બધાંને ના પણ સમજાય, છતાં આધ્યાત્મિક જીવનમાં પ્રવર્તતા તેવા વિજ્ઞાનની તે આવી યોગ્ય સાચી હકીકત છે. હવે, શરીર જ્યારે તેના સાવ છેલ્લા તબક્કામાં છે, ત્યારે સ્પષ્ટ ચોખ્ખા શબ્દોમાં લખતો જાઉં તો વાચકો તે માટે મને સમજવાને પ્રેમભાવે તસ્દી લે, એવી મારી સર્વને પ્રાર્થના છે. શ્રદ્ધાથી પ્રગટેલ અને અનુભવમાં પ્રતિષ્ઠિત થયેલ ચેતના સ્થળ અને કાળ ટૂંકાવી દે છે, તેવો અનુભવ એવા કેટલાય અનુભવીઓનો છે.

શ્રીપ્રભુકૃપાથી મળેલાં-થયેલાં-નિમિત્ત સંબંધોના **જીવો**માં શ્રીપ્રભુ પરત્વેની અભિમુખતા કંઈક પ્રગટાવી શકાય તો જીવ્યું સાર્થક, એવી જ્ઞાનભક્તિપૂર્વકની ભાવના **આ જીવ**ની છે, પરંતુ તેમાં સામે પક્ષેથી એટલા જ જીવંત સહકારની અપેક્ષા રહેલી હોય છે, જે મુશ્કેલીની હકીકત અનુભવે જણાયેલી છે. તોપણ **આ જીવ** તેમના તેમના પરત્વે તેમનું તેમનું સ્મરણ થતાં, તેવા સ્મરણનાં નિમિત્તે ત્યારે

ત્યારે સહૃદયતાભરી પ્રાર્થના કર્યા કરવાનું કદી ચૂકતો હોતો નથી. એવી પ્રાર્થના પણ સંસ્કાર છે.

જે વિચાર જીવંત એકાગ્રપણે કેંદ્રિતતાથી જેના પરત્વેનો પ્રગટેલો હોય, તેવા વિચારનાં મોજાં તેવા **જીવ** પરત્વે જ વહેતાં જતાં હોય છે અને તે સૂક્ષ્મમાં પકડાઈ જતાં હોય છે. આ પણ આધ્યાત્મિક જીવનના વિજ્ઞાનની એક ના સમજાઈ શકાય તેવી સૂક્ષ્મમાં સૂક્ષ્મ હકીકત છે.

'એ વાતો છે ઝીણિયું'

આ બધી હકીકતો પણ શ્રદ્ધાના પ્રયોગાત્મક થયેલા અનુભવમાંથી પ્રગટેલી છે.

શ્રદ્ધાને દોહરાવાતાં જે આનંદ પ્રગટ થયેલો છે, તે તો શ્રદ્ધા**મા**ની તેના બાળકને મળેલી પ્રત્યક્ષ ભેટ છે. એ ભેટનો લહાવો શ્રેયાર્થી પ્રેમભક્તિપૂર્વક લેવા પ્રેરાશે એવી શ્રદ્ધાથી વિરમું છું.

ભાઈશ્રી ચીમનભાઈ મહાજને મને જ્યારે કોઈ પિછાનતું ન હતું ત્યારથી અપનાવેલો છે અને આ શ્રદ્ધાના પ્રાકટ્યનું નિમિત્ત પણ તેઓ થયા છે.

(અનુષ્ટુપ)

શ્રદ્ધાના રસનું ભાવે થવા પ્રાકટ્ય જીવને
-નિમિત્ત શા થયા પોતે સહાનુભૂતિપૂર્વકે,
આભાર તેમનો ઊંડા હૈયાના ભાવથી કરી,
ગદ્ગદ ભાવથી માનું અંતર, અંતરે ચહી.

હરિઃૐ આશ્રમ, - **મોટા**
નડિયાદ.

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પહેલી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ હરિઃૐ આશ્રમ, કુંભકોણમ્‌માં **'શ્રદ્ધા'** વિશે શ્લોકો લખ્યા. એ બધા જ શ્લોકોને વિષયાનુક્રમે ગોઠવવાનું કામ શ્રી રમેશભાઈ ભટ્ટે ઉત્સાહથી કરી આપ્યું, એ અમારે મન આનંદની વાત છે.

**'શ્રદ્ધા'**ને પુસ્તકરૂપે પ્રકાશિત કરવા એક સદ્‌ગૃહસ્થ તરફથી ઉદારભાવે જે રકમ મળી છે, એ બદલ એમનો હાર્દિક આભાર માનીએ છીએ. વળી, આટલી ત્વરાથી લાઇટ પબ્લિકેશન્સ લિમિટેડે આ પુસ્તક ભાવપૂર્વક છાપી આપ્યું, એથી આટલું વહેલું પ્રકાશિત થઈ શક્યું છે. તેઓશ્રીએ જે ઉમળકા-ઉત્સાહથી આ પુસ્તક છાપી આપ્યું, એથી અમે એમના ઘણા ઘણા આભારી છીએ.

શ્રદ્ધા પરની પ્રસ્તાવના શ્રીમતી મીનાક્ષીબહેન દલાલે લખી આપી છે. આવાં કામ માટે તેઓશ્રી યોગ્ય પાત્રતાવાળાં છે. સંસ્કૃત ભાષા લઈને એમ.એ. તો થયેલાં જ છે, એટલું જ નહિ, પરંતુ તે વિષય લઈને પીએચ.ડી. પણ થયેલાં છે. તે ઉપરાંત, આવા પ્રકારના વિષય પરત્વેની તેમના હૃદયની અભિરુચિ પણ છે અને એવાં હૃદયની અભિરુચિને તેઓશ્રી પોષે છે પણ ખરાં.

શ્રદ્ધા પરની પ્રસ્તાવના તેમણે પૂજ્ય શ્રીમોટા પરની તેમના હૃદયની ભલી લાગણીને કારણે જ માત્ર લખી છે, એવું છેક નથી, પરંતુ 'શ્રદ્ધા'નાં લખાણનું કંઈક મહત્ત્વ તેઓશ્રીને લાગ્યું હશે, તેથી જ તેમણે તેની પ્રસ્તાવના લખી હશે, એમ માનું છું. જે માટે અમે બધાં તેમનાં ઋણી છીએ અને સાથેસાથે આભારી પણ છીએ જ.

પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોનું વેચાણ કરી આપવાનું મેસર્સ આર. આર. શેઠની કંપની મુંબઈ-અમદાવાદે સ્વીકારી અમને ખૂબ આભારી

કર્યા છે. પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોના વેચાણમાંથી થતી આવક પૂરેપૂરી લોકકલ્યાણ કાર્ય માટે જ વપરાય છે, એ કહેવાની જરૂર ના હોય.

આ પુસ્તકનાં પ્રૂફ તપાસવાનું કામ શ્રી સોમાભાઈ ભાવસારે કરી આપ્યું છે, તેઓશ્રી આશ્રમનું એક અંગ હોવાથી એમનો આભાર માનવાનો હોય નહિ, પણ એમની આ તત્પરતાની અમો કદર કરીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો ગુજરાતી પ્રજા ખરીદીને વાંચશે એવી આશા રાખીએ છીએ. આજ પર્યંત પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોને ખરીદીને જે સહકાર આપ્યો છે, એ બદલ ગુજરાતી વાચકવર્ગના અમો આભારી છીએ.

હરિઃૐ આશ્રમ, - **નંદુભાઈ**
નડિયાદ. મૅનેજિંગ ટ્રસ્ટી
તા. ૨૪-૮-૧૯૭૧

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાનું પદ્ય સાહિત્ય સંપૂર્ણ હૃદયસ્પર્શી અને ભાવસભર છે. જે તે વિષયને ગદ્યસ્વરૂપે સમજાવતાં જ્યાં આખો ફકરો લખી શકાય તેટલો સંદેશો પૂજ્યશ્રીએ એક કડીમાં રજૂ કર્યો છે. તેઓશ્રીને આપમેળે વિષયવાર અંતઃસ્ફુરણા થતાં કાગળ ઉપર નોંધરૂપે ટપકાવી દેતા. **'શ્રદ્ધા'** વિશેની આ તમામ પદ્ય રચનાઓનું સંકલન પુસ્તકરૂપે પ્રગટ થયું છે, શ્રીભગવાન જે સંદેશો સમાજને આપવા માંગે છે, તે શ્રેષ્ઠ રીતે પૂજ્ય શ્રીમોટાની કલમે વ્યક્ત થયો છે. આમ, સાચા અર્થમાં શ્રીભગવાને પૂજ્ય શ્રીમોટાને પોતાના ટપાલી બનાવ્યા છે. (પૂજ્યશ્રીએ પોતે જ કહેલું છે, 'હું ભગવાનનો ટપાલી છું.')

પૃથ્વી ઉપર સર્વત્ર પ્રચલિત શબ્દ **'શ્રદ્ધા'**નું ઊંડાણપૂર્વકનું વિશ્લેષણ સંસારી જીવોને અત્યંત માર્ગદર્શક છે અને પોતે ક્યાં છે અને હવે પછી આગળ ક્યાં જવાનું છે, તેની સમજણ અને પ્રેરણા આપે છે.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

પૂજ્ય શ્રીમોટાનો ૭૫મો સાક્ષાત્કારદિન **ટ્રસ્ટીમંડળ,**
તા. ૨૦-૪-૨૦૧૩, રામનવમી હરિઃૐ આશ્રમ, સુરત
સં. ૨૦૬૯

॥ હરિઃૐ ॥

# સ્વાનુભવ કથન

(અનુષ્ટુપ)

જીવને, વર્તને, કર્મે, વ્યવહારે બધી રીતે-
પ્રભુપ્રીત્યર્થ વર્તાતાં, શી હૈયાસૂઝ ઊગી છે ! ૧

સ્વાનુભવે હૃદે લાગ્યું જેમ જેમ પથે મને,
કૃપાથી વર્ણવ્યું છે તે સ્પષ્ટ થૈ, ફોડ પાડીને. ૨

શ્રેય મતલબી જે કો, લેશે તે ગુણને ગ્રહી,
બાકીનું દે ભલે ફેંકી, જેવી જેની હશે મતિ. ૩

પોરો શો પાપનો આવ્યો, એને પિછાનીને હૃદે !
કૃપાથી, દક્ષતાથી શી ચલાયા કર્યું છે પથે ! ૪

છતાં ભૂલો થઈ ભારે, શા દાવાનળના સમા-
પશ્ચાત્તાપે મને સ્વચ્છ કેવો કર્યાં કર્યો તદા. ૫

બીજાના દોષને જેઓ આપ્યા મહત્ત્વ શું કરે !
વધારે દોષ પોતાનો, એવા **આગળ** ના વધે. ૬

જેનામાં દોષ ઓછામાં ઓછો જીવને હોય છે,
બીજાના દોષ જોવાતાં, તેવાને ક્ષમ્ય તે ભલે-
કિંતુ તેમાંય તો હેતુ તેને મઠારવાતણો,
તે વિના દોષ જોયાનો તેવાનો હેતુ ના કશો. ૭-૮

પોતાના દોષ તે સર્વ નાખવા કાઢી જીવને
-પૂર્ણ ઉદ્યત, તેવા તો યોગ્ય વિકાસ સાધવે. ૯

માન્યું, મનાવ્યું, શું પાછું કરી નાખ્યું જ ઊલટું,
પોતાની પ્રકૃતિએ તો ગોટાળો શો કર્યો ઊભો ! ૧૦

પાછું મંડાણ મંડાવ્યું મૂકી પાટા પરે સીધું,
પથે ચલાવવા માંડ્યું જેમ તેમ કરી સીધું ! ૧૧

જ્યારથી લાગવા માંડ્યું એને તો હેત પંથમાં,
ત્યારથી રંગ શો લાગ્યો અનેરો પાદપદ્મમાં ! ૧૨

જ્યારે જ્યારે પડ્યો હેઠો થયો કૃપાથી હું ઊભો,
પડવામાં મને લાગી નાનમ ના રીતેથી કો,
'પડવાનું થવાનું છે' એમ નિશ્ચિત જાણીને-
વારંવાર થવા ઊભો કેવું કેવું મથાયું છે ! ૧૩-૧૪

સ્વભાવની કુટેવાદિ શી પળોજણ પારકી-
-ઠપકારી, મથાવીને જિજ્ઞાસાએ સુધારી શી ! ૧૫

અભ્યાસનિષ્ઠ કર્તવ્યે શો પરિશ્રમી જીવને !
વિનયશીલ, વિવેકી, નિર્ભય, નમ્ર તે હૃદે,
આત્મનિર્ભર નિશ્ચિત ઝંઝાવાતોની સામને,
પરમાર્થે પ્રીતિ કેવી, શું ઘડાવાયું એમ તે ! ૧૬-૧૭

અંતરના અજંપાને સંકોરે એવી જે પળો-
પ્રાર્થનાભાવમાં ગાળી એકાંતમાં નશીલી શી ! ૧૮

કેવાયે કીમિયાથી તે કેવા બેજાર ચિત્તને
-જિજ્ઞાસાએ શું ઠેકાણું પાડી, લગાડ્યું છે પદે ! ૧૯

બેજાર ચિત્તમાં કેવા આસ્થાનો દંડ રોપિયો !
શ્રદ્ધાનો તે ચમત્કાર પ્રત્યક્ષ શો અનુભવ્યો ! ૨૦

અંગારા શા વિપત્તિના મળ્યા છે પથ કારમા !
શ્રદ્ધાએ શો રખાવ્યો છે સાવધાન પથે તદા ! ૨૧

શૌર્ય, વીર્ય, મહત્તાનો શ્રદ્ધાથી શો સુમેળ ને !
જીવને શોભીતું મૂર્ત કંડારે છે સ્વરૂપ જે. ૨૨

આવડતું ગયું જેમ તેમ તેમ હૃદે મને-
-લાગવા ભાવ માંડ્યો શો ! ખૂંપ્યું છે દિલ તો પથે.
સંભાવના રહેલી છે અમર્યાદ વિકાસની,
શો અનુભવ પ્રત્યક્ષ ઊગી, પ્રેરી પ્રતીતિ શી ! ૨૩-૨૪

આવડ્યાનો હૃદે ઊંડો આત્મવિશ્વાસ જ્યાં મને-
-બેસતો તે ગયો સાચો, વધાયું તેમ તેમ છે. ૨૫

ગમે તેટલી આવી છે મુશ્કેલી ને મુસીબતો,
કિંતુ ટકાવી રાખ્યો શો શ્રદ્ધાએ જીવને છતો ! ૨૬

પ્રતિકાર કરાયો છે પ્રબળ શો પ્રચંડ તે !
પ્રેરાયેલાં જ શ્રદ્ધાથી ફળ વર્તનનાં ખરે ! ૨૭

પરોવાયેલ જેમાં હો તેનું કર્મ ચલાવવા
-તત્પર કર્મમાં જો, તે વફાદાર ખરેખરા. ૨૮

શ્રદ્ધા તે એવી પ્રેરે છે વફાદારી શી કર્મમાં !
બુદ્ધિને ચિંત્વને જોડી, પ્રેરે કર્મ પરંપરા. ૨૯

પામવું શ્રેય જેનાથી તેનામાં સૌ મનાદિને-
-વાળી એક કરે છે જે, તેને ઢૂંકડું ધ્યેય છે. ૩૦

જીવનનો રસીલો જે તેને રસ બધાં વિશે,
શરૂમાં પૂર્ણ એકાંગી **आगळ** શો પછી ચગે ! ૩૧

શ્રદ્ધાએ જીવને કેવો રખાવ્યો સાવધાન છે !
નિઃશંક જાગૃતિથી તે થઈ શક્યો વિકાસ તે. ૩૨

ઊતરાવ્યો મને કેવો વિચાર હાર્દગર્ભમાં !
વિચાર બદલે ભાવ *ઉગાડ્યો કર્મમૂળમાં. ૩૩

અક્ષય શું મનુષ્યત્વ ને પૌરુષ અજેય તે !
જીવને પામવા પૂર્ણ શ્રદ્ધાથી હાર્દ ઊગ્યું છે. ૩૪

'શ્રદ્ધાનો ભાવ જામે જ્યાં, કશી કોઈ પ્રકારની
-નિષ્ફળતા ઊગે છે ના.' જાણ્યું છે તે અનુભવી. ૩૫

શ્રદ્ધાએ શી સુઝાડી છે, 'આરાધના વિરાટની,'
કેટલી રાત્રિઓ, 'ભાવ આકાંક્ષામાં વિતાવી શી !' ૩૬

આવ્યાં છે કારમાં કેવાં દારિદ્ર્ય, પ્રતિકૂળતા,
કાઢવો માર્ગ તે વચ્ચે એ તો કેવી પ્રભુકૃપા ! ૩૭

કાઢતાં કાઢતાં માર્ગ હૈયાનાં બળ, બુદ્ધિથી,
કેવો ટટાર, સમૃદ્ધ, પ્રબળ કેવી ઉન્નતિ !
પ્રતિભા ગૌરવાન્વિત થવાયું જીવને મથી. ૩૮

આવ્યા છે ખેલવાના તે શા ભયંકર મોરચા !
દૃઢ વિશ્વાસ રાખ્યાથી પ્રભુ પર, ટકાયું ત્યાં. ૩૯

નિમ્ન પ્રકૃતિ આનંદ લેવાનું જ્યાં થતાં હૃદે,
પ્રભુના દિવ્ય આનંદે પ્રેરાયું રમવા હૃદે. ૪૦

પ્રભુને મોખરે જ્યારે રાખતા હોઈએ હૃદે,
પ્રભુનો ભાવ આધારે રૂહે છે જીવંત નિશ્ચયે. ૪૧

બધાં કરણમાં **ભાવ** જ્યારે મહત્ત્વ ભોગવે,
નિમ્નવૃત્તિ પછી પોતે બળવાન નહિ થશે. ૪૨

* પ્રેરાવ્યો

જીવને તો ગમે તેવું ચલાયું અળવીતરું !
લપડાક લગાવીને શ્રદ્ધાએ ત્યાં સુધારિયો. ૪૩

કુટેવ, નબળાઈઓ, દોષ જે એવું જીવને-
-થવા મુક્ત થયા કેવા જોરદાર પ્રયત્ન તે ! ૪૪

ને એમ ધ્યેયમાં ખૂંપ્યાં મનાદિકરણો જહાં,
ખપ્યો મનાદિને પ્રેમે પથ જે પ્રભુનો તદા-
કૃપાથી ચઢવા ભાવ જ્યાં લાગ્યો જીવને હૃદે,
ત્યારથી ગૌણ તે સર્વ, મેળે રહ્યા કર્યાં પથે. ૪૫-૪૬

શા ખૂણા એમ સૌ ગોળ થતા ગયા જ જીવને,
ભાવનો મેળ જીવંત જેમાં તેમાં ટક્યો હૃદે.
અખંડાકાર તો ભાવ એવી રીતેથી જીવને-
પ્રભુકૃપાથી ચાલ્યો શો ચેતનાત્મક વર્તને ! ૪૭-૪૮

જ્વાલાસમી જ શી શ્રદ્ધા જલતી, તેથી જીવને-
-થયા ગયો પુરુષાર્થ, જડ્યું, ઊંડું ગયા કર્યે. ૪૯

થવા મરજીવા પ્રેર્યો શ્રદ્ધાએ જીવને પથે,
તેથી પ્રયત્નમાં **પ્રાણ** શક્યા શા પ્રકટી હૃદે ! ૫૦

બુદ્ધિ ને પ્રાણ જોડાતાં જીવનરસમાં ખરાં,
સ્વાદ તે પડવા લાગ્યે, દિલયે ભળતું તદા. ૫૧

હૈયે જ્યાં પડવા લાગ્યો રસ ખરેખરો હૃદે,
એકરસે થવા લાગ્યો એકાકાર નિરંતરે. ૫૨

દિલ જ્યારે ભળે પૂર્ણ ધ્યેયના હાર્દભાવમાં,
ઊંડી તન્મયતા પૂર્ણ જીવતી લાગતી તદા. ૫૩

દિલની વાત ન્યારી છે, મિથ્યા દિલ વિના બધું,
દિલ જો છે, મળે દિલ, સધાયે દિલથી બધું. ૫૪

દિલ જ્યાં ગયું ઓવારી, વારીવારી જવાયું છે,
એકાકારે રસે કેવું રસાયું પૂર્ણ જીવને ! ૫૫

અણધાર્યાં પરિણામોકેરી શી શી પરંપરા
-જીવને સાંપડે, તેમાં ધરાવી સમતુલના-
-તે તે પ્રત્યેકનો મર્મ ને હેતુ પામતાં દિલ,
ધાર્યું ફળાવી શો પામ્યો આનંદ અમર્યાદમાં ! ૫૬-૫૭

'ત્રુટિઓ કેવી કેવી છે,' શ્રદ્ધાભાવે જણાયું છે,
ભાવવૃદ્ધિ દઢાવાતાં સાવ તે ગૌણ શી બને ! ૫૮

સ્મરણ, પ્રાર્થનાભાવ, કીર્તન ભજનો વડે,
આત્મનિવેદને પ્રોતાં મનાદિને નિરંતરે,
લ્હે એવી લાગતાં પૂર્ણ ભૂમિકા યોગ્ય થાય તે. ૫૯

'કેવી રીતે હૃદે ભાવ જીવને વ્યવહારમાં-
-ઓતપ્રોત પરોવાઈ રહે જીવંત કર્મમાં,'
કર્યાં કરી હૃદે તેનું ઊંડામાં ઊંડું ચિંત્વન,
કેળવાઈ શકાયો શો ભાવ તે થઈ સાધન ! ૬૦-૬૧

સાધનાકર્મમાં ઊંડો ટકે ભાવ નિરંતર,
થવાય ધ્યેયહેતુમાં તો જ એકાગ્ર કેંદ્રિત. ૬૨

વૃત્તિઓ પાડવા મોળી તે કાજે શું મથાયું ત્યાં,
ભાવે મગ્ન રહેવાતાં મેળે મોળી થતી તદા. ૬૩

એમ અભ્યાસ જીવંતો અખંડ જ્યાં પ્રવર્તતાં-
જોશ કામાદિનું કેવું ફેરવાયે જ ધ્યેયમાં. ૬૪

જેમ જેમ વધ્યો ભાવ સમર્પણ થતું ગયું,
થવાતું ગયું નિષ્કામ જીવને તેમ જીવતું. ૬૫

લીધેલાં કર્મને કાજે જેની તત્પરતા ખરી,
કર્યે કર્મ પ્રમાણે તે, તેવા પાર જતા તરી. ૬૬

ચિંત્વનની અભિરુચિ જિજ્ઞાસાએ દઢાવીને,
નવું નવું ઉગાડીને મુકાવ્યું કેવું વર્તને ! ૬૭

પથે જે વળગેલાં હો તેમનો હેતુ જીવને,
સાચો ધગ્‌ધગતો પૂર્ણ જો ના, ઝાઝું ન કૈં વળે. ૬૮

કામાદિ સૌ પડ્યા વિના મોળા સંપૂર્ણ જીવને,
પમાય ચેતનાને ના જણાયું તે અનુભવે. ૬૯

સિદ્ધિ મેળવવી જેની તેમાં જે ઓતપ્રોત છે,
ને તદાકાર સંપૂર્ણ, તેવા જ સિદ્ધિ મેળવે. ૭૦

કૈં નડે એવું આવ્યું છે જે અવરોધકારક-
-હેતુ ફળાવવા કાજે ઊગેલી જે કળા દિલ,
તે ઉપયોગમાં લેતાં શક્તિ ઑર ખીલી ઊઠી,
સર્વ પ્રકારનાં વ્‌હેણ હેત્વર્થે વાળી લેતી શી ! ૭૧-૭૨

કલ્યાણ પામવા કાજે શોધ્યું શરણું જેનું છે,
એકરસ બધી રીતે તેવાનામાં થતાં હ્રદે,
ઓગળી જાય શો પોતે ! મનાદિકરણો ગળે,
શરણાગતિ પામી તે રહસ્ય મેળવે હ્રદે. ૭૩-૭૪

પમાયે ભાવથી ભાવ, પામવા ભાવ અંતરે
-મહત્ત્વ ભાવને અર્પી, કરે જે કર્મ, તે રળે. ૭૫

ભાવ વિના થતું કર્મ નિપજાવે નહિ ફળ,
ને પ્રગટાવવા ભાવ પ્રાર્થના, ભજનો, જપ,
પ્રભુપ્રીત્યર્થ સૌ કર્મ, સત્સંગ ને નિવેદન,
જીવંત સાધનાના શા યત્ન કર્યા કર્યા પદ ! ૭૬-૭૭

સત્સંગ એટલે હૈયે એકનું એક ચિંત્વન-
-થતું જે ભાવથી ર્‌હે, તે રાખે ભક્તિપરાયણ. ૭૮

પાપ કે પુણ્ય ના જાણ્યું, જાણ્યું છે માત્ર એકલું
-જેમાં તેમાં બધાંનામાં ભાન તે ધ્યેયહેતુનું. ૭૯

મહત્ત્વ ભાવને દેતાં બુદ્ધિ ગૌણ બને તદા,
ભાવ વધારવા બુદ્ધિ શી વપરાય ત્યાં સદા ! ૮૦

જેનાથી લાભ લેવાને ચાહો છો જીવને તમે,
કરે પ્રસન્ન જે પૂર્ણ તેને, તે લાભ મેળવે. ૮૧

જેનાથી પામવું ધાર્યું તેની પરત્વે ભક્તિ તે-
-દિલ જાગ્યા વિના પૂર્ણ, પામી નહિ શકો તમે. ૮૨

ધ્યેયમાં સ્વાર્થ જ્યાં ખૂંપ્યો બુદ્ધિ ને પ્રાણ બેઉ શાં
-જોડાઈ પ્રેમથી, આપ્યો શો સહકાર દિલમાં ! ૮૩

પાળવાનું હતું જે જે પાળી એકમને બધું,
પામવાનું થયું ત્યારે કૃપાનો તે પ્રસાદ શો ! ૮૪

પારખે *વધતાં ભાવ, ભક્તિ તો જાગી જાણવી,
ભાવ નીતરતાં કર્મ વૃત્તિ ગળતી તે પછી. ૮૫

શ્રદ્ધા જીવન જાગેલી કેવી તે કાર્યસાધક !
જિજ્ઞાસાના બળે શ્રદ્ધા થતી શી ચેતનાત્મક ! ૮૬

* દૃઢતાં

જુદી જુદી ભૂમિકાની શ્રદ્ધાએ શી જુદી રત !
શ્રદ્ધા પ્રત્યેકનું તે તે જ્ઞાનશક્તિનું લક્ષણ. ૮૭

થવું છે **एक** જેનામાં તેનું મનન ચિંત્વન
-પળેપળ થતું જો હો, તો તો તે પામશો ધન. ૮૮

જાગેલો ભાવ જીવંતો રહેતો જો પળેપળ,
કામાદિ થાય સૌ મેળે શુદ્ધ, તે યજ્ઞનું ફળ. ૮૯

પૂરેપૂરું થવા શુદ્ધ ભક્તિ શી અનિવાર્ય છે !
ભક્તિનું ફળ તે ભાવ, શુદ્ધ સૌ ભાવથી બને. ૯૦

ભક્તિમાં ધ્યેયહેતુનું ભાન ખરું પ્રવર્તતું,
જ્ઞાનનો ભાગ તે જાણો, ભાવ શો કર્મ પ્રેરતું ! ૯૧

જીવને લાગવાથી તે જિજ્ઞાસાનો ખરો દવ,
ત્યારનું બાળવા માંડી કર્યો શો પ્રેરવ્યા પથ ! ૯૨

શીખતાં શીખતાં શીખ્યો, અજાણ્યો સાવ શો હતો !
વળગાવી રખાવ્યો, તો વળગેલ રહી શક્યો,
ભીડમાં ખપમાં આવી શ્રદ્ધા શી એવી ભેરુ છે !
પછડાયો ઘણી વાર **एणे** શો ઊંચકી લીધો ! ૯૩-૯૪

માર્યો માર્યો પથે કેવો ફર્યા હું કરતો હતો-
-ફેરફૂદડી, ને કેમે આવતો'તો ન તાગ તો,
શ્રદ્ધાએ તો મને ત્યારે છોડી દીધો હતો નહીં,
પ્રાર્થતાં પ્રાર્થતાં લાધ્યો કિનારો આખરે સહી. ૯૫-૯૬

શ્રદ્ધા શી બહુરંગી છે ! જાણે કળા અનેક તે,
ભૂલતાં ભૂલતાં શીખે, ગુરુ પોતે સમર્થ છે. ૯૭

પ્રત્યેક ભૂમિકામાં તો રંગ શા બદલાય છે !
તટસ્થતા વિના પાક્યા ભેરવાઈ પડાય છે,
સ્વસ્થતા કિંતુ શ્રદ્ધા શી જીવતી રાખી રાખીને !
-લક્ષણો પરખી પોતે નાણી લે તત્ત્વ આખરે. ૯૮-૯૯

રસ્તામાં જંગલો ભારે આવિયાં શાં બિહામણાં !
છક્કા જાણે છૂટી જાય, ટકે હિંમત ધારી ના.
જેમ તેમ કરી માર્ગ ખોળવાને મથ્યા કર્યે-
-મહા મુશ્કેલીએ યત્ને ઠામની કેડી લાધી છે. ૧૦૦-૧૦૧

કેવાં અકલ્પ્ય તોફાનો ઓચિંતાં આવી તે ચઢ્યાં,
શ્રદ્ધાએ તો રખાવી શી ત્યારે જાગૃતિ દિલમાં !
ભાવ એકાગ્ર કેંદ્રિત ઊંડો ઊંડો દઢાવતાં,
પ્રભુને પ્રાર્થનાભાવે પોકારતાં જ તે દ્રવ્યાં. ૧૦૨-૧૦૩

કેટલી કેવી આવી'તી યાતના જીવને બહુ-
બનાવી અંધ મૂક્યો'તો, ફાવ્યા યત્ન ન ત્યાં સહુ,
જગદંબા શી શ્રદ્ધા**મા** ! ત્યારે પોતે થઈ છતી,
દેખતો શો કર્યો પાછો ! એવી **મા** શક્તિશાળી શી ! ૧૦૪-૧૦૫

સાંકડી ગલીકૂંચીઓ જેમાંથી નીકળાય ના
-ભરાઈ શો પડ્યો'તો ત્યાં ! ફાવ્યો કેમે કર્યોય ના,
ઊંડા શા આર્ત ને આર્દ્ર નાદે જ્યાં પ્રાર્થના કરી,
ત્યારે સ્હાય કરી **એણે**, ચઢાવ્યો માર્ગ ત્યાં ફરી. ૧૦૬-૧૦૭

શો ભયંકર લાગ્યો'તો જીવને દવ કારમો !
એને ઓલવવાકેરું ન્હોતું મારું ગજું કશું,
કિંતુ જાગેલી ચેતેલી **એણે** મારો ચલાવી શો !
કેવો પાડી દીધો ઠંડો ! એને હું તો કૃપા ગણું. ૧૦૮-૧૦૯

પેદા કરી શકે કેવા માટીમાંથી મહાજન !
પ્રચંડ શક્તિ શ્રદ્ધાની તે અનુભવ્યું જીવન. ૧૧૦

વિકાસ આપણા માટે જીવતો હેતુ ધારીને,
પાળો એકમને ભાવે તો તો અર્થ કશો સરે. ૧૧૧

જીવને વર્તવાનું છે, સાનુકૂળ બધી રીતે,
પાસાં ઓગાળવાં માટે, યજ્ઞનું કર્મ શ્રેષ્ઠ તે. ૧૧૨

સમર્પણ કરાવ્યું છે વર્તાવીને પથે મને,
એમાં સંપૂર્ણતા પ્રાણે લાવી મૂક્યો પ્રભુપદે. ૧૧૩

પામતાં પામતાં ભાવ ઘા રુઝાયા બધા પૂરા,
સમાધાન બધી રીતે સધાયું જીવને તદા. ૧૧૪

વાત્સલ્યથી બલિદાન ભાવે અર્પી શકાયું છે,
ઉત્કૃષ્ટ પ્રેમ તેથી શો ચેતી શક્યો જ જીવને ! ૧૧૫

તેથી જીવને જાગ્યો ભાવ કેવો નિખાલસ !
શ્રદ્ધા, હિંમત, વિશ્વાસ બંધાયાં તેથી જીવન. ૧૧૬

પંથ સાંપડતાં સ્હાય જિજ્ઞાસાની ખરેખરી,
ઓશિયાળું ન લાગ્યું છે ક્યાંય કશા વિશે જરી. ૧૧૭

મહા ઐશ્વર્યવંતી **ए** શ્રદ્ધાએ શો નવાજીને-
-શી ઉદ્ભવાવી સંપત્તિ જાજ્વલ્યમાન જીવને ! ૧૧૮

બધાં આચરણોના શા ભેદ અભેદ જીવીને-
મૂળતત્ત્વ બધાંનું તે તારવ્યું શું અનુભવે ! ૧૧૯

સૌથી વધુ તરી આવે તેવા શા ગુણવર્તને-
-શ્રદ્ધા**મા**એ ચઢાવી શો બનાવ્યો છે નવો મને ! ૧૨૦

દુઃખ સુખ પ્રસંગોમાં ધ્યેયહેતુ ફળાવવા-
-સદુપયોગ બંનેનો કરી, વર્ત્યો હું ફાવવા. ૧૨૧

કેવી પ્રકૃતિ પોતાની તોફાની અળવીતરી !
શ્રદ્ધાએ શો મથાવી જે મઠારી કરી પાંસરી. ૧૨૨

કૃપાનો તે ચમત્કાર, કૃપાપ્રકાશ જીવને,
અનુભવ્યો હૃદે કેવો, ન્યાલ ન્યાલ થયો ખરે ! ૧૨૩

ગરજ, રસ ને સ્વાર્થ ધ્યેયમાં લાગતાં હૃદે-
ઊતરાયું ઊંડે ઊંડે જેનો ના તાગ-અંત છે. ૧૨૪

ગવૈયો શ્રેષ્ઠ શો ગાય ઊંચી ને નીચી શ્રુતિઓ,
છતાં ઊંચાનીચામાં શો રાગનું હાર્દ સાચવે !
પૂર્ણ આત્માર્થીનું તેવું જ્યાં જ્યાં સંચરવું બને,
હેતુ કલ્યાણ વિના તો બીજો કોઈ ન સંભવે. ૧૨૫-૧૨૬

ભાવ જે ઉચ્ચમાં ઉચ્ચ રહેવું ટકી તે પરે-
દોહ્યલું અતિ મુશ્કેલ, પડવાનું થતું નીચે. ૧૨૭

ચઢઊતર એવી તે કેટલી વાર શી થતી !
અનેક વારની એવી શી ગડમથલો થતી ! ૧૨૮

એમ થતાં થતાં છેક પરાકાષ્ઠા પરિણમે,
થતાં કૃપા ઠરે હૈયે ભાવનિષ્ઠા વિશે પદે. ૧૨૯

અનુસંધાન હૈયામાં ભાવનાનું પૂરેપૂરું-
-એકધારું થવા યોગ્ય શ્રદ્ધા**મા**એ મથાવિયું.
તેમાં તૂટ થતાં દોષ કેવા કેવા થઈ જતા !
તે અનુભવી ઓચિંતો સફાળો જાગી ઊઠતો. ૧૩૦-૧૩૧

કેવું અનેકતાઓથી ભર્યું ભર્યું અનંત જે,
એકબીજાથીયે કેવું વિરોધાભાસી જીવને ! ૧૩૨

જીવન એ નથી અંશ, જીવન તો સમગ્ર છે,
જે તે કૈં સર્વનોયે તો ભલો સ્વીકાર જીવને. ૧૩૩

શ્રદ્ધાએ તો ઉગાડ્યું છે વિભૂતિતત્ત્વ જીવને,
અનુભવે સુઝાડ્યું છે ચેતના પરિપૂર્ણ તે. ૧૩૪

જેમાં તેમાં બધાંમાંયે કેવી છે પરિપૂર્ણતા !
વિલય સર્વનો તોયે થયો છે શો સમગ્રમાં ! ૧૩૫

જેનો તે છેદ વિચ્છેદ કશાથીયે થતો નથી,
સમગ્રતાનું સંગીત સંભળાયા કરે મહીં. ૧૩૬

જીવને એક *આયામ કદી સંભવતો ન તે,
પૂર્ણતાથી ભર્યું તોયે આયામોવાળું કેવું છે ! ૧૩૭

શ્રદ્ધાએ શું ચખાડ્યું છે પ્રેમકેરું રસાયણ !
પ્રેમ અનંત શક્તિ શી પ્રગટાવે જ જીવન ! ૧૩૮

દ્વંદ્વાતીત, ગુણાતીત થતાં નિર્વ્યાજ પ્રેમ શો
-જીવને નીકળે ફૂટી આપમેળે સીધેસીધો ! ૧૩૯

પ્રભુ કૃપાપ્રસાદે શા ફળ્યા છે યત્ન જીવને !
નવી દૃષ્ટિ, નવી સૃષ્ટિ ઊગી, નવી નવી ફળે. ૧૪૦

સદ્‌ગુરુના ઈશારે શો ચાલ્યો ભલે હું જીવને,
છતાંયે પાંગળો હુંથી બનાયું નથી વર્તને. ૧૪૧

પ્રભુપ્રીત્યર્થનો ભાવ કર્મે જો નીતર્યા કરે,
ચક્ષુ તેનાં ખૂલી જાય સંપૂર્ણ સર્વ રીતિયે. ૧૪૨

---

* Dimension -(પરિમાણ)

આજ્ઞાને પાળતાં જેને હૈયે શો ભાવ નીતરે !
આજ્ઞાનું હાર્દ તેવાને આપમેળે ઊગે હૃદે. ૧૪૩

મુકાતાં વર્તને ભાવ, ભાવ ત્યાં શક્તિરૂપ છે,
નવી ને નવી શક્તિ શી પાંગર્યાં કરતી ફળે ! ૧૪૪

જેનાથી શીખવા ચાહ્યું તેની પ્રસન્નતા હૃદે,
મેળવ્યા વિણ સંપૂર્ણ, કશું પામી નહિ શકે. ૧૪૫

છે મહત્ત્વ પદે જે જે તે તે સૌ પ્રતિ આપણે-
શાં સાનુકૂળ સંસારે રહીને વર્તીએ ખરે !
તો તો જીવનનું સત્ય લાધવા ચહ્યું પાસ જે,
ત્યાં સાનુકૂળ સૌ રીતે વર્તવાનું ન કાં બને ? ૧૪૬-૧૪૭

ચહ્યું મેળવવા પોતે તેના મનન ચિંત્વને
-એકધારા રહેવાતાં ઊગે લક્ષણ વર્તને. ૧૪૮

શમે કેવા વિરોધો સૌ, દ્વંદ્વો વિરામ પામતા,
જીવને શી ફૂલેફાલે સંવાદિતા અભિનવ ! ૧૪૯

થવાવા ભાવ સાકાર કર્મ ઘણું અગત્યનું,
કર્મ એરણથી પક્વ જીવને ભાવ થાય શું ! ૧૫૦

એકવિચાર એકાગ્ર, કેંદ્રિત જે પ્રભુ પ્રતિ,
સમગ્ર વ્હેણ સાતત્ય ભાવે તે ધ્યાનશક્તિશ્રી. ૧૫૧

ધ્યાનાદિ ભાવને જોડી કર્મે દિનચર્યા વિશે,
જે તે સમર્પવું પ્રેમે પદે ચિંતવીને હૃદે,
પ્રભુને મોખરે રાખી જેમાં તેમાં જ અંતરે,
ધ્યેયના હેતુને અગ્રે ધારી જીવવું જીવને. ૧૫૨-૧૫૩

વિકાસકેરું પ્રત્યક્ષ જોવા પ્રમાણ જીવને-
શ્રદ્ધા**મા**એ કરાવ્યું છે, મથ્યો હું દૃઢ તે રીતે. ૧૫૪

શ્રદ્ધા વડે કમાવાનું વર્તીને શીખવ્યું હૃદે,
ઉપયોગાર્થ જે તે સૌ, વર્તાયું તેમ જીવને. ૧૫૫

કેવા નવનવોન્મેષ ! સ્ફુરણા, પ્રેરણાન્વિત !
શ્રદ્ધાએ કેવું જન્માવ્યું પ્રતિભાશાળી ગૌરવ ! ૧૫૬

શ્રદ્ધાને શો વરી ચૂકી રહ્યો હું વળગી પથે,
શૂરાતન દીધું **એણે**, તો ટકાયું કૃપા વડે. ૧૫૭

શરીરકેરી મર્યાદા ઉપરવટ તો જવા
-જાદુઈ કીમિયો દર્દ, તપશ્ચર્યા શી તે મહા !
ભાવની ગાઢતા કેંદ્રે પાક્યા વિના ખરેખર
-અનેક દર્દનું એવું ભારે તે સ્હેવું દુષ્કર. ૧૫૮-૧૫૯

દર્દ હોવા છતાં તાબે કૃપાથી ના થવાયું છે,
જીવને દર્દની સામે જાગૃતિથી થવાયું છે,
ઉગ્ર તીવ્ર થતાં દર્દ ઊંડે ઊંડે જ અંતરે-
પ્રવેશી ભાવ તો દે છે કેવા થરે થરો પટે ! ૧૬૦-૧૬૧

પ્રવૃત્તિ માત્રમાં કેવું નીરવ મન પૂર્ણ રહે !
પ્રવૃત્તિ તે મળ્યાનો શો હેતુ તે એકમાત્ર છે ! ૧૬૨

પ્રવૃત્તિમાં નિવૃત્તિ હો, નિવૃત્તિમાં પ્રવૃત્તિ હો,
નિવૃત્તિમાં પ્રવૃત્તિ તે તરંતો તત્ત્વભાવ સૌ. ૧૬૩

શ્રદ્ધાના શાસ્ત્રવિજ્ઞાને 'આવ્યું વર્તનમાં ન હો-
એવું કશું જ ના છે, **તે** જાણે વર્તાવવાનું તો !' ૧૬૪

આત્મચિંતનનો માર્ગ સંકળાયેલ કર્મમાં,
કરતાં કર્મમાં ભાવ શીખ્યો શો દિલ રાખવા ! ૧૬૫

રસ, આનંદ બંનેનો એકધારો સુમેળ જે
-જીવને પ્રગટેલો જ્યાં તે અનુભવ દિવ્ય છે. ૧૬૬

'અભાવ ને અહોભાવ બંનેથી પર જીવન'
-અનુભવ જિવાડે, તે ધન્ય, કૃતાર્થ જીવન. ૧૬૭

જીવને સમતુલાનું સંચાલન થયા જતું,
અનુભવેથી વર્તાયું જીવને રંગરંગનું. ૧૬૮

બુદ્ધિ ને શક્તિ, ભક્તિનો સંગમ જીવને ખરો,
શ્રદ્ધાતત્ત્વ પચાવી શો ઘડાયો જીવને પૂરો. ૧૬૯

અભય કેળવાવી શો નિર્ભીત શી બલિષ્ઠતા-
-જીવને સંપડાવી તે શી શ્રદ્ધા**મા**ની ભેટ હા ! ૧૭૦

વર્તવાનું કર્યું જેમ, શીખ્યો જે રીત જીવને,
હું તે તે રીત ગાવાને કૃપાથી મથિયો હૃદે. ૧૭૧

વર્તાયું જે પ્રમાણે છે, ગાઈ બતાવ્યું તે રીતે,
**कर्म** ને **रीत** દર્શાવ્યાં ખરે છે સ્પષ્ટ બેઉને. ૧૭૨

જેને એમાંથી લેવાનો અંતર બોધ લાગશે,
કૃપા તે પ્રભુકેરી હો, પ્રાર્થના દિલની પદે. ૧૭૩

સાધના જીવને જેમ કરતાં કરતાં હૃદે,
આવડ્યા કર્યું છે તેમ કૃપાથી **आ** લખાયું છે. ૧૭૪

ધક્કેલો કોઈકે માર્યો, શો **अनुग्रह** એહનો-
હૃદે સદ્‌ભાવથી તેને ચાહીને દિલથી નમું. ૧૭૫

અખંડ ચિંત્વને હૈયે જીવંત ભાવયજ્ઞથી
-આભામંડળ ફૂટેલું, રક્ષે બાહિર અંતરે. ૧૭૬

ભીંજવી પ્રાર્થનાભાવે વારંવાર જ દિલને-
-તે અંતઃચક્ષુને પૂર્ણ ખોલવાને મથાયું છે. ૧૭૭

નભાવ્યો છે મને પ્રેમે સ્વજનોએ ખરેખર,
શક્યો ના બદલો આપી એવો કેવો નરાધમ !
પ્રભુની તે કૃપા પૂર્ણ છાઈ રહેલી શી હતી !
જેવું તેવું નભ્યું તે સૌ માથે હોવાથી **તે** ધણી. ૧૭૮-૧૭૯

કોઈ કેવી રીતે દોરે ? દોરાવાની કશી હૃદે-
જો મુલાયમતા પૂર્ણ કેળવાઈ ન જીવને ? ૧૮૦

સાચા જે મથનારા છે શ્રદ્ધાની હાર્દભાવના.
આપશે યોગ્ય જો ન્યાય, ન્યાલ થૈશ સ્વીકારતાં. ૧૮૧

વિચાર જે સ્ફુરેલો તે કેવો શ્રદ્ધા થકી હૃદે-
-જીવને પ્રગટાવીને ઘડ્યો જેવો હું આજ તે. ૧૮૨

શ્રદ્ધા**મા**એ મને જેવું જે જે શીખવ્યું જીવને-
થતાં તે રીતથી વ્યક્ત કર્યો ના અતિરેકયે. ૧૮૩

જેવું ને તેવું તે સ્પષ્ટ કૃપાથી જે લખાયું છે,
અનુભવ કથાને તે ગાઈ, જીવન વર્તીને. ૧૮૪

શ્રદ્ધાનું હાર્દ સાચું શું તેને દર્શાવવા થયો-
-જેવો તેવો જ **આ** યત્ન પ્રેમે તે ચરણે ધર્યો. ૧૮૫

જે રીતે ગાયું છે મેં **આ** વર્ત્યો છું શી કૃપાથી તે,
બીજાને **આજ** સંબોધું લેવાને પ્રેરણા હૃદે. ૧૮૬

જેમ જેમ મથાયું છે થયું તારવવાપણું,
ને જેમ બોધ લાગ્યો છે, તેને પદે સ્તવી ધરું. ૧૮૭

જેમ જેમ હૃદે ઊગ્યું લખાતું ગયું તેમ તે,
મઠાર્યું તે નથી ક્યાંયે ધર્યું તેમનું તેમ છે.
સાધના થઈ જેવી તે સંક્ષેપમાં જ વર્ણવ્યું,
શબ્દાકારે પદે મૂકું ક્ષમાભાવે નિભાવવું. ૧૮૮-૧૮૯

શરણે તુજ આવેલો નરાતાર ગરીબ જે,
તેને તું કેવું આપે છે જ્યારે જોઈતું સર્વ તે. ૧૯૦

શ્રેષ્ઠ સગવડો કેવી બાદશાહી મળે જગે !
વર્ણવું તે કયા શબ્દે કૃપા શી એવી **ए**ની છે ! ૧૯૧

માતબર બનાવ્યો જે હતું તણખલા સમું,
નમી નમી લળી ભાવે વારંવાર હૃદે સ્તવું. ૧૯૨

• • •

# શ્રદ્ધા

❑

પૂજ્ય શ્રીમોટા

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**

**- શ્રીમોટા**

‘જીવનદર્શન’, ૧૧મી આ., પૃ. ૪૩૧

હરિ:ૐ

# ખંડ : ૧ પ્રાક્કથન

## અધ્યાય-૧ : જેમ જેમ સૂઝ્યું તેમ

(અનુષ્ટુપ)

ચંચુપ્રવેશ શ્રદ્ધાના પ્રદેશે કરવાતણી-
-લાયકાત ન મારી છે, હું શો મૂર્ખ શિરોમણિ ! ૧

વાચન શાસ્ત્રકેરું ના, ઊંડો અભ્યાસ ના કશો,
છતાં આવું લખાયું તે કૃપા પ્રભુની હું ગણું. ૨

શાસ્ત્રનો કોઈ આધાર લખી હું શકતો નથી,
સમર્થન થવા કાજે બીજો આધાર કૈં નથી. ૩

આધાર એકલો માત્ર જેવો તેવો હું **જીવ** છું,
સૂર્ય આગળ આગિયો તેવો હું, પાત્ર તુચ્છ છું. ૪

સૂક્ષ્મમાં સૂક્ષ્મ શો ઝીણો, વિષય અઘરો ઘણો !
તે સમજાવવા બેઠો કામ તે કપરું ઘણું. ૫

નિમિત્ત ઊગતાં એવું લખાવા માંડ્યું આપથી,
ભમરડો વળાયો છે, ક્યાંક ક્યાંક ખરેખરો. ૬

ધરાર આપમેળેયે એક પછીથી એક ને-
-કડીઓ સ્ફુરવા લાગી, લખ્યા ગયો હું તેમ તે. ૭

જેવો તેવો છતાં મેં **આ** પ્રયત્ન જે કરેલ છે,
કેવો મથેલ શ્રદ્ધાને ભાવે ઉતારવા હૃદે !

જીવને જેમ શ્રદ્ધાથી જે જે ગયું પળાતું તે,
તેને અનુભવે લાધ્યું, તેવું જ તે લખાયું છે. ૮-૯

શ્રદ્ધા જેવો ઘણો ઝીણો વિષય અઘરો છતાં,
મારાથી તે લખાયું છે, દોષની માગતો ક્ષમા. ૧૦

મારામાં મતિ ના એવી કે સૂક્ષ્મ વર્ણવી શકું,
કલમ પકડાવેલી કો'કે તેથી લખાયું શું ! ૧૧

વિરોધાભાસ છે વ્યક્ત જતાં **તે** સમજાવવા,
ક્લિષ્ટતા પ્રકટેલી શી શ્રદ્ધાને સમજાવતાં ! ૧૨

શ્રદ્ધા વિજ્ઞાનને સ્પષ્ટ યોગ્ય તે સમજાવવા,
અધિકારી ન હું યોગ્ય વીનવું, આપજો ક્ષમા. ૧૩

શ્રદ્ધાને સમજ્યો જેવું તે અનુભવ આવતાં,
જેમ જેમ સૂઝ્યું તેમ લખતો હું ગયો તદા. ૧૪

કશોયે તાણી તાણીને અર્થ મેં તો કર્યો નથી,
સૂક્ષ્મ શા મર્મને યોગ્ય હું સમજાવવા નથી. ૧૫

વિષય સૂક્ષ્મ શ્રદ્ધાનો **एने** યોગ્યપણાથીયે-
-તે સમજાવવા પૂર્ણ પાત્રતા મારી શૂન્ય છે. ૧૬

શાં ઈતિહાસ, વિજ્ઞાન તે આધ્યાત્મિક પંથનાં !
શકે આલેખી તે કોણ ? એ વાતો ઝીણી તો મહા ! ૧૭

સેવતાં સેવતાં શ્રદ્ધા, વર્તતાં વર્તતાં પથે,
વર્તને શું મુકાવ્યું જે શ્રદ્ધાએ સર્વ જીવને !

પ્રસંગોમાં અનેકેયે, અનેક ભૂમિકા વિશે,
જે વર્તાવાયું શ્રદ્ધાથી, તે તે તેમ લખાયું છે. ૧૮-૧૯

પડેલી કેવી છે શ્રદ્ધા સુષુપ્ત સર્વ કોઈમાં,
જગાડે તો જ જાગે તે શ્રદ્ધા સંકોચશીલ ત્યાં,
શાણી, ડાહી છતાં શ્રદ્ધા સ્વયંભૂ શી પડેલ છે !
થતાં કૃપા શી શ્રદ્ધાની ! કર્યો વિદ્વાન ઠોઠને. ૨૦-૨૧

જાણતોયે કશું ન્હોતો શ્રદ્ધાના તે સ્વરૂપને,
સદ્ગુરુએ કરાવ્યું છે શ્રદ્ધાદર્શન જીવને.
થતાં દર્શન શું હાર્દ શ્રદ્ધાનું તે પમાયું છે !
શ્રદ્ધા પરે લખાયું છે તેથી તો જેવું તેવું કૈં. ૨૨-૨૩

શો આછો પાતળો યત્ન શ્રદ્ધા સમજવા થયો !
ઊતરાતાં જતાં જેમ ઊંડે ઊંડે તહીં મથ્યો,
તેમ તેમ જ શ્રદ્ધાનું રહસ્ય છતું તે થતાં,
પ્રિછાયાના જ આનંદે ફોર્યું છે કેવું દિલ ત્યાં ! ૨૪-૨૫

સ્તવતાં સ્તવતાં શ્રદ્ધા ઉછાળા દિલ ભાવના,
કેવા કેવા સ્ફુરેલા છે આનંદોત્સાહ તાનમાં !
ભજતાં ભજતાં શ્રદ્ધા એકાકાર થતાં હૃદે,
શ્રદ્ધા**મા**એ શું દર્શાવ્યું પોતાનું તત્ત્વ સૂક્ષ્મ તે ! ૨૬-૨૭

કેટલું ઝીલી ઝીલી તે શકે અગમ્ય ભાવને,
કશા નિમિત્તથી 'શ્રદ્ધા' પ્રેરાયો લખવા વિશે.
શ્રદ્ધા**મા**નો થયો જો હો અજાણે દોષ, તો મને
-ક્ષમા **મા**, કરજો પ્રાર્થું તારા નાદાન બાળને. ૨૮-૨૯

જતાં વર્ણવવા શ્રદ્ધા ઊંધું લખાયું કૈંક હો,
શ્રદ્ધાના **આ** કથિતવ્યે અજુગતું લાગતાં કશું,
અયોગ્ય જો કશું હો તો ક્ષમા તે આપજો તમે,
મારો ના જાણવાકેરો કશો દાવો ન કૈં જ છે. ૩૦-૩૧

શ્રદ્ધા**મા**ના ચમત્કારે ઠોઠથી **આ** લખાયું છે,
બાકી ગજું ન મારું તે, મૂર્ખથી શું લખાય તે ? ૩૨

સદ્‌ગુરુએ હૃદે શ્રદ્ધા જીવતી તે કરાવીને,
શ્રદ્ધાને ફેરવી આપી શક્તિમાં દિવ્યતારૂપે. ૩૩

શ્રદ્ધા ને આત્મ વચ્ચેના દેશથી 'ભાવ' તો ઊગે,
મૂર્ખની માન્યતા એવી જણાતાં, જાણતાં લખી. ૩૪

મૂર્ખને ક્યાંથી વિવેક ? મૂર્ખને ક્યાંથી જ્ઞાન તે ?
ડહાપણ છતાં બેઠો ડો'ળવા શો હું ઠોઠ જે ! ૩૫

અનેક રીતથી, જુદાં જુદાં પાસાં અનેકથી,
ચારેબાજુથી શ્રદ્ધાને કૃપાથી દોહરાવી શી ! ૩૬

પતિતપાવની ગંગા**મા**ના પ્રવાહની રીતે,
કેવું લખાવરાવ્યું છે શ્રદ્ધા જુદી જુદી રીતે ! ૩૭

વહ્યા કર્યો હતો પૂર્ણ પ્રવાહ ધોધમાર શો !
એકીટશે લખાયું શું ! શ્રદ્ધા**મા**નો પ્રભાવ શો ! ૩૮

શ્રદ્ધા**મા**ની કૃપાથી તે વાચા પ્રેરાવી મૂર્ખને,
કરાવી બોલતો મૂંગો, જ્ઞાન પ્રેરાવ્યું ઠોઠને. ૩૯

કૃપા અવતરી શ્રદ્ધા**મા**ની આ રંકની પરે,
જેવું તેવું શક્યો ગાઈ શ્રદ્ધા**મા**ને યથા મતિ. ૪૦

ક્યાંક ને ક્યાંક તો દોષ શ્રદ્ધા વર્ણવતાં થયા,
માફ તે કરજો **માડી**, પ્રાર્થના કરું પાદમાં. ૪૧

શો ચમત્કાર શ્રદ્ધાનો કે જે વ્યક્ત શું આ રીતે-
થઈ, મારી પરે રે'મ ઓવારી જઈ, શી કરી ! ૪૨

લખતો ને લખાતાંમાં વારી કેવો ગયો છું હું !
લળી લળી શું શ્રદ્ધાને પાયે પડાયું છે, પ્રભો ! ૪૩

કરવા વાત, ઇચ્છા તે સ્વજનોએ જતી કરી,
મારાં કામે મને સ્હેજે રોક્યો ના છે કશો કદી. ૪૪

સ્વજનોની કૃપા એવી જરી ભુલાય ના કદી,
એમના ઉપકારોથી કેવો થયો છું હું ઋણી ! ૪૫

જેમણે જેમણે દીધી કેવી સરળતા મને,
શ્રદ્ધાને લખવામાં તો, તેમને નમું શો પદે ! ૪૬

લખતાં લખતાં શ્રદ્ધા ફૂટ્યો હૈયાથી શો ઝરો !
કૈં વિચાર્યા વિના જે તે લખાયા જ કરાયું શું !
નથી એને મઠારાયું, લખાયું જેમ, તેમ તે-
-પ્રકાશિત થવા દીધું, શ્રદ્ધાનો જ પ્રતાપ છે. ૪૭-૪૮

ક્રમબદ્ધ પરંતુ **આ** કોઈક મિત્રાથી થયું,
શો ઉપકાર, આભાર તેમનો માનું દિલ હું ! ૪૯

જતાં જ લખવા શ્રદ્ધા બઢ્યો ઉમળકો હ્દે,
વર્ષા ભાવની કેવીયે વર્ષ્યાં મારી પરે કરી !
એ ભાવે જ કરાવ્યો છે પ્રભાવિત ખરેખરો,
એવા ભાવની દ્વારા **આ** શ્રદ્ધા લખાઈ છે ખરી. ૫૦-૫૧

જ્યાં જ્યાં ઊણપ ને દોષ, ત્યાં ત્યાં મૂર્ખની મૂઢતા,
બાકી જે કાંઈ સારું હો, કૃપાનું છે મહત્ત્વ ત્યાં.
મહત્ત્વપૂર્ણ શ્રદ્ધાનું જીવને તે ઉતારવા
જેવો તેવો જ મૂર્ખાનો કૃપાનો છે પ્રયત્ન **આ**. ૫૨-૫૩

શ્રેયાર્થીને હ્દે તેથી શ્રદ્ધાને વાંચતાં હ્દે,
યથાર્થતા શી શ્રદ્ધાની જો થોડી ઘણી જીવને
-ઊતરી જો હશે, તો તો કૃતાર્થ થૈશ હું પદે. ૫૪

શ્રદ્ધાને વાંચવા યાચું શ્રદ્ધાના ભાવથી હ્દે,
જિજ્ઞાસાભાવ ધાર્યાથી શ્રદ્ધા**મા** શ્રેય અર્પશે,
'ખોળવા દોષ 'શ્રદ્ધા'માં કોઈ ના મથજો કદી'
સર્વ વાચકને મારી પ્રાર્થના એવી દિલથી. ૫૫-૫૬

ભક્તિભાવેથી 'શ્રદ્ધા'ને સદા નિહાળવા હ્દે,
વલણ, વૃત્તિ ને દૃષ્ટિ લક્ષ 'શ્રદ્ધા' વિશે હજો,
એવું ભાવે થતાં 'શ્રદ્ધા' અર્પશે કૈંક શ્રેય તે,
કલ્યાણ **તે** કર્યા વિના 'શ્રદ્ધા' શ્રેયાર્થીનું ન ર્હે. ૫૭-૫૮

મળેલાં સર્વને **આ**ની માહિતી ખરી સાંપડે,
જો ઝંપલાવવું થાય કો'કનું પંથ, વાંચીને,

ધન્ય ધન્ય લખેલું તે કેવું થઈ જવાનું છે !
થયો નિમિત્ત હુંયે શો કૃપા પ્રભુની કેવી તે ! ૫૯-૬૦

શ્રદ્ધા**મા**એ લખાવ્યું તો બોથડથી લખાયું છે-
-**આ** જોડકણું શ્રદ્ધાનું, સમર્પું પાદપદ્મ તે. ૬૧

• • •

## અધ્યાય-૨ : ગાતાં ગાતાં સ્તુતિ માની

(અનુષ્ટુપ)

શ્રદ્ધાંજલિ અર્પતાં **મા**ને, શી નાનકડી ભેટ તે,
સંકોચ સૂક્ષ્મ જાગે છે **મા** તિરસ્કારશે ન તે. ૧

શ્રદ્ધા**મા**ને પગે લાગું હું કરગરી પ્રાર્થના,
વારંવાર સ્તવું **મા**ને ભક્તિ ચેતવવા સદા,
**મા**ના શા ઉપકારો તે શ્રદ્ધાની ભક્તિથી હૃદે
'સ્પર્શતાં કોઈને હૈયે શ્રદ્ધા', કૃતાર્થ થૈશ કૈં. ૨-૩

શા ગુણગાન **માડી**ના ! પ્હાડની કલમે થકે,
લખું નિધિ ખડિયાથી તોયે પાર ન આવશે. ૪

પ્રેરાવેલો જ શ્રદ્ધાએ ધક્કેલો મારીને મને,
દઢાવ્યો પથમાં પ્રેમે **એનો** શો ઉપકાર તે ! ૫

શ્રદ્ધા**મા**એ બચાવ્યો છે કેટલી વાર જીવને !
ડૂબતાં ડૂબતાં કેવો તરાવ્યો છે જ મુજને ! ૬

ઝઘડ્યો ને લડ્યો કેવો કેટલી વાર મૂર્ખ **આ** !
અમથો **મા**ની સંગાથે, કારણે માત્ર હેતના. ૭

તે **મા**નું ભાન જાગ્યું જ્યાં જીવને જીવતાં થતાં,
શા ઉપકાર **માડી**ના વાળી શકાય ના કદા ! ૮

ચાલતાં શીખવામાંયે **મા**એ ટેકો મને દીધો,
પડ્યો છું કેટલી વાર ! **મા**એ ત્યાં ઊંચકી લીધો. ૯

સંભારણાં જ એ **મા**નાં જીવને કેટકેટલાં !
છાપ જીવનમાં એની વર્તાય શી પડેલ ત્યાં ! ૧૦

મૂત્રે, અઘી બગાડ્યો છે **મા**નો શો અંક કેટલો !
શો **મા**એ હેત આણીને મને સ્વચ્છ કર્યાં કર્યો ! ૧૧

મને શો બાથમાં લૈને ચૂમીઓ પર ચૂમીઓ,
હેતથી કેવી બક્ષી છે નવાજી જીવને જ શો ! ૧૨

આપતાં આપતાં શ્રદ્ધા**મા**એ ના કમીના કરી,
છુટ્ટા હાથે દીધું પ્રેમે ઉદારતાથી શી ભરી ! ૧૩

**મા** કદી નવ છોડી દે શ્રદ્ધા રખડતાં પથે,
કોટે શી વળગાડીને જ્યાં જ્યાં **તે** જાય, સાથ લે ! ૧૪

શ્રદ્ધા શાં વળગેલાંને બાથમાં લઈને ફરે !
ચુંબનો વ્હાલથી દે શી ! ખુશાલીનો ન પાર છે. ૧૫

ભૂલોયે કરતો કેવો **મા**એ દીઠો મને પથે !
પ્રેમથી વારીને, વાળ્યો, રહ્યો જેનો ન ડંખયે. ૧૬

શા શા અજાણતાંમાંયે **મા**ને તો છણકા કર્યા !
તોયે શી **મા** રિસાઈ ના ! **મા**એ ફેરવી પીઠ ના. ૧૭

હજારો વાંક શા **મા**ના મારાથી તો થયેલ છે !
તોયે મને જિવાડીને સાબદો શો કરેલ છે ! ૧૮

શ્રદ્ધા**મા**એ રમાડ્યો છે કેવાં લાડ કરી કરી !
ઉચ્છૃંખલ થવા તોયે દીધો ના મુજને જરી ! ૧૯

ભાવે **મા**ને કરી યાદ પ્રણામો કરું ભક્તિથી,
બોલ્યું ચાલ્યું કરી માફ, **મા** ક્ષમા કરજો ચહી. ૨૦

શ્રદ્ધા**મા** એવીનાં કેવાં પડેલાં ચિહ્ન જીવને !
**આજ** જે જોઈને કેવો હર્ષઘેલો થતો હ્દે ! ૨૧

કેવી કેવી રીતે **મા**એ ઘડ્યો જીવનમાં મને !
તે તે સૌ યાદ આવે છે, ડોકિયું પાછળે કર્યે. ૨૨

**મા**ને પોકાર પાડ્યા છે અનેક વાર જીવને,
ઊઠતાં દર્દ પોકારે, **મા** ત્યાં દોડી જ આવી છે. ૨૩

ઉછેર્યો જીવને **મા**એ કેવા કેવા કરી શ્રમ !
'પરવારવું' **માડી**ની કળા અગમ્ય ઉત્તમ. ૨૪

મળેલું કર્મ પોતાનું **માડી** ભૂલી ગઈ ન છે,
સંભાર્યાં ત્યાં કર્યો કેવો **મા**એ ઉચ્છંગ લૈ મને. ૨૫

**મા**એ આપત્તિ વેળાએ દૈ આશ્વાસન દિલમાં-
-હેત કેવું કર્યાં કીધું ! તેથી જિવાયું છે સદા. ૨૬

અઠીક લાગતાંમાં ત્યાં **મા** કેવી સાંભરે મને !
**'મા, મા'** પોકારીને સાદ પાડ્યા કેવો કરેલ છે ! ૨૭

ગમે તે કરતી હોય **માડી** તે સાદ સાંભળી-
-દોડી તે કેવી આવે છે મને છાતી શી ચાંપતી ! ૨૮

ગમે તે કરતી હોય **માડી**નું લક્ષ મુજમાં-
-નિરંતર રહે કેવું ! પોષ્યા કર્યો મને સદા. ૨૯

શો શ્રદ્ધાનેય આનંદ રમાડતાં રમાડતાં !
**મા**ને શાં દિલ સ્ફુર્યાં છે પૂર ભારે નવાં નવાં ! ૩૦

જગજ્જનની શ્રદ્ધા છે માતારૂપી મળી મને,
ઉછેર્યો લાડકો કેવો ગણીને મુજને હૃદે ! ૩૧

શ્રદ્ધાએ આપી બક્ષિસ અણમોલ અજોડ જે,
**एणे** જે આપ્યું છે તેવું બીજું કોઈ ન દૈ શકે. ૩૨

જીવને બડભાગી શો શ્રદ્ધાના બળથી થયો !
કમાવાનું સુઝાડ્યું છે શ્રદ્ધાએ જીવને બહુ. ૩૩

દૂધ જે પાઈ શ્રદ્ધાએ થતાં અમૃત જીવને-
-આનંદ જીવવાકેરો સમજાયો અનુભવે. ૩૪

શ્રદ્ધાની શક્તિ શી ઑર આપી અનુભવે હૃદે !
શો ન્યોછાવર હું એના પરે થયો છું વારીને ! ૩૫

શા ઉછરંગથી પ્રેમ પોષણ આપી આપીને,
કોડ-લાડથી શા ભાવે પ્રેરણા પ્રેરી ચાલવે !
ચાલતાં જ્યાં શીખ્યો ત્યારે મજબૂત થવા મને,
સ્વાવલંબનના માર્ગે **મા**એ ચઢાવિયો પથે.

**મા**ને સંભારતાં હૈયે ભાવાશ્રુ તો દડી પડે,
હર્ષઘેલો થઈ કેવો આળોટું પાદ **માડી**ને ! ૩૬-૩૮

બાંયધરી મને દીધી શ્રદ્ધાએ જેવી જીવને,
તેવી ઓથ ન કોઈની જીવને મળી છે મને. ૩૯

શ્રદ્ધાને સૂક્ષ્મ રીતેથી વર્ણવવું બધી રીતે
-મુશ્કેલ કર્મ તે કેવું કરી બતાવ્યું સ્હેલું તે ! ૪૦

શ્રદ્ધા**મા**એ જ પોતાનો છુટ્ટો દોર મૂકી દઈ,
મને શો ધવરાવ્યો છે ! અમૃત-દૂધ પોષણે. ૪૧

શો ઠપકારવામાં તો જવા દીધો ન છે મને,
તેથી રહી શક્યો સીધો, ઝલાવ્યા કદી કાનયે. ૪૨

કેવી સજ્જડ તે **મા**ની હતી પકડ જીવને !
પાંસરો તેથી મારાથી રહી શકાયું જીવને. ૪૩

જ્યાં ત્યાંયે મને કેવો **મા**એ જોયા કરેલ છે !
પોતાના લક્ષમાંથી ના દીધો છટકવા મને. ૪૪

**મા**ની સાચવણી કેવી શી ભાળવણી **માડી**ની !
મને સંભાળવામાં તો કમીના રાખી ના કશી. ૪૫

એવી શી ઉપકારી **મા** ! જેમાં તેમાં બધાં વિશે-
-શિશુનું શ્રેય જે શ્રેષ્ઠ, પારખી તેમ દોરશે. ૪૬

શિક્ષા કરી શી **માડી**એ અનેક વાર મુજને !
ભુલાવે પડતાંમાં **મા** ઝડપે પ્રેરવે પથે. ૪૭

જતાંમાં લક્ષ જ્યાં બીજે **મા** શી ચૂંટણી ભરે !
બરાડા તેથી પાડું ત્યાં તોયે છોડે ન **મા** મને. ૪૮

મારી **મા**એ ઘડ્યો કેવો મને જીવનમાં સદા !
રખડતો થવા દીધો મને ના ક્યાંય પંથમાં. ૪૯

આડોતેડો જ્યહીં ચાલ્યો લપડાક લગાવીને,
શ્રદ્ધાએ તારવ્યો કેવો ખુશાલી મસ્ત થૈ મને ! ૫૦

કેટલી વાર મારીને, મારામાં બુદ્ધિ પ્રેરીને,
મને સીધું બતાવીને રસ્તે મૂકી દીધો જ છે. ૫૧

ઢીલું પોચું કશું મારું **એણે** ના ચાલવા દીધું,
વાંકો ચાલ્યો જરા ત્યાં ત્યાં શ્રદ્ધાએ ઠપકો દીધો. ૫૨

ઠપકાર્યો મને કેવો કેટલી વાર જીવને !
'શો ઉપકાર શ્રદ્ધાનો' ધન્ય તે ઊગવું મને. ૫૩

કદીક શી થઈ શ્રદ્ધા આકરી મુજ સાથ તે,
મારા શ્રેય ભલા માટે જાગ્યું ભાન, કૃપા શી તે ! ૫૪

મને કદીય શ્રદ્ધાએ કશામાં છાવર્યો નથી,
કહીંક જ્યાં લપાયો છું, શોધી કાઢ્યો મને ચહી. ૫૫

તપાવ્યો છે મને કેવો ભઠ્ઠીમાં તે ભયંકર !
*મોરાં બોલી ગયાં તોયે **મા**ને ના થડકાર છે. ૫૬

વારી વારી ગયો શો હું ! પરોપકારી **માડી**ને
લૈને ઓવારણાં મારી પીઠ શી થાબડી મને ! ૫૭

* મોરાં બોલી ગયાં- પરેશાન થઈ જવાય એવી દશા.

કેવું કેવું કરી વ્હાલ ! મને શો થાબડ્યા કરી-
-શો ઉત્સાહ પ્રેરાવી ! મઠાર્યો શો ચહી ચહી ! ૫૮

ધન્ય ધન્ય શી એવી **મા** કૃપાથી મળી મુજને,
શા ઉપકાર એવા તો **મા**ના અસંખ્ય જીવને ! ૫૯

ભૂલી શકાય શી રીતે **મા**ને જીવનમાં પછી ?
**માડી**એ ભાર શો ઝીલ્યો **મા**એ મારો શું હેતથી ! ૬૦

મને લાડ કરાવ્યાં છે શ્રદ્ધા**મા**એ નવાજીને,
પોરો કેવો ચઢાવ્યો છે ! વ્હાલે ચુંબન વર્ષીને. ૬૧

ખોળે કેવો મને **મા**એ બેસાડી વ્હાલમાં હૃદે-
-વારંવાર શું ચાંપીને એકાકાર કર્યો મને ! ૬૨

શ્રદ્ધાની બલિહારી શી ગાતાં ગાતાં ન થાક છે,
જેમ વ્હાલ કર્યું **એ**ને તેમ ફાલતી જીવને. ૬૩

જરૂર ક્રોધ કીધો છે **મા**એ મારા પરે કદી,
અને શો માર માર્યો છે મને મઠારવા ચહી. ૬૪

**મા**ના શા ટપલા ખાધા ! અપાર હેત **મા**નું ત્યાં,
**મા**ને ના ગણકારી છે, તોયે **મા** રૂઠી ના કદા. ૬૫

**મા**ના શા ટપલા ખાધા, શા હેતના જ ટુકડા !
**મા**નો ભાવ છૂપો તોયે શા તે અમૃત ઘૂંટડા ! ૬૬

શ્રદ્ધા**મા**એ રમાડ્યો છે કેવા લાડથી પોષિયો !
ઘડ્યો **મા**એ નવા રૂપે ટપેરીને ટપેરી શો ! ૬૭

ઓછુંવત્તું ન **મા**ને તે, **આ** મૂર્ખાનંદને દિલે-
-એની તે તુચ્છતાથી શું એવું લાગતું છે હૃદે. ૬૮

છતાંયે ભાવભક્તિથી ઉછાળા મારતા દિલે-
**મા**ને શો ભેટી ભેટીને, વારંવાર લળું લળું. ૬૯

આનંદામૃતથી કેવો નવરાવ્યો જ મુજને !
શો તે આનંદ આ રીતે વ્યક્તતામાં વહ્યો પથે ! ૭૦

શ્રદ્ધા**મા** તે ફળી જેથી કૃપાથી, ધન્ય જીવને
-શ્રદ્ધાના કૃપાસ્નાને નાહી નાહી થયો હૃદે. ૭૧

મૂર્ખાનંદ હું સંપૂર્ણ **મા**ને ધન્ય કરી શક્યો,
એનો આનંદ હૈયામાં સમાયો ના સમાય શો ! ૭૨

ભક્તિ હાવાં ઊગી સાચી **મા**ને શો ઓળખી શક્યો !
**મા**ની શી શક્તિ પિછાની ભક્તિથી ઝળકી ઊઠ્યો. ૭૩

શ્રદ્ધા**મા**ના પ્રભાવે તો જીવન કેવું ઊછર્યું !
શ્રદ્ધા**મા**ના પ્રતાપે શું જીવન **આ** છવાયેલું !
લૂલો ને પાંગળો હોવા છતાં હું જીવને નર્યો,
શ્રદ્ધાનો હાથ સાહીને સમૃદ્ધ જીવવું થયું. ૭૪-૭૫

શ્રદ્ધા**મા**એ ઉછેરીને કેવો 'મોટો' કર્યો મને !
'મોટા' થયા પછી **મા**ના લાગું છું પાદપદ્મને. ૭૬

સંપૂર્ણ જ્યાં થયો મોટો **મા**એ છુટ્ટો મૂકી દીધો,
થયો સ્વતંત્ર જાણે હો કમાવા મોકલી દીધો.

કમાવાનું કશું ના હું જાણું, મૂર્ખ પૂરેપૂરો,
**મા**ના ખોળે જ નિશ્ચિંતે પડી ર્‌હેવાનું જાણતો. ૭૭-૭૮

કેવી **મા**ને છવાયેલી સર્વમાં નીરખાય છે !
બધાંમાં શી રહેલી **તે** ! છતાં કોઈ ન ઓળખે. ૭૯

પાડે ઓળખ જેને **મા**, તે **મા**ને ઓળખી શકે,
ફાંફાંયે ખોળવા **મા**ને બાકીના મારી ના શકે. ૮૦

**મા**ને શા હેતના ભાવે ઊર્મિઓ પૂર ઊછળે,
પાદારવિંદ **મા**ના તે ભીંજવ્યા કરું તે જલે. ૮૧

ગાતાં ગાતાં સ્તુતિ **મા**ની ખુશાલી કેવી ઊપજે !
મદોન્મત્ત થતા ભાવે શ્રદ્ધા**મા**ને નમું હૃદે. ૮૨

સ્તુતિ અંજલિ ભાવેથી અર્પતાં અર્પતાં મને-
-આનંદ કેટલો થાયે ! માપ્યો તે ન મપાય છે. ૮૩

લળીને લળીને **મા**ને પાયે શો લાગી લાગીને
-કરીને પ્રાર્થના ભાવે **મા**ને નિત્ય નમું હૃદે. ૮૪

• • •

હરિઃૐ

# ખંડ-૨ : પ્રતિપાદન

## અધ્યાય-૧ : શ્રદ્ધા કેવી અનિવાર્ય !

(અનુષ્ટુપ)

શ્રદ્ધાને જીવને તેડું કરવાનું ન હોય છે,
આમંત્રવાની શ્રદ્ધાને ક્યાંયે જરૂર ના પડે. ૧

જીવને સાવ સંસારી માનવી છો ભલે હશે,
તે પ્રકારની શ્રદ્ધા તે, તેને જીવન હોય છે. ૨

જેવા પ્રકારનો **જીવ** નિમ્ન કે ઊર્ધ્વ છો હશે,
તેવા પ્રકારની શ્રદ્ધા તેનામાં વસતી હશે. ૩

શ્રદ્ધા **જીવદશા**કેરો કોઈ અંશ ન અંગ છે,
ઉચ્ચ પ્રદેશની **તે**, ના સંબંધ **જીવ** સાથ છે. ૪

**જીવદશા**ની શ્રદ્ધા તો ઝાઝો વિકાસમાં ખરો
-પ્રકટાવી શકે ના તે અગ્નિ પૂરો ભભૂકતો. ૫

**જીવદશા**ની શ્રદ્ધામાં ઝાઝા પ્રાણ મળે નહીં,
જેવી પ્રચંડ જિજ્ઞાસા શ્રદ્ધા તેવા પ્રમાણની. ૬

નિમ્ન કક્ષાની શ્રદ્ધામાં કદી ભૂલું પડાય છે,
માર્ગ વિકાસનો ત્યારે કેવો અટકી જાય છે ! ૭

શ્રદ્ધા જે પ્રકૃતિ કર્મે એવી **જીવદશા** વિશે-
ઊતરી **તે** પ્રવર્તે છે પ્રદેશે નિમ્ન તે રીતે,

રાગદ્વેષાદિ વર્તુળે એવો **જીવ** રમ્યા કરે,
કામ, ક્રોધાદિના ક્ષેત્રે તે શ્રદ્ધા ફેરવ્યા કરે. ૮-૯

શ્રદ્ધા તો પ્રકૃતિ કર્મે સ્થિતિસ્થાપક સ્થૂળ છે,
તે શ્રદ્ધામાં કશું ના છે દિવ્યપણું જરાય તે.
તે શ્રદ્ધામાં નર્યુંયે છે **જીવ**પણું બધુંય તે,
**જીવ**કક્ષાતણા ગુણો તેમાં પ્રવર્તતા જશે. ૧૦-૧૧

શ્રદ્ધા જે પ્રેરણા પ્રેરે તેવું પ્રેરી ન કો' શકે
જીવને જેવી શ્રદ્ધા છે તેવા તો આપણે છીએ. ૧૨

નમાલો છો ભલે હોય કિંતુ જેને હૃદે થતાં-
જાગવાની મહેચ્છા જો, તેને આપે જ સાથ ત્યાં. ૧૩

ઊભો જે કો' થવા માગે શ્રદ્ધાનો હાથ ત્યાં જ છે,
ઉઘાડી ના થવા ઈચ્છે શ્રદ્ધા લજ્જાળુ દિલ છે ! ૧૪

શ્રદ્ધા પ્રત્યક્ષ વર્તંતી જીવને લાગતી તદા,
વ્યક્ત સ્વરૂપ શ્રદ્ધાનું જીવનના વિકાસમાં. ૧૫

અંતરે ઊતરી શ્રદ્ધા તેથી જે પલટા થતા
-તેવા તે પલટામાં શી શ્રદ્ધા આવે પ્રકાશમાં ! ૧૬

કૃપાપ્રસાદી પ્રત્યક્ષ શ્રદ્ધા છે મૂળ જીવને,
એકવાર છતી પોતે થતાં, બઢે શી વર્તને ! ૧૭

શરૂમાં શરૂમાં છો હો કમજોર જ જીવને,
મથતાં મથતાં કિંતુ શ્રદ્ધા શો હાથ ત્યાં ગ્રહે ! ૧૮

જેવા શરૂ શરૂમાં છો તેવી શ્રદ્ધા જ જીવને-
ઊગે છે આપણામાંહી જેવો તે પુરુષાર્થ છે. ૧૯

પાકતાં પાકતાં શ્રદ્ધા જિજ્ઞાસાને શી જીવને-
-જ્વાલામુખી સમી તીવ્ર જલાવી, પંથ પ્રેરશે. ૨૦

શી તાલાવેલી શ્રદ્ધાની જો એકવાર જીવને-
વર્તતી પંથ લાગી છે, આરપાર જવાની તે. ૨૧

મથતાં મથતાં પંથે શ્રદ્ધા સ્પષ્ટ થતાં થતાં,
**તે** બાંયધરી શી ત્યાં દે પોતે દર્શન આપતાં ! ૨૨

શરૂમાં જાણતી ના છે, છતાં આગળ તે જતાં,
તે **તે** જાણી જ સૌ લે છે જે જાણવાનું જીવને. ૨૩

સંકળાયેલ શ્રદ્ધા છે **પ્રાણ**તત્ત્વની સાથ તે,
**પ્રાણ**માં શુદ્ધિ જેવી હો ખીલે શ્રદ્ધા, પ્રમાણ તે. ૨૪

ચેતનવંતી ને **પ્રાણવાન** શ્રદ્ધા થવા હૃદે,
દ્રવતી ભાવનાકેરું સિંચન તો થવું ઘટે. ૨૫

માનવાપણું શ્રદ્ધાને રહેતું ના કશા વિશે,
શ્રદ્ધા શી આપમેળે તે માની લે છે, સ્વીકારીને. ૨૬

જે કોઈ ભૂમિકા વિશે શ્રદ્ધા ઊતરતી રહે,
અયોગ્ય તેનું નિતારી પોતા યોગ્ય બનાવી દે. ૨૭

ડગલુંયે વિના શ્રદ્ધા સાધનામાં ધપાય ના,
એકાગ્રતા થવા શ્રદ્ધા કેવી છે ફળદાયી ત્યાં ! ૨૮

શ્રદ્ધા કેવી જ આરંભે, મધ્યમાં વળી કેવી તે !
શ્રદ્ધા અંતે અનોખી છે, આખરે આત્મરૂપ તે ! ૨૯

શીખવા મળતું જે જે શ્રદ્ધાના **પ્રાણ** તે વિશે,
શ્રદ્ધાથી જ જિવાયે છે જે તે જીવનને વિશે. ૩૦

દૃઢ મરણિયો પક્વ જેનો નિશ્ચય જે વિશે,
શ્રદ્ધા તેને દૃઢાવે છે, તેમાં એકરૂપે હૃદે. ૩૧

કપાળે હાથ રાખીને શ્રદ્ધા બેસી ન ત્યાં રહે,
ખાલી ધમપછાડા તે જાણે છે કરવાનું ના. ૩૨

જીવન બાંધી લેવાને કિલ્લા છે કેટલા બધા !
તેમાંથી છૂટવા આરો જો ક્યાંય હોય વિશ્વમાં,
શ્રદ્ધા છોડાવવા યોગ્ય, શ્રદ્ધામાં હેતુ જીવતો
-તેવો જ ધારવામાં જો આવે, બેડો જ પાર તો. ૩૩-૩૪

ડહાપણ ડહોળેલું પ્રસંગે યોગ્ય રીતિએ-
વિકાસે કામ ના આવે, મિથ્યા છે બકવાનું તે,
ડહાપણ ઊગેલું છે કિંતુ શ્રદ્ધાથી જીવને
-સેવાયેલું હૃદે ભાવે ખપ ખરેખરું પથે. ૩૫-૩૬

જેમાં તેમાં પથે શ્રદ્ધા વિકાસ માટ કેવી તે-
-ખરેખરી જરૂરી છે, અનિવાર્ય બધી રીતે. ૩૭

મુલાયમતા અનિવાર્ય ઘડાવા અર્થ જીવને,
શ્રદ્ધાના ભાવથી તેવી શી મુલાયમતા ઊગે ! ૩૮

તે મુલાયમતા વિના જીવનના વિકાસને
-યોગયોગ્યતણા માર્ગે કોઈ દોરી શકે ન તે. ૩૯

શ્રદ્ધા તો સદ્‌ગુરુ થૈને વિદ્યા શી શિખવાડશે !
લોંદો માટીની પેઠે ત્યાં આપણે શું થવું પડે ! ૪૦

જીવને પકડેલાને કૂંડાળામાંથી કાઢવા
-શ્રદ્ધા તત્પર કેવી તે ! ક્યાં જવું સમજાવવા ? ૪૧

શ્રદ્ધા કેવી અનિવાર્ય વિકાસપંથમાં નરી,
મથાયાથી જ શ્રદ્ધા શી જીવને તે છતી થતી ! ૪૨

શ્રદ્ધાને શી સ્વીકારીને ! **એને** જે આવકારતા,
**એને** હર્ષે વધાવે જે એને લાગે શી કામમાં ! ૪૩

સેવતાં સેવતાં શ્રદ્ધા જીવને નીતરે જ **તે**,
શ્રદ્ધાના ભાવથી કર્મો એવાંનાં શાં થતાં જશે !
**જીવદશા**ની સ્થિતિ ના, રાગદ્વેષાદિ ક્લેશ ના,
પોતાનામાં જ શો રાચે ! તે શ્રદ્ધાનિષ્ઠ યોગ્ય ત્યાં. ૪૪-૪૫

● ● ●

## અધ્યાય-૨ : કદી ના આંધળી શ્રદ્ધા

(અનુષ્ટુપ)

જિજ્ઞાસા પુરુષાર્થોથી કેળવી કેળવાય છે,
આત્માની પ્રતિછાયા શી શ્રદ્ધા મૌલિક જીવને. ૧

તર્કની આંખથી જુદી શ્રદ્ધાની આંખ ઑર છે,
પરિપક્વ થતાં શ્રદ્ધા તર્ક ઓગળતો જશે. ૨

કેવો વિવેક જાગેલો ત્યારે ચેતાવતો રહે,
ભલે ભૂલા પડ્યા છો હો છતાં તરાવતો પથે. ૩

‘જેના વિચારમાં તર્કપરંપરા ઊઠે સહી,
તેના જીવનમાં શ્રદ્ધા ભાગ ભજવતી નથી.’
ત્યારે જાણી જ લેવું કે હજી શ્રેયાર્થી તે નથી,
તેના જીવનમાં શ્રદ્ધાનો પ્રવેશ થયો નથી. ૪-૫

પક્વ શ્રદ્ધાની બુદ્ધિની જે છે વિચારપદ્ધતિ,
ઊગે ઓચિંતું, જેમાં ના તર્કપરંપરા તહીં. ૬

આપમેળે ઊગે તેની પ્રમાણે વર્તવાનું તે
-શ્રદ્ધા કરાવતી ભાવે એકનિષ્ઠાથી જીવને. ૭

આપણે જીવને જેવા શ્રદ્ધા પ્રમાણની જ તે,
આપવું રૂપ શ્રદ્ધાને આધાર આપણા પરે. ૮

ખૂંપતાં ખૂંપતાં ધ્યેયે ઊંડું જીવનમાં હૃદે,
ક્ષેત્ર જીવનનાં ત્યારે ઑર શાં પલટાય છે ! ૯

બુદ્ધિથી સમજાયેલી પૂર્ણ ધ્યેય પરત્વેની-
-તે યોગ્ય દૃષ્ટિ શી કામે આવે ઊગી જરૂરથી ! ૧૦

શ્રદ્ધાનું પારખું લેવું તાકાત બુદ્ધિની ન છે,
સહારો પ્રાર્થનાનો છે, તેને બુદ્ધિ જગાડશે. ૧૧

શ્રદ્ધાથી બુદ્ધિની શુદ્ધિ થાય છે જે પ્રકારની,
ગમે તેવી તપશ્ચર્યા થકી તેવી થતી નથી. ૧૨

શ્રદ્ધામાંથી જ બુદ્ધિ શી પોતે અનેક રીતથી
-પૂર્વગ્રહો, મડાગાંઠો થકી મુક્ત થતી જતી. ૧૩

ધ્યેય વિકાસમાં શ્રદ્ધા જોતરાવી જ બુદ્ધિને,
શ્રદ્ધાનું માપ હૈયાથી કેળવાતું રહે પથે. ૧૪

શ્રદ્ધાના જીવને મોળા તર્ક સંપૂર્ણ તો પડે,
તર્કપરંપરા રીતે શ્રદ્ધા કશું ન તોલશે. ૧૫

શ્રદ્ધાનો એકધારો જ્યાં અભ્યાસ જીવને થતાં
-જીવંત, પ્રાણવંતો, ત્યાં પલટો થાય બુદ્ધિમાં. ૧૬

થાય પ્લાવિત શ્રદ્ધાથી **જીવદશા**ની બુદ્ધિયે,
તેવી બુદ્ધિ ઉગાડે છે માર્ગનું જ્ઞાન નિશ્ચયે. ૧૭

ભલેને **જીવ**બુદ્ધિ હો છતાંયે બુદ્ધિ તેવીયે,
પ્રેરાવે છે ઊંડી ઊંડી દૃષ્ટિ શી યોગ્ય વર્તને ! ૧૮

મંડ્યા અભ્યાસમાં ર્‌હેતાં રસ કેવો ઝર્યા કરે !
રસને કારણે કેવું એકાગ્રે દિલ કેંદ્રિતે ! ૧૯

શ્રદ્ધા જે શીખવે છે તે બીજું ના શીખવી શકે,
શ્રદ્ધાની જીવને શિક્ષા અજોડ અણમોલ છે,
જીવતી જાગતી શ્રદ્ધા સદા ચેતનવંતી છે. ૨૦

જાગતું દિલ જેનું છે, જેને છે દિલ ધ્યેયમાં,
શ્રદ્ધા તેને પમાડે છે જીવને આરપાર ત્યાં. ૨૧

શિક્ષણે દિલ જેનું છે, ઉત્કટ શીખવા ઘણું,
શ્રદ્ધાને ગમતું કેવું એવાને શિખવાડવું ! ૨૨

શ્રદ્ધા ના હોય, તોયે તે તેવા અભ્યાસથી કરી,
પ્રકટે છે જ શી પોતે ! આવે અનુભવે સહી. ૨૩

શ્રદ્ધા તો ચાલવાનું શું નિત્ય નિત્ય કર્યા કરે,
નવી જીવનની સૂઝ **એને** કેવી પડ્યા કરે ! ૨૪

શ્રદ્ધાથી ચાલતું ગાડું પથે જીવનનું સદા,
**એને** જે પકડી રાખે, શ્રદ્ધા તેને વરે તદા. ૨૫

શ્રદ્ધાનું ભાન કોઈને હોવા છતાં થતું નથી,
આશ્ચર્ય એ જ મોટું કે શ્રદ્ધા છતી થતી નથી. ૨૬

પડે કેળવવી ના તે, અભ્યાસે મોખરે સદા-
જીવંતી કેવી શ્રદ્ધા ર્‌હે ! તે અનુભવ્યું દિલમાં. ૨૭

પૂર્ણ આચાર વિચાર, સ્મરણ, પ્રાર્થના હ્રદે,
ભજનો, કીર્તનો નિત્ય નિવેદન, સમર્પણે,
સત્સંગ, નિત્ય સત્કર્મ, સત્સોબતથી જીવને,
ગુણભાવથી શી શ્રદ્ધા કૃપાથી કેળવાય છે ! ૨૮-૨૯

સાધના આચર્યા વિના ધપાય નવ આગળે,
વિના અખંડતા પામ્યા વિદ્યા પમાય ના હ્રદે. ૩૦

શ્રદ્ધાનું મૂલ્ય બુદ્ધિથી કેમે આંકી શકાય ના,
શ્રદ્ધા એકલી શી માત્ર આંકવા તો સમર્થ ત્યાં ! ૩૧

જે તે ઉકેલવા બુદ્ધિ કાબેલ પૂર્ણ જીવને,
સ્થિર બુદ્ધિ શી શ્રદ્ધાની, જ્યાં **જીવ**ની ન તેવી છે. ૩૨

શ્રદ્ધાની આગવી બુદ્ધિ **જીવદશા** ન જેવી તે,
શ્રદ્ધાની બુદ્ધિ વિચારે પામવાને અગમ્યને. ૩૩

બુદ્ધિ જે પ્રકૃતિની છે મર્યાદાયુક્ત જીવને,
શ્રદ્ધાના ભાવથી કેવી અમર્યાદ થતી પથે ! ૩૪

ના ચમત્કારમાં માને, ચમત્કારનું રૂપ **તે**,
શ્રદ્ધા પોતે જ મૂળે શી મૌલિક કેમ કે પથે ! ૩૫

શ્રદ્ધા આધાર બુદ્ધિનો, બુદ્ધિ આરંભમાં જ **તે**,
સૌ કો' ધરે જ આધાર, શ્રદ્ધાની પર જીવને. ૩૬

શ્રદ્ધા આરંભથી થાય મનન ચિંત્વન હ્રદે,
વિચારવાની પ્રક્રિયા ઊગે છે તે પછી ખરે. ૩૭

બુદ્ધિની શરૂમાં શ્રદ્ધા, શ્રદ્ધા બુદ્ધિથીયે પરે,
બુદ્ધિમાં જે ઊગી, શ્રદ્ધા જામ્યે શી બદલાય તે ! ૩૮

વાસ્તવિક્તા શી પોતાની તર્ક, દલીલની વડે-
શ્રદ્ધાને ખાતરી ના તે કરાવવાની ટેવ છે.
ઉઠાવ જીવને આપે સ્પષ્ટ નક્કરતા ભર્યો-
-એ જ સાબિતી શ્રદ્ધાની, નાણાં રોકડ જેમ તે. ૩૯-૪૦

તર્કવિતર્ક શ્રદ્ધાના પ્રદેશે વધુ થાય ના
શ્રદ્ધાથી ઊલટા તે તો શમતા પ્રક્રિયાજમાં. ૪૧

શ્રદ્ધાની દિવ્ય કક્ષામાં વિચારસરણી તદા
-તર્કવિતર્કની ના છે, બધું મેળે ઊગે સદા. ૪૨

મનન ચિંત્વનાદિ તો શ્રદ્ધાનાં સેવવા વડે
-જેના પરત્વેમાં લક્ષ, તેમાં તે વિકસ્યા કરે,

તર્ક, વિતર્ક કિંતુ ના શ્રદ્ધાના ભાવમાં સ્ફુરે,
શંકા, દલીલ, કુશંકા શ્રદ્ધાનામાં ન હોય છે. ૪૩-૪૪

પાસાં સૌ પ્રશ્નનાં, તેને શ્રદ્ધા વિચારશે ખરી,
વિચારવાની કિંતુ છે શ્રદ્ધાની પ્રક્રિયા જુદી,
શ્રદ્ધામાં ભાવ મુખ્યત્વે કર્મ કરી રહેલ છે,
શ્રદ્ધા મહત્ત્વ તો અર્પે સર્વથી શ્રેષ્ઠ ભાવને. ૪૫-૪૬

ભાવમાં છે સમાયેલી વિચારની સમગ્રતા,
શ્રદ્ધા ઉકેલવા જે તે તેની રીતે સમર્થ ત્યાં. ૪૭

ત્યારે વિવેક શો સૂક્ષ્મ ! સૂક્ષ્મથી એ જ સૂક્ષ્મ જે
-બની ગયેલ જ્યાં હોય ધારણા એકધારી ર્‌હે. ૪૮

તેમાં વિવેક જાગેલો ક્રિયાશીલ થયેલ જે,
સર્જનાત્મક મૌલિક જીવનમાં પ્રવેશશે. ૪૯

ત્યારે પ્રદેશ શા ઊર્ધ્વ એકએકથી જીવને
-પ્રકટી, શા જુદા જુદા અનુભવો થતા રહે ! ૫૦

ગડભાંજ કશી ત્યારે કંઈ પ્રકારની ન ર્‌હે,
શાંતિ, નિશ્ચિંતતા, ઑર પ્રસન્નતા શી જીવને ! ૫૧

કદી આંધળી ના શ્રદ્ધા, પોતાની હોશિયારીની
-કોઈને જાણ ના થાય એવી શ્રદ્ધા શી શૂન્ય છે ! ૫૨

'આંખથી જોવું', 'શ્રદ્ધાથી જોવું', બેમહીં ફેર છે,
એકનું જોવું તો સ્થૂળ, બીજાનું જોવું સૂક્ષ્મ છે. ૫૩

આંખથી જોઈએ જેમ, શ્રદ્ધા આત્માની આંખ છે,
શ્રદ્ધાથી નીરખાયેલું તે આંતર સ્વરૂપ છે. ૫૪

પૂર્ણ ધ્યેય પરત્વેની દૃષ્ટિ સમજદારીની-
-**જીવદશા**ની બુદ્ધિમાં જાગેલી ખપની ખરી. ૫૫

• • •

## અધ્યાય-૩ : શ્રદ્ધા હૈયા થકી ઊગે

(અનુષ્ટુપ)

શ્રદ્ધાનું ભાન કોઈને હોવા છતાં થતું નથી,
આશ્ચર્ય એ જ મોટું કે શ્રદ્ધા મેળે છતી નથી. ૧

જીવે પોતાથી શ્રદ્ધા શી ! શ્રદ્ધાનો જન્મ ના થતો,
શ્રદ્ધાનું મૂળથી કેવું અસ્તિત્વ આપમેળ તો ! ૨

જે જે અસ્તિત્વ તે સૌનાં મૂળમાં કોઈ તત્ત્વ છે,
શ્રદ્ધા શી તે વિશે સ્હેજે જાગે છે સર્વના દિલે ! ૩

અસ્તિત્વ જીવને જેનું શ્રદ્ધા તેમાં ખચીત છે,
તેનો સ્વીકાર સૌનાથી નિશ્ચે થતો રહે હૃદે. ૪

મૂળ અસ્તિત્વ શ્રદ્ધાનું જીવને જન્મતાં પથે,
-સાથે સાથે જ તે હોય, ઉપયોગે વધ્યા કરે. ૫

સત્ત્વની ભૂમિકામાં શી શ્રદ્ધાનો વાસ ગુપ્ત છે !
વર્તે રજોગુણે વેગે સત્ત્વની ભૂમિકા પરે. ૬

હૈયે તત્પરતા તીવ્ર પ્રચંડ જીવને થતાં,
ત્યારે સ્વરૂપ શ્રદ્ધાનું ભભૂકે અગ્નિ જેમ ત્યાં. ૭

શ્રદ્ધા હૈયા થકી ઊગે, હૈયું આત્મા નજીક છે,
આત્મપ્રદેશની પાસે શ્રદ્ધા તેથી પરસ્પરે. ૮

હૈયામાંથી ઊગે શ્રદ્ધા વર્તે સહજ ધોરણે,
એવો સ્વભાવ શો **एनो** ! મેળે પોતે પ્રવર્તશે ! ૯

શ્રદ્ધા જેને હૃદે જાગે, કૃપા સાક્ષાત એ જ છે,
તેનામાં **जीव** મૂકે છે, શ્રદ્ધાને સેવશે જ જે. ૧૦

જાગતાં જાગતાં શ્રદ્ધા, જામતાં જામતાં હૃદે,
ઊતરે ઊતરે કેવી શ્રદ્ધા પોતે ધીમે ધીમે. ૧૧

શ્રદ્ધા અસ્તિત્વમાં ના હો એ રીતે જીવતી સદા,
લેતાં તે ઉપયોગે તો પ્રત્યક્ષે વરતાય ત્યાં. ૧૨

હૈયે વધારવી ચાહો શ્રદ્ધાને જેટલી વધુ,
શકે છે વધી લેતાં ને લેતાંમાં ઉપયોગ શું ! ૧૩

વપરાવા જ જ્યાં શ્રદ્ધા મંડાય છે પ્રયોગમાં,
શ્રદ્ધા મૂળ સ્વરૂપે તે જન્મતી જાય છે તદા. ૧૪

**गुण** ને **भाव** પોષે છે શ્રદ્ધા જીવનમાં સદા,
શ્રદ્ધાથી ભૂમિકા પક્વ થતી, ચેતન ઝીલવા. ૧૫

શ્રદ્ધા આતુરતા હૈયે અગ્નિની જેમ જીવને-
કેવી છે જલતી ! જેથી જે તે શુદ્ધ થયા કરે. ૧૬

તે શરૂ શરૂમાં શ્રદ્ધા પડે, ચઢે, શી ઊતરે !
જેવી માત્રાની જિજ્ઞાસા તેવી શ્રદ્ધાની શક્તિ ર્હે. ૧૭

જિજ્ઞાસાય ટકે જીવે, શ્રદ્ધાના માત્ર તે બળે,
જિજ્ઞાસાના જ છે પ્રાણ શ્રદ્ધા પોતે શી જીવને ! ૧૮

જિજ્ઞાસાથી ઊગી શ્રદ્ધા દે છે ખૂંપાવી અંતરે,
થરો જુદા જુદા વિશે પ્રવેશાવી શી ફેરવે ! ૧૯

જિજ્ઞાસાથી ઊગી શ્રદ્ધા રાખે તટસ્થ ચિત્તને,
-કોઈ પ્રકારનો ક્ષોભ થવા દે ના કશા વિશે. ૨૦

આધ્યાત્મિકતણા તત્ત્વનું સંકલન થાય છે-
-જેનાથી કરી આધારે, તેને શ્રદ્ધા પ્રમાણજે. ૨૧

સમગ્ર આત્મની કેવી શ્રદ્ધા એ તો પ્રતીતિ છે,
આત્મદર્શનની શ્રદ્ધા પોતે શી અનુભૂતિ છે ! ૨૨

બોલ્યા વિના મુખેથી શી શ્રદ્ધા પોતે કથે નવું !
શું નિવેદન આત્માનું શ્રદ્ધા પોતે ખરેખરું ! ૨૩

આધારે પ્રભુનો ભાવ એકધારો ટકાવવા,
ઉલ્લાસ, ખંત, ઉત્સાહે ઉદ્યમેથી દઢાવવા-
દઢ નિશ્ચયથી પાકા મથે છે જે નિરંતરે,
શ્રદ્ધા, વિશ્વાસ તેવાનાં જીવને પાંગર્યાં કરે. ૨૪-૨૫

શ્રદ્ધા જે પક્વ સંપૂર્ણ, નિષ્ઠા તેમાંથી શી ફળે !
નિષ્ઠામાંથી ખસી ના કો' શકે, કેમે કર્યોય તે. ૨૬

શ્રદ્ધા નિષ્ઠા બને જ્યારે અખંડ પ્રાણવંત તે,
ભાવ જે નિર્ઝરે, જાણો ચેતનાનો પ્રવાહ તે. ૨૭

પોતાનું નીરખે પોતે, બીજાનું ના જરી જુએ,
પોતાના દોષ જોઈને પોતે મઠારવા મથે. ૨૮

જીવંત પ્રાણ શ્રદ્ધા છે, નિષ્ઠા ચેતન હાર્દ છે,
પચાવી ભાવ આધારે જીવન ખિલવ્યા કરે. ૨૯

શ્રદ્ધા નિષ્ઠા જ છે બંને જીવન, સાધનાતણું,
જિજ્ઞાસા ભાવથી બંને કેવાં પોષાય છે ઘણું ! ૩૦

સ્ફુરેલી અંતરે શ્રદ્ધા થયેલી જે પ્રતિષ્ઠિત-
ભાવ તેનાથી જાગે તે આપે મેળવી ઈપ્સિત. ૩૧

• • •

## અધ્યાય-૪ : શ્રદ્ધાથી માર્ગની ભાળ

(અનુષ્ટુપ)

ઘડાવા ઉચ્ચ ને દિવ્ય શ્રદ્ધા શક્તિ જરૂરની,
જિજ્ઞાસા તે ઉગાડીને નિષ્ઠામાં શી ફળાવતી ! ૧

વિનયયુક્ત ને નિષ્ઠા ભક્તિ સંપન્ન જીવને,
તે જિજ્ઞાસાનું કર્તવ્ય ફળાવી, ધ્યેયને વરે. ૨

દૃઢ પ્રતીતિ તે શ્રદ્ધા, સંભાવના ખરેખરી,
તેની પરત્વેનું જ્ઞાન તેને શ્રદ્ધા પ્રમાણવી. ૩

જેનો જન્મ થવાનો તે વર્તમાનનું દર્શન,
તે છે સ્વરૂપ શ્રદ્ધાનું વિકસે જેથી જીવન. ૪

અનિશ્ચિત વિશેની શી નિશ્ચિતતા ઊગે હૃદે
-શ્રદ્ધાનું તે પરિણામ નિશ્ચે જાણવું જીવને. ૫

યોગ્ય આંતરિકે કેવી તે સક્રિયપણા વિના
-વાસ્તવિકપણું પૂર્ણ શકે નક્કર ઊગી ના. ૬

સર્જનાત્મક છે શ્રદ્ધા, પ્રેરે વિચાર શક્તિને !
-કુંઠિત ના થવા દે, શાં શ્રદ્ધા વિકાસ પ્રેરશે ! ૭

જિજ્ઞાસામાંથી જન્મેલી શ્રદ્ધા શક્તિની બ્હેન છે,
કદી આંધળી ના શ્રદ્ધા, શ્રદ્ધા પ્રકાશવર્તી છે. ૮

પથે જે જે મળે તેની શ્રદ્ધા ક્રાંતિ કરાવીને,
પ્રેરણા, નવી દૃષ્ટિ ને દે નવો વેશ સર્વને. ૯

શ્રદ્ધાથી સંકળાયેલી આશા શી મનઃસ્થિતિ છે !
તેવી મનઃસ્થિતિ વિના ચેતનવંતી તે ન ર્‌હે. ૧૦

હૈયે જીવતી સંપૂર્ણ નિષ્ઠા ઈષ્ટની જો હશે,
આત્મા અનાત્મનો સાચો વિવેક શો પ્રવર્તશે ! ૧૧

શ્રદ્ધા જે પ્રકટેલી છે, ત્યાં પુરુષાર્થ હોય છે,
તે પુરુષાર્થ જીવંતો ફળાવનાર શો પથે ! ૧૨

નિષ્ઠામાં આપમેળે શો પ્રયત્ન વિણ યત્ન છે,
તે પરિપક્વતા ટોચે પ્હોંચતાં, સાધ્ય પાસ છે. ૧૩

શ્રદ્ધા જાગેલી છે જેને ધ્યેયને પામવાતણી,
જાગી, ઊઠી, મથે પાછો, ચૂકે તે પંથ ના કદી. ૧૪

પર્વત સમ મુશ્કેલી, વિઘ્નો છોને ભલે હશે,
કિંતુ શ્રદ્ધા શી તે સામે ટક્કર લે, ટટાર રૈ' ! ૧૫

કદી ના નમતું તોલે સંજોગ કારમા ભલે,
સંગ્રામ આપતી શ્રદ્ધા, બળ જેનું અપાર છે. ૧૬

ભુલાતાં નિજનું લક્ષ પોતે સાવધ શી થતી !
પોતાના લક્ષ્યનું ભાન શ્રદ્ધાને ર્હે જ આપથી. ૧૭

શ્રદ્ધાવંત થતો પોતે જીવને બળવાન તે,
શ્રદ્ધા એકલી છો પોતે પહોંચી સર્વને વળે. ૧૮

એકની એક છે કેવી પ્રચંડ ઝંખના હૃદે-
ચાહેલા ધ્યેયની તીવ્ર શ્રદ્ધાને ગમ છે હૃદે. ૧૯

શ્રદ્ધા જેમાં ભળેલી શી ! છે એકાકાર જે વિશે,
હાર્દ તે મેળવ્યા વિના કદી કાળે ન ઝંપશે. ૨૦

હેતુપૂર્વક શ્રદ્ધાને વાપરે નિજ ધ્યેયમાં,
તેને શ્રદ્ધા ધપાવે છે આગળે આગળે સદા. ૨૧

શ્રદ્ધા તે વપરાતાંમાં ડગ આગળનાં પથે-
જણાવ્યા શું કરે મેળે શ્રદ્ધા શી જ્ઞાનવાળી છે ! ૨૨

શ્રદ્ધાની શક્તિ કેવી તે ઉપયોગે જણાય છે,
તેથી શ્રદ્ધા વિના ક્યાંયે કશામાં ના વધાય છે. ૨૩

મને માતા મળી શ્રદ્ધા, જીવને તો ટકી શક્યો,
શ્રદ્ધાએ જ કરેલો છે મને કેવો જ જીવતો ! ૨૪

શ્રદ્ધા કદી ભૂલે છે જો, એને જાણ પડ્યા કરે,
પડી ગઈ ભલે હોય, વાર બેઠી થતાં ન છે. ૨૫

કદીક ડગી જો જાય, પાછી પોતે સજાગ છે,
શ્રદ્ધા જાગ્રત કેવી તે અખંડ નિજ જીવને ! ૨૬

સૂઝતાં વાર ના એને, એને જોતાં ન વાર છે,
ભૂલને, દોષને ખોળી કાઢતાં વાર ના થશે. ૨૭

શ્રદ્ધાને પોષતા જેઓ, તેને જિવાડતી જ તે,
શ્રદ્ધા જીવન જે પ્રેરે, તેવું પ્રેરી ન કો' શકે. ૨૮

જીવતાં જીવતાં શ્રદ્ધા, ચાલતાં ચાલતાં વળી,
બઢતાં બઢતાં કેવી શ્રદ્ધા પોતે છતી થતી ! ૨૯

શ્રદ્ધા પોતે મરે છે ના, શ્રદ્ધા અમૃત જીવને,
જીવન પ્રેરતી ર્‌હે છે, અમૃતદાયિની જ છે. ૩૦

શ્રદ્ધા જીવનને કેવી દોરાવે નિજ ધ્યેયમાં-
પથ નિશ્ચિત જાણે ના, પથ એને કરે સૂઝ્યાં. ૩૧

શ્રદ્ધા પોતે જ પોતાને નીરખાવે નવું પથે,
વળી તેમાંથી તો જ્ઞાન સંપડાવે જ જીવને. ૩૨

પંથ જીવનના આડા ને અવળા જ શા ખરે !
શ્રદ્ધા અજાણ છે ત્યાં શી ! છતાં તે ખોળી કાઢશે. ૩૩

હોવા છતાં અજાણ્યું તે, શ્રદ્ધા ત્યાંયે દડ્યા કરે,
અંધારામાં જ શો પોતે ભૂસકો મારતી પથે ! ૩૪

પોતે બધું કરાવે છે, છતાં એને જ કોઈયે-
-જીવને એવી રીતે તે જાણતું નથી દિલપે. ૩૫

શ્રદ્ધા જીવંત છે નિત્યે, દૃષ્ટિ પોતાની ધ્યેયથી,
ચળે છે ના કદી એની, એવી નિશ્ચળ આપ શી ! ૩૬

શ્રદ્ધાખોળે જ જે બેઠો, તેને નિશ્ચિંતતા વરે,
શ્રદ્ધા શી જીવને એવી પોતે અનુભવાય છે ! ૩૭

શ્રદ્ધાથી માર્ગની ભાળ આગળ આગળે શી તે-
આપમેળે જણાયે છે ! શ્રદ્ધાલક્ષણ એવું તે. ૩૮

• • •

## અધ્યાય-૫ : જિજ્ઞાસાનાં મૂળે શ્રદ્ધા

(અનુષ્ટુપ)

શ્રદ્ધાને ખોળવા ક્યાંયે જવું ના પડતું કદી,
ધગધગતી જિજ્ઞાસા તેને શ્રદ્ધા વરે ચહી. ૧

શ્રદ્ધાથી સર્વ જીવે છે, શ્રદ્ધાથી ખીલતાં બધાં,
જડ, ચેતન સર્વેમાં શ્રદ્ધા આધાર શ્રેષ્ઠ ત્યાં. ૨

કકડી લાગતાં ભૂખ, ખાવામાં સ્વાદ શો પડે !
જિજ્ઞાસા જાગતાં તેવી, તેનું શ્રદ્ધા જ મૂળ છે. ૩

જિજ્ઞાસા ભાવનામાં શી શ્રદ્ધા અંતર્ગતે જ છે !
સ્થૂળ ચેતન **જીવો**માં શ્રદ્ધા શી મૂળ વર્તને ! ૪

લાગ્યા વિના પડે છે ના કોઈને રસ જીવને,
શ્રદ્ધા શી એકલી તેવું યોગ્ય લગાડવા જ છે. ૫

શ્રદ્ધા પોષણ માગે છે, ખીલવા, વધવા પથે,
જિજ્ઞાસાગ્નિથી જે કર્મ થતું, ભિક્ષા શી **એની** તે ! ૬

શ્રદ્ધા વિના ન જિજ્ઞાસા ડગ એક ભરી શકે,
જિજ્ઞાસામાં શું ઊંજે છે તેલ શ્રદ્ધા નિરંતરે. ૭

જિજ્ઞાસા મૂળમાં પોતે પુરુષાર્થની પાછળે,
જિજ્ઞાસાનાં મૂળે શ્રદ્ધા પોતે કેવી જીવંત છે ! ૮

શ્રદ્ધા ને વળી જિજ્ઞાસા મેળ ઉભયનો હૃદે
-થતાંમાં, ઊભરો ધોધ જેવો ઊડે જ જીવને. ૯

એવી શ્રદ્ધાની શી શક્તિ ! માત્ર પ્રીછે અનુભવી,
શ્રદ્ધાથી ઊર્ધ્વ વિકાસ થાય જીવનમાં વળી. ૧૦

સર્વ પ્રકારના જે તે જીવનનાં મૂળે સદા
-શ્રદ્ધા પોતે વસેલી છે, તેને સંશય ના કદા. ૧૧

ક્રિયાશીલ થવા તેવી શ્રદ્ધાને જીવને પથે,
ઉત્કટ ઝંખના તીવ્ર જીવને જલવી ઘટે. ૧૨

શ્રદ્ધા, ઉત્કટ અગ્નિથી જિજ્ઞાસાથી ઝગ્યા કરી,
વર્તાવવા સીધે રાહે સમર્થ સર્વ રીતથી. ૧૩

શ્રદ્ધાની ભૂમિકા શી તે એક એકથી સૂક્ષ્મ છે !
શીખવા તેવી વિદ્યાને પાત્રતા યોગ્ય જોઈએ. ૧૪

ભૂમિકા સર્વમાં શ્રદ્ધા પોતે જીવંત છે સદા,
જીવંતી તે રહે **एने** એટલું બસ છે ન ત્યાં. ૧૫

શ્રદ્ધા ચેતેલી રહે નિત્ય, તે ના ચેતાવવી પડે,
તે ઉપયોગમાં લેતાં ચેતે અગ્નિની પેઠ તે. ૧૬

પાકતાં પાકતાં શ્રદ્ધા દમ નીકળી જાય છે,
જિજ્ઞાસા કિંતુ અગ્નિ શી ! તેવાને તે સહેલ છે. ૧૭

જિજ્ઞાસા થકી જન્મેલી શ્રદ્ધા શી એની દીકરી !
છતાં શ્રદ્ધા શી પોતે તો જિજ્ઞાસાને જિવાડતી ! ૧૮

જિજ્ઞાસાની પથે માતા શ્રદ્ધા પોતે જ મૂળમાં,
જિજ્ઞાસાની જ શી સાથે, શ્રદ્ધા પ્રત્યક્ષમાં સદા. ૧૯

નેતાગીરી લીધેલી છે જિજ્ઞાસાએ શી પંથની !
શ્રદ્ધા તેનાં મૂળે કેવી સ્હાયમાં શક્તિરૂપ શી ! ૨૦

લૂલી પાંગળી જિજ્ઞાસા શ્રદ્ધા વિના સમૂળગી,
શ્રદ્ધાને કારણે ઊડે, જિજ્ઞાસા કેવી વેગીલી ! ૨૧

જેમ જેમ બઢે શ્રદ્ધા, તેમ તેમ થતી હૃદે,
જીવને શક્તિશાળી ને એકાગ્ર કેંદ્રિતે પથે. ૨૨

થતાં જીવનમાં તેવા ફેરફારો વિશે તદા,
ત્યારેયે ગૂંચવાડો શો કેટલી વાર થાય ત્યાં ! ૨૩

શ્રદ્ધા, શક્તિ પ્રવેશાવી પમાડે જ્ઞાન જીવને,
અમાપ શક્તિ શ્રદ્ધાની કુદાવે માર્ગ વિષમે. ૨૪

• • •

# અધ્યાય-૬ : જામતાં જામતાં શ્રદ્ધા

(અનુષ્ટુપ)

**જીવ**દશાતણા એવા કોઈએ પુરુષાર્થને-
તે પુરુષાર્થની સાથે સરખાવી શકાય ના. ૧

મક્કમ, નિશ્ચયી કેવો મરણિયો નિર્ધાર છે !
ચકાસવા જ હેતુ શો સૌ અવરોધનો પથે ! ૨

ઉપયોગની શ્રદ્ધા શી વિકાસપંથ જીવને !
શ્રદ્ધાની ભૂમિકાથી શા પાયા *મંડાય છે મૂળે ! ૩

સમજી જો લીધેલું હો શ્રદ્ધાએ પૂર્ણ રીતથી-
-શ્રદ્ધાને કાજ તે યોગ્ય તેવું સમજવું ચહી. ૪

એમ ને એમ ના આપે શ્રદ્ધા વચન કોઈ દી,
શ્રદ્ધા લે પારખું પ્હેલાં, કસોટી કારમી કરી. ૫

શ્રદ્ધા માવડી તો રાજી ના અમથી જ થાય છે,
તપશ્ચર્યા જ માગી લે, વળી મર્દાનગી શી તે ! ૬

માથું દેવાની તાકાત કેવી નક્કર જીવને !
સર્વ પ્હેલું તપાસે છે, પછી ખુશ થતી હૃદે. ૭

મરીને કટકા છોને થાય, લીધેલું તે છતાં-
-પૂરું પાર પડ્યા વિના શ્રદ્ધા મૂકી ન દે કશું. ૮

શ્રદ્ધા ગૌરવગાથાનો અમૂલો ઈતિહાસ શો !
તેમાં અગત્યનો ફાળો આત્મવિશ્વાસનો ખરો. ૯

---

* ચણાય

શ્રદ્ધા કેવી સૂતેલી છે આધાર સત્ત્વ મૂળમાં,
ચેતતી ને ક્રિયાશીલ તે, તાલાવેલી જાગતાં. ૧૦

શ્રદ્ધાની ભૂમિકાઓયે જુદી જુદી શી જીવને !
જુદી જુદી ભૂમિકામાં શ્રદ્ધા ત્યાં જુદું વર્તશે. ૧૧

ચેતનાત્મક ચેતેલી શ્રદ્ધા જીવન વર્તતાં
-શ્રદ્ધા શા ફેરફારો તે કરાવે જીવને તદા ! ૧૨

શ્રદ્ધા કેવી મરેલાને નવા **પ્રાણ** પુરાવશે !
મરેલાને જિવાડીને અવતાર નવો જ દે. ૧૩

ઉત્કૃષ્ટ, દિવ્ય, ચેતેલી શ્રદ્ધા, અનુભૂતિની-
-કેવી કેવી ભૂમિકામાં ! પ્રવેશાવતી ભાવથી. ૧૪

ભાવ તો દિલ શ્રદ્ધાથી કેવો જાગ્યા કરે પથે !
શ્રદ્ધાની ભૂમિકા હોવી તે કાજે અનિવાર્ય છે. ૧૫

માનવું તે પડે એવી શ્રદ્ધા શી વ્યક્ત જીવને !
જીવવા, વર્તને, કર્મે, શ્રદ્ધા છે સર્વનાં મૂળે. ૧૬

જેના તેના બધાંનાંયે શ્રદ્ધા છે મૂળમાં છતાં,
શ્રદ્ધા આધારથી જીવે, *વર્તાય તોય ના કદા. ૧૭

એકધારો સીધો ના છે શ્રદ્ધાનો માર્ગ જીવને,
વળાંક કેટલા કેવા આડા ને અવળા પથે ! ૧૮

પુરુષાર્થ થતો જાય શ્રદ્ધા પરિબળે જ શો !
શ્રદ્ધાકક્ષા જુદી જુદીમાં પુરુષાર્થ શો જુદો ! ૧૯

* દેખાય

શ્રદ્ધા જ પકવે જે તે, સેવી સેવી હૃદે જ તે
-સેવાયા તે વિના કોઈ પરિપક્વ ન થૈ શકે.
વિકાસક્ષેત્ર સર્વેમાં શ્રદ્ધાનો ઉપયોગ છે,
શ્રદ્ધા વિના ન પાકે છે કશુંયે જીવને હૃદે. ૨૦-૨૧
પથે.

શ્રદ્ધા જે જે ગ્રહે તેમાં પ્રકટે પ્રાણ જો નહીં,
શ્રદ્ધાને મૂકી દેતાં તે ઝાઝી વાર થતી નથી.
હો પ્રાણવાળું શ્રદ્ધાને તે તે છે ખપનું ખરું,
શ્રદ્ધાથી પ્રાણ ના જાગે, શ્રદ્ધા તે ના પ્રમાણવી. ૨૨-૨૩

સંસારી દૃષ્ટિથી શ્રદ્ધા કદીક સીધી ચાલતી,
કદીક ઊંધી દેખાય, દૃષ્ટિ સાચી ન દુન્યવી.
ચાલવું દુન્યવી રીતે શ્રદ્ધાને પાલવે ન છે,
શ્રદ્ધાને દુન્યવી રીતે માપવી તે અનર્થ છે. ૨૪-૨૫

પરખાતી કળા જ્યારે શ્રદ્ધાની નિજ વર્તને,
ઊભું આપણી સંગાથે પ્રત્યક્ષ કો' જણાય છે,
ખબરદારી ફૂટે શી ! હોશિયાર થવાય છે,
જાગૃતિ વર્તવામાં તો ખરેખરી પમાય છે. ૨૬-૨૭

શ્રદ્ધાની કામિયાબી તે ઉપયોગ વિના પથે,
કદી ના પરખાયે છે, પડી રહે સુષુપ્ત તે,
કળા તે વપરાવાની વપરાવાથી જીવને,
આપોઆપ થતી કેવી જાગૃત વર્તતી પથે ! ૨૮-૨૯

ચઢે, પડે, છતાં પાછી શ્રદ્ધા ઉદ્યત નિત્ય છે,
જિજ્ઞાસાગ્નિથી શી શ્રદ્ધા પોતે સતેજ થાય છે !
પ્રકટેલાં પથે ત્યારે ચેતના, પ્રાણ, ભાવ શાં !
લૈ ઉપયોગ તેનો સૌ ચગે વર્તતી કેવી ત્યાં ! ૩૦-૩૧

કેટકેટલી પોતે છે જીવને તે મહત્ત્વની,
છતાં કોઈ જ શ્રદ્ધાને આપે છે ના મહત્ત્વ કૈં,
શ્રદ્ધાને ખોટું લાગે ના, લજવાતી કદી ન **તે**,
હોવા છતાંય **એનું** ના લાગે અસ્તિત્વ જીવને ! ૩૨-૩૩

જિજ્ઞાસા કદી બુઝાય, શ્રદ્ધા બુઝાય ના કદી,
ચેતેલા જે રહે તેને રહે શ્રદ્ધા શી ચેતતી !
આત્મવિશ્વાસ શ્રદ્ધાનો ટકોરાબંધ જીવને,
કેવો ચેતનવંતો તે પ્રેરાવે ધ્યેય વર્તને ! ૩૪-૩૫

શ્રદ્ધાને ના ભલે માનો, શ્રદ્ધા તોયે ન ચૂકશે,
ધર્મકર્તવ્ય પોતાનું પોતે કર્મ કર્યાં જશે,
છતાં સભાનતા જો હો શ્રદ્ધાની આપણા હૃદે,
શ્રદ્ધાનું જોશ વર્તાતું જે પ્રેરાયેલ જીવને ! ૩૬-૩૭

આગલો ભાવ શ્રદ્ધાનો વર્તતાં વર્તતાં પથે,
પિછાન આપમેળેયે કરાવી, જંપ પ્રેરશે,
શ્રેયાર્થી જીવને તેથી લીધેલા પંથમાં હૃદે-
પ્રેરાયેલું જીવંતું શું બળ લાગ્યા કરે પથે ! ૩૮-૩૯

શ્રદ્ધા અભ્યાસ વૈરાગ્યે પરોવાઈ જઈ હૃદે,
મનન ચિંત્વને તેવા એકરાગે થઈ જશે,

તેવા ચિંત્વનમાં ભાવ શ્રદ્ધાનો શો પ્રચંડ છે !
પુરુષાર્થે જ પ્રેરાવી આખરે લક્ષ્ય સાધશે. ૪૦-૪૧

ઈચ્છા શ્રદ્ધાની સંપૂર્ણ પુરાયા વિણ ના ઠરે,
ઉત્સાહે અગ્નિના જેવો પુરુષાર્થ કર્યાં કરે,
ધારેલું મેળવ્યા વિના જંપી ઠરી ન તે શકે,
એક આકાશ પાતાળ કરે, મેળવવા હૃદે. ૪૨-૪૩

આડુંઅવળું શ્રદ્ધાને ચાલવું કદી ના ગમે,
નાકની દાંડીની સામે એને ચાલવું તો ગમે,
ઉધામા તે કશા એને કોઈ પ્રકારના ન છે,
જોવાને આડુંતેડું કૈં શ્રદ્ધાને દષ્ટિયે ન છે. ૪૪-૪૫

હંમેશાં **પ્રાણ** શ્રદ્ધાના ક્રિયાશીલ થતાં થતાં,
ચેતતા પ્રજ્વળેલા રહે, ઘડાવાની ક્રિયા તદા-
-પ્રવર્તતી રહે ત્યારે કેવા કેવા પ્રકારમાં-
-એકલી માત્ર તે શ્રદ્ધા તેને પિછાનતી તદા. ૪૬-૪૭

શ્રદ્ધાનાં ભાવ ને શક્તિતણાં મૂલ્યાંકનો બધાં,
અનુભવી વિના બીજા જાણી શકે ન કોઈ ત્યાં,
મૂલ્યાંકનતણી ટેવ શ્રેયાર્થી છોડી જો શકે,
ફગાવી શકવા તેને ઓછો સંભવ જીવને. ૪૮-૪૯

એવી શ્રદ્ધાથી સાકાર જીવને ધ્યેય થાય છે,
સેવતાં એવી શ્રદ્ધાને **દમ** નીકળી જાય છે,
શ્રેયાર્થીને છતાં ત્યારે જામેલો રસ જીવને-
એવા રસથી કેવો તે આકર્ષાયા જતો પથે ! ૫૦-૫૧

‘શ્રદ્ધા કેવું જ વર્તે છે’ અગાઉથી જ કોઈને,
પડે સમજ ના તેની જાણવું યોગ્ય તે ન છે.
શ્રદ્ધાની જે કળાની તે શ્રદ્ધાને ગમ તેની છે,
કળી ના શકતું કોઈ સમગ્રતાથી કોઈને. ૫૨-૫૩

જામતાં જામતાં શ્રદ્ધા, વર્તતાં વર્તતાં પથે,
ધ્યેયપ્રાપ્તિ થવા કાજ એની ભૂખ અનન્ય છે,
ધ્યેય વિના કશું બીજું શ્રદ્ધાને સૂઝતું ન છે,
શો એકલક્ષી સંપૂર્ણ શ્રદ્ધાનો ત્યાં સ્વભાવ છે ! ૫૪-૫૫

સ્વભાવ મૂળ શ્રદ્ધાનો આગળે ધપતાં જતાં,
તેમ તે બદલે રૂપ આવે અનુભવે તદા,
સ્વભાવ બદલાતાં તે વર્તને વર્તને પથે,
અનુભવે પ્રીછી જે લે, અનન્ય બળ પામશે. ૫૬-૫૭

નિરાશા ઘોર વ્યાપેલી જીવને ભરપૂર હો,
બારે વાંસે ડૂબેલા હો, આરો ના જીવવા કશો,
શ્રદ્ધા ત્યાંયે મરેલી ના, પોતાનો હાથ આપીને,
જિવાડવા મથે શ્રદ્ધા શા શા યત્ન કરાવીને ! ૫૮-૫૯

ઘોર તામસ છોને હો, નર્યા પ્રમાદથી ભર્યા,
છતાં મેળવવા હૈયે જાગ્યે ઉત્કટ ઝંખના,
શ્રદ્ધા ત્યારે સફાળી શી કર્મે લાગી જતી તદા !
આપે પ્રમાણ પોતાનું પ્રત્યક્ષ કેવું પંથમાં ! ૬૦-૬૧

શ્રેયાર્થી દોષ બીજાના જોવા તત્પર ના થશે,
સર્વ કાંઈતણું મૂળ પોતાનામહીં ભાળશે. ૬૨

શ્રેયાર્થીને નિરાશા ના, શ્રેયાર્થી છો પડે છતાં-
નિરુત્સાહ થતો તે ના, ફરી ઊઠી મથે સદા. ૬૩

અંતર્મુખી સદા એવો મચેલો, મથતો દિલ,
ને બહિર્મુખી છે જેઓ શ્રદ્ધા તેમની નિષ્ફળ. ૬૪

એકવાર હૃદે શ્રદ્ધા જીવતી થઈને પથે-
ચલાવ્યા જો કર્યાં હોય વર્તતાં નિત્ય જીવને,
તે શ્રેયાર્થી પથે એવો કદી મરી ન જાય છે,
મરતો તે ભલે લાગે, બેઠો શ્રદ્ધાથી થાય છે. ૬૫-૬૬

શ્રદ્ધા તો ફળદાયી છે, કિંતુ એમની એમ કૈં
-ફળે ના, યત્ન માગે તે થતાં શ્રદ્ધાથી જીવને,
જાગતાં, જામતાં શ્રદ્ધા સૂતેલા હો છતાંય તે
-કેવા જગાડીને પંથ મથ્યા ચલાવવા કરે ! ૬૭-૬૮

અનંત ઉપકારો શા જીવને મળતા જ છે !
નવું જિવાડી, જિવાડી, અમૃત સિંચતી હૃદે,
સંજીવની શી શ્રદ્ધાની વિદ્યા મળ્યે જ જીવને,
શ્રદ્ધા ફળાવીને યત્નો શી મરી નવું જીવશે ! ૬૯-૭૦

આત્માનાં મૂળમાંથી તે શ્રદ્ધા તો નીકળેલ છે,
સ્વભાવે તેથી શ્રદ્ધા શી ઊર્ધ્વગામી જ જીવને !
જેમાં શ્રદ્ધા દઢેલી છે, સ્થપાવા પૂર્ણ તે વિશે-
પ્રેરાવ્યા તે કરે યોગ્ય ઊર્ધ્વ સભાનતાથી તે. ૭૧-૭૨

ઊર્ધ્વ તે માર્ગનો પાયો શ્રદ્ધા માત્ર ખરેખરો,
શ્રદ્ધા વિનાનું મંડાણ કશું વિકાસનું ન તો,
શ્રદ્ધા પોતે અનિવાર્ય શ્રેયપંથે જરૂરની,
લેવાને સ્હાય જે ઝંખે શ્રદ્ધાની, તત્પરે જ શી ! ૭૩-૭૪

યોગનાયે પ્રકારો છે, શ્રદ્ધા તે સર્વમાં વસે,
શ્રદ્ધા વિના ન કોઈએ યોગ કરી શકાય તે,
પ્રત્યેક યોગમાં શ્રદ્ધા ઓતપ્રોત થયેલ છે,
જેનો તેનો થતો ર્‌હે છે શ્રદ્ધાથી જ વિકાસ તે. ૭૫-૭૬

નિમ્ન જીવનમાં, ઉચ્ચ પ્રદેશ જીવને પથે,
જુદા પ્રકારનાં વિઘ્નો બંનેમાં ભિન્ન ભિન્ન છે. ૭૭

કૂદવા, ઊડવા જેવું, જેવું જે કો' મથ્યા કરે,
તેને જીવનમાં શ્રદ્ધા શક્તિ દે તેવી જીવને. ૭૮

• • •

હરિ:ૐ

# ખંડ-૩ : પરિચય

## અધ્યાય-૧ : દક્ષ શી સર્વ બાબતે !

(અનુષ્ટુપ)

જીવનધ્યેય આદર્શે હેતુકેરી સભાનતા-
-એકધારી જ જીવંતી રહેવી ઘટતી સદા.
શ્રદ્ધા જાગૃતિથી તેવી શી સભાનપણે ઊગે !
જ્ઞાનાત્મક એવી શ્રદ્ધા વિકાસે શી જરૂરી છે ! ૧-૨

કશોયે દોષ શ્રદ્ધામાં કોઈ પ્રકારનો નથી,
હોતાં શ્રેયાર્થીમાં દોષ શ્રદ્ધા પાછી પડે નહીં.
ગમે તેવો હશે **જીવ** જેવું તેવું ભલે કરે,
તેનામાંથી શી શ્રદ્ધા પોતે ખસી જતી ન છે. ૩-૪

પાછો સભાન શ્રેયાર્થી થતાં, શ્રદ્ધા સતેજ છે,
પોતાનું ધર્મકર્તવ્ય શ્રદ્ધા મૂકી કદી ન દે,
'વચગાળે પથે શ્રદ્ધા, તાંતણો નિજ દોરનો-
કદીયે ના મૂકી દે છે', એવો **એનો** સ્વભાવ શો ! ૫-૬

ના ઉપલબ્ધ શ્રદ્ધાને છે કરવાની જીવને,
સ્વયંભૂ મૂળથી શ્રદ્ધા, જગાડવાની **તે** ન છે,
પોતે પોતાની મેળે **તે** સ્વતંત્ર વર્તતી પથે,
વૈરાગ્યાભ્યાસ વર્ધતાં શ્રદ્ધા મેળે બઢ્યા કરે. ૭-૮

શ્રદ્ધા શી નીરખાવે છે પોતાનું જીવને નર્યું !
નીરખાવી ન બેસી ર્‌હે શ્રદ્ધાની ચાર આંખ છે. ૯

જિજ્ઞાસા તેવી છે ચાંપ, વર્તતી કરવા પથે-
-શ્રદ્ધાને એકધારી શી પોતાની મેળ જીવને ! ૧૦

શ્રદ્ધા શી માનતી જ્યાં જ્યાં, તેને જે માનવાનું છે,
ચળાવી ના શકે કેમે તેને પંથથી કોઈએ. ૧૧

શ્રદ્ધાને હાડમારીથી ખેંચતાણ પડે નહીં,
સ્વસ્થતામાં પડે ખાંચ શ્રદ્ધાને ના કશા થકી. ૧૨

નકામા કૈં વિચારોમાં શ્રદ્ધા ભટકતી ન છે,
ઊર્ધ્વના ભાવના ક્ષેત્રે શ્રદ્ધાનો માર્ગ યોગ્ય છે. ૧૩

બળાત્કારે કશું શ્રદ્ધા જીવને ના કરાવતી,
ઊતરાવી ગળે જે તે શ્રદ્ધા પ્રેરાવતી ચહી. ૧૪

છે ચારેકોર શ્રદ્ધાને આંખ નીરખવા બધે,
જીવને જે કવાણું છે તેને પારખી તુર્ત લે. ૧૫

પારખી, કાઢી નંખાવ્યા વિના, શાંત ન તે થશે,
બાહોશી ને કળાયુક્ત શ્રદ્ધા શી હોશિયાર છે ! ૧૬

શ્રદ્ધા શી ઘડનારી છે ! દક્ષ પૂરેપૂરી રીતે,
યોગની ધૂંસરીમાં **તે** પ્રવેશાવતી જીવને. ૧૭

કળાકૌશલ્ય શ્રદ્ધાનાં સૌ વ્યવહારમાં પથે
-યોગ્યતા તેની શ્રદ્ધાને શી જાણકારી પૂર્ણ છે ! ૧૮

અજ્ઞાને જે થતાં કર્મ જેમાં ના જ્ઞાનભાવ છે,
શ્રદ્ધા તેમાંયે તો છે **તે** કિંતુ નિમ્ન પ્રકાર તે,
ઊર્ધ્વમાં વર્તનારી જે શ્રદ્ધા તે જ્ઞાનમૂલક,
બેઠું શું કરવા શ્રદ્ધા તેવી છે ભાવપ્રેરક ! ૧૯-૨૦

અમુક ભૂમિકામાં **તે** સાંભળવા શી અન્યને-
તૈયારી તે બતાવે છે, છતાં ત્યાં સાબદી શી તે !
પક્ષકાર બને છે ના, આમ કે તેમ કોઈની,
નિષ્પક્ષ નિત્ય છે શ્રદ્ધા, શ્રદ્ધા નિઃસ્પૃહી સર્વથી. ૨૧-૨૨

પ્રેરાવે જ્ઞાન જે શ્રદ્ધા તેવી શ્રદ્ધા યથાર્થ છે,
શ્રદ્ધા મથામણે દક્ષ સુદઢ, રત, નિશ્ચળે ! ૨૩

શ્રદ્ધા શી સર્વલક્ષી છે ! હોવા છતાંય જીવને-
-સંપૂર્ણ એકલક્ષી **તે** દક્ષ શી સર્વ બાબતે !
જેની જેની પડી **એને** તે તે એને જ જાણી લે,
મૂકે ના પડતું તે કૈં જાણ્યા વિના કશુંય તે. ૨૪-૨૫

શ્રદ્ધા શી એકમાર્ગી ને એકાગ્ર, કેંદ્રવર્તી છે !
એનો વિસ્તાર ઊંડે ને ઊંડો શો તે થયા કરે ! ૨૬

શ્રદ્ધાના વિષયે જ્ઞાન, શ્રદ્ધાને જાગતું પથે,
તેથી શ્રેયાર્થીને શ્રદ્ધા કેવી માતા સમાન છે ! ૨૭

ગતિશીલ, ક્રિયાશીલ, શ્રદ્ધા સર્જનશીલ છે,
શ્રદ્ધા શી કર્મ અભ્યાસે ખીલે તેજસ્વી જીવને. ૨૮

કૃપા પ્રભુની શ્રદ્ધા તે, શ્રદ્ધા પ્રત્યક્ષ છે કૃપા,
કૃપાને સમજે જે કો' એ રીતે શ્રેય તેનું હા. ૨૯

●●●

## અધ્યાય-૨ : સાથ આપે છતાં જાણે

(અનુષ્ટુપ)

સાંપડવાની ના ર્‌હેતી શ્રદ્ધાને કોઈ રીતથી,
જીવનસાથી તો શ્રદ્ધા નિત્યની લાગી આપથી. ૧

હોઈએ આપણે જેવાં શ્રદ્ધા તેવી જ જીવને,
ને શ્રદ્ધા પાછી જેવી છે, તેવાં જ આપણે હૃદે. ૨

જેવા જેવા થતા જ્યાં હો, શ્રદ્ધાયે તેવી તેવી ત્યાં,
કેવો સંગાથ આપીને જોડાજોડ ઊભી તદા,
ખભેખભા મિલાવીને પ્રાણવંતો જ સાથ **તે**-
જીવતોજાગતો કેવો પ્રેર્યાં તે કરતી પથે ! ૩-૪

શ્રદ્ધાથી દિલ વિશ્વાસ પોતાની પર જામતો-
અનુભવાય પોતાને, શ્રદ્ધા શી મિત્ર એવી તો ! ૫

શ્રદ્ધા ચઢાવવા યત્નો કેવા કેવા કરાવતી !
શો સહકાર દેવાનો ધર્મ શ્રેયાર્થીનો તહીં !
જ્યાં સહકાર શ્રદ્ધાને અપાયા જાય ભક્તિથી,
શ્રદ્ધા શી ફૂલીફાલીને વિકાસે કૂદતી જતી ! ૬-૭

શ્રદ્ધા શો ભોમિયો પોતે જીવનમાર્ગનો હૃદે !
પોતે પોતાની મેળે **તે** શોધી કાઢે જ માર્ગને. ૮

આંધળા હાથ છે જેવી લાકડી, તેવી જીવને-
શ્રદ્ધા પોતે પથે કેવું દોરી તે લઈ જાય છે ! ૯

શ્રદ્ધા નિસરણી ઊર્ધ્વ ચઢવા, ખપની ખરી,
શ્રદ્ધા શી મિત્રની જેમ પ્રેરણા પ્રેરતી નવી ! ૧૦

છો ઘનઘોર આકાશે હો છવાયેલ વાદળાં,
પડશે તૂટી જાણે કે બારે મેઘ ખરેખરા,
એવી આપત્તિ વેળાએ, પડાવે ફાળ ચિત્તમાં-
શ્રદ્ધા સાથી મળ્યો જેને, તેનો પોબાર સર્વદા. ૧૧-૧૨

જીવને ચરવા જ્યાં જ્યાં જાઓ, શ્રદ્ધાય સાથ છે,
ગમે તે કરતા હો છો, ત્યાંયે શ્રદ્ધાય શી રહે ! ૧૩

ડોશીમા જેમ શ્રદ્ધા તો દે શિખામણ તે નહીં,
ટકોરેય કદી ના **ते, ते** સંપૂર્ણ તટસ્થ શી ! ૧૪

સાથ આપે છતાં જાણે લેવા દેવા ન હોય છે-
-એવી રીતે શી વર્તે **ते** શ્રદ્ધા તટસ્થ જીવને. ૧૫

ન્યાયાધીશ બને ના તે, ટીકાયે કશી ના કરે,
જેમાં તેમાં રહે સાથે છાનીમાની અજાણ તે. ૧૬

ડહાપણ કદી શ્રદ્ધા આગવું તો કરે નહીં,
ચાલવું જેમ જેવું હો તેમ શ્રદ્ધાની ચાલ શી ! ૧૭

ખરેખરી જ જે શ્રદ્ધા ક્રાંતિ શી કરનાર તે !
ચીલેચલુ ન શ્રદ્ધા છે **एनी** આગળ ચાલ છે. ૧૮

શ્રદ્ધાથી ના વિખૂટું છે જ્ઞાન કેમે કર્યું હૃદે,
અખંડ દિલ સંપૂર્ણ એકાકારે જ જ્ઞાન છે. ૧૯

ઝરો અખૂટ શ્રદ્ધાનો કદી ખૂટ્યો ખૂટે નહીં,
ઉલેચાય, છતાંયે **તે** ઉલેચાઈ જતો નથી. ૨૦

સહાધ્યાયિની છે શ્રદ્ધા સંગાથિની શી જીવને !
રહેનારી જ સાથે ને સાથે જીવનમાં પથે. ૨૧

શ્રદ્ધા ના શેઠ, ના દાસી, ના નોકર, ગુલામ ના,
છે સ્વતંત્ર, છતાં સાથ કરે તે આપણો સદા. ૨૨

**તે** બેબાકળી ના થાય, સ્વસ્થતા ને તટસ્થતા-
-શ્રદ્ધા ના ગુમાવે છે, કારમાયે પ્રસંગમાં.
મરે છે ના કદી શ્રદ્ધા, જીવે પુરુષાર્થથી હૃદે,
સહારો પ્રાર્થનાનો **તે** વારંવાર લીધા કરે. ૨૩-૨૪

છંછેડાતી જ ભાગ્યે તે, વંકાતી વળી તે નથી,
એવી શ્રદ્ધા ઊગી જેને તેવો શો બડભાગી છે ! ૨૫

શી આપકર્મી છે શ્રદ્ધા ! શી દૃષ્ટિ આરપાર છે !
વેધીને સોંસરી પોતે નીકળી જાય છે પથે. ૨૬

પોતે મૃત્યુ ન જાણે છે, પોતે નિર્બળ ના બને,
તમે જો જીવને ના હો જાગતા, તો શી ઢીલી તે ! ૨૭

ચિરંજીવી શી શ્રદ્ધા છે ! શ્રદ્ધાને મૃત્યુ ના જ છે,
શ્રદ્ધાને વાપરે જે ના તેનામાં તે સુષુપ્ત છે. ૨૮

છે ચિરંજીવી શ્રદ્ધા તો એનું મૃત્યુ ન થાય છે,
જિવાડે તો જીવે પોતે શી સ્થિતિચુસ્ત પાકી તે ! ૨૯

●●●

# અધ્યાય-૩ : જ્વાળામુખી સમી જલે

(અનુષ્ટુપ)

જીવને ભાળ લેવાની શી આવડત **એની** છે !
શ્રદ્ધા સંભાળવામાં છે દક્ષ પૂરેપૂરી પથે. ૧

સૌ ઉપયોગનું જ્ઞાન પામતાં પામતાં હૃદે,
શ્રદ્ધા પોતે બને કેવી મસ્ત ઉસ્તાદ જીવને ! ૨

જેવા હો તેવી શ્રદ્ધા છે, પાછી શ્રદ્ધા શી જીવને !
મહામના બનાવે તે શ્રદ્ધા એવી મહાન છે. ૩

શ્રદ્ધા અગ્નિ સ્વરૂપે છે બાળી દેવા સમર્થ તે,
**જીવ**વૃત્તિ બધીનેયે, શ્રદ્ધા શી એવી અગ્નિ છે ! ૪

શ્રદ્ધા ના છે પૂરેપૂરી પારંગત પથે, છતાં
-હામ, સાહસ ને ખંત, ઉદ્યમ શાં ધરે તદા ! ૫

શ્રદ્ધા શો મારવામાં છે અંધારામાં જ કૂદકો-
-સદા તત્પરતાયુક્ત ! **એને** ના ભય ત્યાં કશો. ૬

પૂર્વ તૈયારી શ્રદ્ધાને કોઈ પ્રકારની નથી,
જ્યારે તે સાંપડે કર્મ, છે પાવરધી ત્યાં જ શી ! ૭

શ્રદ્ધા આપી જ દે માથું, કિંતુ નાક ન આપશે,
શી મર્દાનગી શ્રદ્ધાની ! જેનો જોટો ન ક્યાંય છે ! ૮

ખેલ્યા પછી ઘણાં યુદ્ધો હામ શી આપી જાય તે !
શ્રદ્ધાનાં જીવને એવાં થતાં દર્શન, ધન્ય તે. ૯

અપારપૂર્ણ શ્રદ્ધાનું સામર્થ્ય કેવું જીવને !
ગમે તેવું ભલે ભારે યુદ્ધ, ત્યાં તે સમર્થ છે. ૧૦

જે વેળ જેવી વિપત્તિ તેવી વેળ શી તે થતી !
વિકરાળ થતાં **એને** આવડે ભલી પેરથી. ૧૧

ચેતનવંતી જ્યાં શ્રદ્ધા જ્વાળામુખી સમી જલે,
*તે ઝંપલાવવા પ્રેરે આંધળિયાં કરાવીને. ૧૨

જિજ્ઞાસા અગ્નિના જેવી તીવ્રમાં તીવ્ર લાગતાં,
શ્રદ્ધા તે વેળ શી ઉગ્ર શક્તિ જીવતી પંથ ત્યાં ! ૧૩

શ્રદ્ધાની પાંખમાં જોશ ઊડતાં ઊડતાં વધે,
આકાશે ધ્યેયલક્ષી શી જીવને ચેતતી ધપે ! ૧૪

● ● ●

## અધ્યાય-૪ : શ્રદ્ધા શી આત્મદર્શી છે !

(અનુષ્ટુપ)

શ્રદ્ધા અડગ ને કેવી નિશ્ચળ સૌ પ્રકારથી
-જીવને નિત્ય શી રહે છે કામમાં કેવી આવતી ! ૧

શ્રદ્ધાનો આત્મવિશ્વાસ કદીયે નવ ખૂટતો,
તે ઉપયોગ લેવાતાં કેવો તે વધતો જતો ! ૨

છોડાવી ના છૂટે શ્રદ્ધા કારમી આપદા વિશે-
વજ્ર જેવી થતી પોતે કુશાગ્ર શક્તિ પ્રેરવે. ૩

જાણવી પડતી ના તે, પોતે અનુભવોથી શી
-જીવને વ્યક્ત થાયે છે ! શ્રદ્ધાની શી કળાખૂબી ! ૪

* ને તે હોમાવવા પ્રેરે જે તે બધુંય જીવને.

ધારેલું નિશ્ચયે જે છે, તેમાં શ્રદ્ધા જિવાડીને-
-જ્ઞાન દે તે પ્રમાણેનું, શ્રદ્ધા શી જ્ઞાનદાયી છે ! ૫

શ્રદ્ધાને આળપંપાળ હોતી જીવનમાં નથી,
પોતાના ધર્મમાં મસ્ત સદા કાળ તર્યાં જતી. ૬

શ્રદ્ધા સ્નેહાળ, પ્રેમાળ છતાં શી વજ્ર જેવી છે !
જીવન ઘડવા ટાણે ના કૈં દયા લગાર છે. ૭

જિજ્ઞાસા ના સ્વયંભૂ છે, જ્યારે શ્રદ્ધા સ્વયંભૂ છે,
એટલો ફેર બંનેમાં શ્રદ્ધા આત્માનું રૂપ છે. ૮

અવલંબન શ્રદ્ધાને બાહ્ય કોઈ પરે નથી,
છતાં આધાર શ્રદ્ધાને પોતાના સત્ત્વમાં સહી. ૯

શી દૂરંદેશીવાળી છે શ્રદ્ધા જીવનપંથમાં !
ધાડાધાડ કરાવે ના, ભરાવે ડગ શાંતિમાં. ૧૦

શ્રદ્ધાને પૂછવા ના કૈં જવું પડે ન ક્યાંય તે,
શ્રદ્ધાને તે મળી ર્‌હે છે પોતાનામાંથી અંતરે. ૧૧

આપમાં આપથી જન્મી, આપમાં કેવી વિસ્તરે !
વિસ્તરતાં છતાં પોતે ખોઈ બેસે ન નિજને. ૧૨

શ્રદ્ધા જેમાં રહે તેનું જ્ઞાન તેને થયા કરે,
જ્ઞાનની ભૂમિકા શ્રદ્ધા, શ્રદ્ધા શી જ્ઞાનદાયિની ! ૧૩

શ્રદ્ધા શી માર્ગદર્શિની ! શ્રદ્ધામાં કેમ કે વસે-
-જ્ઞાન તે આપમેળેયે શ્રદ્ધાની તેવી બાબતે. ૧૪

આત્મામાંથી જ જન્મેલી શ્રદ્ધા શી આપમેળ તે !
શ્રદ્ધા તો મથતાને ને જાગેલાને જ જ્ઞાન દે. ૧૫

ઊંધીચત્તી કંઈ વેળા જુદી જુદી રીતે પથે-
શ્રદ્ધા શી ચાલતી લાગે ! **एनो** ત્યાં મર્મ હોય છે.
હંમેશાં જ્ઞાનનો હેતુ શ્રદ્ધામાં શો છુપાયેલો !
શ્રદ્ધાના મર્મને તેની જાણ ત્યાં પડી જાય છે. ૧૬-૧૭

શાતા ને સ્વસ્થતા પૂરાં શ્રદ્ધાના તે સ્વભાવમાં,
ભેરવાઈ પડે છે ના શ્રદ્ધા તેથી કશાયમાં,
તાદાત્મ્ય સર્વની સાથે હોવા છતાં પૂરેપૂરું,
શ્રદ્ધા શી ભેળવાતાંમાં નોખી કેવું તરે નર્યું. ૧૮-૧૯

પોતાના ધર્મની યોગ્ય જીવને ભૂમિકા થવા,
શ્રદ્ધા કર્તવ્યમાં માત્ર તેમાં આસક્ત શી સદા !
પૂર્ણ આસક્ત તે હોવા જેમાં તેમાં જ શી છતાં,
પાછી તટસ્થ હોવાથી અટકી ના પડે તહાં. ૨૦-૨૧

પિછાને નિજને પોતે, કશાથી ના અજાણી છે,
કશું ના જાણવા **एने** ઇચ્છા કશી ન થાય છે,
શ્રદ્ધા નિરિચ્છ કેવી છે ! છતાં પાછી શી જીવને-
-જે જે કૈં કરવાનું છે તેમાં તે ડોકિયું કરે. ૨૨-૨૩

તે સર્વજ્ઞપણાનો તો શ્રદ્ધા દાવો કરે ન છે,
નમ્રમાં નમ્ર થૈ શૂન્ય પોતે છાની શી જીવને ! ૨૪

પ્રેરણા ભવ્ય ને દિવ્ય, કર્મનો સદ્‌ગુરુ જ તે,
દિવ્ય વિકાસને પંથે સાચી છે દોરનારી તે. ૨૫

નિરાગ્રહી, અનાસક્ત, શ્રદ્ધા પોતે શી એવી છે !
એને જે ઓળખી લે તે એવો થતો નિરાશ્રયે. ૨૬

અવ્યક્ત પૂર્ણ છે શ્રદ્ધા, છતાં શી વ્યક્ત વર્તને !
શ્રદ્ધાને બેઉ પાસાંથી વિરલો વીર જાણશે. ૨૭

ડાહી ને જ્ઞાની શી શ્રદ્ધા ! મૌની, એકાંતવાસી **તે**,
ગુફા 'હૃદય' વાસી **તે**, '**आकाश**' ઠરનારી **તે**. ૨૮

નિર્ભેળ પૂર્ણ શ્રદ્ધા છે, સેળભેળ કશાતણી-
-શ્રદ્ધાને ગમતી ના છે, શ્રદ્ધા શુદ્ધ સ્વરૂપની. ૨૯

મળે, ભળે, ગળે તોયે શ્રદ્ધા અલગ ર્‌હે જ તે,
જુદી ર્‌હેતી છતાં ભેળી, શ્રદ્ધા કેવી અગમ્ય છે ! ૩૦

મળે, ભળે, ગળે પૂર્ણ, પૂરેપૂરી જ તે છતાં,
શ્રદ્ધા પાછી નિરાળી શી તે તે જીવનમાં સદા ! ૩૧

શ્રદ્ધા શી ફૂલીફાલે છે ભવ્ય, દિવ્ય સ્વરૂપથી-
-જીવને પુરુષાર્થીના ! તેવી અનુભવે દીઠી. ૩૨

શ્રદ્ધાની આપ્તતા કેવી નજરે ચઢી બોલશે,
વર્તવામાં જ શી શ્રદ્ધા સંપૂર્ણ આંખ ઠારશે !
બોલવામાં ન વાચા છે, છતાં બોલી બતાવશે-
પ્રત્યક્ષ વર્તને પાછું, શ્રદ્ધા મુક્ત સ્વરૂપ છે. ૩૩-૩૪

છે નિરાકાર, સાકાર, ઉભય એકીસંગાથે,
પરસ્પર ભળેલાં છે એકબીજા પરસ્પરે,

છે શ્રદ્ધાનુંયે તેવું તે પ્રત્યક્ષ વર્તને હૃદે,
નિરનિરાળી શ્રદ્ધા તે શક્તિને પોષનારી છે. ૩૫-૩૬

કશું જ એકલું ના છે સંકળાયેલ જીવને-
એકબીજાની સંગાથે સંબંધે તે પરસ્પરે,
થવાતાં એકમાં યોગ્ય એનો સ્પર્શ બીજા પરે-
-લાગ્યા વિના ન તે રહે છે, ક્રમ સ્વાભાવિકે જ તે. ૩૭-૩૮

જકડવું ન જાણે છે શ્રદ્ધા તો કોઈ રીતનું,
જે તે તેનાથી તો મુક્ત થવા ચાહતી **તે** ઘણું. ૩૯

મુક્તતા કેવી પાંખોને આકાશે ઊડવાતણી-
સરળતા શી બક્ષે છે શ્રદ્ધાને પંથમાં ઘણી ! ૪૦

મુક્ત પૂર્ણ રહેવામાં શ્રદ્ધાને યોગ્ય ફાવતું,
જ્યાં જ્યાં ફવાતું છે યોગ્ય બને ત્યાં ફળતું જવું. ૪૧

શ્રદ્ધા પ્રતીક આત્માનું તેથી જીવનમાં ખરે,
શ્રદ્ધાનાં ઓથ ને ઉષ્મા પ્રેરણા જીવને મળે,
હોવા છતાંય શ્રદ્ધા શી તટસ્થ જીવને ભલે,
ચેતાવવાનું તો કર્મ શ્રદ્ધા ચૂકે કદી ન તે. ૪૨-૪૩

શ્રદ્ધાનું માપ પોતાને એકલાને જ અંતરે
-આવે અનુભવે, તેને શ્રદ્ધાને આશ્રયે જ જે. ૪૪

આત્મલક્ષી જ શ્રદ્ધા છે, શ્રદ્ધા શી આત્મદર્શી છે !
આત્મકેંદ્રિત, શ્રદ્ધાને હૈયે થવું ગમ્યા કરે. ૪૫

ખોવાઈ જાય સંપૂર્ણ શ્રદ્ધા પોતે જ આપથી,
ત્યાં શ્રદ્ધા નવ તે રહે છે શ્રદ્ધા મૂળ સ્વરૂપથી. ૪૬

આત્મલક્ષી શી શ્રદ્ધા છે ! આત્માનાં મૂળમાં જ તે,
જીવવું આત્મના દેશે શ્રદ્ધાને ગમતું હૃદે. ૪૭

છે અનર્ગળ શ્રદ્ધા તો મર્યાદા નથી **એહને**,
અમર્યાદ છતાં વર્તે મર્યાદ ભૂમિકા વિશે. ૪૮

સર્જે, પોષે, પમાડે છે લય તે સર્વ જીવને,
શ્રદ્ધા સદ્‌ગુરુ પોતે છે, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ છે. ૪૯

• • •

## અધ્યાય-૫ : ચાલે નિષ્ણાતની રીતે

(અનુષ્ટુપ)

પોતે જાતે જ જેવી હો તેવી ને તેવી જીવને-
-દેખાવામાં ન શ્રદ્ધાને જરાય ધ્રાસકો હૃદે. ૧

સ્વભાવે સીધી સાદી છે શ્રદ્ધા જીવનમાં સદા,
છતાં કદીક છે વક્ર શ્રદ્ધાના ગતિ પંથમાં. ૨

વક્ર લેવી પડે **એને** સામે હેતુ જ ધારીને-
જેમ હો વર્તવું યોગ્ય સીધું કે ટેડું હો ભલે. ૩

સંસારી દૃષ્ટિથી વાંકું સીધું, જે તે ભલે જ છે,
કિંતુ શ્રદ્ધાની દૃષ્ટિમાં એકસરખું સર્વ તે. ૪

કેવાંયે સંકટો વચ્ચે શ્રદ્ધા શી સ્વસ્થ નિશ્ચળ !
સ્વાભાવિક રીતે **તે** શી સૌ સ્વીકારતી જીવન ! ૫

પારકી મૂડીની જેમ **एने** સાચવવી પડે,
કુમળા છોડની પેઠે **एने** તો સિંચવું પડે,
મોટી પોતે થતાં પાછી સંભાળ આપણી શી લે !
એવી શ્રદ્ધા મળી જેને તેને ફિકર ના કશે. ૬-૭

નિમ્ન પ્રકૃતિને સર્વ જે જે પસંદ હોય છે,
ના ઉપયોગમાં આવે શ્રદ્ધાને તે કશું પથે,
તે ઉલટાવવાનું સૌ થતું, ભાવતણા બળે,
પલટાતું જ તે સર્વ શ્રદ્ધાના ભાવકારણે. ૮-૯

ચઢે ઊંચે પડે પાછી કેટલી વાર જીવને-
શ્રદ્ધાનુંયે થયેલું છે તેવું તેવું સદા પથે,
શ્રદ્ધા તેમાં ન હાલી છે, ડોલી છે નહિ **ते** કદી,
શ્રદ્ધા અટલ વિશ્વાસે જ્યાં ત્યાં મક્કમ છે ઊભી. ૧૦-૧૧

શ્રદ્ધા પાવરધી ના છે માર્ગ અગાઉનાથી **ते**,
ભરોંસે તે છતાં કેવા આશરે આશરે ધપે !
જતાં શી આગળે શ્રદ્ધા માર્ગ તે ખોળી લે પથે !
નિરાંતે માર્ગમાં શ્રદ્ધા ચાલે નિષ્ણાતની રીતે. ૧૨-૧૩

ત્વરા તે વેળ શ્રદ્ધાની તીવ્રતાતીત શી થતી !
જાણે થંભી ગઈ લાગે એવી ત્વરાની શી ગતિ !
કોઈ પ્રકારનો **एने** કૈં ખચકાટ ના નડે,
વચ્ચે આવ્યે, મૂળેથી શું ઉખેડી નાખી, ફેંકી દે ! ૧૪-૧૫

શ્રદ્ધાને થડકો ક્યાંયે કશાનોયે ન થાય છે,
નિશ્ચિતતા બધી વાતે શ્રદ્ધાને દઢ હોય છે,

સૂધબૂધ પથે શ્રદ્ધા ના તે ગુમાવી દેતી છે,
ચાલના રણકાથી તે *શ્રદ્ધા સૌ જાણી જાય છે. ૧૬-૧૭

નિરાડંબરી સંપૂર્ણ શ્રદ્ધા જીવનવર્તને,
આરપાર શી છે સ્પષ્ટ જેમાં તેમાં બધાં વિશે !
સંદિગ્ધતા સમું **એને** કશું ના જીવને રુચે. ૧૮

● ● ●

## અધ્યાય-૬ : કેવી સોહામણી શ્રદ્ધા

(અનુષ્ટુપ)

તેને પંથની તો સર્વ આગળપાછળની બધી
-ઉત્તમ યોગ્ય જ્ઞાનેથી જીવને જાણકારી શી ! ૧

પોતાનામાં જ સંપૂર્ણ પોતે તે કેવી મસ્ત છે !
છતાં જ્યાં ભળવાનું છે, ત્યાં તે કેવી ભળ્યા કરે ! ૨

વળી પાછા ઉછાળા **તે** ફલાંગો મારતી જતી,
ધીમે ધીમે કદી ચાલે, વિના પાંખે ઊડ્યે જતી. ૩

લેવા સંભાળ પોતાની યોગ્યાયોગ્યતણી બધી,
શ્રદ્ધાને આપમેળે છે કળા સર્વ પ્રકારની. ૪

શ્રદ્ધાની ચાલમાં સર્વ શી મર્દાનગી નિશ્ચળ !
શી **તે** મર્દની ચાલે શું કળાસૌંદર્ય અદ્‌ભુત ! ૫

જીવનના પ્રયોગે જ્યાં વિકાસે વપરાય **તે**,
વપરાવા જ લાગે જ્યાં નાચી ઊઠે, શી મસ્તી છે ! ૬

---

* શ્રદ્ધા નાણી શું લેતી છે !

શ્રદ્ધાને નાસીપાસી ના ભરવા ડગ આગળે
**-एनी** કૂદાકૂદી કોઈ મસ્તીથી ભરી ઑર છે. ૭

શ્રદ્ધાની બલિહારીની કેવી ખૂબી અનેક છે !
બઢતી શી કરાવે છે ! તોય ના અભિમાની છે ! ૮

કશાને ના ચલાવી લે શી કારીગર શ્રેષ્ઠ તે !
શી કારીગરી શ્રદ્ધાની જેની જોટે ન કોઈ છે ! ૯

શ્રદ્ધા શી બહુરંગી છે ! જાણે કળા અનેક તે,
કળા તે તે વિશે કેવાં **गुण** ને **भाव**શક્તિ છે ! ૧૦

કોઈક ભાગ્યશાળીને દર્શન મુખનાં થતાં,
એવાં દર્શનથી ભાગ્ય કેવાંયે ઊઘડી જતાં ! ૧૧

પ્રેરણા, ભાવ, કૌશલ્ય, પ્રતિભા, ખંત, જહેમત,
સિદ્ધિ, રિદ્ધિ વડે કેવી શ્રદ્ધાનું ઑર ઓજસ ! ૧૨

નવાં રૂપ, નવા રંગ, શ્રદ્ધાના રસ શા નવા !
એક એક ચઢિયાતા એક એકથી શા જુદા ! ૧૩

ખીલતાં ખીલતાં શ્રદ્ધા રૂપે, રંગે અને રસે-
ઉન્મત્તતાથી ત્યાં શ્રદ્ધા મસ્તીથી કેવી નાચશે ! ૧૪

કેવી સોહામણી શ્રદ્ધા, સૌંદર્યભાવ ઑર છે,
શ્રદ્ધાનો દિલ ખીલેલો શો અનુપમ દિવ્ય તે ! ૧૫

• • •

## અધ્યાય-૭ : કદીક વજ્ર જેવી શી !

(અનુષ્ટુપ)

સાવધ, દક્ષ શ્રદ્ધા શી ચતુર, હેતુલક્ષી તે !
કેવી ચકોરતા **એની** ! ઉત્તમ સાવધાની છે,
શી વ્યવહારમાં પોતે મહત્ત્વ ધ્યેયને જ દે,
ને પરોવતાં લક્ષ હૈયામાં ધ્યેયને ચહે. ૧-૨

કદી તિતાલી ના થાય, મવાલી ના કદી થતી,
શ્રદ્ધાને કોઈ સંગાથે સરખાવાતી ના કદી.
શ્રદ્ધાને **એવી** સંપૂર્ણ જાણવા, પ્રીછવા હૃદે,
કોઈ ના શક્તિશાળી છે, **એવી** અજોડ જીવને. ૩-૪

તાકાતવાન સંપૂર્ણ દેખાડો ના કરે છતાં,
નિરાડંબરી સંપૂર્ણ **એનો** સ્વયંભૂ વેશ ત્યાં. ૫

જે કાળે વર્તવું યોગ્ય જેમ જેવા પ્રકારનું,
તેમ ત્યાં વર્તતી તેવું શ્રદ્ધાની એવી રીત શું ! ૬

જેમાં તેમાં બધાંમાંયે તે અતિશયતા ત્યજે,
શ્રદ્ધા જે ધ્યેયલક્ષી હો તે પ્રમાણે જ વર્તશે. ૭

શ્રદ્ધા પોતે ચહે તેનું કારણ યોગ્ય, જીવને-
-ઊંડે અવતરવા કેવું પોતે શું શક્તિવાળું છે ! ૮

ઉત્તેજિત ન **તે** થાય, ઉત્તેજિત છતાં થતી
-પોતાના ધ્યેયનાં કર્મે એકલક્ષી હૃદે રહી. ૯

ચકોર આંખ શ્રદ્ધાની, જાગૃતિ, સાવધાનીયે,
સાવચેતી પથે પાકી શ્રદ્ધા દૃઢાવતી પથે. ૧૦

નિરાલંબી શી શ્રદ્ધા છે, છતાં આધાર **एहने**-
-આપણા પર છે, તોયે શ્રદ્ધા છે જેમ, તેમ ર્હે. ૧૧

શ્રદ્ધા જેમાં વળે તેમાં ઊંડે ખૂંપ્યા કરે હૃદે,
ખૂંપીને હાર્દ જાણી લે શ્રદ્ધા શી હોશિયાર છે ! ૧૨

શ્રદ્ધા આશ્રય પોતાનો એકલાનો લીધા કરે,
બીજાના પર આધાર શ્રદ્ધા ના કદી રાખશે. ૧૩

શ્રદ્ધા શી એકલી માત્ર પરિવર્તનકારિણી !
તેથી તો ભાવભક્તિ શી ઉત્કૃષ્ટ સૌ પ્રકારથી ! ૧૪

એકાશ્રયી શી શ્રદ્ધા છે ! **एक**ને જ સ્તવે હૃદે,
જીવવા **एक**માં પૂર્ણ શ્રદ્ધાને હોંશ ખૂબ છે. ૧૫

આશરો આપવા શ્રદ્ધા સર્વ રીતે સમર્થ છે,
શ્રદ્ધાનો આશરો જેને તેના પોબાર જીવને. ૧૬

શ્રદ્ધાના બાહુમાં કેવી દૈવી છે શૂરવીરતા !
તેયે જ્યાં હારતાં પોતે પુકારે પ્રાર્થનાથી ત્યાં. ૧૭

શી પરાક્રમમાં શ્રદ્ધા ભડવીર મહાન છે !
સોએ સો જ ટકા સાચું શ્રદ્ધાની બાબતે જ તે. ૧૮

શાં ઘનઘોર વ્યોમે તો વાદળાં હો છવાયેલાં !
ચોમેર વ્યાપી અંધારું ત્યાં શ્રદ્ધા વીજળી સમી. ૧૯

શ્રદ્ધા શી કાલિકા જેવી મહારુદ્ર કદી બને !
સંહારી નાખવા કેવી તત્પરતા શી દાખવે ! ૨૦

કદીક વજ્ર જેવી શી, નિર્દય વળી **તે** કદી,
કદીક તે શી માયાળુ, કાળ, પ્રસંગ યોગ્યની. ૨૧

શ્રદ્ધા શી આપકર્મી છે ! સાતત્યે વર્તને જીવી,
પોતાનું ભાન પોતાને ઊંડું પ્રેરાવતી હૃદે. ૨૨

છે ભડવીર શ્રદ્ધા તો, પરાક્રમી સ્વરૂપ છે,
નમ્રતા શૂન્યથીયે શી, શ્રદ્ધાની કોઈ ઑર છે !
છે નિર્મોહી જ સંપૂર્ણ, શ્રદ્ધા શી નિર્વિકાર છે !
શ્રદ્ધા નિષ્કામ સંપૂર્ણ ઊર્ધ્વજીવનના પથે. ૨૩-૨૪

ઉભય કેવી સંપત્તિ દૈવાસુરની જીવને !
દૈવી સંપત્તિ શ્રદ્ધા છે, શ્રદ્ધા તો તારનારી છે. ૨૫

ચેતના છે ગતિશીલ સર્જનશીલ આપ છે,
ક્રિયાશીલ વળી પાછી ત્રિગતિ એકસાથ છે,
એવું શ્રદ્ધાનું સંપૂર્ણ ત્રિગતિવાળું તંત્ર છે,
ત્રિગતિ એકીસંગાથે વર્તાતાં, જય થાય છે. ૨૬-૨૭

● ● ●

## અધ્યાય-૮ : કાળે કાળે નવાં રૂપ

(અનુષ્ટુપ)

ટોકવી ના પડે **એને**, શ્રદ્ધા શી સ્વાવલંબી છે !
તે છતાંયે હલાવો તો હાલે, એવી **સ્વમાની** છે. ૧

પોતે શો ત્યાં જ પોતાને યોગ્ય ફેરવવાપણે
-તેવા તેવા પડે લેવા માર્ગ કેવા અનેકયે !
શ્રદ્ધાને તેવી વિદ્યાની હૈયાસૂઝ અપાર છે,
ધર્મ બજાવવા શૂરી શ્રદ્ધા જેવી ન કોઈ છે. ૨-૩

શ્રદ્ધા જીવંતી, તેજસ્વી ચમત્કારિક તે થતાં,
જીવન બદલાઈને સમગ્રે ફેરવાય ત્યાં. ૪

નિરાળો પંથ શ્રદ્ધાનો **एनी** ચાલ નિરાળી છે,
જીવનસર્જને પાછી શ્રદ્ધા મૌલિક કેવી છે ! ૫

શ્રદ્ધાની ભાત ને જાત કાળે કાળે જુદી જુદી,
એકધારી ન ક્યાંયે **ते** શી પ્રસંગ પ્રમાણે !
છતાંયે એકધારી છે લક્ષ્યના વર્તને સદા !
વિવિધતા છતાં કેવી શ્રદ્ધાના જીવને તદા ! ૬-૭

શ્રદ્ધા પોતે શી પોતાથી છુટકારો ન **ते** ચહે,
પોતામાં રહીને પોતે આગળે ધપવા મથે.
છતાં શાં રૂપ ને રંગ, રસ, શ્રદ્ધા શું ફેરવે !
એક હોવા છતાં પાછી દેખાયે **ते** બીજા રૂપે. ૮-૯

રસ, રૂપ અને રંગ શાં અનેક પ્રકારનાં !
શ્રદ્ધાના જીવને કેવાં કેવાં તે ફળતાં જતાં ! ૧૦

વત્તુંઓછુંય શ્રદ્ધામાં કદી કાળ થતું નથી,
કક્ષા કક્ષા પ્રમાણેનાં તેનાં રૂપ જુદાં વળી. ૧૧

શ્રદ્ધા પોતે પ્રકાશે છે આગવા નિજ રંગથી
-શ્રદ્ધા સ્વરૂપમાં નિત્ય એકધારી ન છે કદી. ૧૨

પોતાનાં રૂપને પોતે ધપતાં ધપતાં પથે,
તે તે તેવા તબક્કામાં બદલાવ્યા કરે ખરે. ૧૩

આધારે મૂળમાં શ્રદ્ધા સ્વભાવગત આપ છે,
જ્વલંત ચેતતી થાય ચેતાવાતી જ વર્તને. ૧૪

પોતાની મેળ તો શ્રદ્ધા આશરે આશરે પથે
-ધીમે ધીમે બઢી, લક્ષ્યે કેવી નિશાનબાજ છે ! ૧૫

અનંતાનંત શ્રદ્ધા છે, શ્રદ્ધાને અંત ના કદી,
ને પ્રત્યેક વળાંકે તો શી બદલાતી તે જતી ! ૧૬

કાળે કાળે નવાં રૂપ શ્રદ્ધા ધરતી જીવને,
એવી અનેકરૂપી તે, છતાં શી એકધારી છે ! ૧૭

પંથે નવી નવી શ્રદ્ધા નવાં નવાં રૂપ ધર્યાં કરે,
'બહુરૂપી' છતાં ના તે, પથાનુગામી કેવી તે ! ૧૮

મરે **તે** કેટલી વાર, છતાં પાછી જ જીવીને-
-ફરી બેઠી જ શી થાય ! કેટલા ખેલ તે પથે-
-કેવા રમાય શ્રદ્ધાથી ! કદીક ઊંઘતી નરી-
-દેખાયે છે, છતાં શ્રદ્ધા જીવતી હોય છે વળી. ૧૯-૨૦

ચાલે એકરીતે તોયે લેતાં તે ચાલ ત્યાં બીજી
-શ્રદ્ધા ના ખચકાયે છે, શ્રદ્ધા વિશ્વાસથી ભરી-
કેવો અખંડ વિશ્વાસ શ્રદ્ધાને નિજના વિશે !
કદી ના ઓટ આવે છે **એના** વિશ્વાસમાં પથે. ૨૧-૨૨

કરી નાખે જ શું મુગ્ધ શ્રદ્ધાને કોઈ, હોય જો-
સૌંદર્યની કળા માત્ર એકલી શક્તિશાળી તો.
કેવાં અદ્‌ભુત સૌંદર્ય ભવ્ય દિવ્ય પ્રકારનાં-
મુગ્ધ કરે, છતાં પાછી શ્રદ્ધા તેથી ચળાતી ના.
તેથી પ્રસન્નતા **તેને** વાધે શી જીવને તદા,
પ્રસન્નતા શી **એને** તો ઊતરાવે ઊંડે સદા ! ૨૩-૨૫

● ● ●

## અધ્યાય-૯ : શ્રદ્ધાનું કર્મસર્જન

(અનુષ્ટુપ)

જિજ્ઞાસાગ્નિ વિશે શ્રદ્ધા પોતે સાથ રહેલ છે,
જેને તેને જ અગ્નિથી શ્રદ્ધા જલાવવા ચહે,
શ્રદ્ધાથી જે ભરાયેલું પ્રત્યેક ડગલું પથે,
ખંત, ઉત્સાહ ને ધૈર્ય ઉદ્યમ, તેજયુક્ત છે. ૧-૨

કેવો ઉમંગ શ્રદ્ધાનો ! હર્ષ ઊછળતો હૃદે
-પ્રાપ્ત જે કર્મને પૂર્ણ **એને** છે કરવા વિશે ! ૩

આદરેલું પૂરેપૂરું પાર ઉતારવા ચહી
-પૂર્ણ તે કરવા માટે **એની** રીત અનેક શી ! ૪

'મળેલાં કર્મમાં હેતુ કેવી રીતે ફળાવવો',
પડે તે ગમ શ્રદ્ધાને, કળાબાજ શી **એવી** તો ! ૫

પોતાનામાં જ શી પોતે એકાકારપણે સદા-
-મળેલાં કર્મમાં મસ્ત પોતે કેવી રહે કર્યાં ! ૬

કહેવું ના પડે **એને**, ટોકવી ના પડે કદી,
પોતાનાં કર્મની **એને** પૂરેપૂરી પડી જ શી ! ૭

પાંસરી પૂર્ણ છે શ્રદ્ધા આડીઅવળી થાય ના,
કામ લીધેલું સંપૂર્ણ ઉન્મત્ત કરવા સદા. ૮

ગમે તેવો જ તોફાની પ્રચંડ વાયરો ભલે,
શી અણનમ શ્રદ્ધા ત્યાં પ્હાડની જેમ ઊભશે ! ૯

તે વેળાએ છતાં પાછી શ્રદ્ધા ચેતેલી જે હૃદે-
તેમાં ના અટવાવા દે, શ્રદ્ધા કુશળ એવી છે. ૧૦

કુનેહબાજ શ્રદ્ધા છે અનંત પથગામિની,
વ્યવસ્થાની કળામાં તો શ્રદ્ધા છે હોશિયાર શી ! ૧૧

જે તે જિવાડવામાં શું શ્રદ્ધાનું કર્મસર્જન !
શ્રદ્ધાથી ઊપજેલું તે ઉત્તમમાં શું ઉત્તમ ! ૧૨

● ● ●

## અધ્યાય-૧૦ : પોતે સ્વતંત્ર શ્રદ્ધા છે

(અનુષ્ટુપ)

આપમતલબી શ્રદ્ધા બીજે ના ડોકિયાં કરે,
શ્રદ્ધા એવી જ એકાગ્ર ધ્યેયે થયેલી, માનજે. ૧

શ્રદ્ધા સ્વાશ્રયી સંપૂર્ણ મળ્યું તેમાં જ જીવને-
-એકતારે થતી કેવી ! ગ્રહવા સાર તત્પરે. ૨

જેવી તેવી ન છે ઓથ શ્રેયાર્થીને જ જીવને,
તે જોરદાર કેવી છે ! આવે ના ખ્યાલમાં જ તે. ૩

શ્રદ્ધા ભરખી લેવાને જે તે જીવનનું બધું-
જે જે અશુદ્ધ છે તેને, પ્રત્યક્ષ યજ્ઞરૂપ **તે**. ૪

જીવન પાકવા યોગ્ય જે જે મળ્યા પથે કરે,
ત્યાં જે તારવવા યોગ્ય શ્રદ્ધાને છે કળા ખરે. ૫

શ્રદ્ધા સમર્થ સૌ વાતે **એને** અજાણ્યું ના કશું,
શ્રદ્ધાની શક્તિ છે યોગ્ય વર્તવા સર્વ રીતનું. ૬

સચેતનપણું કેવું શ્રદ્ધાનું મૂળગુંય તે
-અનન્ય આગવું શું તે ! વર્તતાં ઓળખાય છે. ૭

રચનાત્મક શ્રદ્ધા છે સાધનાવિષયે સદા,
ઉત્થાનનું પરિણામ શ્રદ્ધાથી નીપજે સદા. ૮

શી પાણીદાર શ્રદ્ધાની તેજ છે ધાર જીવને !
તલવારની જેવીથી ધાર તે વધુ તેજ છે. ૯

શી નિરાગ્રહી શ્રદ્ધા છે સંપૂર્ણ સર્વ બાબતે !
નિરાગ્રહ થયા વિના ના મુલાયમતા ઊગે. ૧૦

શી મુલાયમ પાછી **તે** કોમળ પુષ્પથીય છે,
તેને લીધે ઘડાવાને યોગ્યતાયુક્ત હોય છે. ૧૧

અનેક જાત ને ભાત, શ્રદ્ધાનાં તે અકલ્પ્ય છે,
પ્રયોગે આવતાં તે, તે તેમ શાં ઓળખાય છે ! ૧૨

પોતે સ્વતંત્ર શ્રદ્ધા છે પોતાને સૂઝતું કરે,
આદર્શ ભાવનાની છે શ્રદ્ધાને સૂઝ અંતરે. ૧૩

શ્રદ્ધાના **પ્રાણ** તેજસ્વી સદા જ્વલંત તેજ રહે,
વિઘ્ન ને કોયડા વિશે શ્રદ્ધા શી અણીદાર છે ! ૧૪

કોઈક વાર શ્રદ્ધાયે ત્યાં ભેરવાઈ જાય છે,
શ્રદ્ધાને કાઢવી ત્યાંથી શ્રદ્ધા, શી તે અનન્ય છે ! ૧૫

મઠારી ના શકે કોઈ શ્રદ્ધાને કોઈ પેરથી,
એ તો શી જેવી ને તેવી પોતે આપ પ્રકાશતી ! ૧૬

પડકારી શકાયે ના શ્રદ્ધાના અધિકારને,
શ્રદ્ધા પાવરધી પૂર્ણ પોતાના સૂક્ષ્મ વિષયે. ૧૭

શ્રદ્ધા માતા, પિતા, મિત્ર, શો સહોદર, બંધુયે !
ગરજ સર્વની સારે શ્રદ્ધા એવી મહાન છે. ૧૮

વસ્ત્રો નવાં નવાં કેવાં શાં સુશોભિત જીવને
-શ્રદ્ધા ધરે ! વળી પાછાં ધરે એનાંથી ભવ્યયે ! ૧૯

શ્રદ્ધાને આપખુદી ના, બક્ષે સ્વતંત્રતા પથે,
શ્રેયાર્થીની જ ઇચ્છાની પરે તે છોડી મૂકશે. ૨૦

ઉચ્ચ જીવનની સીડી જીવનને ચઢાવવા,
શ્રદ્ધા શી પ્રાણવાળી છે ઉત્સાહિત શી તત્પરા ! ૨૧

ભજવે ભાગ જે શ્રદ્ધા કેવો નક્કર જીવને,
ભાંગી ભૂકો ન તે થાય, અમૃત ચિરંજીવી તે. ૨૨

• • •

# અધ્યાય-૧૧ : શી સંતાયેલ મા ગૂઢ !

(અનુષ્ટુપ)

રસના કેંદ્રને તેવા જેણે અનુભવ્યું હૃદે,
બધા મૂંગા રહે કેવા ! કોઈ વર્ણવી ના શકે. ૧

એક જ લટકે માત્ર મોહી શા કેટલા પડ્યા !
પછી કેવા થયા મુગ્ધ ! શા એકાકાર તે થયા ! ૨

સર્વતામાં રહેલી **મા**, તોય કો' જાણતું નથી,
**મા**ની એવી લીલામાયા દે અજ્ઞાને શું છાવરી ! ૩

શી સંતાયેલી **મા** ગૂઢ ઢાંકેલ મુખ ઘૂંઘટે,
એવા શા ઘૂંઘટા **મા**ના છવાયેલા જ મુખપે ! ૪

• • •

હરિઃૐ

# ખંડ-૪ : પ્રમાણ

## અધ્યાય-૧ : જીવતું ભાન પ્રત્યક્ષ

(અનુષ્ટુપ)

જીવને મૂળમાં જે છે શ્રદ્ધા, તેના પરત્વેની-
-ઊગે છે સૂઝ મેળે, જે નકારે કોઈને નહીં. ૧

'નિર્માયું ભાગ્યમાં જે છે તે તે થવાનું નિશ્ચિતે',
શ્રદ્ધા તો માનીને તેવું જોડી હાથ ન બેસી ર્‌હે.
'પોતાનામાં પડેલી છે શક્તિ કેવીય દુર્લભ-
ભાગ્યને પલટાવાને' માને **તે** તેવું નિશ્ચિત. ૨-૩

ખોળામાં માથું ઘાલીને, નિરાશ વદને કદી,
બેસી રહેવું શ્રદ્ધાને હૈયે પાલવતું નથી. ૪

જીવંતું ભાન પ્રત્યક્ષ શ્રદ્ધાને ર્‌હેવું શું ઘટે !
તેથી તો જાગૃતિ હૈયે શ્રદ્ધાને દિલ રૈ' શકે. ૫

શ્રદ્ધાના ઉપદેશોથી પ્રવચનાદિથી જલે,
તેવા વર્તન અભ્યાસે શ્રદ્ધા અગ્નિ શી પ્રજ્વલે ! ૬

શ્રદ્ધા માતાનું તેવું છે, આપવા કામ તત્પરે,
આપણા પર આધાર છતાં પાછો રહ્યા કરે. ૭

શ્રદ્ધા પોતે ન બેસે છે, બેસવા દે ન નિજને,
સદા ઉદ્યમશાળી તે ધ્યેયે પ્‌હોંચાડવા મથે. ૮

શ્રદ્ધા શી એકલક્ષી છે ! એકના એક તાનમાં-
-ધ્યેયની ધૂનમાં પોતે શી એકાકાર દિલમાં ! ૯

કશુંયે ના ભૂલે પોતે, સૌ એની આંખમાં જ છે,
કશું છટકી ના જાય શ્રદ્ધાના લક્ષમાંથી તે. ૧૦

વફાદારી શી સંપૂર્ણ ! ચહેલા ધ્યેય માટ તે,
શ્રદ્ધા કેવી દૃઢાવે છે ! ચળે છે પથથી ન તે. ૧૧

વિલંબ નવ પોષાય શ્રદ્ધાને કોઈ પેર તે,
નકામો કાળ ના ખોવે ઉપયોગ વિના પથે. ૧૨

શ્રદ્ધાની યોજના, તેને બુદ્ધિ પોતે કળે ન તે,
પોતે જ એકલી જાણે, વર્તે પોતે પ્રમાણ તે. ૧૩

ગમે તેમ થતું હોય આડુંઅવળું ઊંધુંયે,
ચોંટાડી તોય રાખે છે શ્રદ્ધા શ્રેયાર્થીને પથે. ૧૪

અજાણ્યો માર્ગ કોઈ ના શ્રદ્ધાને જીવને ખરે,
અજાણ્યો પંથ છે, તોયે પોતે તે શોધીને ઠરે. ૧૫

શ્રદ્ધા જાગેલી છે તેનું ભાન મેળે થઈ જતું,
કૂદકેભૂસકે તેનું પથે શું ઊડવું થતું ! ૧૬

જ્યાં એકાગ્ર થવાનું છે, કેંદ્રિત દિલમાં થતાં,
શ્રદ્ધાનો ઝબકારો શો ભભૂકી ઊઠતો તદા ! ૧૭

જીવને મૂળમાં જે છે શ્રદ્ધા, તેના પરત્વેની
ઊગે છે સૂઝ મેળે, જે નકારે કોઈ તે નહીં. ૧૮

શ્રદ્ધા જામેલી, તેનું તો રસ પ્રત્યક્ષ લક્ષણ,
જાગંતાં રસ, કેવું તે ધપાતું વેગીલું પથ ! ૧૯

ઉચ્છૃંખલ થતી ના તે શ્રદ્ધા પોતે કદી ખરે,
ચૂકે વિવેક શ્રદ્ધા ના, દક્ષ જીવનવર્તને. ૨૦

થતો જો ના પુરુષાર્થ શ્રદ્ધાના ભાવથી ભર્યો,
'શ્રદ્ધા કાચી પડેલી તે જીવને', એમ માનવું. ૨૧

ધાર્યું હો ચાલવું જેવું તેમાં શ્રદ્ધા જીવંત છે,
જેમાં તેમાં બધા વિશે શ્રદ્ધાનો સાથ નિત્ય છે. ૨૨

શ્રદ્ધાનું ભાન જાગંતાં તેની ખબરદારી તે,
ટકોરાબંધ પ્રત્યક્ષ ભાવ જગાડતી હૃદે,
જીવને ભાવ વર્ધંતો જીવંત લાગતાં પથે,
પ્રમાણ તે જ પ્રત્યક્ષ આવતું શું અનુભવે ! ૨૩-૨૪

શ્રદ્ધા વિશ્વાસ રાખે છે ગમે તેમ ભલે થતાં,
ન **તે** વિશ્વાસ મૂકી દે વેતરાતાં ઊંધું છતાં,
છે કરવાનું તો સિદ્ધ **आज** કે **काल** નિશ્ચયે,
તેથી મંડ્યા રહેવાનું એકધારાપણે પથે. ૨૫-૨૬

શ્રદ્ધાનો આશરો જે કો' જે હેતુ ભાવથી લહે,
શ્રદ્ધા તેને જ તે રીતે આપતી સાથ નિશ્ચયે,
શ્રદ્ધામાં જે રહે લીન પૂરેપૂરો જ જીવને,
ધ્યેયને પામવા તેનું ત્યાં એકાકાર ધ્યાન છે. ૨૭-૨૮

કોઈ હુકમ કોઈના શ્રદ્ધા લેતી નથી કદી,
**તેને** ઊગેલું તે **તેને** આવે છે ખપમાં તહીં. ૨૯

ભાળે છે કેવું શ્રદ્ધા તો આરપાર જ સોંસરું !
ધ્યેયને સ્પર્શવા શ્રદ્ધા નીરખે તાકી તાકીને. ૩૦

શ્રદ્ધા ના ઊંઘતી સ્હેજે શ્રદ્ધા જાગૃત નિત્ય છે,
પોતે પોતામહીં રાચી જાણે છે ચઢવાનું તે. ૩૧

નિદ્રા શરીરને તો છે, શ્રદ્ધાને ઊંઘ ના જ છે,
શી સાવધાન શ્રદ્ધા છે સર્વ પરિસ્થિતિ વિશે ! ૩૨

શ્રદ્ધા જીવનમાં ઊગે જો હોય, પછી તો પથે-
-ચલાવ્યા તે વિના ના ર્હે, તેવો શ્રમ કરાવશે. ૩૩

અગાઉથી કદી શ્રદ્ધા ઇચ્છા ના જાણવા કરે,
જાણવાની પડી ના છે શ્રદ્ધાને, મસ્ત પૂર્ણ તે. ૩૪

પોતાના ધર્મનું ભાન જીવતું જાગતું રહે-
-આઠે પ્હોરે જ શ્રદ્ધાને, શ્રદ્ધા જાગૃત એવી છે. ૩૫

વ્યવહારનું શ્રદ્ધાને યોગક્ષેમનું જીવને-
-પૂરેપૂરું જ સંપૂર્ણ જ્ઞાન અદ્‌ભુત હોય છે. ૩૬

શ્રદ્ધાની પર સંપૂર્ણ જેનું જીવન હોય છે,
શ્રદ્ધા જીવન તેવાનું રહે સંભાળતી પથે. ૩૭

શ્રદ્ધા ના અમથું બોલે, બોલે તે પાળતી ખરે,
શ્રદ્ધાનો આશરો લેતાં જીવંતી સુરખી શી છે ! ૩૮

યદ્વાતદ્વાપણું ક્યાંયે કશા વિશે ન **एनुं** છે,
છે પ્રકટેલી શ્રદ્ધા જો, તેનું લક્ષણ એવું છે. ૩૯

નિરાડંબરી શી શ્રદ્ધા ! કેવી દૃઢ મનોબળે !
એના જેવો ન કોનોયે આત્મવિશ્વાસ જીવને. ૪૦

ગુરુ શો એકલો માત્ર શ્રદ્ધાને કોઈ હોય જે,
શ્રદ્ધા પોતે જ પોતાનો ગુરુ છે યોગ્ય જીવને. ૪૧

શ્રદ્ધાને આવડે કેવો ઉકેલ કાઢતાં બધો,
શ્રદ્ધા પોતે જ પોતાનો જીવને ગુરુ યોગ્ય શો ! ૪૨

પોતે પોતા વિશે હૈયે નિશ્ચયી ટેકવાળી છે,
માથું મૂકે ભલે, કિંતુ મૂકે નાક કદી ન તે. ૪૩

શ્રદ્ધા કેવી જિવાડે છે પ્રેરાવી પ્રાણ જીવને !
અનેક વાર તે મૃત્યુ પમાડીને જિવાડશે. ૪૪

શ્રદ્ધાથી **પ્રાણ** જન્મે છે જીવને પુરુષાર્થમાં,
**પ્રાણ** જાગેલ યત્નોમાં રસ કેવો કરે ઝર્યાં ! ૪૫

સમર્પણ, ફનાગીરી, શ્રદ્ધાનાં અંગ જીવને,
શ્રદ્ધાના ભાવથી કેવાં ફળ્યાં સહજ તે કરે ! ૪૬

સધાય પ્રગતિ કેવી શ્રદ્ધા તે પરત્વેનું-
હૈયે લક્ષ્ય પૂરેપૂરું શ્રદ્ધાથી તો રખાય શું ! ૪૭

અસ્તિત્વ જીવને જેવું શ્રદ્ધા તેમાં ખચીત છે
તેનો સ્વીકાર સૌનાથી નિશ્ચે થતો રહે હૃદે. ૪૮

જે જે અસ્તિત્વ, તે સૌનાં મૂળમાં કોઈ તત્ત્વ છે,
શ્રદ્ધા શી તે વિશે સ્હેજે જાગે છે સર્વના દિલે ! ૪૯

અસ્તિત્વને સ્વીકારે છે શ્રદ્ધા સહજ મેળયે,
કરે સ્વીકાર શ્રદ્ધા શી લેવા ઊંચે ચહ્યા કરે ! ૫૦

જીવે પોતાથી શી શ્રદ્ધા ! શ્રદ્ધાનો જન્મ ના થતો,
શ્રદ્ધાનું મૂળથી કેવું અસ્તિત્વ આપમેળ તો ! ૫૧

જીવન પુષ્ટ શ્રદ્ધાથી થયા કરતું કેવુંયે !
શ્રદ્ધા છે જેવી, તેવા તો આપણે થઈએ છીએ. ૫૨

સાવચેતી, તકેદારી, જાગૃતિ, સાવધાનીયે-
જીવતી જાગતી શ્રદ્ધા રખાવે ધ્યેયની હૃદે,
કામ કરી રહેલી છે ત્યારે શ્રદ્ધા પ્રમાણવી,
શ્રેયાર્થીને પથે શ્રદ્ધા એ રીતે નિત્ય પોષતી. ૫૩-૫૪

એકવાર જ શ્રદ્ધાનો પીછો જેણે લીધેલ છે,
તેને શી જીવને પાકી શ્રદ્ધાની જાણકારી છે. ૫૫

જિજ્ઞાસાય વહે, ઊગી શ્રદ્ધાનાં મૂળ સ્રોતથી,
છૂપી છોને ભલે શ્રદ્ધા છતાં વર્તાય આપથી. ૫૬

શ્રદ્ધા તે પાંગળી ના છે પાંગળાં આપણે છીએ,
પહાડો ને પહાડોયે શ્રદ્ધા ઓળંગી તે જશે. ૫૭

શ્રદ્ધા તે એકલો છૂટો શ્રેયાર્થીને મૂકી ન દે,
છે ચિરંજીવી તો સાથ શ્રદ્ધાનો ભાવ જીવને. ૫૮

• • •

## અધ્યાય-૨ : પોતાનાં કર્મમાં મગ્ન

(અનુષ્ટુપ)

જેવી મહત્ત્વ આકાંક્ષા જીવનધ્યેયની હ્દે
-તીવ્ર ભભૂકતી હોય તો શ્રદ્ધા, તે પ્રમાણ છે. ૧

ચલાવો જેમ શ્રદ્ધાને જેવું ઉઠાડવી ચહો
-શ્રદ્ધાને, જીવને તેવું શ્રદ્ધા કરે જ ચાલવું. ૨

શ્રદ્ધાના ભાવનો ઊગ્યો જે ફણગો ખરેખરો
-નીકળી સોંસરો કેવો તે આરપાર શો જતો ! ૩

ક્લેશ, કંકાસ શ્રદ્ધાના મૂળ સ્વભાવમાં નથી,
અયોગ્યનો કરાવે તે ત્યાગ સંપૂર્ણ દિલથી. ૪

શ્રદ્ધાને કોઈ શત્રુ ના, સદ્ભાવ સર્વ સાથ છે,
જેમાં ના ગમવું યોગ્ય, સદ્ભાવે વેગળી રહે. ૫

જેનું અસ્તિત્વ શ્રદ્ધાને મૂળથી જ સ્વીકાર્ય છે,
તેનામાં ભાવથી શ્રદ્ધા સંપૂર્ણ ઓતપ્રોત છે. ૬

શ્રદ્ધાને મથવામાં શો ભારે રસ પડ્યા કરે !
રસને કારણે શ્રદ્ધા ઊંડી ને ઊંડી ઊતરે. ૭

ચઢઊતર શ્રદ્ધાની માત્રામાં તે થયા કરે,
બુઝાવાની અણી ટાણે શ્રદ્ધા શી પાછી તે દીપે ! ૮

શ્રદ્ધામાં આત્મવિશ્વાસ જીવંત જેટલો હ્દે,
તેટલો કોઈનામાં તો હોય ના કદી જીવને. ૯

'શ્રદ્ધા છે પડખે', જાણી પુરુષાર્થથી જીવન
-ઘડે ખંતે, થતું તેનું અંતે તો દિવ્ય જીવન. ૧૦

ભુલાવામાં પડાતાં જ્યાં શ્રદ્ધાને જાગતાં જરી
-કશી ના વાર લાગે છે, **एनी** ચેતનતા ખરી. ૧૧

ના આખડતી શ્રદ્ધા તો વળી બાખડતી નથી,
ક્લેશ, કંકાસ શ્રદ્ધાને કશાનો તે કશો નથી. ૧૨

પરિવર્તન, શાંતિ ને શું સમાધાન-**आ** ત્રણ
-શ્રદ્ધાનાં લક્ષણો તે છે, તે સાથે શાં બીજાંય છે ! ૧૩

શ્રદ્ધાયે બદલાયે છે આગળે ધપતાં જતાં,
ઊતરતાં ઊંડે ઊંડે શ્રદ્ધા શી આપ ! આપમાં. ૧૪

શ્રદ્ધાથી કર્મ જે થાય, તે કર્મ જડ ના કદી,
શ્રદ્ધાથી વ્યક્ત જે થાય સર્જના જ શી આગવી ! ૧૫

છતાં પાછી ન શ્રદ્ધાને પરિણામની ઝંખના,
પરિણામ વિના ઝંખ્યા શ્રદ્ધા શી દોડતી સદા ! ૧૬

અણગમો ન તે પ્રત્યે શ્રદ્ધાને ગમતું ન છે,
ઈર્ષ્યા, દ્વેષ, ન શ્રદ્ધાને જીવને કોઈના વિશે. ૧૭

શ્રદ્ધા જીવનમાં પોતે ક્યાં ક્યાં **ते** ડોકિયું કરે,
પોતાને જે સૂઝેલું તે આપણને બતાવશે. ૧૮

ઉધામા ના કશાયે છે શ્રદ્ધાને જીવને ખરે,
છતાં પાછી પ્રયત્ને ર્‌હે એના જેવી ન વીર છે. ૧૯

શ્રદ્ધા ખોવા જ જેવું જે નાખે તત્ક્ષણ ખોઈ તે,
ખોટ ખાવાનું તો શ્રદ્ધા જાણતી ના જરી પથે. ૨૦

વિચારે એકના એક શ્રદ્ધા રખાવશે હૃદે,
શ્રદ્ધા પોતાનું ધારેલું પાર શું પાડવા મથે ! ૨૧

કેંદ્રિત કેવી એકાગ્ર પોતાના લક્ષ્યમાં રહે !
લક્ષ્યને વીંધવા નિત્ય મથ્યા કેવી કરે હૃદે ! ૨૨

જીવને ભાળવાનું જે તેવાં તે કર્મમાં સદા,
શ્રદ્ધા કેવાં દઢાવે છે વલણ, વૃત્તિ, દષ્ટિ ત્યાં ! ૨૩

શ્રદ્ધા બોલે ન ચાલે છે, શ્રદ્ધા કરી બતાવશે,
શ્રદ્ધા, શ્રદ્ધાતણા કર્મે પ્રવેશાવી તરાવશે. ૨૪

પોતાનાં કર્મમાં મગ્ન શ્રદ્ધા સંપૂર્ણ લીન છે,
આડેતેડે જવા જોવા **એને** ના અવકાશ છે. ૨૫

વર્તતી જીવને શ્રદ્ધા જ્યારે સક્રિય હોય છે,
તેની તે ચાલમાં ત્યારે ભૂલથાપ ન કૈં થશે. ૨૬

શ્રદ્ધામાં શક્તિ જીવંતી પ્રત્યક્ષ કર્મવર્તને,
એને અનુભવાયે છે એમાં ના કલ્પના કશે. ૨૭

જીવને કેવી પ્રત્યક્ષ ! શ્રદ્ધા વર્તતી વર્તને,
વિકાસ થાય જેનાથી પ્રેરાવે કર્મ તે વિશે. ૨૮

કશું ગુમાવવું સૂહેજે શ્રદ્ધાને પાલવે ન છે,
માત્ર કમાવી લેવું તે કળા શ્રદ્ધાની જીવને. ૨૯

ઉપભોગ કરે છે ના તે કશાનો જ જીવને,
શક્તિનું જોશ શ્રદ્ધાનું મોળું ભોગવતાં બને. ૩૦

નકામું ના જવા દે છે શ્રદ્ધા કશુંય જીવને,
ઉપયોગ વિના બીજું શ્રદ્ધા જાણતી ના પથે. ૩૧

ભીંસાતી ના કદી શ્રદ્ધા, શ્રદ્ધાનું મન મોકળું
-જેમાં તેમાં બધાંનામાં, ભલે હો કશું કારમું. ૩૨

કેવી છે નબળાઈઓ ઊડવા જે ન દે પથે !
તોયે ત્યાં ધપવાને શાં ઉત્સાહ પ્રેરણા હૃદે ! ૩૩

શ્રદ્ધાને દિલ જ્યાં કૈંક ખટકે, ત્યાં ઊભી તે ર્‌હે,
ત્યારે શી કૂદવા શ્રદ્ધા શીઘ્ર તત્પર થાય તે. ૩૪

શ્રદ્ધા બૂમબરાડા તે મારવા જાણતી નથી,
છાનીમાની કરે કેવી પોતાનું કર્મ આપથી ! ૩૫

શ્રદ્ધા બૂમબરાડા ના ખાલી તે સાવ પાડશે,
રોકડું નાણું શું આપે કામ, શ્રદ્ધા શું તેવી છે ! ૩૬

શ્રદ્ધા સદાય પોતાનાં બાવડાં પર તો જીવે,
નમાલી ના કદી શ્રદ્ધા જિવાડ્યા કરતી પથે. ૩૭

એક યત્ને ફવાતાં ના બીજા યત્ન કરે તદા,
શ્રદ્ધાનો ફાવવાકેરો ગુણધર્મ જ નિત્ય છે,
કશાથીયે દબાતી ના ધૈર્ય એનું અપાર છે. ૩૮

અગાઉથી ન જાણે છે શ્રદ્ધા, તે કેમ વર્તવું ?
ડગલું ભરવાના, તે કાળે એને સૂઝે ખરું. ૩૯

નામર્દ તે થવા ના દે, પડાતાં નબળું પથે,
શ્રદ્ધા સાહસ પ્રેરાવી પાછા ઊંચા કરે પથે. ૪૦

શો રણકાર શ્રદ્ધાનો પડાતાં પાછું જીવને !
પ્રેરી હિંમત તે વેળા પાછા ટટાર શા કરે ! ૪૧

સૌજન્ય શું શ્રદ્ધાનું ! છતાં તે તોળી તોળીને,
પારખી પારખી લૈને શ્રદ્ધા સ્વીકારતી જ તે. ૪૨

શ્રદ્ધા ત્યારે જ મૂકી દે જે હઠીલું, ન માનશે,
ના આવકાર, સ્વીકાર ના, શ્રદ્ધાને ખપે ન તે. ૪૩

ચાલવું ઢીલું ઢીલું તે **एने** પોષાતું કૈં નથી,
છે સ્વભાવથી શ્રદ્ધા તો કડક વજ્ર દિલથી. ૪૪

કેવી અનુભવે આવે શ્રદ્ધાની શૂરવીરતા !
વજ્રના બાણની પેઠે શ્રદ્ધા નિષ્ફળ જાય ના. ૪૫

શ્રદ્ધા જેને વરેલી છે તેનાં લક્ષણ ઑર છે,
પડે પાછો કશાથી ના, જ્યાં ત્યાંથી સોંસરો જશે,
**ગુણો** ને **ભાવ** શ્રદ્ધાના પ્રમાણના જ જીવને
-જો તેવા વિકસેલા હો સાચી શ્રદ્ધા પ્રમાણજે. ૪૬-૪૭

શ્રદ્ધા સ્પર્શ રખાવે છે જેની સંગાથ જીવને,
શ્રદ્ધા સ્પર્શથી શું સૂક્ષ્મ લે છે પારખી આપ તે ! ૪૮

પ્રવર્તતી જ શ્રદ્ધા હો જીવને જે નિરંતર,
શ્રદ્ધા શી પલટાયે છે નિષ્ઠામાં પૂર્ણ અંતર. ૪૯

છતાં તે પાછી શ્રદ્ધા તો ચાલે પોતાની મેળ ના,
ગૂંચળું વળીને પોતે નિરાંતે સૂતી હોય ત્યાં ૫૦

કોઈએ જાતનો **એને** અજંપો ક્લેશ છે જ ના,
વળી મુક્ત વિહારી શી પોતાના તે પ્રદેશમાં. ૫૧

શ્રદ્ધાને ભારરૂપે કૈં કશા વિશે ન લાગતું,
હળવું હળવું ર્‌હેવું કર્મ તેના સ્વભાવનું. ૫૨

ઉત્તમોત્તમ જે સત્ત્વ ભલે મળેલ જીવને,
શ્રદ્ધા સંઘરવાનેયે ક્યારેય ચાહતી ન છે. ૫૩

શ્રદ્ધાનો ઊપજ્યો ભાવ ચેતનાત્મક જીવને-
-વર્તાતો જો ન પ્રત્યક્ષ, તેમાં તો ક્યાં ખામી છે. ૫૪

શ્રદ્ધા ત્યારે શું આપે છે કામ દિવ્ય પ્રકારનું !
કલ્પનાતીત તે હોવા છતાં, અનુભવાતું શું ! ૫૫

● ● ●

## અધ્યાય-૩ : ચીલો ના એક શ્રદ્ધાનો

(અનુષ્ટુપ)

શ્રદ્ધા કદી ભૂલે છે ના, ચૂકે છે કોઈ વાર ના,
એકાગ્ર, નિત્ય કેંદ્રિત રહેવાનો સ્વભાવ ત્યાં. ૧

થવા વિકાસ શ્રદ્ધાને લેવા પડે અનેકયે,
-માર્ગ કેવા જુદા જુદા ! જે કાળે યોગ્ય તે ગ્રહે. ૨

ગૂંચળું વળી ના શ્રદ્ધા કશાનામાં પડી રહે,
જેમાં તેમાં ગળી, કેવી નીકળી તે જવા ચહે ! ૩

જોરદાર શી શ્રદ્ધા છે ! તે પાણીવાળી ઑર છે,
પાણી **एने** ચઢાવાને મૂલ્ય ચૂકવવું પડે. ૪

શ્રદ્ધા પોતે ઊઠી, બેઠી થૈ કસી વળી કમ્મરે,
પોતે તત્પરતા કેવી જે તે બાબત દાખવે ! ૫

ખમીર ને ખુમારી જે શ્રદ્ધાથી વર્તતાં પથે
-જીવને તે પ્રવર્તે છે, એથી **ते** છતી થાય છે. ૬

લીધેલાં કર્મમાં પોતે એકાગ્રે શી રહ્યા કરે !
શ્રદ્ધાનું ધ્યાન તો કેમે આડેતેડે જતું ન છે, ૭

સદા ઉદ્યોગી, ખંતીલી, નિશ્ચયી, શક્તિશાળી શી !
શ્રદ્ધા પોતે સદા કેવી જીવંતી ધ્યેયમાં વળી ! ૮

સર્વદા કેવી જીવંત શ્રદ્ધા કાળજીયુક્ત છે !
શી વ્યવસ્થિતિ જન્માવે શ્રદ્ધા તો આપ જીવને ! ૯

ઉપયોગે જ લેવાથી શ્રદ્ધાનું જ્ઞાન વર્તતું-
-જીવને, કેવી રીતે તે આપમેળે જણાય છે. ૧૦

ન્યાયાધીશ બને છે ના શ્રદ્ધા પોતે કશાયના,
તોળવાને ન બેસે છે શ્રદ્ધા તો આપમેળથી,
છતાં વિવેક શ્રદ્ધાને જીવતો જાગતો હૃદે,
યોગ્યાયોગ્યતણો ખ્યાલ મેળે તેને છતો થશે. ૧૧-૧૨

ક્રિયાશીલ ઠરેલી ને શ્રદ્ધા વર્તતી જીવને,
**तेने** સંકલ્પ વિકલ્પ ઊઠે છે વર્તતાં ન તે. ૧૩

અગ્નિ જે જીવને કેવો શ્રદ્ધાથી પ્રગટેલ છે !
બુઝાઈ જાય કેમે ના, પ્રજવલ્યા શો કરે હૃદે ! ૧૪

શી નોખી નોખી છે ચાલ શ્રદ્ધાની જીવને પથે,
'ક્યારે ને ચાલશે કેમ ?' કહેવાયે ન નિશ્ચિતે. ૧૫

કદીક ચાલ એની તો ધીમી ધીમી બહુ જ છે,
વળી ગતિ ત્વરાવાળી અત્યંત શી કદીક છે ! ૧૬

ચીલો ના એક શ્રદ્ધાનો, વિકાસ થાય જે રીતે-
-તે રીતે ચાલતી પોતે, શ્રદ્ધા શી જ્ઞાની તે વિશે ! ૧૭

કદીક ભેરવાતાં તે એનો વિશ્વાસ ના તૂટે,
જેમાં તેમાંથી શ્રદ્ધા તો નીકળે આરપાર તે. ૧૮

ટૂંટિયું વાળી તો શ્રદ્ધા કદી પડી રહેતી ના,
ને નવરાશ શ્રદ્ધાને એમ ને એમ છે જ ના. ૧૯

બગાસાં મારવા શ્રદ્ધા જાણતી ના કદી પથે,
પથે ઉત્સુક, ઉદ્યંત, ખંતીલી નિત્ય ઉદ્યમે. ૨૦

કોઈ પગલું ક્યારે **તે** લેશે, કે'વાય છે ન તે,
શ્રદ્ધાનું એવું વિજ્ઞાન એકલી જાણતી જ તે. ૨૧

કેટલી વાર તો શ્રદ્ધા ધીમે ધીમે શી તે ધપે !
કોઈક વાર શી શ્રદ્ધા સફાળા કૂદકા ભરે ! ૨૨

**તે** વર્તાવ્યા વિના રહે ના શ્રદ્ધા માથાફરેલ છે,
મનાવવા જ શ્રદ્ધાની કને ચાવી અનેક છે. ૨૩

શ્રદ્ધાને કોઈ રસ્તાની સૂઝ ના એવું કૈં ન છે,
બધું જાણે છતાં પાછું જાણે તે જાણતી ન છે ! ૨૪

શકે જે થઈ શ્રદ્ધાથી તેવું કો'થી ન થૈ શકે,
શ્રદ્ધાબળે જિતાયે છે, શ્રદ્ધાબળે ઉઠાય છે. ૨૫

નિર્બળ કોઈ રીતે ના શ્રદ્ધા જીવનમાં કશી,
અજુગતાનેય શ્રદ્ધા તો શુદ્ધ સોનું કરે ખરી. ૨૬

છે અસ્વીકાર્ય શ્રદ્ધાને, શ્રદ્ધાને જે અયોગ્ય છે,
ખાઈ ના તે શકાયે છે ખાવાને જે અયોગ્ય છે. ૨૭

શ્રદ્ધા પોતાની રીતે તે ચાલે વર્તે શી નિયમે !
**एना** નિયમનો પાછો આધાર એની ઉપરે,
ચલાવો તો જ ચાલે તે બાકી સુષુપ્ત સાવ તે,
ઉત્કટ ઝંખના અગ્નિ ધરાવ્યે, તો સશક્ત છે. ૨૮-૨૯

એકમાં જેમ તે વર્તે, શ્રદ્ધા કર્મ બીજા વિશે,
ચાલશે તેમ તે રીતે એવું નિશ્ચિત ના કશે,
શ્રદ્ધાની ચાલ શી જુદી જુદી કર્મ બધાં વિશે !
એકની એક તે ચાલ શ્રદ્ધાની નવ હોય છે. ૩૦-૩૧

વિરામ છે ન શ્રદ્ધાને, છતાં અખંડ વિરામ છે,
શ્રદ્ધા શ્રદ્ધાથી પ્રિછાય, અખંડ ભાવથી હૃદે. ૩૨

• • •

# અધ્યાય-૪ : ફના પૂરેપૂરું થવા

(અનુષ્ટુપ)

લેવાઈ ના જતી શ્રદ્ધા કોઈ પ્રસંગમાંય તે,
દેખતી તે રહી જ્યાં ત્યાં, યોગ્ય શી કાર્ય સાધવે ! ૧

બાકી તે મથવામાં તો કોરું કશું ન રાખશે,
શી ફનાગીરી સંપૂર્ણ વ્હોરતાં હર્ષ ઊછળે ! ૨

શ્રદ્ધા મરજીવી પોતે શ્રદ્ધા યાહોમ જીવને
-કરાવી, ભૂસકો કેવો ઊંડે મરાવતી પથે ! ૩

**તે** પડે આખડે તોયે શ્રદ્ધાનું જોશ ના ઘટે,
મુશ્કેલી આવતાં શ્રદ્ધા કેવી ટટાર થાય છે ! ૪

મથ્યા તે કરવામાં તો શ્રદ્ધાને થાક ક્યાંય ના,
નિશાન દિલ તાકેલું શ્રદ્ધા નિશ્ચયી વીંધવા. ૫

શી ઝંપલાવવા હૈયે **એને** ચાનક તો ચઢે !
ઊંધું ઘાલી જ યાહોમ થવા તત્પરતા ધરે. ૬

ના હથિયાર છે પાસે શ્રદ્ધાને કોઈ રીતનું,
છતાંય તે લડે ત્યારે સંગ્રામ જીવને બહુ. ૭

કેવા ઊછળતા ધોધ જેવા છે ધબકાર તે
-શ્રદ્ધાના, જીવને જ્યારે પ્રત્યક્ષ વર્તતી પથે. ૮

પોતાને કરવાનું જે શ્રદ્ધા તે સર્વ જાણતી,
પછી ટોકી શકે કોણ ? જેને જાણ કશી નથી. ૯

શ્રદ્ધા પોતે દઢાવે છે આત્મબળ ખરેખરું,
જેના ટેકાથી વર્તાતું જવાતું, ધ્યેય રીતનું. ૧૦

શ્રદ્ધાને આંચકો લાગે કશાથી એવું ક્યાંય ના,
શ્રદ્ધા નક્કર પાકી તે કશાથી ડોલી જાય ના. ૧૧

લઢતાં લઢતાં ભારે સંગ્રામ જે અનેકમાં-
બ્‌હાવરી ના કદી થૈ છે, માથું મૂકી લઢે તહાં. ૧૨

કેવા ભીષણ સંગ્રામ મળે જે જે ભયંકર,
સામનો કરતાં શ્રદ્ધા કદી ના ડગતી રજ. ૧૩

શ્રદ્ધા કદીક ઊડે છે, કદીક **તે** નીચે પડે,
કદીક પેસી પાતાળે, અદૃશ્ય થતી લાગશે,
નામનિશાન **તેનું** ના હોય જીવનમાં કશું,
શ્રદ્ધાનું એવું થાયે છે કદીક જીવને નર્યું,
છતાં શ્રદ્ધા શી પાછી તે સજીવન થઈ હૃદે,
પુનરાવર્તન શ્રદ્ધાનું નવું નવું શું જીવને ! ૧૪-૧૬

છતાં અંજાવી દેવાનો શ્રદ્ધાનો ના સ્વભાવ છે,
પ્રમાણ ઉગ્રતાકેરું લખ્યું દર્શાવવા જ તે. ૧૭

ઝંપલાવી થવા ખાખ જ્વાલા જલાવવા હૃદે,
શ્રદ્ધા પ્રેરાવતી ભાવે, શ્રદ્ધાનો તે સ્વભાવ છે. ૧૮

શ્રદ્ધાને, બલિદાનોને ધ્યેયને તે ફળાવવા
-આપતાં આપતાં હર્ષ અનેરો ઑર થાય ત્યાં. ૧૯

ફના થતાં થતાં કેવી શ્રદ્ધા તે હરખાય છે !
ધ્યેયને પ્‌હોંચતાં **एनी** ચેતના ફેરવાય છે. ૨૦

શું સમર્પણ સંપૂર્ણ શ્રદ્ધાને ગમતું હૃદે,
ઝંપલાવવું તેમાં તે શ્રદ્ધા કરાવતી પથે. ૨૧

કોઈનું ઝૂંટવી લેવું શ્રદ્ધાને પાલવે નહીં,
દેવું તો કરવા વૃત્તિ શ્રદ્ધાને કદી છે નહીં,
આપકર્મી શી શ્રદ્ધા છે ! રળી પાછું નવું રળે,
એવી પરંપરા શી તે શ્રદ્ધાની આગવી પથે ! ૨૨-૨૩

કદી ચંચળ ના શ્રદ્ધા, છતાં શી ગતિશીલ છે !
કશું કામ કરે છે ના, શી ક્રિયાશીલ પાછી તે !
મૌલિક શી સ્વભાવે ! **તે** સર્જે નવું નવું પથે,
એક જેવું ન બીજું છે, શું ચઢિયાતું ત્રીજુંયે ! ૨૪-૨૫

શ્રદ્ધા સમર્પવાવે સૌ હોમાવવાનું જીવને
વર્તન, કર્મ, વિચાર, સૌ વ્યવહાર, વૃત્તિયે,
કશું બાકી રખાવે ના, હોમાવાની જ પ્રક્રિયા,
હેતુનું જ્ઞાન હોવાથી મંડાવે શુદ્ધિયજ્ઞ ત્યાં. ૨૬-૨૭

ફના પૂરેપૂરી શ્રદ્ધા, કેવી થઈ જવા વિશે
-શી તાલાવેલી પ્રત્યક્ષ જીવને વર્તતી હશે ! ૨૮

સદા નીડર છે શ્રદ્ધા, અચળ સૌ પ્રસંગમાં,
ભયંકર નિરાશામાં રખાવે દૃઢ તે સદા. ૨૯

શ્રદ્ધા કદી નથી મૂંગી છતાં મૌન સ્વભાવથી,
કોઈ ને કોઈ તે રીતે વ્યક્ત શી થતી આપથી !
ચડભડી ન ઊઠે છે શ્રદ્ધા તે કોઈ બાબતે,
શ્રદ્ધા શી કોઈની સાથે અભડાઈ જતી ન તે ! ૩૦-૩૧

'કરી યાહોમ દેવાને સર્વસ્વ' થતી ઝંખના,
શ્રદ્ધા તેમાં હૃદે પ્રેરે નર્યાં ઉત્સાહ પ્રેરણા,
જે જે નિર્ણય લીધા છે, તેને શ્રદ્ધા દઢાવીને
-તેના તે ચાલવામાં **તે** હસી હસી કુદાવશે. ૩૨-૩૩

તલપાપડ શી શ્રદ્ધા ત્યારે તે થઈને દિલ
તલપ્યા જ કરે છે જ, કશું **તેને** અનુકૂળ
-આવતું ના લગારે છે, એવી **એની** પરિસ્થિતિ
-ભુખાળવી શી અત્યંત ! ધ્યેયે **તે** એકલક્ષી શી ! ૩૪-૩૫

શ્રદ્ધાથી જીવને કેવી પ્રેરણા જે અનુપમ-
મળ્યા કરતી લાગે, ફેરવાવતી જીવન ! ૩૬

જીવને પ્રકટેલું છે કેટલું કેવું જોમ તે,
તે પ્રમાણેનું શું રૂપ શ્રદ્ધા લેતી રહે પથે ! ૩૭

શ્રદ્ધાના તે નશામાંયે કેવી ત્વરાની છે ગતિ !
ત્વરાની તે ગતિમાં છે સ્વસ્થ શક્તિ શી જીવતી ! ૩૮

તત્પરતા શી શ્રદ્ધાની પ્રેરે સમર્પણે તદા-
તાલાવેલી ફના થાવા એમાંથી ઊગતી સદા. ૩૯

શ્રદ્ધા પોતાનું જે જે કૈં ઝંખે તત્પર હોમવા,
સમર્પ્યા તે વિના, **એને** ચેન ના ક્યાંય દિલમાં. ૪૦

શ્રદ્ધાની ખેલદિલી શી ! ઝિંદાદિલી શી મસ્તીની-
વારી વારી જવાકેરી સમર્પણની ત્યાગની. ૪૧

શ્રદ્ધાની મસ્તીથી કેવી ખુશાલી ઉત્તમોત્તમ !
એવો એનો સહારો શો લાગતો દિલ નક્કર ! ૪૨

● ● ●

# અધ્યાય-૫ : શ્રદ્ધાનું જાણવું જુદું

(અનુષ્ટુપ)

જેને જેને ધરે હૈયે શ્રદ્ધા, તે તે બધાં વિશે
-શ્રદ્ધા સભાનતા સેવે, શ્રદ્ધા તે સાચી તો જ છે. ૧

**એને** આવડતાં વાર જીવને લાગતી નથી,
**એના** સ્વભાવમાં ક્યાંયે છાંટો પ્રમાદનો નથી. ૨

શ્રદ્ધાને કોઈ વાતે ના અજંપો લાગતો નથી,
નિરાશામાં કદી શ્રદ્ધા મેળે પડી જતી નથી. ૩

વાતોની કરવાવાળી શ્રદ્ધા બોલકણી નથી,
શ્રદ્ધાને મૂંગી ર્‌હેવાનું પસંદ પડતું ચહી. ૪

સાંભળે છે નિરાંતે તે, હુંકારો પણ આપતી,
છતાં શ્રદ્ધા ન બાંધી લે અભિપ્રાય કશો વળી. ૫

શ્રદ્ધાનું જાણવું જુદું, શ્રદ્ધાનું માનવું જુદું,
શ્રદ્ધાને મા'ણવું ન્યારું, શ્રદ્ધાનું કેવું મ્‌હાલવું ! ૬

શી મરજીવી છે શ્રદ્ધા ! કેવો નિશ્ચય વજ્ર છે !
પોતે ડૂબે કદી ના તે, ડૂબવા દે ન તે પથે. ૭

તરે પોતે, તરાવે છે ભરોંસે જે રહે હૃદે,
જેનો હાથ ગ્રહેલો છે, તેને કદી ન છોડી દે. ૮

શીખવવા જવું **એને** પડે છે ના કશા વિશે,
પોતે પોતાની મેળે **તે** શીખી લે તથ્ય વર્તને. ૯

પ્રસંગ સાંપડ્યે **એને** શીખવા જવું ના પડે,
પોતાની મેળે શીખીને વર્તાવે તેમ જીવને. ૧૦

શ્રદ્ધા પ્રકાશ પાડે છે જેનામાં તે જીવંત છે,
અજાણ્યામાં પ્રવેશીને કેવું તે જાણવા મથે ! ૧૧

જાણવું, પામવું પૂર્ણ તે તે અનુભવી વળી,
મ્હાલવું જીવને એને શ્રદ્ધા તે ધર્મ જાણતી. ૧૨

પોતે જ માત્ર પોતાને શ્રદ્ધા એકલી જાણીને
-સાધના યોગ્ય જે માર્ગ તેને અનુસરે હૃદે. ૧૩

પરાશ્રયી ન શ્રદ્ધા છે, આશ્રય માત્ર નિજનો
-શ્રદ્ધાને ખપતો પાકો, છે પરાશ્રય, મૃત્યુ તો. ૧૪

શ્રદ્ધા ના નંદવાયે છે, શ્રદ્ધા મસ્તીથી જીવને
-કર્યાં કેવું કરે કામ ! શ્રદ્ધા ના લજવાય છે. ૧૫

વારંવાર જ મૃત્યુ તે શ્રદ્ધા પામતી જીવને,
અવતાર નવો લૈને નવી તે શક્તિ પામશે. ૧૬

શ્રદ્ધા આંજી ન નાખે છે, સ્વતંત્ર દૃષ્ટિ પ્રેરતી,
કેવી સ્વતંત્રતા બક્ષે આંકવા જીવને ચહી ! ૧૭

બેફિકરી શી શ્રદ્ધા છે ! પોતાનાં કર્મને વિશે-
-શ્રદ્ધા પ્રાણ પરોવીને ઝંખે પૂર્ણ થવા વિશે. ૧૮

રમવું નિત્ય પોતામાં શ્રદ્ધાને ગમતું ઘણું,
પોતા વિના બીજાનાથી ચેન ના પડતું કશું. ૧૯

• • •

## અધ્યાય-૬ : કેવા કેવા ગુણો સ્ફુરે !

(અનુષ્ટુપ)

શ્રદ્ધાને શીખવાનું જે પોતાની મેળે શીખતી,
કેમ કે 'પડી' છે **एने** શીખવાની ખરેખરી. ૧

પડી રહ્યા તમે હો તો શ્રદ્ધાયે શી પડી રહે !
માંડો જો ચાલવા, શ્રદ્ધા સાથે ચાલ્યા કરે પથે. ૨

ધક્કેલતી કદી લાગે કિંતુ તે પ્રેરણાબળે,
મૂળ તો પ્રેરણાનું છે શ્રદ્ધામાંનું શું જીવને ! ૩

જે વિશે છો તદાકાર તેનું **ते** જ્ઞાન પ્રેરતી,
એવો સ્વભાવ શ્રદ્ધાનો ફૂટે સહજ મૂળથી. ૪

**एने** સાંપડવા જ્ઞાન જવું પડે ન ક્યાંય તે,
શ્રદ્ધાના કારણે જ્ઞાન જેનું તેનું થયા કરે. ૫

સહજ શી સ્વભાવે **तै** નૈસર્ગિકપણે હૃદે !
યોગ્ય કાળનુંયે જ્ઞાન શ્રદ્ધાને ઊગતું પથે. ૬

મનાવવાનું ના ક્યાંયે શ્રદ્ધાને કોઈ રીતનું,
મનામણાં શું શ્રદ્ધાને કરવાપણું ના કશું,
રિસાવાનું જરા શ્રદ્ધા કદીયે જાણતી નથી,
મોંઘા થવાનુંયે સ્હેજે શ્રદ્ધાને આવડે નહીં. ૭-૮

'જ્યાં ત્યાં ગણતરી શ્રદ્ધા કરી કરી જ ચાલવું'
-જાણતી તેવું ના પોતે, છતાં જાણે પ્રમાણવું. ૯

શ્રદ્ધા જમાડવું જાણે, શ્રદ્ધા પચાવવાની શી
-કળા અનેક જાણે છે ! તે પારંગત દેખીતી. ૧૦

જેના વિશે હૃદે શ્રદ્ધા થયેલી દૃઢ હોય છે,
તેના પરત્વેની સૂઝ શ્રદ્ધાથી શી પમાય છે !
જે જે ક્ષેત્રો હૃદે શ્રદ્ધા જેને વસેલ હોય છે,
તે તે ક્ષેત્રનું તે જ્ઞાન તેને શ્રદ્ધાથી શું મળે ! ૧૧-૧૨

કોઈનેયે ન સોંપે છે શ્રદ્ધા સંપેતરાં કશાં,
શ્રદ્ધા સંભાળીને સર્વ પોતાનું **તે** જીવે સદા,
બીજાની આડખીલીયે સહી લેવા ન તત્પરે,
તેમ શ્રદ્ધા બીજાનીયે આડે ના આવતી કશે. ૧૩-૧૪

જે ઉપાય છે યોગ્ય લેવો જે કાળ જીવને-
-લેવાને તે જ ત્યાં શ્રદ્ધા તત્પરતા જ દાખવે,
જે કાળે યોગ્ય ઉપાય લેવાનો હોય છે પથે,
તેની તે ભાળ શ્રદ્ધાને મેળે શી પડી જાય છે ! ૧૫-૧૬

અધૂરું, છીછરું, ટૂંકું, શ્રદ્ધાને ખપતું નથી,
થવી સમૃદ્ધિ સંપૂર્ણ ખપે શ્રેય પ્રકારની,
કર્યા કલ્યાણ વિના તો શ્રદ્ધાને ચેન ના પડે,
નિજ કર્તવ્યમાં શ્રદ્ધા લાવે સંપૂર્ણતા પથે. ૧૭-૧૮

ડહાપણ ન ડ્હોળે છે જેમાં તેમાં વધુ કશું,
શ્રદ્ધા શાણી બધી વાતે યોગ્યાયોગ્ય પ્રમાણ શું ! ૧૯

દેવું કરી કશું શ્રદ્ધા કરે સંઘરવાનું ના,
માલિકી હક્ક પોતાનો કશા પર ધરે જ ના,

પરસેવાથી શી શ્રદ્ધા રળે જોઈતું સર્વ તે,
હક્ક દાવો છતાં **एने** કરવા, ના સ્વભાવ છે. ૨૦-૨૧

કર્તવ્યે માત્ર પોતાના શ્રદ્ધા એકાગ્ર શી બને !
શો સંપડાવવાનો તે શ્રદ્ધાનો જ સ્વધર્મ છે !
એકાગ્રતા શી શ્રદ્ધાથી તે સરળ સધાય છે !
શ્રદ્ધા અભ્યાસ વૈરાગ્યે અગ્નિની પેઠ શી જલે ! ૨૨-૨૩

નોધારું વર્તતી શ્રદ્ધા, છતાં આધાર **तेहने**,
ઊર્ધ્વમાં નયનો **एनां** પૃથ્વી પરે છતાં ઠરે,
ઊર્ધ્વને સ્પર્શી સ્પર્શીને શક્તિ તે ત્યાંથી મેળવી,
સાધવા તે જ શક્તિથી પાછી ઊતરતી લળી. ૨૪-૨૫

**एने** ગણતરીમાં ના વિઘ્ન, મુશ્કેલી, ગૂંચયે,
આવે **एना** સપાટામાં જે જે, ઊખડી તે જશે,
ભારે વંટોળિયાની શી ગતિ ઉગ્ર ભયંકર !
સામે તે ઊભવા **एनी** તાકાત કો'ની ના રજ. ૨૬-૨૭

સાંભળવા જ કોઈની શ્રદ્ધાને દરકાર ના,
ના અવગણના **एने**, છતાં કોઈની દિલમાં,
જે મનાયેલું પોતાથી વળગી વળગી જ તે,
પોતાનો પંથ કાપી **ते** ગયા કરતી નિશ્ચિતે. ૨૮-૨૯

આડીઅવળી કોઈએ ગમે તેવી દશા વિશે,
શ્રદ્ધા ટટારી પોતાની જરા લૂલી થવા ન દે,
ખમીરથી ભરી કેવી શ્રદ્ધાની તે ટટારી છે,
જીવંત તે સદા રહે છે, રાખીને માથું ઊંચું તે. ૩૦-૩૧

શ્રદ્ધા જાગેલી છે તેની ખુમારી ને ખમીર શું
-વર્તતાં જીવને, તેનાં કળા ખૂબી જ પામશું. ૩૨

ઊઠાં ના તે ભણાવે છે, નાસીપાસ ન **તે** કરે,
ફગાવે ખાલી ના શ્રદ્ધા શી આશાવાદી જીવને !
બોલેલું પાળવામાં તો સર્વથીયે ચઢી જતાં
-ખડે પગે શી તૈયાર ! ઝૂઝવામાં ઝઝૂમવા. ૩૩-૩૪

શ્રદ્ધા ના પડવું જાણે, જાણે ચઢવું તે સદા,
શ્રદ્ધા ના નમતું તોલે, ઊભે ટટાર સર્વદા,
નમાવવા જ શ્રદ્ધાને કોઈયે ના સમર્થ છે,
ના શકે પડકારી કો' શ્રદ્ધાને રણ મોખરે. ૩૫-૩૬

શ્રદ્ધા જ્યાં છે ક્રિયાશીલ, તેવાના જીવને કદી
-વંટોળિયો ભલે ભારે વ્યાપેલો હોય છો તહીં,
-છતાં તેવીય વેળાએ શ્રદ્ધા જીવનધ્યેયથી
-શ્રેયાર્થીને ડગાવા **તે** દેતી નથી લગાર શી ! ૩૭-૩૮

ભયંકર નિરાશાનાં વમળે આવરાયેલા-
હોવા છતાં, ટટારી શી શ્રદ્ધા જાળવતી તદા ! ૩૯

કશાથી ગભરાતી ના શ્રદ્ધા નિર્ભયી જીવને,
ડગે પોતે કશાથી ના શ્રદ્ધા નિત્ય અવિચળે,
દગો દે **તે** ન, કોઈને છેતરાવાપણું જ કૈં-
શ્રદ્ધાથી ના બને, એવી શ્રદ્ધા શી જાતવાન છે ! ૪૦-૪૧

પામતાં પામતાં તત્ત્વ શ્રદ્ધાનું નિજ જીવને,
પલટાતા જ શ્રદ્ધાના થતા અનુભવો પથે,
એક ને એકની એવી સ્થિતિમાં તે સલામત
-શ્રદ્ધા રખાવી ના મૂકે, શ્રદ્ધા શી નિત્ય જાગૃત ! ૪૨-૪૩

પરાવલંબી શ્રદ્ધાને થતા કદી ન આવડે,
આધાર નિત્ય તે કેવો ધારે પોતાની ઉપરે ! ૪૪

શ્રદ્ધા શી પ્રાણવાળી છે, શ્રદ્ધા શી નિર્ણયાત્મક !
ભજવે ભાગ જે શ્રદ્ધા જીવને પ્રેરણાત્મક,
વજ્ર જેવા થવામાં શી શ્રદ્ધા કેવી અનન્ય છે !
શ્રદ્ધાના માત્ર આધારે સર્વ કાંઈ ઘડાય છે. ૪૫-૪૬

બુડાડે ના કદી શ્રદ્ધા, શ્રદ્ધા તરાવવા ચહે,
જે પુરુષાર્થમાંહી **તે** ઊંજે છે તેલ જીવને. ૪૭

શ્રદ્ધાની ભાવના ભક્તિ કર્તવ્ય સાધનાભરી,
અમૂલ્ય વારસો શ્રદ્ધા કેવો નૂતન બક્ષતી ! ૪૮

કેવા કેવા ગુણો સ્ફુરે શ્રદ્ધાના તે પરિબળે !
નવાં નવાં જ ફોરે છે જોમશક્તિ અનંતરે,
કેવું ફળાવવામાં તે શ્રદ્ધાફાળો અનન્ય છે !
શ્રેયાર્થી જીવને શ્રદ્ધા અજોડ શી અનન્ય છે ! ૪૯-૫૦

પ્રાણ ને ભાવ ને ગુણ શ્રદ્ધા સેવનથી ઝગે,
તે તે પ્રગટતાં શ્રદ્ધા પૂર્ણ સાચી પ્રમાણજે,
કશું ના ખીલતું હોય ગયો હો કાળ સેવતાં,
શ્રદ્ધામાં તેવી તો ખામી કચાશ પાકી જાણ ત્યાં. ૫૧-૫૨

પરિપૂર્ણ થયા વિના શ્રદ્ધા મૂકી ન દે કશું,
શ્રદ્ધા તો પકવ્યા વિના કેમે છોડી ન દે કશું.
પૂર્ણ પકવવાકેરો શ્રદ્ધાનો શો સ્વભાવ તે !
જેનામાં વર્તતી શ્રદ્ધા તેને ચિંતા ન કોઈ છે. ૫૩-૫૪

શ્રદ્ધાથી પકડાયેલું આજ કે કાલ જીવને,
તેને પૂર્ણ થયા વિના ક્યાંયે ના છૂટકો કશે.
પોતાનો ધર્મ શ્રદ્ધા તો પ્રાણાંતેયે ન ચૂકશે,
ધર્મપાલન અભ્યાસ શ્રદ્ધાનો નિત્ય જીવને. ૫૫-૫૬

છેતરાવાપણું ક્યાંક કદીક જીવને થતાં,
શ્રદ્ધા વિશ્વાસ ના ખોતી સદ્ભાવ ધારી દિલમાં.
પાછી **તે** છેતરાવાનું ના બને એમ ચેતીને,
જીવને વર્તવાનું **તે** સાવચેતી ધરી કરે.
કોઈનાયે પરત્વે **તે** અવિશ્વાસ ન રાખશે,
ભોળાપણું ન સદ્ભાવે શ્રદ્ધાને ના હૃદે થશે. ૫૭-૫૯

ભાવનાહીન જે થાય શ્રદ્ધા ત્યાં ઠંડીગાર છે,
ભાવના વધતી હો ત્યાં થૈ પ્રફુલ્લિત ઊછળે,
કશાના મોહમાં જ્યારે પડાતું હોય તે પળે-
શ્રદ્ધા ત્યાં આંખ મીંચીને છાનીમાની પડી ન ર્હે. ૬૦-૬૧

જિજ્ઞાસાભાવને શ્રદ્ધા આધારમાં પ્રસ્થાપિત-
સ્થિરતામાં પમાડે, જે સ્થિરતા ચેતતી હૃદ.
ચેતેલી સ્થિરતા એવી ભાવની ત્યાં જમાવીને,
થયેલો સ્થિર તે ભાવ વર્તાવે પછી વર્તને. ૬૨-૬૩

શ્રદ્ધાનો ભાવ જાગંતાં શ્રદ્ધાનું નૃત્ય ઑર છે !
સંપૂર્ણ સ્થિર, તોયે તે ક્રિયાશીલ ગતિ વિશે. ૬૪

નિત્ય અવ્યક્ત શ્રદ્ધાને, શ્રદ્ધાની જાણ કોઈને
-કદાપિ ના થતી રહે છે, છતાં તે જીવતી જ છે.
ગાઈ વગાડીને પોતે કદી છતી થતી નથી,
હૈયે જે ઓળખે **एने** શ્રદ્ધા અસ્તિત્વમાં ખરે. ૬૫-૬૬

• • •

## અધ્યાય-૭ : એની મેળે જ તો શ્રદ્ધા

(અનુષ્ટુપ)

શ્રદ્ધા પોતાની સંભાળ ઠીક પેર શી લેતી રહે !
છતાં સંભાળવી **एने** પડે કોઈક વાર તે,
**एनुं** દૂભવવા દિલ કદી ના મન થાય છે,
સાચવી સાચવી **एने** કેવી ઉછેરવી પડે ! ૧-૨

જીવનપંથ લીધેલો શ્રદ્ધાએ શો ચહેલ છે !
શ્રદ્ધા ના ખોઈ બેસે તે કેમે કર્યોય જીવને. ૩

એની મેળે જ તો શ્રદ્ધા પોતે છતી ન તે થશે,
કેળવાવું પડે યોગ્ય, ઝંખના ત્યાં જરૂરી છે. ૪

કશાની ક્યાંય શ્રદ્ધાને હોતી લોલુપતા નથી,
આશાને ધરનારી શી શ્રદ્ધા પોતે જ આપથી ! ૫

બેદરકાર શ્રદ્ધા તે કદી કાળ થતી ન છે,
એના સ્વભાવમાં ના તે, પરવા સમજી ધરે. ૬

શ્રદ્ધાને આપશક્તિની સંપૂર્ણ જાણ હોય છે,
બડાશો તે છતાં પોતે તેની કદી ન મારશે. ૭

શ્રદ્ધાની સ્પષ્ટતા કાચ જેવી શી સ્વચ્છ હોય છે !
અસંદિગ્ધ કશું પોતે શ્રદ્ધા રાખે ન ક્યાંય તે. ૮

કેટલું કેટલું શ્રદ્ધા સાચવી સાચવી પથે-
-ચલાવતા કરે યત્ન, શી સાવધાની દાખવે ! ૯

શ્રદ્ધાને જોઈએ તે તે ખોળવું પડતું નથી,
શ્રદ્ધા પોતે બધી વાતે સાવ સંપૂર્ણ નિઃસ્પૃહી. ૧૦

શ્રદ્ધાને આડુંતેડું તે જોવા લાલચ ના થતી,
એક ને એકમાં કેવી રમ્યા તે કરતી ભલી ! ૧૧

નિશાન વીંધનારી છે શ્રદ્ધા કાબેલ ત્યાં શૂરી,
એકલક્ષી જ સંપૂર્ણ, લક્ષે બીજું ઠરે નહીં. ૧૨

ભોળવી ના શકે કોઈ શ્રદ્ધાને આમતેમ ને
માર્ગને જાણી લે એવી શ્રદ્ધા કેવી સચોટ છે ! ૧૩

એક ને એકમાં શ્રદ્ધા કંટાળ્યા તે વિના સદા,
પ્રેમથી ચોંટી કેવી રૂહે ! ઝરાવે રસ શો તદા ! ૧૪

સ્વભાવ માત્ર શ્રદ્ધાનો એકને એકમાં કદા
-ચીટકી પડવાનો ના, સાર લઈ, વધે સદા,
જેમાં તેમાંથી **તે** તત્ત્વ ગ્રહી ગ્રહી જ જીવને,
માતબર થતી ચાલે આગળ આગળે પથે. ૧૫-૧૬

જેનામાં જે વિશે શ્રદ્ધા તેને તેમાં જિવાડીને
-ઊંચે શો આણવાકેરો **એનો** ઉત્સાહ ભારી છે ! ૧૭

જ્યાં જ્યાં હો, તેવી શ્રદ્ધા તે અસત્ય, સત્ય પંથ જે
-શ્રદ્ધા શી ઓળખી લે છે ! **એનો** વિવેક સૂક્ષ્મ છે. ૧૮

જેની સંભાળ લે શ્રદ્ધા તેની સૌ દેખભાળને
-શ્રદ્ધા પોતે જ લે છે, ને તેનું સૌ યોગ્ય **તે** કરે. ૧૯

જે શ્રદ્ધાને ગમે, તેને શ્રદ્ધા પ્રેમે વધાવશે,
ના સાનુકૂળ શ્રદ્ધાને, તેને ધૂત્કારતી ન તે. ૨૦

પોતે સંભાળ પોતાની, પોતાની મેળે લે સદા,
પથે તે વૈદ પોતાની, કરે યોગ્ય મઠારતાં,
સલાહ, સૂચનો એને શાં પોતાનાં જ હોય છે !
શ્રદ્ધા આચાર્ય છે યોગ્ય તેથી તો કેવી જીવને ! ૨૧-૨૨

અગાઉથી કશું જ્ઞાન શ્રદ્ધાને ઉદ્‌ભવે ન છે,
રસ્તો કપાય છે જેમ તેમ આવે જ મોખરે. ૨૩

શ્રદ્ધા મેળે જ ચાલે છે, શ્રદ્ધા મેળે જ વર્તશે,
શ્રદ્ધા મેળે જ સંભાળે, શ્રદ્ધા મેળે જ પામશે. ૨૪

શ્રદ્ધા મેળે પમાડે છે, શ્રદ્ધા મેળે જગાડતી,
શ્રદ્ધા મેળે જિવાડે છે, શ્રદ્ધા મેળે તરાવતી. ૨૫

આપમેળે ફળંતાં જે લાગે જીવનમાં તદા,
શ્રદ્ધા ચેતેલી વર્તે છે જીવને જાણવું તદા. ૨૬

આપમતલબી શ્રદ્ધા, પોતાનામાં જ લક્ષ દે,
મારે ડાફરિયાં ક્યાંયે આમતેમ ન તે બીજે. ૨૭

સર્વ પ્રકારના આડા ઊંધા એવા પ્રસંગમાં,
શ્રદ્ધા તો સીધું દર્શાવી રમે છે કેવી આપમાં ! ૨૮

શ્રદ્ધા પોતે જ પોતાને ચલવ્યા કરતી રહે,
છતાં શી નિરભિમાની ! નિરાડંબરી જીવને. ૨૯

પોતે પોતામહીં શ્રદ્ધા સદા કર્તવ્યનિષ્ઠ છે,
પોતાનાં લક્ષ્યને પોતે નાક સામે ધર્યાં કરે. ૩૦

પોતે છે એકલી તોયે પોતાને એકલી જ તે
-સમજે છે કદીયે ના, એવી સમર્થ ઑર તે. ૩૧

શ્રદ્ધા સદાય છે પોતે પોતા પરે જ આશ્રિત,
અવલંબન બીજાનું લેવા ઈચ્છા ન **एहने**. ૩૨

જિવાડે છે જ પોતાને પોતે શ્રદ્ધા શી જીવને !
વફાદાર સદા કેવી શ્રદ્ધા રહેતી જીવને ! ૩૩

ભાવને શોષી લેવાનો શ્રદ્ધાનો શો સ્વભાવ છે !
ગ્રહણ કરી લેવાની કળા શ્રદ્ધાની ઑર છે ! ૩૪

શ્રદ્ધાની ચાલ કો સાથે સરખાવાય ના કદી,
સ્વતંત્ર આગવી કેવી વળી મૌલિક સર્વથી ! ૩૫

શ્રદ્ધા પોતે જ પોતાને સમર્થ માનતી નથી,
છતાં એના જ સામર્થ્ય તોલે આવે કશું નહીં. ૩૬

● ● ●

## અધ્યાય-૮ : મુક્ત ર્‌હેવું પૂરેપૂરું

(અનુષ્ટુપ)

ઝોક મહત્ત્વનો ઊંડો ઊંડો જીવન અંતરે
-શ્રદ્ધાથી તે જતો લાગે, શ્રદ્ધાનું તે પ્રમાણ છે. ૧

‘શ્રદ્ધા જ એવી શક્તિ કે જીવને પુરવાર તે
-નિશ્ચયે થૈ શકે’, એવો **एने** વિશ્વાસ જીવને. ૨

હારી જનાર બીજું તે, શ્રદ્ધા હારતી ના કદી,
શ્રદ્ધા અચળ વિશ્વાસે અખંડ નિત્ય જીવતી. ૩

પારખવા જતાં શ્રદ્ધા તે પરખાઈ જાય છે,
અનુભવાય તો શ્રદ્ધા, શ્રદ્ધા પામી શકાય છે. ૪

શો તલસાટ શ્રદ્ધાનો ઉત્કટમાંહી ઉત્કટ !
મેળવાવે જ ધારેલું તે તલસાટ જીવન. ૫

માનવાથી ન ચાલે છે શ્રદ્ધાને જીવને જરા,
માને જે વર્તીને તેમ, રાચે અનુભવે સદા. ૬

સંપત્તિ દૈવી શ્રદ્ધાની ઊંચે ચગાવવાતણું,
ધર્મકર્તવ્ય શ્રદ્ધાનું, ત્યાં એનું મસ્ત જાગવું. ૭

શ્રદ્ધાની ખડીબોલી શી ! શ્રદ્ધાનાં વચને ઝગે-
કેવોયે રણકો મસ્ત ! બીજાનેયે જણાય છે. ૮

શ્રદ્ધાને પૂછવાનું ના કોઈને કશું પ્રીછવા,
જ્ઞાનનું તત્ત્વ પ્રત્યક્ષ શ્રદ્ધામાં શું રહેલ ત્યાં !
આપમેળે જ શ્રદ્ધાને જાણવાનું થયા જતું,
જિજ્ઞાસા જેવી હો તેવું શ્રદ્ધા પ્રમાણતી નર્યું. ૯-૧૦

જ્યાં પરખાય સંપૂર્ણ જે તે કોઈક જીવને,
સંબંધે આવતાં ગાઢ, તેનો પરિચયે થતે,
તેના સ્વભાવ ને ગુણ પોતાને પરખાય છે,
શ્રદ્ધાનું તેવુંયે જાણો ઉચ્ચ તે ક્ષેત્રને વિશે. ૧૧-૧૨

પામતાં પામતાં ધ્યાન તદાકાર થતાં થતાં,
તાદાત્મ્ય શું સધાયે છે એકાકારપણે તદા,

ઓતપ્રોત થવાતાંમાં સંપૂર્ણ એકલક્ષીયે,
ચેતનાશક્તિ શ્રદ્ધાની ત્યાં કેવી વરતાય છે ! ૧૩-૧૪

સર્વ તે જાણકારીનો દાવો પોતે કરે નહીં,
હાર્દ જે જાણવાનું છે મૂળગતે જ આપથી-
-શ્રદ્ધામાં તે રહેલું છે, કામે તે લાગતાં પછી
-વૃદ્ધિગત થતું રહે છે, જિજ્ઞાસા જલતાં વળી. ૧૫-૧૬

આપમેળે શીખે શ્રદ્ધા પોતાનો ગુરુ આપ છે,
પ્રત્યેક ચાલમાં વિદ્યાજ્ઞાનનો હેતુ હોય છે,
પોતાના ચાલવામાં તે વિદ્યાની જે જરૂર છે,
તે વિદ્યા નીપજે મેળે, **એને** ખોળવી ના પડે. ૧૭-૧૮

વિદ્યા સ્વયંભૂ શ્રદ્ધામાં, શ્રદ્ધા નિશ્ચિંત તેથી છે,
શ્રદ્ધાને કોઈ પ્રશ્નોમાં ગૂંચવડો ન થાય છે,
ગૂંચો અટપટી આવ્યે પંથે અવનવા ઊગે-
-કોયડા તે બધા, શ્રદ્ધા નિશ્ચિંતે જ ઉકેલશે. ૧૯-૨૦

સ્વતંત્ર ચાલ શ્રદ્ધાની, મૌલિક તે બધી રીતે,
પ્રત્યેક ચાલ **તેની** શી અજોડ ને અનોખી છે.
ગોકળગાય રીતે શી ! ઘોડા જેમ કદી કૂદે,
કદીક ભૂસકો મારે, ઓચિંતી દોડતી પથે. ૨૧-૨૨

શ્રદ્ધા એકલી પોતાને માને છે ના કદી પથે,
પોતાની શક્તિનો એને આત્મવિશ્વાસ પૂર્ણ છે. ૨૩

શ્રદ્ધા નિર્ભર છે પોતે નિજ અનુભવો પરે,
આત્યંતિક છતાં ના તે શ્રદ્ધા અનંતવર્તી છે. ૨૪

શ્રદ્ધા શી આંખવાળી છે ! ચોપાસ તે જુએ બધે,
વળી છે એની તો આંખ ચકોર, સર્વલક્ષી છે. ૨૫

અનંત પાંખવાળી છે, શ્રદ્ધા ગગનગામી છે,
શ્રદ્ધા તો કેવી ઊંચે ને ઊંચે દૃષ્ટિ દડાવશે ! ૨૬

અનંત આંખવાળી ને એને અનંત કાન છે !
અનેક અંગવાળી શી ! શ્રદ્ધા એવી અજોડ છે ! ૨૭

ઉચ્ચ શી અભિલાષા ને મહત્ત્વાકાંક્ષી કેવીયે-
શ્રદ્ધા પોતે જ પોતાથી ભવ્ય ને દિવ્ય જીવને. ૨૮

લાગે મુક્તવિહારી તે છતાં તે યોગ્યતા વિશે-
-પ્રવેશી એકધારી ને ઘાટ વિકાસનો ઘડે. ૨૯

પોતે કદીય પોતાને 'મોટી' એમ ન માનતી,
જણાવા દે ન કોઈને શ્રદ્ધા પ્રસંગમાં વળી. ૩૦

તે અગમ્ય શી શ્રદ્ધા તો હોવા છતાંય જીવને-
-પાછી કેવી છતી થાય વર્તતાં વર્તતાં પથે ! ૩૧

સર્વજ્ઞાતાતણો ડોળ શ્રદ્ધા કદી કરે ન છે,
જેમ જેમ ધપે તેમ શ્રદ્ધાને જ્ઞાન થાય છે. ૩૨

સળગ્યો દીવડો હૈયે શ્રદ્ધાનો ઓલવાય ના,
પ્રદીપ્ત શો વધારે ને વધારે તે થતો સદા. ૩૩

ખેલકૂદ કરે શ્રદ્ધા નર્તંતી નાચતી હૃદે,
શ્રદ્ધાની દિવ્ય શક્તિની અનુભવે પિછાણ છે. ૩૪

મુક્ત રહેવું પૂરેપૂરું શ્રદ્ધાને ગમતું સદા,
**एने** બંધાઈ રહેવાનું નથી પાલવતું કદા. ૩૫

શ્રદ્ધાની તેવી શક્તિને શ્રદ્ધાનો માત્ર ભક્ત તે
-વર્તતાં વર્તતાં તેવી રીતે, **एक** પિછનશે. ૩૬

જીવને યોગ્ય શ્રદ્ધાની સંપૂર્ણ ને સમગ્રતા,
તેનો તો ક્યાસ કાઢી તે શકે છે પૂર્ણ કોઈ ના,
આધ્યાત્મિકતણા ક્ષેત્રના વિજ્ઞાનના પથે
-ઊર્ધ્વમાં જે પહોંચેલા એવાને ક્યાસ સાંપડે. ૩૭-૩૮

શ્રદ્ધાના ન્યાય અન્યાયતણો હિસાબ જે બધો,
હરિના ત્રાજવામાં તે તોળાય આપમેળ શો ! ૩૯

એને સમજવા કોઈ જીવને ના સમર્થ છે,
અનુભવ્યા વિના **एने** કોઈથી ના પ્રિછાય છે. ૪૦

અંતર્યામીત્વ શ્રદ્ધાનું કદીયે છતું તે ન છે,
આવતાં ઉપયોગે તે છતું મેળે જ થાય છે. ૪૧

રીતરસમ શ્રદ્ધાની શી શિખવાડવાતણી-
-અનેક ગૂઢ ને સૂક્ષ્મ, છતાં વર્તાવવાતણી
-શ્રદ્ધા એકલી શી માત્ર ભાવ જગાડીને હૃદે,
ભાવના વર્તને પંથે **एक**યુક્ત કરાવશે. ૪૨-૪૩

શ્રદ્ધા શો ભાવનાનો છે અનોખો ધન્ય દેશ તે !
શ્રદ્ધા શી સૂક્ષ્મમાં સૂક્ષ્મ ! પ્રિછાયે માત્ર લક્ષણે. ૪૪

• • •

હરિઃૐ

# ખંડ-૫ : પ્રકાર અને ગુણધર્મ

## અધ્યાય-૧ : ખરેખરી જ શ્રદ્ધા તો

(અનુષ્ટુપ)

શ્રદ્ધા ચેતેલીનો પુત્ર આત્મવિશ્વાસ જીવને,
કહ્યું છે કેટલી વારે દિલમાં તે ઉતારજે. ૧

શ્રદ્ધા ના તરછોડી દે, આપણે તરછોડીએ-
-શ્રદ્ધા તોયે ન છોડે છે સાથ શ્રેયાર્થીનો હૃદે. ૨

શા કેટકેટલા વાંધા જીવને હોય છે સદા,
શ્રદ્ધાને સોંપતાં તેનો ઉકેલ થાય છે તદા. ૩

ગૂંચવાડાભર્યા પંથે શ્રદ્ધા પ્રકાશ પ્રેરીને,
સાચો માર્ગ બતાવીને શ્રેયાર્થીને જિવાડશે. ૪

શ્રદ્ધાનાં દ્વાર ખુલ્લાં છે જે તે સર્વની માટ તે,
શ્રદ્ધાનો જે સહારો લે, તેને તે ઊંચકી જ લે. ૫

પ્રગટ્યા પ્રાણ અભ્યાસે, અભ્યાસે રસ જામતાં,
કાયાપલટ શ્રદ્ધાની શી ઑર થાય છે તદા ! ૬

શ્રદ્ધાનો ધર્મ શો વ્યક્ત થયા તે કરવાતણો !
મૂર્તિ જીવનની ભવ્ય ઘડાવા ઉપયોગ તો. ૭

અગ્નિના જેવી જિજ્ઞાસા છે ધગધગતી હૃદે,
શો પુરુષાર્થનો વેગ તેવાને જીવને ખરે ! ૮

પુરુષાર્થતણો **प्राण** શ્રદ્ધાથી જીવતો બને,
તેથી જ્વલંત શો વેગ વેગીલો ધપતો પથે ! ૯

જીવને ના વિના શ્રદ્ધા ટકાય પુરુષાર્થમાં,
શ્રદ્ધા પ્રેરાવતી જ્ઞાન તેમ તેવા પ્રયત્નમાં. ૧૦

જિજ્ઞાસા એવી ચેતેલી શ્રદ્ધાનો દીપ ચેતતો
-અખંડ નિત્ય રાખે, શો જ્ઞાનદીપ જલાવતો ! ૧૧

શ્રદ્ધાને ટોકણી ક્યાંયે પડે ના કરવી કશી,
**एने** ચલાવવા ઈચ્છા ઘટે પ્રચંડ જાગવી. ૧૨

રાખતાં પાંસરા પંથે શ્રદ્ધાને આવડે ખરું,
આડુંતેડું જવાતાંમાં શ્રદ્ધા કરે શું રોકવું ! ૧૩

શ્રદ્ધા સાંભળતી પૂરું, કાન આપે, છતાં પથે-
પોતે તેવા વિશે ક્યાંયે સંડોવાતી નથી હૃદે. ૧૪

છંછેડાતી નથી પોતે ક્રોધ એને થતો ન છે,
ઉશ્કેરાતી નથી શ્રદ્ધા, એને ના ઉકળાટ છે,
ઉત્તેજિત થતાં પોતે છતાં શી પૂરી સ્વસ્થ છે !
શ્રદ્ધા પોતે જ પોતાને મનાવે એની રીતિએ. ૧૫-૧૬

ખરેખરી જ શ્રદ્ધા તો ખાલી શૂન્ય નરી રહે,
સમર્પણ થવાકેરો શ્રદ્ધાનો શો સ્વભાવ છે ! ૧૭

'થવામાં પ્રભુના પૂર્ણ' શ્રદ્ધાનો ગુણધર્મ તે,
જેટલો ભાવ ચેતેલો શ્રદ્ધા તેમ ચલાવશે. ૧૮

માતા જન્માવી પોષે છે, કરી મોટો મૂકે છૂટો,
મેળે ચાલ્યા કરે તેવો, શ્રદ્ધાનુંયે જ તેવું શું ! ૧૯

મૂલ્યાંકનોય શ્રદ્ધાનાં, શ્રદ્ધાના માત્ર ભક્ત જે-
સાચાં તે જ શકે આંકી, બાકીનાંનું ગજું ન છે. ૨૦

તેથી મુક્ત થવાકેરો જેમાં તેમાંથી જીવને
સ્વભાવ શો પડેલો છે શ્રદ્ધાનો નિજ વર્તને ! ૨૧

જીવન મોખરે ધ્યેય ઠરવા એકધારું તે-
-શ્રદ્ધાનો ભાગ મોટો છે તેમાં, નિશ્ચિત જાણજે,
શા વિપરીત સંજોગો કારમા ને ભયંકરે,
તેમાંય જો ટકાયું છે, શ્રદ્ધા ત્યાં માત્ર કારણે. ૨૨-૨૩

• • •

## અધ્યાય-૨ : શ્રદ્ધા ગતિ કરાવીને

(અનુષ્ટુપ)

સાધના પંથમાં કેવી સામે નિષ્ફળતા તરે !
શ્રદ્ધાનો પુણ્ય વિવેક ઉગારીને તરાવશે. ૧

એવો વિવેક ભુલાવા ક્યાંય આપણને ન દે,
સ્થિર બુદ્ધિ, સ્થિર ચિત્ત, સ્થિર પ્રાણ રખાવશે. ૨

શ્રદ્ધા પાડી ન નાખે છે, શ્રદ્ધા ટકાવતી સદા,
ધર્મ જિવાડવાનો શો શ્રદ્ધાનો છે જીવંત ત્યાં ! ૩

શ્રદ્ધા શી ઝંપલાવે છે યાહોમ કરી જીવને !
પુરબ્હાર ખીલે જ્યાં તે, શ્રદ્ધા જયશ્રીયુક્ત છે. ૪

સામગ્રી યુદ્ધની **તેને** કરવી પડતી નથી,
જ્યારે જે જોઈએ તે તે શ્રદ્ધાને સાંપડે તહીં. ૫

શ્રદ્ધા ગતિ કરાવીને કર્મે તે ઝંપલાવવા,
થવા ફના જ સંપૂર્ણ પ્રેરે મર્દાનગી તદા. ૬

કાર્યદક્ષ, વ્યવસ્થામાં શ્રદ્ધા સંપૂર્ણ યોગ્ય છે,
શિખવાડવું શ્રદ્ધાને પડે છે ના કશું ખરે. ૭

જેનામાં ઊતરે, તેના ગુણદોષ, સ્વભાવને-
શ્રદ્ધા જાણી લઈ તેને કેવું મઠારવા મથે ! ૮

જેને સ્વીકારતી તેની વફાદારી પૂરેપૂરી,
શ્રદ્ધા સહજ રાખે છે દિલ હર્ષે સ્વભાવથી. ૯

શ્રદ્ધા જેને વરેલી છે તેને ઓવારી જાય તે,
તેના પરે શી વારીને તેનામાં **પ્રાણ** પ્રેરી દે ! ૧૦

શ્રદ્ધા ટકોરતી કેવી ! સંકોરે છે ટકોરીને,
ધક્કેલ્યા કરવાનો શો શ્રદ્ધાનો નિત્ય ધર્મ છે ! ૧૧

પડકાર કરે માત્ર એટલું બસ ના જ છે,
કેવો હરાવવા **એનો** ખંતીલો તો સ્વભાવ છે ! ૧૨

અજાણ્યું છો ભલે હોય એકવાર જ જીવને
-શ્રદ્ધા તેના વિશે બેઠી, સંભાળે ગુણધર્મને. ૧૩

પૂછ્યા વિના જ શ્રદ્ધાને આડુંઅવળું છો થશે,
શ્રદ્ધાને તોય ના લાગે શાંત, સ્વસ્થ, તટસ્થ તે. ૧૪

ફના સંપૂર્ણ પોતે શી થવા છે હર્ષ **एहने** !
સમર્પાયા વિના પૂર્ણ શ્રદ્ધાને ચાલતું ન છે. ૧૫

સમર્પાયા વિના પૂર્ણ શ્રદ્ધાને જંપ ના વળે,
સમર્પાતાં પૂરું શ્રદ્ધા આત્મ જીવનમાં વળે. ૧૬

• • •

## અધ્યાય-૩ : તે પ્રવર્તાવવા જ્ઞાન

(અનુષ્ટુપ)

દીવાલો દુર્ગની ફાટે શ્રદ્ધા તમારી તેવી જો,
કર્મ ભારેમહીં ભારે છતાં, શ્રદ્ધાથી થૈ શકે. ૧

પછડાયા કરાતા હો, કુટાયા છો જતા ભલે,
શ્રદ્ધા વરેલી છે જેને, તેવો તો ઊગરી જશે.
ભારે વિટંબણાઓમાં શ્રદ્ધા ટકાવી રાખશે,
અજાણ્યામાંથી શ્રદ્ધા શી માર્ગ બતાવી આપશે ! ૨-૩

તેવા સૌ વ્યવહારે જો શ્રદ્ધા ખંડિત કૈં થતાં-
પથે અનુભવાતાં, ત્યાં થોભજો, ધારી લક્ષ ત્યાં. ૪

જે જે ગુણોતણી હોય આવશ્યકતા ખરેખરી
-કર્મને કરવા વિશે, શ્રદ્ધા તે સર્વ જાણતી. ૫

ચાંપ વીજળીની તે અપાતાં, કામ આપશે,
શ્રદ્ધાનું પણ તેવું છે, વર્તાય તેમ વર્તને. ૬

શ્રદ્ધાની દિલ ઉત્સુકતા જ્વલંત જાગતાં હૃદે,
કેવો પ્રકાશ શ્રદ્ધાનો આપમેળે પ્રકાશશે ! ૭

તે પ્રવર્તાવવા જ્ઞાન શ્રદ્ધાનું જીવતું હૃદે-
-ઝંખનાના પુરુષાર્થે કેવુંયે મથવું પડે ! ૮

શ્રદ્ધાનો શો ચમત્કાર, તેવા જ્ઞાન પછી હૃદે,
જીવનવર્તને કેવો પ્રત્યક્ષ શક્તિવંત છે ! ૯

ચમત્કારિક તે ચાલ શ્રદ્ધાથી જીવને તહીં-
-વિકાસપથમાં કેવી ઝડપીલી થતી જતી ! ૧૦

પોતાને ભાગ આવેલાં કર્તવ્યે નિજના સદા-
-એકતાને રહે પૂર્ણ, આરપાર ઉતારવા-
શ્રદ્ધા તો પ્રેરણામાત્ર જેમાં તેમાં જ બક્ષીને,
પછી તટસ્થ શી ર્‌હેતી ! ધાવા ના નાખતી પછે. ૧૧-૧૨

શ્રદ્ધા જાગેલી છે તેનો રણકો શો કૈં ઑર છે !
વિકાસના થતા યત્ને વ્યક્ત થૈ પરખાય છે. ૧૩

અગાઉથી ન જાણે છે, ચાલ જે ચાલવાની તે,
પ્રાપ્ત કર્મ પ્રમાણે તે તે કાળે **એની** ચાલ છે.
જે કાળે વર્તવું જેમ, તેમ તે વર્તશે સદા,
એને છે જ્ઞાન તેવાની તે કાળે પૂર્ણ દિલમાં. ૧૪-૧૫

ઝલક કેવી વર્તાતી તેવી શ્રદ્ધાની જીવને-
ઓળખાયા વિના ના ર્‌હે શ્રદ્ધા જાગેલી વર્તને. ૧૬

ઊગેલું તે સ્વીકારી લૈ તે પ્રમાણે જ વર્તશે,
આડા કે અવળા જેવું એને ઊગે કદી નયે. ૧૭

● ● ●

# અધ્યાય-૪ : જુદી જુદી ભૂમિકામાં

(અનુષ્ટુપ)

શ્રદ્ધાકેરા કદી કોઈ ન્યાયાધીશ થશો નહીં,
યોગ્યતા એવી કોઈયે સંસારીમાં મળે નહીં. ૧

જુદી જુદી ભૂમિકામાં જુદા જુદા પ્રકારની,
શ્રદ્ધાનાં શક્તિ ને ભાવ કાળે કાળે નર્યાં જુદાં,
શ્રદ્ધાના પ્રગટાવેલા આકાર વર્તને તદા,
અનોખાં સ્વરૂપોવાળા નોખી નોખી જ રીતના. ૨-૩

શો ગુણધર્મ શ્રદ્ધાનો સ્વાભાવિક જ રીતનો,
જુદા જુદા પ્રસંગોમાં ગુણધર્મ જુદો જુદો,
છતાંયે કાળને જ્યારે શ્રદ્ધા ફગાવવા ચહે,
ગુણધર્મ સ્વભાવે ત્યાં કેવો તે પલટાય છે ! ૪-૫

ધર્મ બજાવતાં મૃત્યુ આવે તેય સ્વીકારીને-
પોતાના ધર્મને પાળે, શ્રદ્ધા શી ધર્મચુસ્ત છે !
**જીવ**ને **શિવ**માં લાવી મૂકવાનો જ ધર્મ તે
-શ્રદ્ધાનો એકલો માત્ર, એમાં **તે** મશગૂલ છે. ૬-૭

શ્રદ્ધાને પંથનું જ્ઞાન નથી પૂરેપૂરું, છતાં-
વધતાં વધતાં પોતે મેળવે જ્ઞાન તે તદા. ૮

જીવવું માત્ર પોતામાં શ્રદ્ધાનો શો સ્વધર્મ તે !
વિચરવું લક્ષ્યથી આડે શ્રદ્ધાને પરધર્મ તે. ૯

શ્રદ્ધાનો ધર્મ પોતાનાં ક્ષેત્રમાં જીવતો નર્યો,
ગુણધર્મ પ્રમાણે તે વર્તે તે ક્ષેત્રમાં જ તો. ૧૦

ના અણઘડ શ્રદ્ધા છે, શી આવડત **एहने** !
ઓઘડ જાતની ના **ते**, ને અડબંગ ના જ **ते**. ૧૧

ઉત્કૃષ્ટ, તીવ્ર શી શ્રદ્ધા તે વર્તાવ્યા વિના કદી
-કેમેયે કરી ના ર્‌હે તે, એનો શો ધર્મ આપથી ! ૧૨

ઉદાત્ત, ઊર્ધ્વગામી તે દિવ્ય શ્રદ્ધાનું કર્મ છે,
શ્રદ્ધાને ચીંધવાનું ના, એ તો એનો સ્વભાવ છે. ૧૩

શ્રદ્ધાને દિલ સ્વીકારી શ્રદ્ધાને આવકારશે,
શ્રદ્ધાને જે વધાવીને કામ લે, પૂર્ણ જીતશે. ૧૪

શ્રદ્ધાને એક ના અંગ, કાળ, પરિસ્થિતિ રીતે
-આશ્રય શાં નવાં અંગોતણો શો લેતી જીવને ! ૧૫

પોતે, પોતાનું જુએ છે, જોવા બીજાની ના પડી,
ધારી 'સદ્‌ગુરુ' શ્રદ્ધાને, વર્ત્યે કલ્યાણ આપથી. ૧૬

કક્ષા પ્રત્યેકમાં શ્રદ્ધાનાં રૂપ, રંગ ને રસ,
જુદાં, નોખા પ્રકારે છે, શ્રદ્ધા કળાવી દુર્લભ. ૧૭

શ્રદ્ધાનું જીવને ત્યારે સ્વરૂપ દિવ્ય શક્તિનું,
-અનુભવાય છે સ્પષ્ટ અનોખા દિવ્ય દેશનું. ૧૮

શ્રદ્ધા સમજવી સ્‌હેલી અનુભવવી દોહ્યલી,
**एने** જગાડી, **ते** નીચે મુશ્કેલ અવતારવી. ૧૯

• • •

હરિ:ૐ

# ખંડ-૬ : પ્રક્રિયા

## અધ્યાય-૧ : જાગતાં જાગતાં શ્રદ્ધા

(અનુષ્ટુપ)

જીવને **જીવ**નું જેવું **જીવ**પણું બતાવીને,
શ્રદ્ધા ખાલી ન બેસી ર્‌હે, શ્રદ્ધા મથાવતી રહે. ૧

બેઠો શો જીવને શ્રદ્ધા શ્રેયાર્થીને કરે હૃદે !
તેવો બેઠો કરી ના કો શકે બીજું કદીય તે. ૨

જાગતાં જાગતાં શ્રદ્ધા માનવીને જગાડશે,
જગાડીને કરી બેઠો કમ્મર તે કસાવશે,
કમ્મર તે કસાવીને સંગ્રામમાં ઝઝૂમવા,
અદ્‌ભુત શૌર્ય પ્રેરાવી વજ્ર શો દે બનાવી ત્યાં ! ૩-૪

શ્રદ્ધાને શરણે જે કો તેને શ્રદ્ધા કદી પથે-
એકલો ના મૂકી દે છે, એને દે સાથ જીવને. ૫

આદર્શ ધગશે શ્રદ્ધા પોતે કેવી દડ્યા કરે !
જેવું લેવાનું ધારો છો શ્રદ્ધા તે કામ આપશે. ૬

બ્‌હાવરી ના બને શ્રદ્ધા, થતી ઉતાવળી ન **તે**,
જ્યાં જેવા વેગની જેવી યોગ્યતા, તેમ ચાલશે,
અંધારે ચાલવાનું છે, પડેલી કેડી ક્યાંય ના,
છતાં ચાલ્યા વિના **એને**, છે ના નિરાંત દિલમાં. ૭-૮

લેવાદેવા ન જેમાં છે, જેમાં સંબંધ ના કશો,
શ્રદ્ધા તેમાં જવા ના દે પોતાના દિલને કશું,
પોતાનાં લક્ષ્યમાં જે જે યોગ્ય પૂરું ખરેખરું,
જેનો છે ખપ સંપૂર્ણ શ્રદ્ધા ત્યાં ચિત્ત દે ખરું. ૯-૧૦

મથે પોતાની મેળે તે, શોધે પોતાની મેળ તે,
અંતર દરવાજાને ખોલવા નિત્ય **તે** મથે.
જેમ જેમ જતી પાસે તેમ તેમ નજીક **તે**
-લક્ષ્યના પડખે પ્હોંચી, તેનો કાઢતી ક્યાસ **તે**. ૧૧-૧૨

'કોઈક વાર બાફી શી શ્રદ્ધા મારતી જીવને !'
કિંતુ તે માનવામાંયે ભ્રમણા શી બુદ્ધિની હદે !
આપણે આપણી રીતે માન્યા જે કરવું બને,
મૂલ્યાંકન કશું યોગ્ય તેમાં ના સાચું હોય છે. ૧૩-૧૪

આપણે જાગતા જેવા, શ્રદ્ધા તેવું જ જાગતી,
જેવી ચેતનતા હૈયે શ્રદ્ધા તેવા પ્રમાણની,
દ્વંદ્વ ને ગુણમાં શ્રદ્ધા શી મર્યાદિત ! તે છતાં
-જાગ્યે ઉત્કટતા, શ્રદ્ધા જાણે કળા વટાવવા. ૧૫-૧૬

ડૂબી જતાં નિરાશામાં શી કેટલીક વાર તે,
શ્રદ્ધા ત્યારે મથાવીને ઊંચે આણે પથિકને. ૧૭

ગળાબૂડ નિરાશામાં ડૂબેલા હો ભલે છતાં,
શ્રદ્ધા ત્યાં પકડી બાંય ઊંચે લે ખેંચી તે સદા. ૧૮

અંધારી બાજુ પોતાની શ્રદ્ધા શી જોવરાવતી !
ભુસાવી સર્વ નંખાવી સ્વચ્છ, શુદ્ધ કરાવતી.
શ્રદ્ધાનો એ જ ધંધો છે, બળજબરી તે છતાં-
-કોઈ પરે કરે છે ના ઔદાર્યવંતી તે સદા. ૧૯-૨૦

જે તે બધું દીવા જેવું ચોખ્ખે ચોખ્ખું બતાવી દે,
પડે સમજવામાં તે શ્રેયાર્થીને સહેલું તે. ૨૧

શ્રદ્ધા પ્રેરાવતી ર્‌હે છે તે શી ગોદાટતી પથે !
આત્માનુભવમાં શ્રદ્ધા પોતે ત્યાં દોરી જાય છે. ૨૨

ચકરાવે ચઢાવે ના શ્રદ્ધા શ્રેયાર્થીને કદી,
ઊલટું તે ફળાવામાં શી તાલાવેલી **एहनी** !
શ્રદ્ધાનો ધર્મ તો ઊર્ધ્વ શો પ્રગટાવવાતણો !
શ્રદ્ધા શી ધર્મકર્તવ્યે યોદ્ધો રણચઢેલ હો ! ૨૩-૨૪

જ્યાં જ્યાં ડખલગીરી છે શ્રદ્ધા ત્યાં શૂરવીર થૈ,
લડે સંગ્રામ આપીને યોદ્ધો મરજીવો જ શો ! ૨૫

પંથે ચઢાવીને પોતે શ્રદ્ધા આગળ આગળે
-ગુપ્ત રીતે રહીને શી ! **जीव**ની ચાલ નીરખે. ૨૬

શી મુલાયમતા શ્રદ્ધા પ્રગટાવતી જીવને !
જીવનને ઘડાવાને શી તે જ માત્ર યોગ્ય છે ! ૨૭

શ્રદ્ધા પ્રેરાવતી ર્‌હે છે શ્રેયાર્થીને પથે સદા,
શ્રદ્ધા ખાલી પડી ના ર્‌હે શ્રદ્ધા એવી યથાર્થ ત્યાં. ૨૮

મનન ચિંત્વને શ્રદ્ધા પ્રેરાવ્યા કરી જીવને,
જેનું તેનું પમાડે છે હાર્દ મૂળનું અંતરે. ૨૯

ધ્યેયની વાત વિનાનું મિથ્યા ફોકટ સર્વ તે,
ધ્યેયમાં લક્ષ દેવામાં કેવી એકાગ્ર જીવને !
જેમ જેમ ધપે તેમ બઢે આતુરતા હૃદે,
ઉત્તરોત્તર શી તીવ્ર ! અગ્નિજ્વાળા સમી પથે. ૩૦-૩૧

ઉકેલાયા વિના શ્રદ્ધા કશુંયે મૂકતી નથી,
કળા સંકેલવાની સૌ શ્રદ્ધા સંપૂર્ણ જાણતી,
અધૂરું ના કશું મૂકે જે તે સંપૂર્ણ તે કરી,
સાથે સાથે જ તે યોગ્ય કરવાનું ચહે વળી. ૩૨-૩૩

• • •

## અધ્યાય-૨ : ધ્યેય ફળાવવા શ્રદ્ધા

(અનુષ્ટુપ)

શ્રદ્ધાનું ધ્યેય આત્માને તે અનુભવવાનું છે,
કેવી વિટંબણાઓથી રસ્તો **તે** ખોળી કાઢશે ! ૧

ગપાટા મારવા **એને** જરાકે નવરાશ ના,
ભૂલેચૂકે થતાં એવું એને ડંખતું ખૂબ ત્યાં,
પોતાના ધ્યેયની માત્ર **એને** શી પરવા સદા !
રમે તે ચિંત્વને ધ્યેયે એકાકારપણે તદા. ૨-૩

'ઊતરવું ઊંડે ઊંડે તેથીય અંતરે ઊંડે,
શોધી તે મેળવી લેવું,' શ્રદ્ધાનું તે જ કર્મ છે,
પોતાનાં લક્ષ્યકર્તવ્યે શ્રદ્ધા શી એકલીન છે !
તેને શું સાધવામાં તો શ્રદ્ધા તે ઓતપ્રોત છે ! ૪-૫

શ્રદ્ધા નિશ્ચયી સંપૂર્ણ વળી શી નિર્ણયાત્મક !
એકધારી કરી મંડ્યા, દોડતી ધપતી પથ,
આડુંતેડું ન **તે** જુએ, જોવા તેવું ન ભાન છે,
જેમાં તેમાં બધાંમાં **તે** માત્ર શું ધ્યેય નીરખે ! ૬-૭

નવરું પડી ર્‌હેવું તે ખાલી ખાલી નકામું જે,
શ્રદ્ધાને કલ્પનામાંયે આવી ના શકતું દિલે,
શી પારાવાર શ્રદ્ધા તો ઉદ્યમી, નિત્ય ખંતીલી,
ધ્યેયને પાડવા પાર મર્યાદા પાર પ્‌હોંચતી. ૮-૯

ધ્યેયના હાર્દને માત્ર નીરખ્યા કરવા હૃદે,
શ્રદ્ધાના તલસાટે શાં એકાકાર કરાવી દે !
એકાકાર થતાં પૂર્ણ તદાકાર થવાય છે,
એમ થતાં થતાં શ્રદ્ધા લક્ષ્યને અંત પ્‌હોંચશે. ૧૦-૧૧

કોઈથી અતડી ના **તે** બખાળા ખાલી પાડવા-
સ્વપ્નમાંયે ન શ્રદ્ધાને કદીયે ગમતા જરા.
ચાહેલું દિલ ધારેલું તેને આકાર આપવા,
તાદૃશ્ય કરવા એને શ્રદ્ધા ઉત્કટ તત્પરા. ૧૨-૧૩

થવાને ધ્યેય સાફલ્ય જે શ્રદ્ધા ધ્યેય કેંદ્રિત,
સર્વ પ્રવૃત્તિ શ્રદ્ધાની ઘડાવા તેવું જીવન. ૧૪

શ્રદ્ધા ટકાવી રાખીને હેતુકેરી સભાનતા
-કેવી યથાર્થતાયુક્ત રખાવે જીવતી તદા ! ૧૫

ધ્યેયને જ વરેલી જે શ્રદ્ધા, જીવનમાં સદા
-પ્રેરાવ્યા કરશે ખંતે ધ્યેયની તે પરત્વેમાં. ૧૬

ધ્યેયે ધારેલ પ્હોંચાતાં ધ્યેય આગળ શું ધપે !
શ્રદ્ધા શી ત્યાંય દર્શાવ્યા કરે છે ધપવા પથે ! ૧૭

ધ્યેય ફળાવવા શ્રદ્ધા મૂળે કેવી યથાર્થ છે !
વિના શ્રદ્ધા પમાયે ના હો પુરુષાર્થ લાખયે. ૧૮

ધ્યેય પામ્યા વિના શ્રદ્ધા નિરાંતે બેસવા ન દે,
જંપ ના વળવા દે તે વળાવે મનને પથે. ૧૯

શ્રદ્ધા જાગેલી વર્તે છે જીવને જોતરાવીને,
ધ્યેયના ઝૂંસરે* ભાવે મથાવીને દઢાવીને. ૨૦

જીવને ધ્યેયકેરા જે હેતુકેરી સભાનતા-
-ચેતનાત્મક, તેવાને શ્રદ્ધા ઉગ્ર જલે સદા. ૨૧

આડુંતેડું જવા ના દે પોતાનાં લક્ષ્યને કદી,
ધારેલાં લક્ષ્યમાં પ્રેમે શ્રદ્ધા રમ્યા કરે ચહી. ૨૨

શ્રદ્ધા પોતે ધરે લક્ષ ઊંડું જીવનધ્યેયનું,
પોતે જેમાં પડે તેમાં જાણે પડવું સોંસરું. ૨૩

શ્રદ્ધાને ચાલવું નિત્યે ગમે છે જીવને ઘણું,
એકધારી શી લક્ષ્યે તે પ્રેરાવે લક્ષ જીવતું. ૨૪

પોતાને તે પિછાને છે હોવા છતાં જુદી જુદી,
તોયે ના બદલે દૃષ્ટિ, દૃષ્ટિ શી ધ્યેયની ગમી ! ૨૫

પોતાના ધ્યેયથી શ્રદ્ધા આડીઅવળી જાય ના
નાકની દાંડીની સામે શ્રદ્ધાની દૃષ્ટિ હોય ત્યાં. ૨૬

* ધૂંસરે

નિશ્ચયો, નિર્ણયોને **તે** ટકાવવા, જિવાડવા,
શ્રદ્ધા શી પ્રેરણા પ્રેરે ! હાર્દ સર્વનું જાણવા,
ગૂંચવાતાં કશે પંથે શ્રદ્ધાની સૂઝ અંતરે-
-કેવી તે કામ લાગે છે જીવને નવસર્જને ! ૨૭-૨૮

શ્રદ્ધાને આળપંપાળ કોઈ વાતે કશી ન છે,
પોતાના શ્રેયના વિના ક્યાંય બીજે ચગે ન તે. ૨૯

જે જોવાનું ન છે યોગ્ય તે જોવાનું કરે ન **તે**,
પોતાના લક્ષ્યને માત્ર જોયા ટીકી ટીકી કરે. ૩૦

શ્રદ્ધાને આગ્રહો કોઈ જાતના નથી જીવને,
ધ્યેયનું એકબાજુનું જોશ, એનાથી વર્તશે. ૩૧

શી તાલાવેલી શ્રદ્ધાની અપાર ને અફાટ છે !
ધ્યેયને પામવા પૂર્ણ **एनी** ધગશ ઑર છે ! ૩૨

અનેક શી કસોટીઓ આવ્યા જીવનમાં કરે,
શ્રદ્ધાની દૃષ્ટિ એકાગ્ર ધ્યેયની તે વિશે ઠરે. ૩૩

શ્રદ્ધા તો ચસવા ના દે આમ કે તેમ ચિત્તને,
લીધેલા ધ્યેયમાં પૂર્ણ ખૂંપાવ્યા દિલને કરે. ૩૪

પોતાને શિર બોજાને લેવા પોતે ડરે ન તે,
ભાગે આવેલ કર્તવ્ય પાર ઉતારવા ચહે. ૩૫

આગ્રહી ધ્યેયમાં પૂર્ણ ધ્યેયે લક્ષ દૃઢાવતી,
વરેલાં કર્મમાં નિષ્ઠા શી પ્રેરાવતી **તે** વળી ! ૩૬

ધ્યેયની સર્વ દિશામાં શ્રદ્ધા ચલાવીને હૃદે,
તે તે માર્ગનું તો સર્વ જાણવા યોગ્ય સૂઝ દે. ૩૭

ધ્યેય પરત્વેનું ઝંખે શ્રદ્ધા શું એકધારું તે !
ઝંખના એવી જીવંતી થકી, જ્ઞાન પમાય છે. ૩૮

પોતાનાં કર્મ વિનાનું શ્રદ્ધાને ખપતું ન કૈં,
પોતાના પ્રાપ્ત ધર્મે તે પૂરું ખપી જવા ચહે. ૩૯

શ્રદ્ધાને દિલચસ્પી છે જે જે હાથ ચઢ્યું પથે
-તે તે પ્રસંગ સંબંધે, ધ્યેય સામે ધરી જીવે. ૪૦

શ્રદ્ધાની ઉપયોગિતા જીવને યોગક્ષેમમાં
-પળે પળે જ વર્તાતી કેવી લાગતી દિલમાં ! ૪૧

હેતુ સભાનતામાંહે જુદા જુદા પ્રકાર છે,
ગાઢ, તીવ્ર, સર્વશ્રેષ્ઠ, ઉચ્ચતાના જ શિખરે. ૪૨

હેતુ સભાનતા કેવી દક્ષતા પાંગરાવતી !
યોગના માર્ગનું જ્ઞાન જીવને પ્રગટાવતી. ૪૩

શ્રદ્ધા દિલ પરોવાવે ધ્યેય આદર્શ કર્મમાં,
કર્મમાં ભાવ ર્‌હેવાથી સ્ફુરે ચેતનતા તદા. ૪૪

ધ્યેય પ્રકારના વેગે જેના જીવનમાં સદા
-સંસ્કાર ફાલતા ર્‌હે છે, શ્રદ્ધા તેના જ મૂળમાં. ૪૫

જીતવું માત્ર **તે** જાણે, જાણે પાર તરી જવું,
આરપાર પૂરેપૂરું જાણે તે નીકળી જવું. ૪૬

સભાનતા રખાવે છે શ્રદ્ધા ધ્યેયની જીવને,
મર્દાનગીભર્યો કેવો કરાવે પુરુષાર્થ તે ! ૪૭

શ્રદ્ધા ના ધ્યેયને ભૂલે ભૂલ થાય કદી થતાં,
શ્રદ્ધાને આંચકો કેવો શૂળ જેવો જ લાગતાં,
શ્રદ્ધા શી ઝબકી જાગી સફાળી ઊઠી, બેઠી શી
-કસી કમ્મર, પાછી તે લાગે કામે ફરી ફરી. ૪૮-૪૯

શ્રદ્ધાને જીવને જે જે સર્વ પ્રસંગ સાંપડે,
તેમાં તેમાં શી જીવે તે સ્વસ્થતા પૂર્ણ ધારીને,
તેને પ્રસંગમાં હેતુ ધ્યેયનો ચિંતવી હૃદે,
ફળે ધ્યેય રીતે તેવું વર્તવાનું કરાવશે. ૫૦-૫૧

પ્રત્યેક આંચકામાં **તે** હેતુને પરખી જ લે,
હેતુ ફળાવવા કેવી નિત્ય ઉદ્યત હોય છે !
જેમાં તેમાં બધા વિશે ધ્યેયના હેતુને વિશે-
સભાન પૂર્ણ શી ર્‌હે **તે** કળાની દક્ષતા રીતે ! ૫૨-૫૩

• • •

## અધ્યાય-૩ : અંતરે ઊતરી ઊંડું

(અનુષ્ટુપ)

અંતરે ઊતરી ઊંડી પોતાની ખોજ ત્યાં કરે,
ખોજી ખોજી ઊંડું ઊંડું શ્રદ્ધા ત્યાં ઊતરે ઊંડે. ૧

શ્રદ્ધા મથે નકામું ના, મથતાં મથતાં પથે
-શ્રદ્ધાની ચોટ ત્યાં કેવી પરિણામની દૃષ્ટિની ! ૨

શ્રદ્ધા કદી ફસાયે ના, કદી ફસાય જીવને,
ફસાતાં પાછી ત્યાં શ્રદ્ધા વળે શી ઊંડી અંતરે ! ૩

નિર્ણયો આપમેળે લે શ્રદ્ધાની પ્રેરણા હૃદે,
નિર્ણયો રીત વર્તાવે શ્રેયાર્થીને પછી પથે. ૪

શ્રદ્ધાના ભાવની શક્તિ ઊભા કરાવવા ચહે,
ચહે ના માત્ર તે શક્તિ, મથાવ્યા કરી સાધશે. ૫

પ્રપંચ ચાલબાજીમાં શ્રદ્ધા પહોંચી શી વળે !
**एने** હરાવવા કોઈ શક્તિમાન થયું ન છે. ૬

શ્રદ્ધા ઊગતું જે જે તેમ વર્તાવવા પથે-
-શ્રેયાર્થીને ગળે તેવું **ते** ઉતરાવવા મથે. ૭

દોષોને, અપરાધોને, શ્રદ્ધા શા ઓળખાવી દે !
ઓળખાવી, મથાવીને મુક્તિ પ્રેરાવવા ચહે. ૮

શ્રદ્ધા ના ખચકાયે છે જ્યાં ખંચાવાનું આવતાં,
ઊંડું ઊંડું વિચારીને માર્ગ લે મેળવી તદા. ૯

વિઘ્ન, મુશ્કેલી ને ગૂંચો, કોયડા શા નવા નવા !
શ્રદ્ધા તેય ડગ્યા વિના છતાં મથે ઉકેલવા. ૧૦

શ્રદ્ધા કેળવવામાં શો ઊંડો **ते** રસ દાખવે !
રસ ચઢાવવા કેવો શ્રેયાર્થીને શું થાબડે ! ૧૧

શ્રદ્ધાનું ચાલતું ના કૈં જ્યારે **ते** નીરખે પથે,
હાથ જોડી ન બેસી ર્‌હે ઉકેલ કાઢવા મથે. ૧૨

શ્રદ્ધાની ચાલબાજીમાં યોજનાબદ્ધ સર્વ છે,
છતાં ત્યાં યોજના ના છે, એનું સહજ ધોરણે. ૧૩

ધક્કેલા મારતી શ્રદ્ધા, ધક્કા માર્યા વિના પથે-
પ્રગતિ આગળે કેમે જરા ના થતી જીવને. ૧૪

વાજિ વગાડીને કર્મ શ્રદ્ધા કશુંય ના કરે,
સૂક્ષ્મ શી રીત શ્રદ્ધાની કળાવી ના કળાય છે. ૧૫

ભૂમિકા ચૂસી લે એવી શ્રેયાર્થીની થતાં હૃદે,
સલાહ, સૂચનો શ્રદ્ધા સૂક્ષ્મ પેરે ધર્યાં કરે. ૧૬

કેવી તે રીતથી શ્રદ્ધા ઘડે જીવનને પથે !
કલ્પના એ અગાઉથી કદી જાણી નહિ શકે. ૧૭

ઘડે જીવનમાં શ્રદ્ધા અકલ્પ્ય ઘાટ જીવને,
કલ્પનામાંય ના આવે, છતાં શા વાસ્તવિક છે ! ૧૮

શ્રદ્ધા ના ભાર ઉપાડે ખાલી ખાલી જ જીવને,
જે તે કૈં કરવા વિશે ઘડવા હેતુ હોય છે. ૧૯

તપાવાનું જરૂરી છે ઘડાવા કાજ યોગ્ય તે,
શ્રદ્ધા તેમાં પડે છે ના કાચી કોઈ રીતે પથે. ૨૦

શ્રદ્ધા કદી પછાડે ના નિમ્નગામી ન તે કરે,
શ્રદ્ધાથી જીવવું કેવું ઉન્નતગામી થાય છે ! ૨૧

મંડતાં મંડતાં ર્‌હેવા, મથાવ્યા કરવા ચહે,
જરીયે બેસી ર્‌હેવાનું શ્રદ્ધાને ગમતું ન છે. ૨૨

આપને આપ જાણે છે, નાણે છે વળી આપને,
તાવે છે ને તવાવે છે તવાવી કેવું **તે** ઘડે ! ૨૩

પાંગળાપણું તો કેવું તે સમૂળુંય કાઢશે,
કેવું સામર્થ્ય બક્ષે છે શ્રદ્ધા સમગ્ર જીવને! ૨૪

ઘડવા માટ તો મુક્ત વાતાવરણમાં સદા
-સરળતા વડે યોગ્ય શ્રદ્ધાને એકલક્ષમાં. ૨૫

શ્રદ્ધા ગૌરવશાળી છે, ઉન્નતિ શી કરાવતી !
ખૂંપેલા કાદવે છો હો પ્રયત્ને તે મથાવતી,
શ્રદ્ધા જીવતી સાથે ને સાથે શી ભડવીર તે !
તે પરાક્રમી યોદ્ધાની સારે ગરજ જીવને. ૨૬-૨૭

શ્રદ્ધાનું ખાલી ખાલી ના કશુંય હોય જીવને,
જ્યાં ત્યાં મઠારવાનાં શાં વલણ, દૃષ્ટિ, વૃત્તિ છે. ૨૮

જીવને ખપ જેનો છે, તેનું મહત્ત્વ જીવતું,
શ્રદ્ધા સંપૂર્ણ રાખે છે શી દરકાર આપ શું ! ૨૯

શ્રદ્ધા તો હુમલા સામે ચોકીદાર બને ખરી,
એને હઠાવવા કેવો શ્રદ્ધા સંગ્રામ આપતી ! ૩૦

શ્રદ્ધા કદીક શી થંભે ! કદીક વમળે ચઢે,
ઉચાળા શી ભરાવે છે શ્રદ્ધા કદીક જીવને ! ૩૧

શ્રદ્ધા ટકાવી રાખે છે, શ્રેયના પંથ જીવને-
-જીવતા **તે** રખાવે છે, શી ક્રિયાશીલ **એવી તે** ! ૩૨

પોતાની મેળ ઊગે છે શ્રદ્ધાને નિજના પથે,
કોઈની પાસ શ્રદ્ધાને શીખવા ના જવું પડે,
શ્રદ્ધા મદદ પ્રેરે છે જીવને ચાલનારને,
ચાલતાંને ટકાવામાં શ્રદ્ધા જોમ ભર્યાં કરે. ૩૩-૩૪

સમન્વય, સમાધાન જેમાં તેમાં બધા વિશે-
-કરવું પડતું સૌને આખરે જીતી, હારીને,
ત્યારે શ્રદ્ધા શી તે વેળા જીવને જ્ઞાનપૂર્વક-
-જેથી હેતુ ફળે તેમ વર્તાવવા ચહે પથ. ૩૫-૩૬

● ● ●

## અધ્યાય-૪ : શ્રદ્ધા તો ખેલ ખેલે છે

(અનુષ્ટુપ)

કશું ઠોકી ન બેસાડે શ્રદ્ધા તો કોઈની પરે,
યોગ્યતા સર્વની જે તે **તે** ઉતરાવવા ચહે. ૧

જે જે અનુભવો થાય જીવનપંથ કાપતાં,
સૌમાં તારવવાનું તે શ્રદ્ધા શી કરતી સદા ! ૨

સંસારે મામલા ઉગ્ર, શા ગબડાવી મૂકતા !
અવિચળ રખાવાને શ્રદ્ધા મથાવતી તદા. ૩

મળે, ભળે, ગળે જ્યાં જ્યાં શ્રદ્ધા, જીવનમર્મને
-પિછાની લૈ, પછી પોતે તેને મઠારવા મથે. ૪

કેવું કેવું મથાવે છે શ્રદ્ધા પોતે છતાંય તે
-કશું ના કરતી હોય, શ્રદ્ધા શી છાનીમાની તે ! ૫

વદે સંદિગ્ધ ના પોતે જે તે સ્પષ્ટ બતાવશે,
અર્ધદગ્ધ રખાવે ના, શ્રદ્ધા શી ગુણધર્મી તે ! ૬

શ્રદ્ધાતણા વિકાસે જે નડે તેને નિવારવા
-શ્રદ્ધાને માર્ગ ક્યાંયે ના શોધવો પડતો તદા. ૭

શી મર્દાનગી શ્રદ્ધાની ! એની તોલે ન કોઈની,
મુશ્કેલી, ગૂંચ, પ્રશ્નોમાં પોતે બને શી સાબદી ! ૮

શ્રદ્ધાથી આડફેટું જે નડ્યા જીવનમાં કરે,
આપમેળે જણાઈને મથાવે તે મઠારવા. ૯

સ્હેજ ત્યાં સ્વસ્થતા ખોતાં શ્રદ્ધા આંખ ઉઘાડીને
-પડી વિમાસણે, પોતે જાણી કારણ તુર્ત લે. ૧૦

શત્રુ ને મિત્ર છે કોણ જીવને આપણા ખરા,
શ્રદ્ધાને જાણ એનીયે ચેતાવે તે પ્રમાણમાં. ૧૧

શ્રદ્ધાથી જીવને કેવી તીવ્ર તત્પરતા બઢે,
સજાગ શા પૂરેપૂરા દઢાવી જીવતા કરે ! ૧૨

શ્રદ્ધા પોતે જ પોતાના ધ્યેય પ્રત્યે નિશાનને
-તાકવા એકધારું તે નિત્યે કેવું મથ્યા કરે ! ૧૩

પ્હાડ સામે ઊભેલા જ્યાં રસ્તા વચ્ચે જ નીરખે,
શ્રદ્ધા ત્યાં એકલે હાથે ટક્કર હામ ભીડી લે. ૧૪

ટકાવે એકલું ના તે પ્હાડનેય હઠાવવા
-માર્ગ વચ્ચેથી લે શ્રદ્ધા કેવા કેવા ઉપાય ત્યાં ! ૧૫

પાછલાં કર્મની છાયા પડેલી જેવી હોય છે,
ભુસાવી નાખવા શ્રદ્ધા પોતે તત્પર થાય છે. ૧૬

ઓથ છે જબરી એની હારતાં હારતાં પથે,
પડતાં ને પડંતામાં શ્રદ્ધા ત્યાં હાથ શો ગ્રહે ! ૧૭

શૌર્ય પ્રકટતાં શ્રદ્ધા ઝનૂની કેવી ધ્યેયમાં-
-ખપી જવા જ સંપૂર્ણ તીવ્ર તત્પર થાય ત્યાં ! ૧૮

શ્રદ્ધા જો પ્રગટેલી હો પોતે ગતિ કરાવીને,
ધક્કેલતી રહે કેવી ! પ્રેરાવ્યા કરશે પથે. ૧૯

ફતેહ પામવા કાજે પુરુષાર્થ કર્યાં કરે,
પ્રયત્ન કરવાથી **તે** થાકતી ના કદી પથે. ૨૦

શ્રદ્ધા તો ખેલ ખેલે છે કેવા મર્દાનગીભર્યા,
માથું મૂકી પડે તૂટી શ્રદ્ધા કેવી ઝઝૂમવા !
સંગ્રામે માથું દૈ દવા **તે** અચકાતી ના કદી,
ફના થૈ કેટલી વાર શ્રદ્ધા શી ઝંપલાવતી ! ૨૧-૨૨

ભારે વંટોળિયા પેઠે શો ધસમસતો જતો !
વચ્ચે આવતું જે તે તે ફગાવી ધપ્યે જતો,
આડખીલી ન સાંખે તે ક્યાંયે તે ફેંકીને પથે-
-દોડ્યો કેવો જતો હોય તેવો જિજ્ઞાસુ ધન્ય છે. ૨૩-૨૪

પ્રયત્ને ધપતાં જ્યારે નિષ્ફળ જઈએ છીએ,
રસ્તો જ્યારે સૂઝે કોઈ ક્યાંય ના આગળે કશે,
ત્યારે શ્રદ્ધા અગાડી ત્યાં આવીને કેવી ભોમિયો-
બની, દર્શાવતી ર્‌હે છે વિકાસ યોગ્ય કીમિયો. ૨૫-૨૬

જવાતાં અટકી પંથે ધૈર્ય ને શાંતિ ધારીને,
શ્રદ્ધા તટસ્થ શી વર્તે ! તે વેળા સ્વસ્થ થૈ હૃદે. ૨૭

શ્રદ્ધા નિશ્ચિતતા પૂર્ણ જીવને સંપડાવતી,
સ્વસ્થતા, દક્ષતા, ધૈર્ય શ્રદ્ધા શી દિલ પ્રેરતી. ૨૮

વિકાસે મસ્ત શ્રેયાર્થી શો પુરુષાર્થ તે કરે !
શ્રદ્ધાનો તેમહીં ભાવ શો ભજવેલ છે પથે ! ૨૯

ના વળગણ કોઈનું શ્રદ્ધાને વળગે કદી,
કશું જો વળગ્યું હોય, ખંખેરી નાખતી વળી.
દક્ષતાયુક્ત શ્રદ્ધાની જીવંતી સાવધાની શી !
શ્રદ્ધાનો યોગ્ય વિવેક જે તે સાચવતો વળી. ૩૦-૩૧

• • •

## અધ્યાય-૫ : ગુણ ને ભાવ પ્રેરાવે

(અનુષ્ટુપ)

શ્રદ્ધા જે હેતુ વિનાની જેમાં સભાનતા ન છે,
એવી શ્રદ્ધા ન તે શ્રદ્ધા, ઘડાવા યોગ્ય તે ન છે.
શ્રદ્ધામાં જીવતા 'ગુણભાવ' બંનેય સાથ છે,
ગુણ ને ભાવથી માત્ર વિકાસ યોગ્ય થાય છે. ૧-૨

શિલ્પીના ટાંકણા જેવું, જીવન પથરા સમું-
-ભલેને હોય, તોયે **તે** તેને ઘડ્યા કરે નવું. ૩

પ્રસંગ નર્ક જેવો હો, મોં મચકોડતી નથી,
તેનેય હર્ષથી પોતે વધાવી લેતી દિલથી. ૪

આવેલું એમનું એમ શ્રદ્ધા કશું ન છોડી દે,
એનો શું હેતુ પ્રીછી લૈ, શ્રદ્ધા ત્યાં હાર્દ મેળવે. ૫

જેનું તેનું બધાંનુંયે જે જે પંથે મળ્યા કરે,
હાર્દ તે સર્વનું પૂર્ણ પ્રીછી **તે** લેતી હોય છે. ૬

શ્રદ્ધા શી ચીટકી ર્‌હે છે, ગુંદર જેમ જીવને,
ચોંટેલી જે વિશે તે છે તેનાથી ના છૂટી જશે. ૭

અપાર બળશક્તિ શી શ્રદ્ધા તો પ્રેરતી રહે !
-**ગુણ** ને **ભાવ** શ્રદ્ધાથી જીવને કેળવાય છે. ૮

**ગુણ** ને **ભાવ** પ્રેરાવે, પ્રેરાવે શક્તિ,ભાન **તે**,
શ્રદ્ધા જાગૃતિ પ્રેરાવે, શ્રદ્ધા ધ્યેયનું જ્ઞાનયે,
શ્રેયાર્થી જીવતો ર્‌હે છે શ્રદ્ધાથી કરી જીવને,
શ્રદ્ધાથી ધપતો ર્‌હે છે, સર્વ પ્રયત્નમાં જ **તે**. ૯-૧૦

બ્‌હાવરી ના કદી થાય, શ્રદ્ધા ચીવટ રાખીને,
પોતે પોતામહીં મગ્ન કેવી પૂરેપૂરી હ્રદે ! ૧૧

ઊંડે જ ઊતરાવીને ઊંડે એનાથીયે પથે
-પ્રવેશાવી વળી ઊંડે દર્શન શાં કરાવશે ! ૧૨

ઉત્સાહ કચડી નાખે, નાખે પ્રગતિ રૂંધી, ને
નાખે શી ગૂંગળાવી તે નિરુત્સાહ સ્થિતિ વિશે,
જીવને કેટલી વાર મુકાઈ જ્યાં જવું થતાં,
શ્રદ્ધા ત્યાં વિકસેલી શી કામે લાગી જતી તદા ! ૧૩-૧૪

કદીક ઠેકડા મારે વાંદરા જેમ પંથમાં,
કદીક શી ઊભી ર્‌હે તે ઠંડીગાર બની તદા. ૧૫

કોઈક વાર તો શ્રદ્ધા ઓચિંતું પડતું મૂકે,
તેનોય હેતુ શ્રદ્ધાને એકલીને જણાય છે. ૧૬

પૂરેપૂરી ભળે પોતે, પૂરું ચેતન દાખવે,
જીવને તે છતાં કેવા ! આધાર સર્વ તે પરે. ૧૭

• • •

## અધ્યાય-૬ : રાખે બેસાડી ના જરા

(અનુષ્ટુપ)

પંથે જે ચાલવાનું છે તેમાં જે ધપવાતણી-
ઝંખના, તેમહીં શ્રદ્ધા જાણે છે ભક્તિ સિંચવી,
જે જે ડગ ભરાયે છે તેમાં શ્રદ્ધાની હામ છે,
શું શ્રદ્ધાને લીધે ભાન, લીધેલા ધ્યેયનું ટકે ! ૧-૨

પોતે બેસી કદી ના ર્‌હે, રાખે બેસાડી ના જરા,
વિકાસકર્મમાં શ્રદ્ધા કેવી પોતે ચલાવતી ! ૩

અજાણ્યાં શાં વટાવે તે કેવાં સંકટ કારમાં !
'હેતુ છે કેળવાવાનો' તે મળવાથી પંથમાં-
-કરતાં સામનો તેનો ગુણ શા વિકસાય છે !
શ્રદ્ધા તેમાં ટકાવી તે રખાવે જોમ પ્રેરીને. ૪-૫

ઉષ્મા પ્રેરાય શ્રદ્ધાથી ખંતથી ધપવાતણી,
શ્રદ્ધા ધક્કેલતી પંથે છતાં જવાતું છે પડી,

અટવાયા જવાતું ત્યાં બને કેટલી વારયે,
ઓચિંતું સ્ફુરણામોજું ઉડાડે કેવું તે ઊંચે ! ૬-૭

મારવાં ડાફરિયાં તે શ્રદ્ધાની ના કુટેવ છે,
આડુંતેડુંય જોવાને **एने** ના નવરાશ છે,
જેમાં જેમાં વળેલી છે ને જોડાયેલ જે વિશે,
તેમાં તેમાં જ તે મગ્ન એકધારી હૃદે ઠરે. ૮-૯

શ્રદ્ધાને જે વરેલા છે, શ્રદ્ધાને સેવતા હૃદે,
શ્રદ્ધાને જીવને પોતે જ્ઞાને આચરતા જ જે,
જેમના જીવને કર્મે શ્રદ્ધા ક્રિયાશીલ થઈ,
સમાધાન જ સંપૂર્ણ તેમના જીવને સહી. ૧૦-૧૧

ડૂબતાં ડૂબતાં જ્યારે મરતાં સંપૂર્ણ લાગતાં,
હાથ પકડવા કોઈ પ્રત્યક્ષ તે ઊભેલું જ્યાં,
લાંબો તે કરીને હાથ ખેંચી બહાર કાઢતાં,
હર્ષ, ઉન્માદ શો થાય ! શ્રદ્ધાના તે પ્રભાવમાં. ૧૨-૧૩

'મદદ કરવા કોઈ તત્પર ઊભું છે પથે'
પ્રત્યક્ષ જ્યાં જણાયે છે શું, નક્કરપણાથી તે,
ત્યારના હર્ષનો કોઈ ક્યાસ કાઢી શકાય ના,
ઠેકડા મારતાં માર્ગ સપાટાથી કપાય ત્યાં. ૧૪-૧૫

વચમાં પડદો આડો પડી ગયેલ લાગતાં,
તેની પાર જવા બુદ્ધિ શકે ખોળી ઉપાય ના,
સાહસ, હામ ને ધૈર્ય શ્રદ્ધા શી પ્રેરતી મહા !
ઓળંગાવી નવો પ્રેરે વિશ્વાસ જીવતો તદા. ૧૬-૧૭

હલાવો તો જ હાલે **તે**, ચલાવો તો જ ચાલશે,
બનાવ્યે ભોમિયો **એને** કાબેલ માર્ગ ચીંધવે,
ભૂલી કદી પડે ના **તે** ભૂલા જ પડતાં પથે,
પ્રાર્થના કરતાં, શ્રદ્ધા માર્ગ સાચો બતાવશે. ૧૮-૧૯

પ્રાર્થનાનો સહારો તો લીધો કેટલી વાર છે,
પ્રાર્થનામાં જ હેતુ છે, હેતુ સભાનતા વિશે-
ઉત્કટ જાગૃતિ તીવ્ર, તેથી શ્રદ્ધા સતેજ થૈ-
ધપે છે શ્રેયના પંથે ફળ ફળાવવા પછે. ૨૦-૨૧

વર્ધંતાં ભાવ શ્રદ્ધાનો જેની તેની જ શુદ્ધિ શી
-થયા કરતી લાગે છે ! શ્રદ્ધામાં હેતુભાન તે.
કેટલા મળ છે કેવા તેનું પ્રત્યક્ષ ડંખતું-
-પ્રેરાવી **તે** ઊંડું ભાન મુક્તિ સૌથી અપાવતું. ૨૨-૨૩

શું સાબદાં કરાવે છે ગુણ ને ભાવ, શક્તિ તે !
શ્રેયાર્થી પંથનું ભાથું તે ખરેખરું યોગ્ય છે,
શ્રદ્ધા હામ ભિડાવે જે, તેવું બીજાથી ના બને,
શ્રદ્ધાના સાથનો કેવો જીવને પડઘો પડે ! ૨૪-૨૫

શ્રદ્ધા શું મૂળમાં ઊંજે કેવું ઓજસતેલ તે !
ઉછેરાવા જ દે પ્રાણ જીવનછોડને પથે,
વધેલા અવરોધો શા ! શ્રદ્ધા **તે** પ્રાણદાયી થૈ,
ખંખેરાવી જ નંખાવે જીવને આડું હોય જે. ૨૬-૨૭

કરણેન્દ્રિયકેરા તે ગુણધર્મ વિશે પથે,
વિવેક સૂક્ષ્મ શ્રદ્ધાનો પારખે સત્ અસત્ હૃદે,

સર્વનો સાર સંપૂર્ણ શ્રદ્ધાને ખેંચવો ગમે,
થઈ એ રીત સમૃદ્ધ શ્રદ્ધા વિકાસમાં ફળે. ૨૮-૨૯

'પોતાના સૌ ભલા સારુ ઉઠાવવો બધો શ્રમ',
શ્રદ્ધા સ્વધર્મ પોતાનો ધારી, ને પાતી જીવન,
શ્રેયાર્થે યજ્ઞનાં કર્મ હેતુના જ્ઞાનભાવથી,
**તે** વિકસાવવા ધ્યેય તે વિશે રમતી જ શી ! ૩૦-૩૧

શ્રદ્ધાએ જે લીધેલું છે પરોવાઈ જ કર્મ તે-
પૂરેપૂરી જ મસ્તીથી તેમાં તે ઝંપલાવશે. ૩૨

શ્રદ્ધાના ભાવની રીતે જે તે કર્મ થવાં ઘટે,
ભાવનાર્ઘ્યથી પાદે તે સમર્પ્યાં કરવાં પદે. ૩૩

'પ્રભુપ્રીત્યર્થ સૌ કર્મ તે અનાસક્તિપૂર્વક,
થવા યોગ પ્રભુતામાં શાં થાય ભાવપૂર્વક !'
ગળે તે ઊતરેલું છે શ્રદ્ધાને તે બધી રીતે,
ચાલવા એવી રીતિનો શ્રદ્ધાનો શો સ્વધર્મ છે ! ૩૪-૩૫

• • •

## અધ્યાય-૭ : સિંચતી પ્રાણ શી રહે !

(અનુષ્ટુપ)

શ્રદ્ધા શા **પ્રાણ** સિંચે છે રોમ રોમ વિશે ખરે,
અણુ અણુતણી શક્તિ શ્રદ્ધા જગાડી દે જ તે. ૧

શ્રદ્ધા મથાવવામાં તે **પ્રાણ, રસ** સ્ફુરાવીને,
શ્રેયાર્થીને હૃદે પ્રેર્યાં કરે, ઉત્સાહ જીવને. ૨

પોતાને કરવાનું જે નિત્ય તે કરવા વિશે,
શ્રદ્ધા ટકાવતી રૂહે છે પ્રેરાવે પ્રાણ તે વિશે,
પ્રેરણા પ્રેરતી તેમાં, શ્રદ્ધા, સાથ ન **તે** મૂકે,
જોડાજોડ રહી પોતે મૈત્રીધર્મ બજાવશે. ૩-૪

ભીંસાયેલા જ ચોપાસે ગૂંગળાયેલ જીવને,
મહા મુશ્કેલી વેળાએ હૈયે તે હોઠ આવશે,
શ્રદ્ધા ત્યાંય ટકાવામાં સિંચતી **પ્રાણ** શી રહે !
ટકાવી રાખવામાં તો શ્રદ્ધા સમું ન કોઈ છે. ૫-૬

ટૂંટિયું વાળીને શ્રદ્ધા, શ્રદ્ધા નયન મીંચીને,
પીઠ ફેરવી દૈ, શ્રદ્ધા બેસી રૂહેતી ન જીવને,
પુરુષાર્થ થતો જે જે તે કર્યાં કરવામહીં,
શું ગજવેલ સિંચે છે શ્રદ્ધા તે પુરુષાર્થમાં ! ૭-૮

ભુલાવાપણું શ્રદ્ધાને જીવને હોતું તો નથી,
રાખવાપણુંયે યાદ શ્રદ્ધાને હોતું કૈં નથી,
જે જે ટકાવવામાં ને તે જિવાડવામહીં-
શ્રદ્ધા શા **પ્રાણ** સિંચે છે, શ્રદ્ધાથી શું મથાય છે ! ૯-૧૦

શ્રદ્ધાને આવરી લેતાં આવડે સર્વ વિષયો,
તે સર્વથી અજાણી છે, પ્રવેશ્યે, જાણી લે બધું. ૧૧

અજાણી તોય શ્રદ્ધાને અજાણ્યું કૈં ન લાગતું,
ભૂસકો શો અજાણ્યામાં શ્રદ્ધા મારતી ભાવ શું ! ૧૨

ટક્કર ઝીલવા શ્રદ્ધા તુર્ત તૈયાર થાય છે,
બાવડાં ઠોકીને કેવું સામાને પડકારશે ! ૧૩

કાયરને કરે શ્રદ્ધા મર્દ પરાક્રમી ખરો,
જીવંત શક્તિ શ્રદ્ધાની જાણે કર્મે પરોવવું. ૧૪

કરાવે છે પુરુષાર્થ જિજ્ઞાસા જીવને સદા,
આત્મા તેમાં પરોવાવે શ્રદ્ધા પ્રેરાવી **ભાવ** ત્યાં. ૧૫

સાધનાભ્યાસ શ્રદ્ધાથી પ્રેમભાવે થતાં થતાં,
શ્રદ્ધા તેમાં ઉમેરાવે આત્મસ્થ ભાવ આપથી. ૧૬

શ્રદ્ધા ના કરમાવે છે, શ્રદ્ધા હરાવતી નથી,
શ્રદ્ધા પમાડીને જ્ઞાન કરે જીવતું તે સહી. ૧૭

આડા સૌ પડદા શ્રદ્ધા તોડી ફોડી જ નાંખશે,
વચ્ચે જે આડફેલાં હો શ્રદ્ધા તેને નિવારશે. ૧૮

શ્રદ્ધા શા પ્રાણ ફૂંકે છે શ્રદ્ધાને સંગ્રહે જ જે,
સૌ વાતે જીવતો તેને શ્રદ્ધા બનાવી દે પથે. ૧૯

ર્‌હેવા નોખી બધાંનાથી શી ટેવાયેલી જીવને !
જેનો જેનો થતો સ્પર્શ તેને તેને જ પ્રીછી લે. ૨૦

ખરેખરી જ શ્રદ્ધા**મા** સંભાળે, દરકાર શી-
-રાખે જીવનમાં **તેની** રક્ષામાં હોય, સર્વની. ૨૧

શ્રદ્ધાને સાથ જે આપે તેને શ્રદ્ધા જ સાથ દે,
શ્રદ્ધાને જેવું જે આપે **તે** તેને તેવું આપશે. ૨૨

**પ્રાણ** પાથરતાં **એને** સિદ્ધ તે કરવાપણે,
વાર ના લાગતી સ્‌હેજે તત્પરતા શી એની છે !

શી કાર્યદક્ષ, બાહોશ જે તે કર્મ મળ્યા વિશે,
થવા સંપૂર્ણ તે તે સૌ ઉત્કટ ઝંખના શી છે ! ૨૩-૨૪

જે અઘટિત, શ્રદ્ધા તે તત્પર શી કબૂલવા !
સ્વીકારીને થવા મુક્ત યુક્તિ પ્રયુક્તિથી તદા,
કરી કરી પુરુષાર્થ શ્રદ્ધા મંડતી **તે** રહે,
મંડી મંડી ફળાવાને લાવવા અંત શી ચહે ! ૨૫-૨૬

● ● ●

## અધ્યાય-૮ : પમાતાં જ્ઞાન શ્રદ્ધાથી

(અનુષ્ટુપ)

ચાલતો ચાલતો જે ર્હે ભર્યાં તે ડગલાંતણી
-હૈયાસૂઝ પડાવે છે શ્રદ્ધા શી શ્રેયપંથની !
ભરાયાં ડગલાંનું જ્યાં જ્ઞાન શ્રેયાર્થીને થતાં,
નક્કર આત્મવિશ્વાસ છતો જીવન થાય ત્યાં. ૧-૨

'જ્યાં ત્યાં ગણતરી શ્રદ્ધા કરી કરી જ ચાલવું',
જાણતી તેવું ના પોતે છતાં જાણે પ્રમાણવું,
મૂલ્યાંકનની શ્રદ્ધાને સાચી પિછાન હોય છે,
'તેથી તો પંથ **તે** સાચે છે', તે તેવું પિછાનશે. ૩-૪

કાપતાં કાપતાં માર્ગ શ્રદ્ધા ત્યાં ભોમિયો બને,
અધવચ્ચે ભુલાતાં ત્યાં લાગતાં ખચકાતી **તે**,
શ્રદ્ધા ત્યાં કાઢી લેતી છે જેનો તેનો જ ક્યાસ તે,
તે કાજે થોભીને શ્રદ્ધા 'જાણવું' જાણી લે પથે. ૫-૬

મર્મને જાણવાનો છે શ્રદ્ધાનો ધર્મ જીવને,
તેમાં **તે** ના પડે પાછી પોતાને કર્મ દક્ષ **તે**,
અચૂક સાવધાની ને સાવચેતી પૂરેપૂરી,
શા ગુણધર્મ શ્રદ્ધાના ! શ્રદ્ધાને છે જ મૂળથી. ૭-૮

મોઢું જેમહીં ઘાલે શ્રદ્ધાને તેનું જ્ઞાન છે,
પડાતાં આડફંટે જ્યાં શ્રદ્ધા પ્રેરે સીધે પથે. ૯

સર્વ બાબતમાં શ્રદ્ધા કરી લે છે જ ખાતરી,
ચકાસણી કરી લે છે જે તે મળે જ તેહની. ૧૦

પશ્ચાત્તાપાગ્નિ હૈયામાં જ્વલંત અગ્નિના સમો
-કોઈક વાર શ્રદ્ધા તો શ્રેયાર્થી જીવન કશો-
-એવો ઉત્કટ ને ઉગ્ર જલતો હોય તે સમે-
-તેમાં શી પ્રેરણા દેવા શ્રદ્ધા જ્ઞાન સ્ફુરાવશે ! ૧૧-૧૨

હેતુ તે જ્ઞાનનો ભાગ, શ્રદ્ધામાં ગૂઢ જ્ઞાન છે,
શ્રદ્ધામાં તેથી હેતુ, ને તેની સભાનતાય છે,
વર્તવાનું થતાં પંથે એવી શ્રદ્ધાથી જીવને,
સાધને શ્રેષ્ઠ ત્રિવેણી જીવન વિકસાય છે. ૧૩-૧૪

સામ, દામ અને દંડ, ભેદ, તે એવી નીતિની-
શ્રદ્ધાના જીવને તે સૌ ના કોઈ ઉપયોગની,
સીધો સરળ શો માર્ગ શ્રદ્ધાનો જીવને સદા !
જ્ઞાન સુઝાડવાનો છે શ્રદ્ધાનો માર્ગ સર્વદા. ૧૫-૧૬

શ્રદ્ધાને માનવા જેવું, જાણવા જેવું લાગતાં,
મ્હાલવા જેવું શ્રદ્ધાને સ્વીકાર્ય સર્વ તે સદા. ૧૭

જે જે શીખી જ લેવાનો **एनो** મૂળ સ્વભાવ છે,
કશું ના પડતું મૂકે, વર્તે **ते** તે જ લક્ષણે. ૧૮

પમાતાં જ્ઞાન શ્રદ્ધાથી રળાતું ત્યાં જવાય છે,
જીવને રળવાનું તે પછી થોભી પડે ન છે. ૧૯

શ્રદ્ધા સદાય જીવંતી શી ઉપયોગથી વધે !
વપરાતાં શી દે જ્ઞાન જે તે પ્રસંગ રીત તે. ૨૦

શ્રદ્ધા પોતે જ પોતાને ચલાવ્યા કરીને પથે,
જીવને મેળવે કેવું જ્ઞાન આપબળે હૃદે. ૨૧

જેમાં જેમાં ઠરો તેમાં શ્રદ્ધાનો સ્વાર્થ ત્યાં જ છે,
શ્રદ્ધા જેનો કરે સ્પર્શ શ્રદ્ધાને તેનું જ્ઞાન છે. ૨૨

શ્રદ્ધાથી ઊગતું જેવું જ્ઞાન જીવનઅંતરે,
તેવું જ્ઞાન પમાડે છે કેડીનું ભાન આગળે. ૨૩

પ્રેરાવે જીવને શ્રદ્ધા સૂક્ષ્મ રીતે પથિકને,
હૈયાસૂઝ વળી સાથે તેની તેની ઉગાડશે. ૨૪

શ્રદ્ધાનો સાથ કેમેયે કર્યો ના તૂટશે પથે,
જીવંત સ્‌હાય શ્રદ્ધાની ટકોરાબંધ જીવને. ૨૫

શ્રદ્ધા હારી જતી લાગે કારમી એવી કો પળે,
જીવતીજાગતી શ્રદ્ધા તે ના હારી શકે હૃદે. ૨૬

હાલી જવાની વેળાએ, વેળા જ્યાં પડવાની છે,
શ્રદ્ધા ટેકો હૃદે દૈને રખાવે શો ઊભો પથે ! ૨૭

કશાનો ઝઘડો ના છે શ્રદ્ધાને કોઈ કારણે,
છતાં **તે** સામનો પાછો ના ચૂકે કરવા પથે. ૨૮

શ્રદ્ધાને આવરી લેતાં આસુરિક બળો બધાં
-ઉછાળો મારતાં કેવાં ! શ્રદ્ધા નમી પડે ન ત્યાં. ૨૯

શ્રદ્ધા શો સામનો ઉગ્ર આસુરી બળનો કરે,
તાબે તેને ન **તે** થાય, હારતાં પ્રભુને સ્તવે. ૩૦

જે મળ્યું હાથ પોતાને તે તે સિદ્ધ થવા વિશે,
પોતે શું ઝંપલાવે છે ! થઈ મરણિયા હૃદે,
અધૂરું, ઓછું શ્રદ્ધાને સ્હેજે પોષાતું છે ન તે,
જેમાં તેમાં પરિપૂર્ણ થવા છે ઝંખના હૃદે. ૩૧-૩૨

શ્રદ્ધાને કમજોરી ના પડે લીધેલ કર્મમાં,
સંપૂર્ણ શક્તિ પોતાની જોતરાવી જ દે તહાં,
શ્રદ્ધાને જે મળે, તેને કરતાં કરતાં પથે,
આંચકા તીવ્ર પ્રેરાવી જીવતો નિત્ય રાખશે. ૩૩-૩૪

કાળ સંજોગની રીતે તે તે જોઈ પ્રમાણીને,
આવડે વર્તતાં સાચું શ્રદ્ધાને સર્વ રીતિએ,
આરપાર જવાકેરી કળા શ્રદ્ધાની પાસ છે,
તેને વાપરવા યોગ્ય કાળની રાહ નીરખે. ૩૫-૩૬

• • •

# અધ્યાય-૯ : લીધેલાં કર્મમાં શ્રદ્ધા

(અનુષ્ટુપ)

હેતુની ધારણા વિના જે જે કર્મ થયા કરે,
તે કર્મ ઘડી ના જાણે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ કર્મ છો,
કિંતુ જે કર્મમાં શ્રદ્ધા તાણાવાણાથી યુક્ત છે,
હેતુ સભાનતા તેમાં યોગ યોગ્ય જ વર્તશે. ૧-૨

મળેલાં કર્મની વચ્ચે કર્મ તે કરવાપણે
-શ્રદ્ધા નિશ્ચળ કેંદ્રિત ધ્યેય પરત્વેની હ્રદે. ૩

સદા તે જોતરાયેલી કર્મે કેવી નિરંતરે !
કર્મમાં જાગૃતિ પૂર્ણ ધ્યેય પરત્વેની હ્રદે. ૪

લીધેલાં કર્મમાં શ્રદ્ધા શક્તિપ્રાણ પરોવીને
-હેતુ ફળાવવાકેરું શ્રદ્ધાનું લક્ષ ત્યાં જ છે,
પોતાના ભાનમાંથી **તે** વિચળ ના થતી પથે,
ઊર્ધ્વે છતાંય, સ્પર્શે **તે** પ્રત્યેક કરણો વિશે. ૫-૬

જેમાં તેમાં બધાં વિશે કર્મ ને વ્યવહારમાં-
તેમાં હેતુતણું ભાન ર્‌હેવું તે ઘટતું તદા,
એવી સભાનતા વિના ર્‌હેશો ઘરેડમાં પડી,
શ્રદ્ધા વિકાસમાં હોવી ઘટે સભાનતા નરી. ૭-૮

ખબરદારીથી કર્મ હોશિયારીથી જે થતાં,
તે કર્મે પ્રાણવાળી શી નક્કરતા શી ફૂટતાં !
કેટલાં કેટલાં હૈયે ઉત્સાહ, ખંત, ઉદ્યમ-
**પ્રાણ** ઊછળતાં જેમાં પ્રગટતાં જતાં પથ. ૯-૧૦

ચોક્કસ દ્વાર ના કોઈ શ્રદ્ધાને તો પ્રવેશવા,
ક્યાંથી પ્રવેશીને કર્મ કરવું જાણતી તદા. ૧૧

કર્તવ્ય ક્ષેત્રમાં શી શી આપદા, કોયડા વિશે,
શ્રદ્ધા ટટારી પ્રેરાવી ઊભા રખાવતી પથે,
ગભરાયા વિના શ્રદ્ધા ગૂંચવાયા વિના વળી,
પોતાનાં કર્મમાં કેવી ર્‌હેતી રત શું તે ચહી ! ૧૨-૧૩

તેને હઠાવવા પોતે ત્યાં અવતરી ચેતને-
-તેને તે દિવ્યતામાં તો, કેવું ફેરવવા મથે ! ૧૪

સેવતાં સેવતાં શ્રદ્ધા કર્મયજ્ઞ પરંપરા
-એક એકથીયે ઊર્ધ્વ ઊગે જીવનમાં તદા,
શાં યજ્ઞકર્મ એવાં તો જીવનને ફળાવતાં !
ચેતનાથી ભર્યો ભાવ ઊછળ્યા કરતો તહાં. ૧૫-૧૬

સોંપેલું કર્મ શ્રદ્ધાને શ્રદ્ધા પાર ઉતારીને,
કર્મની આરપારે તે દેશે પ્‌હોંચાડી નિશ્ચયે. ૧૭

આવડત, કુનેહ, શાં શ્રદ્ધાનાં રચનાત્મક !
અંગો વળાવવામાં તે શ્રદ્ધાનું કર્મ ઉત્તમ,
સ્વભાવ કરણોનો છે જે પ્રાકૃતિક જીવને,
શ્રદ્ધા ફેરવવાને શી ! સૂક્ષ્મ રીતે મથે પથે. ૧૮-૧૯

નિરાશા કારમી ઘોર ભલે જીવનમાં મળે,
શ્રદ્ધા તે વેળ પોતાનો ફેલાવે શો પ્રકાશ તે ! ૨૦

શ્રદ્ધા બેસાડી ના રાખે, ગતિ કરાવીને પથે
-ધક્કેલતી રહે કેવી ! પ્રવેશાવે ક્રિયા વિશે. ૨૧

શ્રદ્ધા જ્યાં જ્યાં પ્રવેશે છે, ફેરફાર કર્યા વિના-
શ્રદ્ધા પોતે ઠરે છે ના, ધપાવ્યા કરતી સદા. ૨૨

છો ભયંકરતા ભારે ઉગ્રમાં ઉગ્ર હો ભલે,
શ્રદ્ધાનો ત્યાંય તો ટેકો લૂલો કેમે નહિ પડે. ૨૩

આપી દેતાં જ તો માથું શ્રદ્ધા શું શીખવ્યા કરે !
શું પરવારતાં શ્રદ્ધા શીખવે નિત્ય જીવને ! ૨૪

લઈ જવા જ શી પાર શ્રદ્ધાને તીવ્ર ઝંખના !
ઠામ પાડ્યા વિના **एने** પડે જંપ ન દિલમાં. ૨૫

શ્રદ્ધા પોતે રખાવે છે ચિત્તને લક્ષ્યમાં હૃદે,
મારી મથાવીને ખંતે રખાવે લક્ષ જીવને. ૨૬

શ્રદ્ધાની આંખ તો કેવી ચોપાસે શી ફર્યાં કરે !
ધ્યેય વિના કશું **एने** ખપે કાંઈ ન જીવને. ૨૭

આગળે ભરવાનાં છે કેવાં તે ડગ જીવને-
આપમેળે ઊગે છે શાં શ્રદ્ધાને તે પળે પથે ! ૨૮

કેવું આત્મબલિદાન, કેવું આત્મવિસર્જન
-શ્રદ્ધા પોતે કરાવે છે ! ઘડે કળાથી જીવન. ૨૯

એવો પ્રભાવ શ્રદ્ધાનો જેના જીવનમાં ઊગે,
એવો નિશ્ચિંત સૌ વાતે શ્રદ્ધાબળે થતો હૃદે. ૩૦

ડૂબતું નાવ છો લાગે, જાણે મૃત્યુ નજીક છે,
આરો ના બચવાનો હો આશા કોઈ દિશે ન છે,

ચળી કેવી જવાની તે સ્થિતિમાં નિજ ધ્યેયથી,
શ્રદ્ધા ત્યાંયે ઊભો કેવો શ્રેયાર્થીને રખાવતી. ૩૧-૩૨

જેમાં જેમાં વસે શ્રદ્ધા થવા તદ્રૂપ તે વિશે,
જીવતોજાગતો એવો શ્રદ્ધાનો ત્યાં પ્રયત્ન છે,
તેવા પ્રયત્નમાં પાછું તે તે પ્રયત્નને હૃદે-
-થવા વિકાસની સૂઝ મળ્યા કરતી કેવીયે. ૩૩-૩૪

જીવતી તે થવા શ્રદ્ધા વપરાવા ઊંચે પથે,
તેવા પ્રકારનો ઊંડો હોવો અભ્યાસ તો ઘટે,
વૈરાગ્યની ભૂમિકાના અભ્યાસમાં જ જીવને-
શ્રદ્ધા નવા નવા **प्राण** સિંચ્યા કરે નિરંતરે. ૩૫-૩૬

મળ આંતરડાંમાંના રહેલા કૈંક કાળથી,
કેવી કેવી અશુદ્ધિઓ પ્રેરાવ્યા કરતી વળી,
શ્રદ્ધા શું જ્ઞાન પ્રેરાવી તેમાંય તેનું યોગ્ય જે-
-કરાવીને, કરાવે છે શુદ્ધ તેનાથીયે ખરે. ૩૭-૩૮

ક્રિયાશીલ બનેલી જે શ્રદ્ધા વર્તતી તે પથ,
ઊર્ધ્વ આરોહણો **एने** ચઢવાનાં મળે પથ,
એક એક કરી શ્રદ્ધા ચઢ્યા કરે, કદી છતાં
-તેવા શિખરથી પાછી પડે, સ્થિર થવા તદા. ૩૯-૪૦

તલપ, તલસાટે શો ઉત્કટમાંહી ઉત્કટ,
-શ્રદ્ધાને લાગતાં હૈયે **एनी** ત્વરા અનુપમ,
જેમાં તેમાં ત્વરાની ત્યાં ઑર ઉત્કટતા ઝગે,
ધાડાધાડ ન પાછી છે ક્યાંયેયે વર્તને કશે. ૪૧-૪૨

તુક્કા તરંગના શ્રદ્ધા કદીયે મારતી નથી,
વર્તન વાસ્તવિક્તાનું શ્રદ્ધાનું નર્યું ભાવથી. ૪૩

શ્રદ્ધા વિષાદ તો ઉગ્ર કારમો શો ભયંકરે !
મંથને તીવ્રમાં તીવ્ર પ્રેરાવે તેજ ચિંત્વને
આધારમાં ઊંડે ઊંડે શા એના એ જ ચિંત્વને
-પરોવાવી, કરાવે છે ભાન કર્તવ્યનું હૃદે. ૪૪-૪૫

હોમ્યાં સૌ કરવાનું છે તે સમર્પણ યજ્ઞમાં,
શ્રદ્ધાની ભાવનાથી સૌ જે તે થયા જતું સદા,
શ્રદ્ધાંજલિ જ ભક્તિથી જીવનકર્મ યજ્ઞમાં,
સમર્પાયેલ હેતુથી તે તે યોગ્ય ફળાવવા. ૪૬-૪૭

**જીવ**નાં કરણોકેરા મૂળ જે ગુણધર્મ છે,
તે તે સૌ બદલાઈને લક્ષણે ઑર દિવ્ય તે. ૪૮

આરપાર ઉતારી દે શ્રદ્ધા તો પાર જીવને,
શ્રદ્ધાનો આશરો લીધો નિષ્ફળ તે ન થાય છે. ૪૯

• • •

## અધ્યાય-૧૦ : શી પ્રગટપણે શ્રદ્ધા !

(અનુષ્ટુપ)

પોતામાં ભેળવે શ્રદ્ધા જાગેલા ભાવથી કરી
-જન્મેલી શક્તિ ઉન્મત્ત, ઉત્કૃષ્ટ, પછી વર્તતી. ૧

કેવું છે તે ઘડાવાનું, શ્રદ્ધાને અંતરે ઊગે,
જે કાળે વર્તવાનું હો જેવું, તે તેમ વર્તશે. ૨

શ્રદ્ધા શી વર્તનારી છે પોતાની રીત જીવને !
આપમેળે શીખે છે તે, મેળે વર્તે શી જીવને ! ૩

અગાઉથી ઘડે છે ના યોજના કોઈ જાતની,
પ્રસંગ સાંપડે જેમ વર્તે ત્યાં તે પ્રમાણથી. ૪

અનોખું કેવું પોતાનું જીવન આગવું પથે,
સ્વતંત્ર પાછું મૌલિક શ્રદ્ધાનું ચાલવું પથે. ૫

શ્રદ્ધા પોતે જ પોતાથી સર્વ કૈં શીખવા ચહે,
મથે શી એકલી પોતે ! નિત્ય નિત્ય નવું શીખે. ૬

કૌશલ્યે, વ્યવહારેયે, શ્રદ્ધા કુશળ વર્તને,
તે કશાનોય બોજો કૈં માથે વ્હોરતી ના રહે. ૭

જીવને મોખરે શ્રદ્ધા જ્યારે વર્તંતી હોય છે,
ત્યારે પ્રભાવ શ્રદ્ધાનો વર્તાતો ખાસ જીવને. ૮

શી પ્રગટપણે શ્રદ્ધા નાચતી કૂદતી પથે-
-મસ્ત યુવાનીના દોરે વર્તાતી હોય વર્તને-
ત્યારે હૃદય તે શ્રદ્ધા કોઈ ન્યારા પ્રકારની,
આરપાર થવા કાજે ફાળ ભર્યાં કરે જ શી ! ૯-૧૦

'જેમ જે કૈં થતું હોય થવા દેવા જ તેમ તે',
શ્રદ્ધા જીવનમાં વર્તે, શ્રદ્ધાનો વ્યવહાર તે,
પોતાની આગવી રીતે ના ડહાપણ ડો'ળતી,
શાંત, સ્વસ્થ સદા પોતે શ્રદ્ધા તો નિત્ય વર્તતી. ૧૧-૧૨

લાચારી ભોગવે છે ના કદી કોઈ પ્રકારની,
શ્રદ્ધા સ્વતંત્ર સૌ રીતે વર્તાવે કેવું આપથી ! ૧૩

શ્રદ્ધા વિનય, વિવેક ધારી વર્તે શી જીવને !
જીવવું છીછરું **एने** કેમેય કર્યું ના ગમે. ૧૪

શ્રદ્ધા ના નમતું જોખે બધે તોળે બરાબર,
ઓછું, વધતું ના તોળે વેપારી યોગ્ય રીતની. ૧૫

વર્તવાની કળા યોગ્ય સર્વ પ્રકારની બધી
-આવડે પૂર્ણ શ્રદ્ધાને સર્વમાં યોગ્ય રીતની. ૧૬

સગડગ કશી **एने** કશા વિશે ન છે હૃદે,
પોતે નિશ્ચિત સૌ વાતે કર્મે કૌશલ્ય **एनुं** છે. ૧૭

સૌ વ્યવહારમાં શ્રદ્ધા વિશ્વાસપૂર્ણ ધારીને,
જે તે સૌ **ते** કરે કર્મ, શ્રદ્ધાની એવી ચાલ છે. ૧૮

શ્રદ્ધા જવાબદારીને પૂરેપૂરી સ્વીકારીને,
બોલે છે તે, પ્રમાણે તે વર્તી, પાળતી જીવને. ૧૯

વિરોધાત્મક સંજોગો એકબીજાથી ઊલટા,
જે તે સાંપડતાંમાં **ते** વર્તે ધારી તટસ્થતા. ૨૦

શ્રદ્ધાને ભાન સંપૂર્ણ પોતાને નિજનું રહે,
જેમાં તેમાં બધા વિશે તોળી તોળી જ વર્તશે. ૨૧

બેવફા **ते** થવાનું તો સ્વપ્ને પણ ચહે ન છે,
મળેલાં સાથ તો શ્રદ્ધા મૈત્રી ધરાવી વર્તશે. ૨૨

શત્રુ ને મિત્ર શ્રદ્ધાને ભલે છે સરખા હ્રદે,
છતાં જે શત્રુ, તે સાથે શ્રદ્ધા સાચવી વર્તશે. ૨૩

સૌ વ્યવહાર શ્રદ્ધાનો ધ્યેયની ધારણા રીતે
-જીવને ચાલતો ર્‌હે છે, એમાં ફરક ના પડે. ૨૪

ગમે તેમ થતાં તોયે શ્રદ્ધા સદ્‌ભાવ ના ખુએ,
પાપી હોવા છતાં શ્રદ્ધા એને પાપી ન ધારી લે. ૨૫

વાસ્તવિક્‌તાતણી સાથે શ્રદ્ધાનો મેળ પાડતાં,
વ્યવહાર બધો યોગ્ય જીવને જળવાય ત્યાં. ૨૬

અનેક ખૂબી એવી શી ગહન ગૂઢ વર્તને,
શ્રદ્ધા તે વ્યવહારે છે છતાં અગમ્ય કેવી તે ! ૨૭

થતો બગાડ શ્રદ્ધાને કદી પાલવતો નથી,
શ્રદ્ધા સુવ્યવસ્થામાં કેવી નિપુણ સર્વથી ! ૨૮

સ્વભાવમાં ન શ્રદ્ધાને રિસામણાં, મનામણાં,
ધારી સદ્‌ભાવ સૌ સાથે સુમેળે વર્તતી સદા,
કોઈની સાથ ના મેળ ખાતાં, ત્યાંય શી જીવને-
-સ્‌હેજે અણગમો હૈયે તે સાથે **તે** ન ધારશે ! ૨૯-૩૦

જે જે વ્યક્તિની સાથે હો સંબંધ વ્યવહારમાં-
-સ્વભાવ સર્વ વ્યક્તિનો શ્રદ્ધા શી જાણી લે તદા !
ગમે તેવો ભલે હોય સ્વભાવ, તોય વર્તને
-શ્રદ્ધા વિશ્વાસ ધારીને વર્તતી સર્વ સાથ તે. ૩૧-૩૨

શ્રદ્ધા બાહોશી પોતાની વર્તને જ ઉતારીને
-પોતાની સાબિતી પોતે તત્પર આપવા મથે. ૩૩

શ્રદ્ધા હજાર હાથે શી કામ લેતી જીવ્યા કરે !
જીવતાં જીવતાં પોતે તપશ્ચર્યા કર્યા કરે,
તપશ્ચર્યા વિના સિદ્ધિ કશાનીયે ન સાંપડે,
વર્તે જેવું જ તે પોતે તે તેવું નિત્ય આચરે ! ૩૪-૩૫

છતાં **તે** કાળને તાબે રહી ના શકતી કદી,
શી વ્યવહારમાં કિંતુ તે પ્રમાણે જ વર્તતી.
**તે** વ્યવહારમાં પાછી બંધાતી કોઈ રીત ના,
ને વ્યવહારમાં **તેને** દેતાં ફગાવી વાર ના. ૩૬-૩૭

**आज** જે **एक,** તે **काले बीजामां** ફેરવાય છે,
એકનું એક તો કોઈ જીવને ર્‌હેતું ના જગે,
જાણીને તેવું પાકું તે શ્રદ્ધા શી કોઈના વિશે
-ના અભિપ્રાય બાંધી લે આમ કે તેમ નિશ્ચયે. ૩૮-૩૯

શ્રદ્ધા અસ્તિત્વ પોતાનું પ્રતિષ્ઠામાં ન લાવતી,
'હયાતી હોય પોતાની ના', એમ નિત્ય વર્તતી. ૪૦

શ્રદ્ધાનાં પગલાં એવાં એક એકથી ઉચ્ચ છે,
શ્રદ્ધાની ગતિ કેવી તે પ્રયત્ને પ્રાણવાન છે ! ૪૧

શ્રદ્ધા જીવનમાં વર્તે પોતાની આગવી રીતે,
પોતાથી શી શીખે પોતે ! સ્વાવલંબી શી જીવને ! ૪૨

શ્રદ્ધાપ્રદેશ હૈયાનો સ્વયંભૂ ને સ્વતંત્ર છે,
પ્રસંગની પ્રમાણે તે વર્તને ખીલતો જશે. ૪૩

'આવેલો કોળિયો મોઢે શું ઝૂંટવાઈ જાય છે !'
તેમાં કૈંક હશે હેતુ, એમ આશ્વાસને હૃદે,
શ્રદ્ધા રહેવાથી તે ભાવે જીવને સ્વસ્થતા ટકે,
અશાંતિ ના થવાથી ત્યાં અભ્યાસે તો ટકાય છે. ૪૪-૪૫

શ્રદ્ધા બાહોશી પોતાની વર્તને જ ઉતારીને-
-પોતાની સાબિતી પોતે તત્પર આપવા મથે. ૪૬

• • •

## અધ્યાય-૧૧ : ઊર્ધ્વે પ્રેરવવા ચહે

(અનુષ્ટુપ)

શ્રદ્ધા વિના કશું કેમે જીવન ઊર્ધ્વ ક્ષેત્રમાં
-ઊગી, ફળી શકે છે ના, શ્રદ્ધા તે કાજ ઉત્તમા. ૧

ઊંઘતાને જગાડીને ઊર્ધ્વે પ્રેરવવા ચહે,
ચહે ના એકલું માત્ર, ઊર્ધ્વે મથાવતી રહે. ૨

બી મરી તે ગયા કેડે શું સજીવન થાય તે !
નવા તે ફણગારૂપે પાંગરી મોટું થાય છે,
પ્રકૃતિનેય તે રીતે ધરવા જન્મ તે નવો-
પ્રથમે મરીને પાછું મેળવે જન્મ ત્યાં નવો. ૩-૪

અસ્તિત્વને સ્વીકારે છે શ્રદ્ધા સહજમેળયે,
કરી સ્વીકાર શ્રદ્ધા શી ઊંચે લેવા ચહ્યા કરે ! ૫

મુલાયમ સ્વભાવે શી શ્રદ્ધા પોતે રહ્યા કરે,
વજ્ર જેવું થવા યોગ્ય શ્રદ્ધા ત્યાં તેમ વર્તશે. ૬

ઘડે જીવનને તેવી શ્રદ્ધા શ્રેયાર્થીને પથે,
ઊર્ધ્વદેશે લઈ જાતાં **एने** ના વાર થાય છે. ૭

પોતાને ફાવતું જે છે તે સાનુકૂળ લાગતું,
જે પ્રતિકૂળ તે, શ્રદ્ધા જામતાં સાનુકૂળનું,
શ્રદ્ધાને શરૂમાં લાગે જે અવરોધકારક,
પરિપક્વ થતાં શ્રદ્ધા પલટાવી શકે રૂપ. ૮-૯

શ્રદ્ધાનો ભાવ મુખ્યત્વે મહત્ત્વે મોખરે થતાં,
ત્યારે જે જે બને કર્મ મહત્ત્વે ભાવ ત્યાં તદા,
પ્રાબલ્ય ભાવનાસ્રોતે હોતાં પ્રચંડ જીવને,
સ્વભાવે કરણેન્દ્રિયો ત્યારે શી બદલાય છે ! ૧૦-૧૧

ગાઢ ભાવતણા જોશે વ્હેણે પ્રચંડ પૂરના,
કેટલો કચરો ભેળો ક્યાંયે તણાઈ જાય ત્યાં,
થયેલી એકઠી જે તે અશુદ્ધિઓ બધીય તે,
ઘસડાઈ જઈ સ્વચ્છ કિનારા સાફ થાય છે. ૧૨-૧૩

શ્રદ્ધાથી જીવને કેવાં પરિવર્તન થાય છે !
ઊંડે ઊંડે પ્રવેશાવી લે કેવું કામ અંતરે ! ૧૪

મૂઢતામાં પડેલા હો, હો ના છો ખસતા ભલે,
ઉત્કટ કિંતુ જિજ્ઞાસા જાગતાં દિલ જીવને,
શ્રદ્ધાના **प्राण** શા ત્યારે પાંખને ફફડાવીને-
ઊડીને તે જવા પાર અફાટ તીવ્ર તત્પરે ! ૧૫-૧૬

**प्राण**માં ચેતના શ્રદ્ધા જીવને શી સ્ફુરાવીને
-આગળે ધપવાકેરી સાન પોતે બઢાવશે ! ૧૭

એવી ચેતનતા કર્મે સ્ફુર્યાં તે કરવા થકી,
તે ભાવે કર્મ જે થાય, એ કર્મ તારનારું છે. ૧૮

**જીવ**દશાનું સંપૂર્ણ આધાર બદલાઈને,
રૂપાંતર થતાં કેવો દિવ્ય સ્વરૂપમાં ભળે. ૧૯

સદા પરોપકારી છે, શ્રદ્ધા જીવનવર્તને,
શ્રદ્ધાનો ભાવ ભક્તિમાં કેવો **તે** પલટાય છે ! ૨૦

એવા તે ફેરફારોમાં સૂક્ષ્મ તે જીવને તદા
-શક્તિ જુદી જુદી દિવ્ય થતી ખુલ્લી જ પંથમાં. ૨૧

ભાવે ઉત્કટતા જાગ્યે જીવનમાં પરંપરા-
-પ્રવેશાતું નવા દેશે, શ્રદ્ધા તેના જ મૂળમાં,
શ્રદ્ધાથી રંગ લાગે છે, શ્રદ્ધાથી સુરતા હૃદે,
સુરતાથી હૃદે લાગે એકધારો જ નાદ તે.
એવા તે નાદથી ભાવ ગાઢ ગાઢ થતો હૃદે
-ભાવે અખંડતા જાગ્યે રૂપાંતર થયા કરે.
અખંડતા વિના જામ્યા ભાવની તે નિરંતરે,
રૂપાંતર થવાકેરી શક્યતા નવ હોય છે.
અખંડ ભાવ જીવંતો એકધારો જ વર્તતો
-જીવનનાં બધાં કર્મે, ત્યાં ઉપયોગી ભાવ શો !
એવા ભાવનું તો કર્મ ફેરફાર થવાતણું,
ભાવથી ભાવનું કેવું ભાવમાં કર્મ દિવ્ય શું ! ૨૨-૨૭

તે નશાથી થવાયે છે કેવું એકાગ્ર કેંદ્રિત !
એકાગ્રતા શી એવી જે કેંદ્રે થયેલ કેંદ્રિત !

ત્યાંથી અવતરી સ્થૂળે પ્રવર્તાવતી ચેતન,
પ્રસ્થાપિત થવા ત્યાં તે સેવશે દિવ્ય મંથન. ૨૮-૨૯

તે અવતરતાં સ્થૂળે ને પ્રતિષ્ઠિત ત્યાં થતાં,
શક્તિનું દિવ્ય કર્તવ્ય હજી પૂર્ણ થતું ન ત્યાં. ૩૦

• • •

## અધ્યાય-૧૨ : દિવ્ય કર્તવ્ય શ્રદ્ધાનું

(અનુષ્ટુપ)

કેવા જુદા જુદા પ્રશ્નો ઉપસ્થિત થતા પથે,
શ્રદ્ધાની પ્રેરણાથી શા તે ઉકેલાય જીવને ! ૧

ધર્મ તે, સત્ય જેનાથી અનુભવાય આત્મને,
એવો તે એકલો ધર્મ માત્ર શ્રદ્ધા પિછાનશે.
જાગૃત તે થવા ધર્મ તેનાં સાધન જે બધાં,
શ્રદ્ધાને ભાવ કે ગુણ જાગે, તો ખપનાં ખરાં. ૨-૩

પોતે તો નિજ તે માની, પોતાને 'એક' ધારીને,
પોતાને નિત્ય ચાહીને શ્રદ્ધા ધાર્યું જ મેળવે. ૪

દ્વંદ્વ ને ગુણથી મુક્ત શ્રદ્ધા કરાવવા ચહે,
દિવ્ય કર્તવ્ય શ્રદ્ધાનું તે, પોતે શી કર્યા કરે ! ૫

નથી પંપાળતી ખોટું શ્રદ્ધા શ્રેયાર્થીને કદી,
ખૂબ મથાવવા પ્રેરે શ્રદ્ધા કેવું ચહી ચહી !
શ્રદ્ધા કરાવતી યત્નો એક પછીથી એક શા !
મરેલાંને જિવાડે છે શ્રદ્ધા અમૃત સિંચતાં. ૬-૭

ના કૈં ત્રેવડ શ્રદ્ધાને તૈયારી કરવા વિશે,
ના બોલાવવી શ્રદ્ધાને પડે, મેળે જ તે ધપે. ૮

શ્રદ્ધા કેવી કળાકાર ચમત્કારિક જીવને !
-શ્રદ્ધા અસર શી ઊર્ધ્વ પ્રગટાવતી **તે** રહે. ૯

ઘરરખુ છતાં પોતે ઘરબંધન લાગતાં,
તોડી ફોડી પછી **એને** ફેંકી દેતાં ન વાર ત્યાં.
શ્રદ્ધા પરંપરાનેયે કદી ના વળગી રહે,
ધૂંસરી જેની તેની **તે** તુર્ત ફગાવવા ચહે. ૧૦-૧૧

લૈ ઉછીનું શ્રદ્ધા, ના માતબર થવા ચહે,
છતાં બીજી રીતે ઝંખે માલદાર થવા હ્રદે,
માતબર થયા વિના શ્રદ્ધાને ચાલતું ન છે,
એકઠું જોઈતું સર્વ કરી **તે** લક્ષ્મીને વરે. ૧૨-૧૩

શ્રદ્ધા પાવરધી પૂર્ણ જે તે શી સર્વ બાબતે !
આવી પડે ગમે તેવું તોયે શ્રદ્ધા નચિંત છે,
જે કાળે કરવું જેમ શ્રદ્ધાને **તે** જ આવડે,
તેવા **તે** કાળ ઓળંગી પાછી રંગીલી તત્પરે. ૧૪-૧૫

શ્રદ્ધાની **પ્રાણ**શક્તિનો ક્યાસ કાઢી શકાય ના,
જ્વલંત શી બને અગ્નિ ! ટોચ શી ટોચ પ્હોંચતાં,
ત્યારે જે કામ **તે** આપે શ્રેયાર્થીને કુદાવવા,
ઠેકડા ઠેકડા મારી વટાવે પંથ શો તદા ! ૧૬-૧૭

શી સુમાર વિનાની તે નાસીપાસી અપાર છે !
ભારે ઓથારથી કેવી નિરાશા વ્યાપી જાય છે !

આરો કેમે થવા મુક્ત જ્યારે કોઈ ન લાગતાં,
પ્રાર્થના કરવા બુદ્ધિ શ્રદ્ધા જગાડતી તદા.
પ્રાર્થનાથી પછી શ્રદ્ધા પાછી સતેજ શી થતી !
શ્રદ્ધા જગાડીને કેવી શ્રેયાર્થીને ઉઠાડતી !
ઉઠાડીને કરી બેઠો દે જોતરાવી પંથથી,
પાછો કામે લાગડી દે શ્રદ્ધા અકળ રીતથી. ૧૮-૨૧

'પાણીછલ્લા કરી નાખે કેટલી વાર જીવને',
શ્રદ્ધા તેવું કરે છે તે જ્ઞાનપૂર્વક હેતુએ. ૨૨

થાબડે પીઠ શ્રદ્ધા**મા** શી જન્માવતી દિલમાં-
-જીવંત સાથની હૂંફ, ઉષ્મા, ઓથ અનેરી ત્યાં ! ૨૩

શ્રદ્ધા માતા કદી કેવું શ્રેયાર્થીને લડાવતી !
કરી શું વ્હાલ હૈયાથી તેને થાબડતી જતી ! ૨૪

શિશુ માતા કને માગે, શ્રદ્ધાનું પણ તેવું છે,
કદીક મા વિના માગ્યા આપે, શ્રદ્ધાનું તેવુંયે. ૨૫

ચુંબનો ભરી એને **તે** પ્રેમે શું નવરાવતી !
એને ઉછંગમાં લૈને પોરો કેવો ચઢાવતી ! ૨૬

ભરમાવાપણું સૂક્ષ્મ જીવને પંથ આવતાં,
શ્રદ્ધા મદદમાં ત્યારે ભેરુ સમી ઊભે તદા. ૨૭

છોડી દૈ કરવાનું સૌ મૂલ્યાંકન મૂળગુંય તે,
પ્રસ્થાપિત થતાં એવું જીવને, સુખ થાય છે,
પરિણામની આસક્તિ છોડીને જીવને બધી,
નિસ્પૃહાથી જ **તે** વર્તે પામે નિરાંત સર્વથી. ૨૮-૨૯

શ્રદ્ધાને સેવતાં ભાવે, શ્રદ્ધાથી વર્તવાથી ને-
-એકધારું હૃદે ઊંડું, ભાવ જીવંત થાય છે,
ભાવ શો જન્મવાથી તો ગાઢ સંપૂર્ણ જીવને,
થતાં થતાં ઊંડો સ્પર્શ સૌ કરણેન્દ્રિયો વિશે
-તેમ તેમ થતો ર્‌હેતો, છે ફેરફાર નિશ્ચયે.
ફેરફાર થતો ના ર્‌હે, મુદ્દલે તલમાત્રાયે,
જાણવું 'આપણું જે તે થતું મિથ્યા' જ જીવને. ૩૦-૩૨

શ્રદ્ધાથી ભાવઉદ્રેક લાગ્યા જ્યારે કરે હૃદે,
શો ઉપયોગ તેનો તો રહ્યો જે કરવાતણો
-જ્ઞાનપૂર્વક જાગૃતિ ધરાવીને હૃદે પથે
-કર્મ જે કરવાનાં છે તેમાં તે અવતારીને-
યજ્ઞભાવે થતું જે ર્‌હે, તેનાં તો ફળ નિશ્ચયે. ૩૩-૩૪

શ્રદ્ધાને સેવતાં કેવો ઉત્તેજિત થતો હૃદે,
ઉત્તરોત્તરનો ભાવ એકાગ્ર જે મનાદિને-
-ઊતરી ઇંદ્રિયોમાં તે શો ક્રિયાશીલ વર્તને !
એમ એમ થતાં કેવો સ્પર્શી તે છેક મૂળમાં-
-પોતાનો ભાગ તે કેવો ભજવ્યા તે કરે તદા !
કેળવાયા વિના **ગુણભાવ** જીવનમાં હૃદે,
શક્તિને પામવાકેરો યત્ન મિથ્યા પ્રમાણજે. ૩૫-૩૭

સૂક્ષ્મને સ્પર્શતાં ભાવ, સૂક્ષ્મ આંદોલનો સ્ફુરે,
આંદોલનો કરે કર્મ કેવું અનોખું જીવને !
સ્થૂળ આંદોલનો તેવાં સ્પર્શે તે કરણો બધાં,
નિત્યનો સ્પર્શ પામ્યાથી ફેર શો થાય મૂળમાં !

ભાવ આંદોલનો તેવાં કરણોમાં પહોંચીને-
-સ્પર્શીને કર્મ પોતાનું મેળે કેવું કર્યાં કરે ! ૩૮-૪૦

શ્રદ્ધાનો ભાવ ઊંડામાં ઊંડો ઊતરતાં જતાં-
કેવાંયે પરિણામોને નિપજાવ્યાં કરે તદા-
-કોને **एनी** પડેલી કે જાણી તે જીવને શકે !
કિંતુ ઉત્કટ તે ભાવ ભાગ તે ભજવ્યા વિના-
-કેમે કર્યો ન ર્‌હેવાનો ઘડાયે ઇંદ્રિયો તહાં,
પહેલાં ભાવ શો સ્પર્શે કરણોને મૂળે હૃદે !
અખંડ ભાવ એવો તે સ્પર્શ્યાં સૂક્ષ્મને કરે. ૪૧-૪૩

આત્મા જગાડવા ભાવ જેવા પ્રયત્ન હોય છે,
તે જ પ્રમાણમાં શ્રદ્ધા પોતે જાગતી જીવને. ૪૪

અજબ બળ શ્રદ્ધાનું શું ગજબ પ્રકારનું !
વધે છે વપરાતાં તે આત્મમાં પરિણામતું. ૪૫

શ્રદ્ધાનું માત્ર કર્તવ્ય 'એકાકાર થવાતણું',
નિશ્ચળ સાવ તે તેમાં, તેમાંથી ના ચળે કશું.
એકાકાર થતી પોતે તેથી ઉન્નત તો થવા
-સંપૂર્ણ સ્વસ્થતા હોવા થકી વિકાસ થાય ત્યાં. ૪૬-૪૭

શ્રદ્ધાની પારમિતા શી એકએકથી કેવીયે-
-દિવ્યતામાં ચઢિયાતી જીવન ફેરવી જ દે ! ૪૮

તે અવતારતાં નીચે શા અવરોધ આવતા !
તેથી મુક્ત થવા શ્રદ્ધા લે કામ શારડીથી ત્યાં. ૪૯

શ્રદ્ધાને ચાહવાનું તો કેટકેટલું શું ગમે !
ચાહવાથી જ તે પોતે તેમાં અવતરે હૃદે.
ચાહવાથી થતી મુગ્ધ સામાની યોગ્ય ભૂમિકા
-શી અવતરવા થાય પોતાની ત્યાં જ યોગ્યતા ! ૫૦-૫૧

• • •

હરિઃૐ

# ખંડ-૭ : પાથેય

(આ, તથા આ પછીના ખંડમાં પૂજ્ય શ્રીમોટાએ આધ્યાત્મિક સાધના માટે કરેલી મહત્ત્વની અને ઉપયોગી અનુભવવાણી રજૂ કરી છે. -સંપાદક)

## અધ્યાય-૧ : લાયકાત જરૂરી

(અનુષ્ટુપ)

શ્રદ્ધાની શક્તિ શી દિવ્ય ! ભણતાં ભણતાં વધે,
ખંત, ઉત્સુકતા તીવ્ર જાગતાં શી ભણાય તે ! ૧

બીજે જે ફળવા યોગ્ય તે જમીને જ તે ઊગે,
આ વિદ્યાનુંય તેવું છે સમજાવવું શી રીતે ! ૨

વિદ્યા તે શીખવા સ્થૂળ લાયકાત જરૂરી છે,
લાયકાત વિના વિદ્યા શિખાયે સૂક્ષ્મ શી રીતે ? ૩

'યોગ્યતા, પાત્રતા જેમાં તેમાં જગે બધાં વિશે
-યથાર્થ જોઈએ હોવી' સ્વીકારવું જ યોગ્ય તે. ૪

પોતાને જોઈતું તેની તેને ગરજ હોય છે,
શી અવતરવા અર્થ પાત્રતા અનિવાર્ય છે ! ૫

શી અવતરવા શક્તિ ખપે આધાર પાત્રતા !
યોગ્ય કૈં પાત્રતા વિના વિદ્યા કોઈ શિખાય ના. ૬

આપણે આપણી રીતે કહીએ કરવાનું તે,
તો પછી આવી વિદ્યા તે તેની રીતે જ વર્તશે. ૭

આજ તો એમ ને એમ શક્તિપ્રપાત જીવને,
પૂર્ણ શુદ્ધ થયા વિના શી દોડંદોડી સૌ કરે ! ૮

શક્તિપ્રપાત આધારે થયા પાત્ર વિના હૃદે,
જે તે સૌ આજ તો કેવા લઈ મંડેલ છે જગે ! ૯

કેળવાયા વિના પૂર્ણ યોગ્યતા, પાત્રતા, હૃદે-
શક્તિના પડછાયાની છાયા તે ના ઝીલી શકે. ૧૦

ઊતરતાં જ આધાર યોગ્ય પાત્ર ન હોય જો,
જીરવાય ન તેનાથી ઝોક શક્તિતણો બધો. ૧૧

નિશ્ચયે ત્યાં થશે ઊંધું છતું તે કરવા જતાં,
યોગ્ય તે પાત્રતા વિના છેરી જવાતું તુર્ત ત્યાં. ૧૨

શ્રદ્ધાનું હાર્દ જે મ્હાલે શ્રદ્ધાને જે અનુભવે,
શ્રદ્ધાની શક્તિ જે ધારે શો અવતારી **તે** શકે ! ૧૩

તે અવતારવા શક્તિ પાત્રતા યોગ્ય જોઈએ,
એમની એમ જ્યાં ત્યાં તે પોતે અવતરી ના શકે. ૧૪

ધારો કે કૈં શકે તોયે સ્વીકારી ના શકાય તે,
ઝીલી શકવી આધારે મુશ્કેલ, દોહ્યલી ખરે. ૧૫

શક્તિપ્રપાત વિજ્ઞાન કોને તેનુંય જ્ઞાન છે ?
આજે તો લઈ મંડેલા કેવા કેવા જનો જગે !

યોગ્ય જાણ્યા વિના કોઈ વેપાર ના કરી શકે,
તો પછી કેમ **આ** વિદ્યા પાત્ર વિના શીખી શકે ? ૧૬-૧૭

અયોગ્ય રીતે વેપાર થતાં શી ખોટ જાય છે !
તો આ તો સૂક્ષ્મ વિદ્યા છે, તેનુંયે પણ તેમ છે. ૧૮

કદી અવતરે જો તે હોવાથી યોગ્ય પાત્ર ના,
છેરી તે નાંખતો કેવો ! એમાં છે ગજું એનું ના,
પાત્રતા, યોગ્યતા પ્હેલી તેથી કેળવવી પડે,
મહત્ત્વ પાત્રતાનું છે **તે** અવતરવાપણે. ૧૯-૨૦

સ્થૂળમાં ચેતનાસ્પર્શ પોતાનો અવતારવા-
-ચેતનાશક્તિ શી ત્યારે ઉદ્યત, ચેતતી સદા ! ૨૧

એવી તે દિવ્ય શક્તિના કોઈથી પુરુષાર્થ તે-
-પ્રિછાયો ના પ્રિછાયે છે, એ તો ઑર પ્રકાર છે. ૨૨

ક્યાંના ક્યાં ફેરવાઈને જે રૂપાંતર થાય છે,
**એને** તે પ્રીછવા કોઈ તાકાત **જીવ**ની ન છે. ૨૩

દિવ્ય શક્તિનું તે કર્મ સ્થૂળ તે અવતારવું-
કેવું દુષ્કર, મુશ્કેલ, છતાં પાછી પડે ન તે. ૨૪

એટલેથીય તે કર્મ દિવ્ય શક્તિનું ના પતે,
એને હજીય ઊંડે ને ઊંડે ઊતરવાનું છે. ૨૫

દૈવી શક્તિની તે વાત અનુભવ વિના હ્રદે
-કોઈ કલ્પી શકે છે ના, કેવી **એની** કળા પથે. ૨૬

જે જે કૈં કરવાનું હો તેની શરત હોય છે,
વિના શરત તે કર્મ વ્યવહારે થતું ન છે. ૨૭

ગુણભાવ વિના યોગ્ય પાત્રતા કેળવાતી ના,
ગુણ ને ભાવ તેથી તો પાયામાં અનિવાર્ય શા ! ૨૮

ઉત્કટ ભાવ હૈયાનો જેમ જેમ ઊગ્યા કરે,
અખંડ જામતાં, થાય શો ચમત્કાર જીવને ! ૨૯

'હૃદય' તનનું જુદું, 'હૃદય' મનનું જુદું,
'હૃદય' આત્મનું જુદું, 'હૃદય' સૌ અતીત શું ! ૩૦

કેવું 'હૃદય' અવ્યક્ત, 'ભાવ'થી તે જણાય છે,
એમાં આત્માતણું મૂળ જેથી સૌ વ્યક્ત થાય છે. ૩૧

અનેક બલિદાનોની હારમાળા શી દિવ્ય તે-
ત્યાં અવતરવા સ્થૂળે આપવી પડતી પથે. ૩૨

સ્વીકારાત્મક ભૂમિકા શ્રેયાર્થીની થયા વિના,
જેવી છે તેવી **તે** શ્રદ્ધા ત્યાંની ત્યાં જ રહે સદા. ૩૩

• • •

## અધ્યાય-૨ : શો ઉપયોગ યોગ છે !

(અનુષ્ટુપ)

જેના જીવનમાં હાર્દ ઊગેલું છે પ્રવર્તતું,
વિચાર પદ્ધતિમાં તે પડે ના કૈં વિચારવું. ૧

ઊગેલું એવું તે સત્ય પૂરેપૂરું સ્વીકારીને,
તેની જ રીતથી તેવો વર્તતો નિત્ય જીવને. ૨

ઉપયોગે પરખાયે છે તત્ત્વ જે ગુણ વર્તને,
ઉપયોગથી શ્રદ્ધાની ધાર તેજસ્વી શી બને ! ૩

ઉપયોગે જણાયે છે સર્વનું મૂલ્ય જીવને,
ઉપયોગ વિના શ્રદ્ધા મુદ્દલે ના જણાય છે. ૪

ભોગમાં તો ગુલામી છે, શો ઉપયોગ યોગ છે !
છે ઉપયોગમાં હેતુભાન વર્તતું જીવને. ૫

સપ્રમાણ, વ્યવસ્થિતિ શ્રદ્ધામાંથી જ નીપજે,
વિકાસયોગ્ય **ગુણો** ને **ભાવ** શ્રદ્ધાથી જન્મશે. ૬

બુદ્ધિથી જાણવું એક, શ્રદ્ધાનું જાણવું બીજું,
હૈયાનું જાણવું ત્રીજું, ત્રણે પ્રકાર ભિન્ન શું ! ૭

તુક્કા તરંગના, શ્રદ્ધા કદીયે મારતી નથી,
વર્તન વાસ્તવિક્તાનું શ્રદ્ધાનું નર્યું ભાવથી. ૮

ખાલી જે મડદાને તો શ્રદ્ધા દેશે જ ફેંકી તે,
એને જો સંઘરે શ્રદ્ધા, શ્રદ્ધા કે'વાય તો ન તે,
જેમાં ના **પ્રાણ**, તેને તો શ્રદ્ધા સાચવી શું કરે ?
પ્રાણ વિનાનું જે જે હો દેશે તે છોડી તુર્ત તે. ૯-૧૦

'શ્રદ્ધાનાં મૂળમાં જ્ઞાન ગૂઢમાં ગૂઢ શી રીતે-
છુપાયેલું રહેલું છે,' એ તો નિશ્ચિત જીવને,
શ્રદ્ધામાં જે ફળે ભાવ, ભક્તિમાં પરિણમે,
જ્ઞાન ને ભક્તિનો યોગ થતાં, શું કર્મ નીપજે ! ૧૧-૧૨

• • •

# અધ્યાય-૩ : પ્રેરણા સર્વ જે ઊગે

(અનુષ્ટુપ)

સંગાથ દિલ શ્રદ્ધાનો જેને જીવંત જીવને,
તે નિરાધાર શેનો છે ? એનો આધાર શ્રેષ્ઠ છે. ૧

જાગેલો આત્મવિશ્વાસ દઢ વજ્રની જેમ તે,
ત્યારે સતેજ તે કેવો ને ધારદાર જીવને ! ૨

સૂક્ષ્મ વિવેક જાગેલો શ્રદ્ધાથી કરી જીવને-
તેની યોગ્યતા જેને પ્રેરણાથી ઉગાડશે. ૩

શ્રદ્ધા વર્તાવતી પંથે પ્રેરણાના ઉપાયથી,
પ્રેરણા સૂક્ષ્મથી સૂક્ષ્મ ઉપયોગે બઢ્યા જતી. ૪

તે ઉપયોગના ક્ષેત્રો વર્તતાં ને પ્રવર્તતાં,
કાર્યસાધક શી પોતે પ્રેરણા બનતી સદા ! ૫

ઊર્ધ્વ તે ભૂમિકાઓમાં પ્રેરણા સર્વ જે ઊગે-
સંભવ છેતરાવાનો શ્રેયાર્થીને સદા પથે. ૬

પ્રેરણા તો ચઢાવીને ઊંચે શિખર, તે પછી-
-કદીક ખીણમાં નાખે, પડી ર્‌હેવાય ત્યાં વળી. ૭

પ્રેરણાની કળામાં છે છુપાયેલા ઉપાય તે-
સાધના ક્ષેત્રના કેવા ! વર્તને સમજાય છે. ૮

• • •

## અધ્યાય-૪ : પ્રજ્ઞાની શક્તિનો ખ્યાલ

(અનુષ્ટુપ)

પ્રજ્ઞાની શક્તિનો ખ્યાલ **જીવ**દશાની બુદ્ધિને-
-કદી ના શકતો આવી, પ્રજ્ઞાનો દેશ ઑર છે. ૧

પરિપક્વ થતાં શ્રદ્ધા, નિષ્ઠા શ્રદ્ધા બની જતાં
-બુદ્ધિ ત્યારે થઈ પ્રજ્ઞા, સર્વની પાર જાય ત્યાં. ૨

આવતાં આવતાં એવા અનુભવે અનુગમે
-પ્રજ્ઞાશક્તિ શી બુદ્ધિની કામે લાગ્યા કરે પથે. ૩

પૂર્વગ્રહોથી શી મુક્ત સૌ સમજણથીય તે,
સૌ ગ્રંથિથીય તે મુક્ત, સત્ત્વ ગુણ વટાવતે
-બુદ્ધિ તે થતી છે પ્રજ્ઞા, દ્વંદ્વાતીત ગુણાતીત
-પ્રજ્ઞાની તે ભૂમિકા જે તરે પ્રત્યક્ષ ચેતન. ૪-૫

સમગ્રતાતણું જ્ઞાન તે અનુભવવા હૃદે,
પ્રજ્ઞા તો એકલી માત્ર છે શક્તિવાળી જીવને. ૬

પ્રજ્ઞાના જે પ્રદેશે શા શા અનુભવ થાય છે !
તેને ત્યાં કળવા શક્તિ બીજા કો તત્ત્વની ન છે. ૭

પ્રજ્ઞામાં કેવી તે શ્રદ્ધા નિષ્ઠાનાય સ્વભાવથી
-તરી પાર જતી લાગે દિવ્ય ઑર પ્રભાવથી. ૮

• • •

## અધ્યાય-૫ : ભાવનું મૂળ છે હૃદે

(અનુષ્ટુપ)

ભાવની શક્તિ જીવંત ચેતાવતી જ તે સદા,
એકલી યોગ્ય, બેઠેલો શ્રેયાર્થીને કરાવવા. ૧

ભાવ મહત્ત્વનો યોગ્ય પૂરેપૂરો જરૂરનો,
ભાવ વિના કદી માર્ગે આગળે ના જવાય છે. ૨

લાગણી થકી છે ઉચ્ચ ભાવના, સહુ જીવને,
ભાવના થકી છે ઉચ્ચ અનેરો 'ભાવ' શો હૃદે !
લાગણી **जीव**કક્ષામાં, ભાવના તેથી ઉચ્ચ છે,
**जीव** ને **आत्म** વચ્ચેના દેશથી ભાવના ઊગે. ૩-૪

મળસૂકે સૂર્યનો તાપ, મધ્યાહ્‌ને સૂર્ય તાપ જે,
સંધ્યાનો સૂર્યનો તાપ, રાત્રિનો વળી તાપ તે-
સર્વ કેવા જુદા જુદા છતાંયે સૂર્ય જેમ છે-
-તેમનો તેમ તે, તોયે ભિન્ન પરિસ્થિતિ વડે. ૫-૬

શ્રદ્ધાની ઉચ્ચકક્ષામાં ભાવ શો જન્મતો હૃદે !
**जीव**ના ભાવનું મૂળ ભાવનું મૂળ છે હૃદે. ૭

કેવો 'હૃદય' તે દેશ ! જ્યાં ના દ્વંદ્વ, ન ગુણ છે,
વ્યક્તતા ભાવની જ્યાં છે, એવો શો દિવ્ય દેશ તે ! ૮

શ્રદ્ધા કે ભાવ કે ગુણ જેનાથી વધતો નથી,
તેને ધર્મ ગણે શ્રદ્ધા કેવી રીતે જ તે પછી !
પરમાર્થ અને ત્યાગ મોખરે જીવને તરે,
ગુણ ને ભાવ જેમાં છે ધર્મ તે સત્ય જીવને.

એવા તે ધર્મને શ્રદ્ધા પામતી પોષતી હૃદે,
બાકી જે જડ જેવાને શ્રદ્ધા ઓળંગી ફેંકી દે. ૯-૧૧

પામતાં પામતાં ધર્મ શ્રદ્ધા કશું નહિ ચૂકે,
મૌલિકતા ન જે ધર્મે ધર્મ માત્ર રિવાજ **તે**.
રિવાજ જે પડી જાય તેમાં **પ્રાણ** ન નીપજે,
જેમાં ના **પ્રાણ** શ્રદ્ધા તે કદીયે ના સ્વીકારશે.
સમજે એ રીતે લોક શાં ક્રિયાકાંડ, દર્શન,
ભજન, કીર્તનો માત્ર ધર્મનો વ્યવહાર તે. ૧૨-૧૩

● ● ●

## અધ્યાય-૬ : યશગાથા શી ધન્ય છે !

(અનુષ્ટુપ)

શ્રદ્ધાને ભાવતો જેવો યોગ્ય ખોરાક આપતાં,
શ્રદ્ધા પચાવીને તેને ફેરવાવે જ લોહીમાં,
લોહીથી પ્રાણ ને શક્તિ જીવને નિત્ય જન્મતાં,
શ્રદ્ધાને કરવા કામ તેથી સુલભતા મહા. ૧-૨

'કો'ક પાછળ છે', એવું 'જીવને રક્ષનાર છે',
જાગૃત ચેતનાયુક્ત તે ભાન **પ્રાણ** સંચરે. ૩

અસ્ખલિત પુરુષાર્થ એકધારો પ્રચંડ જે,
-ખેલતો જીવને જ્યાં છે વિજય નિશ્ચિતે પથે. ૪

જ્યારે તે કરવું કર્મ તેમ જ્યાં યોગ્ય લાગતાં,
સ્વસ્થતા શી ત્વરા ત્યારે કર્મ સધાતી હાર્દમાં ! ૫

તેવી ત્વરા વિશે **પ્રાણ** જીવંત સ્વસ્થ જાગૃતિ,
પ્રગટેલી શી રૂહે કર્મે ચેતેલી દિલ વર્તતી. ૬

એવી ઉત્તેજનામાં છે ત્વરા સહજ મેળ તે,
ઉત્તેજના શી તેવીમાં સર્જનાત્મક શક્તિ છે ! ૭

સર્જને ચેતનાકેરા સક્રિય જેમ શક્તિ છે,
પાછી તેમાં શી શક્તિ છે, ક્રિયા વિનાની શાંત તે. ૮

પ્રવર્તે સાથ બંને તે પ્રત્યેક પળ પ્રક્રિયા,
એકબીજાથી શી લાગે જુદી છતાં, ન ભિન્ન ત્યાં. ૯

એકવાર જ આધારે તેને અનુભવાતી જ્યાં,
સાહસ, હામ અદ્ભુત ત્યારે શાં જન્મતાં જતાં ! ૧૦

કરવા જીવતા પ્રાણ શ્રદ્ધામાં જીવને પૂરી,
પૂર્ણ દેવું ઘટે લક્ષ શ્રેયાર્થીએ જ કર્મમાં. ૧૧

શ્રેયાર્થીને કદી શ્રદ્ધા અજાણી ના રહી શકે,
શ્રદ્ધાની યોગ્ય જે ચાલે તેને શ્રદ્ધાની જાણ છે. ૧૨

સંગ્રામ જીવને કેવા ! શ્રદ્ધા બંધાવી કમ્મર,
કરે મરણિયા થૈને સામનો શો ભયંકર ! ૧૩

જ્યાં જ્યાં આનંદ લાગે છે તેનો તે સ્થૂળ ગુણમાં,
ફેરફાર થતો રૂહે શો સાર્થક વ્યક્ત તે થતાં. ૧૪

**મા** તરીકે જ જેની છે તેનામાં સર્વ ભાવના,
પોતે પરોવતી રૂહે છે, **મા** મળી, ધન્યભાગ્ય શાં ! ૧૫

શ્રદ્ધાથી પ્રગટેલો છે ઉછેરાયેલ **મા**થી તે,
મોટો થયેલ શ્રદ્ધાથી માને ખોળે ચઢી રળે. ૧૬

શ્રેયાર્થીને હૃદે ત્યારે ચઢે તાન અપાર શું !
વારી વારી જઈ પોતે કેવું વ્હાલ કરે બહુ ! ૧૭

શ્રેયાર્થી પછી શ્રદ્ધાને બાથમાં ઘાલી ઘાલીને-
હૈયે ઉમળકાથી શો બાઝીને ગેલ તે કરે. ૧૮

લીલાશ વૃક્ષની કેવી પ્રેરે ઠંડક આંખને,
શી હળવાશ પ્રેરાવે શ્રદ્ધા જીવનમાં પથે,
ઊંચું નીચું ગમે તેવું છોને જીવનમાં બને,
તમને કરવા બેઠો શ્રદ્ધા ઉત્સુક તત્પરે. ૧૯-૨૦

શ્રદ્ધાની બોલબાલા શી ! યશગાથા શી ધન્ય છે !
શ્રદ્ધાની શક્તિનો દિવ્ય શો જય જયકાર છે ! ૨૧

• • •

હરિ:ૐ

# ખંડ-૮ : પ્રસ્થાન

## અધ્યાય-૧ : મળે ના સાધના વિના

(અનુષ્ટુપ)

જાણી વિજ્ઞાન શ્રદ્ધાનું, શ્રદ્ધાથી ઉપયોગ જે-
વિકાસકર્મમાં લેતાં, ધપાયે કેવું આગળે ! ૧

આપ પોતે મર્યા વિના સ્વર્ગે કદી જવાય ના,
આધ્યાત્મિકનુંયે તેવું, મળે ના સાધના વિના. ૨

ચળી જતી ન છે શ્રદ્ધા, મોળી તે ના પડી જતી,
હોવાથી આપણે મોળા શ્રદ્ધા શી મોળી લાગતી ! ૩

સર્વ તે સાધનાભ્યાસે શ્રદ્ધા શી અનિવાર્ય છે !
શ્રદ્ધાથી જીવતો થાય સાધનાભ્યાસ જીવને. ૪

સાધનાભ્યાસ જીવંતો હેતુના જ્ઞાનપૂર્વક
-જેમ જેમ વધે, તેમ શ્રદ્ધાનું વધતું બળ. ૫

લીધેલાં સાધને હૈયે દઢાવાનું થતું હૃદે,
શ્રદ્ધાને કારણે એવું થયા કરતું જીવને. ૬

શ્રદ્ધા શો કબજો પૂરો જીવનનો લઈ જ લે !
લાગ્યે ગરજ જ્યાં ઊંડી શ્રદ્ધાની, વ્હાર તે કરે. ૭

મંડ્યા અભ્યાસમાં ર્‌હેતાં રસ કેવો ઝર્યા કરે !
રસને કારણે કેવું એકાગ્ર દિલ કેંદ્રિતે ! ૮

મૂળ અસ્તિત્વ શ્રદ્ધાનું જીવને જન્મતી પળે-
સાથે સાથે જ તે હોય, ઉપયોગે વધ્યા કરે. ૯

આકર્ષાયેલ શ્રદ્ધાથી જીવને જે ખૂંપેલ છે,
જીવનરસ શો મ્હાલે કેંદ્રે જે ગરકેલ છે ! ૧૦

એવી કેંદ્રિતતા કેવી અખંડ વધતી જતાં,
શુદ્ધિ સૌ કરણોની તે પ્રિછાય ત્યાં થતી સહુ,
ત્યારે જ પાકતું કામ તે આધ્યાત્મિક પંથનું. ૧૧

શ્રદ્ધાના રસથી પૂર્ણ એકાકારપણે હ્રદે-
એકધારું જ મંડાયું રહેવાયા જતું પથે. ૧૨

શ્રદ્ધા જે વેળ જ્વાલાગ્નિ સમી જલતી જીવને,
ત્યારે વિજ્ઞાન શ્રદ્ધાનું મેળે થતું છતું હ્રદે. ૧૩

એકાગ્ર જ્યાં થવાનું છે, કેંદ્રિત દિલમાં થતાં-
-શ્રદ્ધાનો ઝબકારો શો ભભૂકી ઊઠતો તદા. ૧૪

ફેલાયેલું જ સંપૂર્ણ અંધારું જ્યાં જ જીવને,
શ્રદ્ધા ત્યાં ખપ લાગે છે, પ્રકાશ પામવા હ્રદે. ૧૫

જાણવા પામવા કાજે આતુર જેટલા હ્રદે,
શ્રદ્ધાની ઝંખના ત્યારે અદમ્ય ને અપાર છે. ૧૬

જાગતાં જાગતાં પંથે, વર્તતાં વર્તતાં પથે,
શ્રેયાર્થીના હ્રદે ત્યારે સૂચનો સૂક્ષ્મ જાગશે. ૧૭

ચલાવવી પડે એવું શ્રદ્ધાને, જીવને પથે
-શ્રેયાર્થીનું જ તે કર્મ ઝંખનાથી ભર્યા હ્રદે. ૧૮

ચેતનાત્મક વિશ્વાસ જ્યારે તે ફૂટતો જતો,
ફેરફાર થતા ત્યારે, તે ચમત્કાર મુખ્ય શો ! ૧૯

શ્રદ્ધાથી જે થતું રહે છે તેમાં પ્રત્યક્ષ ધારણા
-જીવનધ્યેય હેતુની, ખૂંપી જીવંત રહે સદા. ૨૦

બીજા તે કોઈને કર્મ જ્યારે હો કરવાનું તે,
સલાહ, સૂચનો તેને દેવાં ના આપણે ઘટે.
જેમાં મુદલ ના કર્મે ચંચુપ્રવેશ આપણો,
આપી ના શકતા હોઈએ જેમાં કાળ લગારયે.
ભલેને આપણું કર્મ તે હોય, તોય તે છતાં,
વર્તવું યોગ્ય તે કર્મે તટસ્થતાથી જીવને.
જેમ જે કૈં થતું હોય થવાવા તેમ કર્મને,
કર્મે તે, જેમ શ્રદ્ધાની ઉત્સાહ પ્રેરવો હૃદે. ૨૧-૨૪

જેમાં જો આપણે કર્મ જાતે જ કરવાનું છે,
સૌ વ્યવસ્થાદિ ચોકસાઈ હોવાં યોગ્ય પૂરાં ઘટે. ૨૫

કોઈ કાળેય સંપૂર્ણ યોગ્યતાની જ દૃષ્ટિએ
-જીવને કોઈયે કર્મ થઈ ના શકવાનું છે,
સંપૂર્ણતાતણો યોગ્ય હોવો આદર્શ તો ઘટે,
કિંતુ સંપૂર્ણતા પૂર્ણ કશામાં પ્રગટે ન તે. ૨૬-૨૭

ધારો કદીક પોતાની બુદ્ધિથી સંપડાયેલી,
ફૂટી જો દૃષ્ટિ શ્રદ્ધાથી શ્રેયાર્થીને ટકાવતી.
શ્રદ્ધા જો હોય જાગેલી ઉત્કટ ઝંખનાબળે,
ઉત્કટ ઝંખના એવી પ્રેરાવે તેમ વર્તને.

તેવા વર્તનથી શ્રદ્ધા જાગીને જીવને વળી,
જગાડી ચિત્ત, વિવેક શ્રદ્ધાને સંપડાવતી.
તેવી શ્રદ્ધાથીયે યોગ્ય દૃષ્ટિ વિવેક શો ઝગે !
તેય કદી પડે ભૂલો, શ્રદ્ધા તેને બચાવશે. ૨૮-૩૧

સાધતાં સાધતાં એવાં સ્વપ્ન આદર્શના પથે
-કેવાંયે કેટલા તે તે સાકાર શાં થયા કરે ! ૩૨

શાં શાં આદર્શનાં સ્વપ્ન હજીયે સાધવાં રહ્યાં,
એક એકથી શાં ભવ્ય દિવ્ય, જીવનનાં નર્યાં ! ૩૩

• • •

## અધ્યાય-૨ : ધારણા એકધારીથી

(અનુષ્ટુપ)

શ્રદ્ધા જાગેલી છે જેની કેંદ્રિત ધ્યેયમાં જ જે,
મુક્ત આહાર વિહારે તેવો શ્રેયાર્થી નિત્ય ર્‌હે. ૧

પોતાની આગવી રીતે શ્રદ્ધા તો વર્તવાની છે,
કશું બીજાનું જોઈને જરાયે વ્યગ્ર ના થશે.
'ધારવા મન તે સ્વસ્થ, સ્વસ્થ ચિત્ત પૂરેપૂરું'
-અભ્યાસ નિત્ય શ્રદ્ધાનો એવો જીવંત ચેતતો. ૨-૩

ધારણા એકધારીથી ધ્યેય જીવનનું હૃદે,
ઊંચું ને ઊંચું તે કેવું જીવને થતું જાય છે ! ૪

વા વિના જેમ દીવાની જ્યોત અખંડ શી જલે !
તેવી અખંડ તો હેતુતણી સભાનતા જીવે.
જીવને જ્યાં થતાં તેમ ર્‌હે અંતરસ્થ જીવને,
નવા નવા પ્રદેશોમાં બને વિચરવું પથે ! ૫-૬

એકવાર થતાં ભાન પોતાને નિજનું હૃદે,
ખોવાવાનો પછી વારો શ્રેયાર્થીને થતો ન છે.
એવું જ ભાન શ્રદ્ધાથી શ્રેયાર્થીને થતાં હૃદે,
ભાનના જ્ઞાનથી પંથે પછી પોતે ધપ્યા કરે. ૭-૮

વિચારવાનું હૈયાનું જેમાં વિચારમાત્ર ના
-ઊગ્યા કેડે જ, વિચાર પછીથી મન જન્મતા.
ઊગેલા જે પછી પોતે તર્કયુક્ત જ ગોઠવે,
તર્કનીયે તહીં તેમ ઊગેલાની પ્રમાણ છે.
ઊગેલાને કરે તર્ક આપોઆપ જ સિદ્ધ તે,
ઊગેલાની દિશામાં શો ફેલાવો તર્ક તો કરે ! ૯-૧૧

પરંપરા શી શ્રદ્ધાની અનેકાનેક જીવને !
કક્ષા પ્રત્યેક શ્રદ્ધાની જુદી પોતે પરસ્પરે. ૧૨

એકજાતની **તે** ના છે, પ્રેરણા જુદી જુદીયે,
વિવેક રાખવો યોગ્ય, પ્રેરણાક્ષેત્રાને વિશે. ૧૩

શાં પરિબળ શ્રદ્ધાનાં એક એકથી ભિન્ન છે !
તેમાં તેમાં પરિપક્વ થતી જીવંત **તે** હૃદે. ૧૪

પ્રભુની પાદની શ્રદ્ધા કૃપાપ્રસાદી દિવ્ય છે,
આરંભાયેલ જે શ્રદ્ધા જીવે કેવી નિરંતરે ! ૧૫

● ● ●

## અધ્યાય-૩ : ભાવવૃદ્ધિ થવા કાજે

(અનુષ્ટુપ)

જીવને માર ખાઈએ કેવો ને કેટલો બધો !
વિવેક વાપર્યા વિના ખ્યાલ ના આવતો કશો. ૧

'પ્રસંગ જે મળેલા છે ઘડાવા અર્થ જીવને,
વિકાસે ડગલાં દેવા કૃપાથી તે મળેલ છે.'
જીવને હેતુ તેવો તે કેળવીને, દૃઢાવીને-
-વર્તતાં તેવી રીતેથી સાફલ્યે પ્રગતિ પથે. ૨-૩

જીવને કાઢવો માર્ગ જેનો તેનો જ યોગ્ય જે,
સંશોધને ઊંડે ઊંડે અંતરે ઊતરી હૃદે,
યોગ્ય ઉકેલ, ઉપાય શ્રદ્ધાને સ્ફુરતો જ છે,
કળા સંપૂર્ણ એવી શી શ્રદ્ધાની નિજ જીવને ! ૪-૫

સાધનાભ્યાસમાં પૂર્ણ યાહોમ ઝંપલાવતાં,
વારી વારી જવાતાં, ત્યાં શ્રદ્ધા શી ભભૂકે તદા ! ૬

કેટકેટલુંયે ચાલ્યા કરાયું છે પથે છતાં
-ઠેરના ઠેર શા ત્યાંના ત્યાં જ પોતે રહ્યા તદા ! ૭

ફાવવાપણું શ્રદ્ધાને કેવું યોગ્ય પ્રકારનું !
પાછું સહજતાયુક્ત, નથી પડતું શોધવું. ૮

આધારે કેળવાવાને ગુણ ને ભાવ જીવને,
સાધનાભ્યાસને ખંતે આચરવો નિરંતરે. ૯

કેટવાં કેટલાં અંગો શ્રદ્ધાને, સાધનાપથે !
-આચરાતાં થતો ર્‌હે છે ઊર્ધ્વ વિકાસ જીવને. ૧૦

જીવન અટવિ કેવી વિકટ ને ભયંકર !
શ્રદ્ધા ત્યાંયે ન પામે છે કશો જરાય **તે** ભય. ૧૧

શ્રદ્ધાને દિલ સંબંધ મનાદિકરણો વિશે,
**પ્રાણ** વિશિષ્ટ તેમાં છે, **એને** સંબંધ સાથ તે. ૧૨

વલણો શાં મનાદિનાં જાણવાં તે પડે પથે,
શુદ્ધિ પ્રગટતાં પૂર્ણ યોગ્ય મનાદિ થાય છે,
મહત્ત્વે મોખરે **ભાવ** થતાં, મોળાં મનાદિ, તે
વાળવાને મનાદિને યોગ્ય તે કાળ જીવને.
જાગવાનું સહેલું છે તે કાળે, ત્યાં મનાદિને-
શો પ્રગટાવવા શુદ્ધિયજ્ઞ માંડેલ છે હૃદે ! ૧૩-૧૫

પ્રાણને સાધવાનું તો મુશ્કેલીમાં કઠિન છે,
છતાં શ્રદ્ધાથી મંડ્યાથી ના નિરાશ થવાય છે,
શ્રદ્ધાથી એકલક્ષે જ્યાં મંડવાનું થતાં હૃદે,
ભક્તિ શી જાગવાથી, ત્યાં ફેર શો પ્રાણમાં પડે ! ૧૬-૧૭

મરી મરી જ શ્રદ્ધાના અનેક જન્મ થાય છે,
પ્રત્યેક જન્મમાં શ્રદ્ધા નવા રંગે, રૂપે, રસે,
એવી શ્રદ્ધાતણો ભાવ જીવને જ્યાં પ્રકાશતો,
ભાવયત્ને સહેલાં છે વાળવાં ત્યાં મનાદિ સૌ. ૧૮-૧૯

આશંકા ને કુશંકાઓ સૌ પૂર્વગ્રહ બુદ્ધિના,
એની મેળે હઠે તે ના, એને પડે હઠાવવાં,

સર્વતોમુખી જ્યાં ભાવ પ્રત્યક્ષ વર્તતો હશે,
પ્રચંડ **ભાવ**ના વ્હેણે ધોવાતાં સર્વ તે જશે. ૨૦-૨૧

સાધનાભ્યાસમાં ભાવ જિજ્ઞાસાના બળે બઢે,
પુરાયે **પ્રાણ** શ્રદ્ધાથી શા મુલાયમ **તે** કરે !
કરણેન્દ્રિયનો શો ત્યાં સહકાર મળ્યા જતાં,
વ્હેણ જે નિમ્નગામીનું દિશા તે બદલે તદા. ૨૨-૨૩

ફૂંકાયેલા જ શા પ્રાણ, શક્તિવંતો હૃદે નર્યો !
પ્રેરણા તેવીમાં યોગ્ય પંથે વિવેક પ્રેરતો. ૨૪

પ્રેરણા જુદી જુદીમાં સાધનાના ઉપાયમાં,
કેવો તે પલટો લેવો ! વિવેક ખપનો તદા. ૨૫

થતાં તે ફેરફારો તે વિવેક પ્રીછતો હૃદે,
પ્રીછતાં ત્યાં જ, વિવેક થાય શો હર્ષમસ્ત તે ! ૨૬

કેમેય મેળવાતી ના એકાગ્રતા શી જીવને,
શુદ્ધિ શાં કરણોકેરી થતાં, સહજરૂપ છે,
બઢતાં ભાવ શ્રદ્ધાનો વર્તને પ્રગટ્યા જતાં,
આપમેળે થતી શુદ્ધિ, સભાનપણું રાખતાં. ૨૭-૨૮

ભાવે વૃદ્ધિ થવા કાજે સાધનાભ્યાસમાં હૃદે,
પૂરેપૂરા ખરા જોશે <u>સાધકે ધપવું ઘટે,</u>
હોમાવું સાધકે ઘટે,
સાધનાભ્યાસમાં પૂર્ણ એકરાગ થતાં પથે,
ઝગારો ભાવનો ઑર ખીલ્યા કેવો કરે હૃદે ! ૨૯-૩૦

વિકાસમાર્ગને જ્યાં ત્યાં કપાવાને જ જીવને,
તરંતો ભાવ ને શ્રદ્ધા કામયાબીભર્યો જ છે,
કરણેન્દ્રિય જે, કર્મે સંકળાયેલ હોય છે,
ભાવ તેમાં ક્રિયાશીલ હોતાં, વિકાસ થાય છે. ૩૧-૩૨

વિચારો, લાગણી, તીવ્ર વૃત્તિઓની અનંતતા-
-ચકરાવે ચઢાવે છે શ્રેયાર્થીને શું પંથમાં !
કિંતુ ચેતેલ છે શ્રદ્ધા તેવા તે કાળ મર્દ શો-
-મર્દાનગીથી ખેલે છે ! સંગ્રામે ઝઝૂમી પૂરો. ૩૩-૩૪

પ્રભુને સાદ પાડીને શ્રદ્ધા પોકાર પાડતી,
'પોતાને કરવું જે છે' પ્રભુને સંભળાવતી,
એવો અભ્યાસ જીવંતો શ્રદ્ધાને નિત્ય હોય છે,
શ્રદ્ધાને તે વિના સૂહેજે જીવને ચાલતું ન છે. ૩૫-૩૬

સ્મરણ, પ્રાર્થના, ભાવે નિત્યે ભજન, કીર્તન,
પાદસેવન ભક્તિથી, નિવેદન, સમર્પણ,
નિત્ય નિત્ય નવા ભાવ સંવેદન શું નૂતન !
અનુશીલન શ્રદ્ધાથી થવાતું, પરિશીલન. ૩૭-૩૮

જીવનના વિકાસે તે જીવંતાં સર્વ સાધન,
-જીવને કરતાં તેને, પાકતું ઊર્ધ્વજીવન. ૩૯

ઉભય ભાવનાશ્રદ્ધા શી પરસ્પર બ્હેન છે !
પરસ્પરાવલંબી તે પરસ્પરથી ઉભયે. ૪૦

• • •

# અધ્યાય-૪ : શ્રદ્ધાથી ડગલું પોતે

(અનુષ્ટુપ)

શ્રદ્ધાથી ડગલું પોતે આગળે ભરવાનું તે,
આપમેળે જણાયે છે પૂછ્યાગાછ્યા વિના હ્દે. ૧

ચૂકવ્યા તે વિના મૂલ્ય માલિકી ના મળી શકે,
સાધનાભ્યાસ તો તીવ્ર થયા તો કરવો ઘટે. ૨

શ્રદ્ધાથી પકડાયું જે તેને કદી ન મૂકી દે,
મથતાં ને મથાતાં ત્યાં બળ શું ફૂટી નીકળે ! ૩

શ્રદ્ધાને કારણે **ગુણો** શક્તિવંત પ્રકાશતા,
શ્રદ્ધાથી એક ને એક વળગી ર્‌હેવાય દિલમાં. ૪

શ્રદ્ધાથી જ્યાં પડે મોળા સંકલ્પ ને વિકલ્પ, ને
મનાદિની થતી વૃત્તિ આપમેળે જ મોળી જે. ૫

**જીવ**દશાની વૃત્તિઓ મોળી સૌ પડતી જતાં,
ભભૂકે શક્તિ શ્રદ્ધાની જ્વાલા અગ્નિની પેઠ ત્યાં. ૬

કામ, ક્રોધાદિ મોળા જો પડેલા હોય જીવને,
તો તો શ્રદ્ધા શી ત્યારે તે પ્રજ્વલી ભભૂકી ઊઠે ! ૭

મન, મતિ, **અહં, પ્રાણ**-ના વેગ જીવને બધા-
-મોળા ધીમે ધીમે કેવા પડ્યા તે કરતા સદા. ૮

એકવાર થતાં મોળા જોશ એનું ઘટી જતાં,
પ્રાબલ્ય ભાવનું પૂર્ણ થતાં જીવનમાં તદા,

કરણેન્દ્રિયમાં તેવો ભાવ પ્રવેશી અંતરે,
ભાવનું જોશ શો ભાગ ભજવે છે નિરંતરે. ૯-૧૦

• • •

## અધ્યાય-૫ : જાણી વિજ્ઞાન શ્રદ્ધાનું

(અનુષ્ટુપ)

શ્રદ્ધાને યોજના કોઈ પૂર્વથી હોય ના કશી,
જેમ જેમ બઢે, તેમ તે કાળે જાણી લે સહી. ૧

જાણી વિજ્ઞાન શ્રદ્ધાનું શ્રદ્ધાથી ઉપયોગ જે,
વિકાસકર્મમાં લેતાં વધાયે કેવું આગળે ! ૨

શ્રદ્ધા કદીક તો પંથે ઓચિંતી ખચકાય છે,
ખચકાયાની એને ત્યાં જાણ પડી જતી હૃદે. ૩

કારણ જાણતાં પોતે કારણ તે સુધારી લે,
ધપાવવાનું તે રીતે શ્રદ્ધા કેવું કર્યા કરે ! ૪

તોયે શ્રદ્ધા ન છોડી દે પોતાના યત્ન જીવને,
'મથ્યા જ કરવું માત્ર', શ્રદ્ધા શું જાણતી હૃદે ! ૫

ના ભોમિયણ શ્રદ્ધા છે, છતાં શી હામ ભીડીને-
પંથ ધપાવવા નિત્યે મથ્યા કેવી કરે પથે ! ૬

ચોંટાડી માત્ર ના રાખે, ક્રિયા કરાવવા પથે,
ખરેખરું મથાવીને, દૃઢાવવા પથે ચહે. ૭

શ્રદ્ધા સંભાળ રાખે છે પોતાની આપમેળ તે-
-સાધનાયત્ન પ્રત્યે **તે** એકાગ્રતાથી જીવને. ૮

• • •

## અધ્યાય-૬ : સાધનાના વિકાસે શો !

(અનુષ્ટુપ)

સાધનાના વિકાસે શો તીવ્ર વૈરાગ્ય જીવને
-ફૂટી નીકળવો, કેવો ખરો અગત્યનો પથે ! ૧

નિર્મમત્વ, અનાસક્તિ, નિર્મોહ, લોભમુક્ત જે,
વળી નિષ્કામ, નિષ્ક્રોધ, નિરહંકારી તે થતે,
એવી સમગ્રતા પૂર્ણ એવાં અંગોની જીવને
-થતાં નીકળતો ફૂટી તીવ્ર વૈરાગ્ય અંતરે. ૨-૩

વૈરાગ્યની ભૂમિકામાં અભ્યાસ જે થતો જતો,
વિકાસ કરવા યોગ્ય તેવો અભ્યાસ તો ખરો. ૪

એવાને પછી શ્રદ્ધાથી કેમે મૂકી શકાય ના,
શ્રેયાર્થીને ધપંતો તે જોતાં, શ્રદ્ધા શી ખુશ ત્યાં ! ૫

એવો જે તીવ્ર વૈરાગ્ય શ્રદ્ધા વિના ન ફૂટશે,
એવો વૈરાગ્ય આત્માની છેક નજીકનો હશે. ૬

કક્ષા પ્રથમની, શ્રદ્ધા શરૂમાં યોગ્ય જીવતી
-કાર્યસાધક ના પૂર્ણ, જતાં આગળ જીવતી. ૭

કક્ષા જુદી જુદી કેવી શ્રદ્ધાની જીવને ઘણી,
તેવી તેવી જ કક્ષામાં શ્રદ્ધાની પ્રક્રિયા જ શી
-પ્રવર્તતી જુદી જુદી અનોખા તે પ્રકારની ! ૮

માયાની જાળ કેવીયે ભુલભુલામણી જ છે !
તેમાંથી નીકળી પાર જવા શ્રદ્ધા સમર્થ છે. ૯

• • •

## અધ્યાય-૭ : ભુલભુલામણી જ છે

(અનુષ્ટુપ)

જ્યાં સુધી યોગ્ય દૃષ્ટિયે સૂઝી છે ના પૂરેપૂરી,
આગળે ધપતાં પંથે ભૂલું પડી જવાય છે. ૧

શ્રદ્ધા જ્યાં પલટાતીયે નિષ્ઠામાં જીવને તદા,
**પ્રાણ**માં ફેરફારો શા આપમેળે સધાય ત્યાં ! ૨

શ્રદ્ધા અવતરે જ્યારે નિષ્ઠામાં પૂર્ણરૂપમાં,
ત્યારે ચળી શકે છે તે કેમે કરી કશાથી ના. ૩

શ્રદ્ધા પોતે જ નિષ્ઠામાં જ્યારે પરિણમી જતી,
જીવને ચેતના કેવી જીવંતી તે થતી જતી ! ૪

નિષ્ઠામાં પૂર્ણ ત્યારે તો શ્રદ્ધા પ્રવેશી જીવને,
કેવા અંતરમાં જુદા જુદા તે પલટા જ લે. ૫

એવા શા પલટા પ્રત્યે નિષ્ઠાની નેમ જીવને,
અંતરસ્થ શી કેંદ્રિત એકલક્ષી રહે હૃદે ! ૬

ઊંડામાં ઊંડું, તેથીયે ઊંડામાં ઊંડું અંતરે,
શ્રદ્ધાના માત્ર આધારે ઊતરી ત્યાં શકાય છે. ૭

શ્રદ્ધા વિના કશો ભાવ કશામાંથી ન નીપજે,
છતાં પાછું થતાં ભાવ શ્રદ્ધા તેજસ્વી થાય છે.
અસ્તિત્વ ભાવનું પોતે શ્રદ્ધામાં તે રહેલ છે,
સાધનાભ્યાસ શ્રદ્ધાની શક્તિથી ખાસ થાય છે. ૮-૯

નિર્ભય શો થયેલો છે શ્રદ્ધા વિવેક શક્તિથી-
-શ્રેયાર્થી જીવને, તેવો ડગે છે ના કશાયથી. ૧૦

કેવાં પરિબળો આવે શ્રેયાર્થીને પછાડવા !
શ્રેયાર્થીયે હૃદે ત્યારે ખડો જીવંત હોય છે. ૧૧

સાધનાભ્યાસમાં જોશ કેવું નૂતન વ્યાપશે !
વણજોયેલું જોવાનું આવે ત્યારે અનુભવે. ૧૨

શ્રેયાર્થીને હૃદે જ્યારે પોતાનામાં પૂરેપૂરી,
શ્રદ્ધાની શક્તિનું જ્ઞાન થતાં થતાં જ આપથી,
'પાકો દિલ ભરોંસો કે જીવને દોરનાર છે'
શ્રેયાર્થીને હૃદે કેવી તેથી શી હોંશહામ છે ! ૧૩-૧૪

કદીક તે ભુલાવામાં જીવને પડી જાય છે,
ત્યારે દોરવનારો શો એનો ત્યાં હાથ **તે** ગ્રહે ! ૧૫

વિશ્વાસ દિલ જાગેલો એવા સદ્‌ગુરુને વિશે,
કામ તે કાળ આપે છે કેવું અદ્‌ભુત વર્તને ! ૧૬

વારંવાર ચઢે કેવું પ્રચંડ જોશ અદ્‌ભુત !
એવા તે જોશમાં વૃદ્ધિ થતી ભવ્ય નિરંતર. ૧૭

છો ગલીકૂંચીઓ પંથે, શ્રદ્ધાને તેની જાણ છે,
'કેમ નીકળવું પાર' શ્રદ્ધાને તેનું જ્ઞાન છે. ૧૮

કદીક ખીણમાં છેક અવતરતી શી જતી !
કેટલી વાર શ્રદ્ધા તો હેતુએ થંભી શી જતી ! ૧૯

બેઠો કરાવીને પ્રેરે શ્રદ્ધાનાં કર્મવિષયે,
સાધનાના ઊંડા ઊંડા પ્રેરાવ્યા વર્તને કરે. ૨૦

• • •

## અધ્યાય-૮ : ફના થયા જવાનો શો !

(અનુષ્ટુપ)

શ્રદ્ધા પોતે જ નિષ્ઠામાં જ્યારે પરિણમી જતી,
જીવને ચેતના કેવી જીવંતી તે થતી જતી ! ૧

નિષ્ઠા જન્મેલી શ્રદ્ધાથી તેનાય શા પ્રકાર છે !
કર્મ ને જ્ઞાન, ભક્તિની નિષ્ઠાનાય પ્રકાર છે,
મહત્ત્વે ભાવ હૈયાનો ત્રણેમાં છે પરસ્પર,
ભાવ વિનાની નિષ્ઠા તે નિષ્ઠા ગણાય ના રજ. ૨-૩

એવી શ્રદ્ધાની શી શક્તિ માત્ર પ્રીછે અનુભવી,
શ્રદ્ધાથી ઊર્ધ્વવિકાસ થાય જીવનમાં વળી. ૪

સાધના પછી શી ત્યારે કૂદકે ભૂસકે ધપે !
ત્યારે વિશ્વાસ જીવંતો શો ફૂટતો જતો પથે ! ૫

એને ત્યાં દિવ્ય મુશ્કેલી છેદતાં છેદતાં નર્યાં-
-કેવાંયે બલિદાનો ત્યાં આપવાં પડતાં તદા ! ૬

શ્રેયાર્થીએ બલિદાનો, એક એકથી ઉચ્ચ તે,
હેતુ સભાનતા પ્રેરે, આપવાનાં રહ્યા કરે. ૭

કેટલા કેટલા પંથે યજ્ઞે હોમાઈ જાય છે,
હોમાઈ શા વળી પાછા તે સજીવન થાય છે ! ૮

અનંત બલિદાનોની એક પછી શી એક તે,
એવી તે હારમાળાની કોઈ ના ગણના પથે. ૯

શ્રેયાર્થીને હૃદે ત્યારે કેવો ઉત્સાહ અગ્નિ છે !
હોમાઈ શું જવાવામાં પોરો **एने** ચઢ્યાં કરે ! ૧૦

સુજ્ઞ શ્રેયાર્થી શો યજ્ઞે જીવનધ્યેય હેતુની-
-સભાનતા શી ધારીને વારંવાર ધપ્યા જઈ,
પોતાને હોમતાં યજ્ઞે બલિદાનની પાછળે
-ભાવની ધારણા હૈયે ખીલે, પુષ્પ સુવાસયે. ૧૧-૧૨

યજ્ઞે થતાં થતાં ભસ્મ જ્ઞાનભાવની ધારણા
-ધ્યેયહેતુની સંગાથે શ્રેયાર્થીને રહે તદા. ૧૩

એક જીવનમાં એવા શા અવતાર છે નવા !
યજ્ઞે પ્રત્યેક હોમાતાં નવી વિકાસની દિશા. ૧૪

હોમાતાં એમ હોમાતાં અનેક વાર યજ્ઞમાં,
થઈ જતાં પૂરો ખાખ શો નવો જન્મ થાય ત્યાં ! ૧૫

ફના થયા જવાનો શો આ સનાતન યજ્ઞ છે !
હોમાતાં ત્યાં જવાયાનો ભવ્ય શો ઈતિહાસ તે ! ૧૬

હોમાતાં, યજ્ઞ હોમાતાં જૂના જીવનની દિશા-
-થતાં પૂરેપૂરી ભસ્મ, કાયાપલટ થાય ત્યાં. ૧૭

દિવ્ય તે યજ્ઞજ્વાલામાં હોમાઈ તે જતાં જતાં,
કેવા ભવ્ય પુરસ્કાર જીવને મેળવે તદા ! ૧૮

કરતાં કરતાં એમ આગળે ત્યાં ધપાય છે,
ધપતાં ધપતાં એમ શક્તિ પિછાણ થાય છે. ૧૯

શો સમર્પણનો યજ્ઞ હેતુની ધારણા હૃદે-
ચાલ્યા જે કરતો ર્‌હે છે ! જીવંત પ્રક્રિયા શી તે ! ૨૦

જીવન પલટાવાની યજ્ઞની તે પરંપરા
-જીવંત ચાલુ ર્‌હેવાની વિકાસ શો થતાં જતાં ! ૨૧

● ● ●

## અધ્યાય-૯ : સાધનાભ્યાસથી ભાવ

(અનુષ્ટુપ)

સાધનાભ્યાસથી ભાવ સ્ફુરે તે વાત સાચી છે,
તે છતાં ભાવ તો પાછો શ્રદ્ધાનાં મૂળમાં વસે. ૧

**ભાવ** કેવો સ્ફુરાવે છે ધોધની જેમ વર્તને,
ઉછાળો તેથી કેવોયે સાધનાપથમાં ઝગે ! ૨

મનને ચિંત્વને ઉચ્ચ તેવા પ્રદેશનું હૃદે-
-એકધારું થતાં, ભાાવ જાગ્યા તે કરતો રહે. ૩

ભજન કીર્તને તેવા અભ્યાસ થકી જીવને,
પ્રાર્થના સ્મરણે હૈયે જાગે છે ભાવ દિલને. ૪

ભજન કીર્તનોમાંહે, બીજાં સાધનને વિશે,
શ્રદ્ધા વિના થતાં તેમાં કશા ના ભલીવાર છે. ૫

સત્ત્વ હૃદયનું શ્રદ્ધા થકી જ કેળવાય છે,
હૃદય કેળવાતાં ત્યાં વિચારવાનું જીવને,
જુદી તે રીતનું કોઈ, અનોખો તે પ્રકાર છે. ૬

તેવા વિચારવામાં શી બુદ્ધિ નિશ્ચળ, મક્કમ-
-ધ્યેય પરત્વેની પૂર્ણ વેધંતી લક્ષ્યનો પથ. ૭

વિવેક એવી વેળાનો આત્માનું માત્ર અંગ છે,
**જીવ**દશાની તે રીતે એવાને ના મપાય છે. ૮

જીવનધ્યેયમાં જેમ પુરુષાર્થ થયે જતાં,
આપમેળે જ ઊગે છે ભાવ શો ભરપૂર ત્યાં ! ૯

સુષુપ્ત છે ભલે શ્રદ્ધા ગૂઢ અંતર્ગતે શી છે !
સક્રિય તે બનાવાય, ભાવ તે વધતાં જતે. ૧૦

શ્રદ્ધા ના છેડલો ફાડે સૌ વ્યવહાર, વર્તને-
જોડાજોડ શી શ્રદ્ધા છે ! પ્રત્યક્ષ તે અનુભવે. ૧૧

● ● ●

## અધ્યાય-૧૦ : દૈવાસુરતણા યુદ્ધે

(અનુષ્ટુપ)

સંગ્રામો કારમા કેવા જીવને પ્રગટ્યા જતા !
અડીખમ પથે શ્રદ્ધા નિશ્ચળ કેવી છે તદા ! ૧

આંતરિક થતું તેમાં શ્રદ્ધા જે ભાવ લેતી છે,
તે તો અનુભવે માત્ર હૈયે જાણી શકાય છે. ૨

દિવ્ય તે અવરોધોને વીંધીને પાર તે જવા-
-કેવા સંગ્રામ જામે છે દિવ્ય જીવન ક્ષેત્રમાં. ૩

દૈવાસુરતણા યુદ્ધે શ્રદ્ધા જ્યાં ખચકાય છે,
હિસાબ કાઢવા થંભે ઇંતેજામ થવા પથે. ૪

શા દૈવાસુર સંગ્રામે છતાં કોઈક વાર તે,
કદીક હારી શી જાય ! પાછી તે બેઠી થાય છે. ૫

મથતાં મથતાં નિત્ય વિશ્વાસ વધતાં જતાં-
-અંતરે ઊંડી ને ઊંડી શ્રદ્ધાનો સ્પર્શ થાય ત્યાં, ૬

આપતાં આપતાં યુદ્ધ કેવું ફના થયા કરી,
દિવ્ય ને દિવ્યતામાં શો મથી અવતરે ચહી ! ૭

પુનર્જીવન પામી શા દિવ્યકર્તવ્ય યજ્ઞમાં,
અર્પવાને બલિદાન પાછા તત્પર શા થતાં ! ૮

પોતાને જે મળેલું છે શ્રદ્ધા તેમાંથી તારવી
-તારવી શી હૃદે સ્વાદ લેવા અમૃતનો ચહે ! ૯

• • •

## અધ્યાય-૧૧ : કલ્પનાતીત તે શા છે !

(અનુષ્ટુપ)

આવે ડરાવવા તૂતો કેવાં અવનવાં પથે !
કિંતુ શ્રેયાર્થી ત્યાં પોતે સાવધપૂર્ણ છે હૃદે. ૧

કેટલો કાળ એવોયે ત્યાં કેવો વહી જાય છે !
પાછો સચેત શ્રેયાર્થી થતાં, શો પંથ સૂઝશે ! ૨

કલ્પના ના શકે જાગી તેવા સંગ્રામ પ્રીછવા,
કલ્પનાતીત **તે** શા છે એ તો દિવ્ય પ્રકારના ! ૩

છતાંયે અર્પવા કેવા ઉછાળા દિલ મારતું !
શું ધસમસતા પૂરે ઊભરાતું જતું નર્યું ! ૪

દિવ્યમાં દિવ્ય શક્તિની પ્રેરણા મળતાં હૃદે,
અનન્ય દિવ્ય મુશ્કેલી કોઈ ને કોઈ હોય છે,
સ્થૂળ આવરણો ત્યારે અવરોધો કશા ન છે
-છતાં દિવ્ય ભૂમિકામાં અવરોધતું કૈંક છે. ૫-૬

દિવ્યતાનું બધું કામ પછી તો શક્તિ તે કરે,
આપણે યંત્ર સંપૂર્ણ ત્યારે **તેના** થતાં હૃદે. ૭

બુદ્ધિની શુદ્ધતા કેવી જે પ્રજ્ઞા શક્તિ હોય છે,
પ્રજ્ઞા શક્તિતણો દિવ્ય વિવેક પારખી શકે. ૮

સર્વ પ્રકારથી મુક્ત એવી બુદ્ધિ થતાં થતાં,
કેવાયે ફેરફારો તે પ્રગટે જીવને તદા. ૯

પરંપરા વિશે તે તે કક્ષા તેની અનંત છે,
ત્યાં ત્યાં શ્રદ્ધા અને શક્તિ પાછાં, જુદાં અનેક છે. ૧૦

શ્રદ્ધા**મા**ના બધા ગુણ જીવને શા ઉતારતાં-
-શ્રદ્ધાની ખરી શક્તિ શી જાગે વર્તનમાં તદા ! ૧૧

ભક્તિ જ્યાં જાગતાં હૈયે જીવંત ચેતનાત્મક,
અનન્ય શક્તિ ભક્તિની દિવ્ય શી કાર્યસાધક ! ૧૨

તે સાધવાની **एवा**ની જીવંત શક્તિદાયિની,
ચેતાવવાનું સંપૂર્ણ કામ ત્યારે જ આપતી. ૧૩

નોટિસ કૈં વિના, કેવી જિંદગી ખસતી જતી !
કોઈને તોય ના ભાન એનું સ્હેજેય થાય છે,

કિંતુ જે કોઈ જાણે છે, તેની શ્રદ્ધા શી ઑર છે !
તે શ્રદ્ધા તો વિકાસે શી આવતી ખપમાં ખરે ! ૧૪-૧૫

• • •

## અધ્યાય-૧૨ : કોઈક વિરલા વીર

(અનુષ્ટુપ)

શંકા, સંદેહ, બુદ્ધિનાં ત્યાં તે ઓગળી જાય શાં !
બધા પૂર્વગ્રહો મૂકે બુદ્ધિ, પ્રજ્ઞા થતાં થતાં. ૧

બુદ્ધિમાં શુદ્ધિ જાગંતાં પ્રેરણા જે પ્રવર્તતી-
સાધનાવિષયે કામે લાગી પડેલી દીસતી. ૨

ભય એવા અનેકે છે ઊર્ધ્વ તે ભૂમિકા વિશે,
સદ્‌ગુરુ કિંતુ વિવેક બચાવ્યા વિણ ના રહે. ૩

વારાફેરી શી એવી છે, સાધનાપથમાં ખરી,
કસોટી ધૈર્યની કેવી કપરી પંથીની થતી ! ૪

અવનવા પ્રદેશો શા **એને** પ્રવેશતાં મળે !
વીંધતાં વીંધતાં સૌ તે આવે શા કંઠ **પ્રાણ** તે ! ૫

અનેક વાર શ્રેયાર્થી જીવને મરીને પડે,
એનું જ્યારે ન કૈં ચાલે, વ્હારે શ્રદ્ધા ચઢે શી તે ! ૬

શ્રદ્ધાકેરા પ્રદેશે તો પુરુષાર્થ પૂરેપૂરો,
શ્રદ્ધા નિષ્ઠા થતાં ત્યારે યત્ન વિના પ્રયત્ન શો ! ૭

સૌજન્યયુક્ત શી શ્રદ્ધા મર્યાદાશીલ છે છતાં,
યોગ્ય કાળેય મર્યાદા **તે** ઓળંગાવી દે તદા. ૮

શ્રદ્ધા તે બદલે કક્ષા સાધના પાકતી થતાં,
એવી અનેક કક્ષાઓ ઊગે શ્રદ્ધાપ્રદેશમાં. ૯

આત્મપ્રદેશમાં શ્રદ્ધા એકવાર પ્રવેશતી,
શ્રદ્ધાની ભૂમિકા ઑર ભવ્ય દિવ્ય પ્રકારની ! ૧૦

જીવને કેંદ્રસ્થાને જ્યાં લાગે જ્વાળાસમું ખરું,
તલપ લાગતાં ભારે શો તલસાટ ત્યાં ઊંડો ! ૧૧

જીવનકેંદ્રમાં ઊંડે લાંબો ગાળો રહ્યા કરે,
શો તરબોળ ને મસ્ત તે એકાકાર થાય છે ! ૧૨

કેંદ્રના રસથી કેવો ઓતપ્રોત થતાં હૃદે,
વ્યવહારે છતાં પાછો કેવો એવો રમ્યા કરે ! ૧૩

મોંઘામૂલું છુપાયેલું રસનું કેંદ્ર જીવને,
કોઈક વિરલા વીર પામે તે કેંદ્ર શું હૃદે ! ૧૪

જીવન ઘડવાકેરી કળા શ્રદ્ધાની કેવી છે !
શ્રદ્ધાનો ઘડવામાં શો હાથ બેસી ગયેલ છે ! ૧૫

જીવન શુષ્ક કેવામાં શ્રદ્ધાએ શું પ્રવેશીને,
**एणे** જીવનને કેવું લીલુંછમ બનાવ્યું છે ! ૧૬

• • •

## અધ્યાય-૧૩ : ભાવ એકાગ્ર કેંદ્રિતે

(અનુષ્ટુપ)

જતાં જતાં થતાં ઊર્ધ્વ દિવ્યપ્રદેશ ભૂમિમાં,
શી દિવ્યચેતના શક્તિમહીં ઊતરતાં જતાં. ૧

ત્યાં કેવા દિવ્ય સંગ્રામ શક્તિને ખેલવા પડે !
ખેલવા માડીજાયો કો જન્મેલો ભાગ્યશાળી તે ! ૨

શા ચમત્કાર એવા તો અનેકાનેક જીવને
-પ્રવર્તતા રહે છે ! તે વિરલા કો'ક જાણશે. ૩

શું ભગીરથ તે કર્મ ! કલ્પનામાં ન આવશે,
વીંધતાં વીંધતાં એનો શો પુરુષાર્થ દિવ્ય તે ! ૪

'પછી તો બળિયા કેવા !' જાણી લેવાય છે હૃદે,
પછી હરાવવા કોઈ સામર્થ્યવાન ના જ છે. ૫

અદ્‌ભુતતા શી લાગે ત્યાં ! નવાઈ ને નવાઈ તે,
આશ્ચર્યથી કરી મુગ્ધ જીવન શું છવાય છે ! ૬

મુગ્ધ કરી જ નાખે શા એવા પ્રદેશ આવતાં !
શ્રદ્ધા શું નિપજાવે છે તે વેળા જ્ઞાન આપમાં ! ૭

અનેક જાતનાં કેવાં આશ્ચર્ય તે પ્રદેશનાં !
મુગ્ધતામાં પરોવી દે અદ્‌ભુત શા પ્રકારનાં ! ૮

પાર આશ્ચર્યનો ના'વે, શો અગણિત ભાવ તે
-ત્યારે જીવનમાં સ્ફુરે ભાવ એકાગ્ર કેંદ્રિતે ! ૯

• • •

હરિ:ૐ

# ખંડ-૯ : પરિણામ

## અધ્યાય-૧ : શ્રદ્ધાનાં શાં પરિણામો !

(અનુષ્ટુપ)

આત્મશ્રદ્ધા પરિપૂર્ણ શી આધ્યાત્મિક શક્તિ તે !
અંતરે પ્રગટાવી શાં પ્રકાશ, શક્તિ, જ્ઞાન દે ! ૧

રખાતાં આશરો ટેક સંપૂર્ણ ઈષ્ટનો હૃદે,
કેવી ખબરદારી તે ઊગે પ્રચંડ જીવને ! ૨

મળ્યો છે આશરો પાકો શ્રદ્ધાનો **જીવ** જેહને,
નિશ્ચિંત જીવને તેના જેવો બીજો ન કોઈ છે. ૩

શ્રદ્ધા જે વેળ જ્વાલાગ્નિ સમી જલતી જીવને,
ત્યારે વિજ્ઞાન શ્રદ્ધાનું આપમેળે છતું થતું. ૪

શાં પરિબળ શ્રદ્ધાનાં નિરાળાં એકમેકથી,
સમગ્રે તાંતણો ત્યાં શો હેતુ સભાનતા થકી. ૫

જીવંત તાંતણો એવો શ્રદ્ધાનો ધ્યેયહેતુમાં,
કદી ના તૂટતો લાગે સજીવંત રહે સદા. ૬

સ્થિતિચુસ્ત ન શ્રદ્ધા તો, ભલે ના ડગલું ભરે,
છતાં જે ચાલતો, તેને **પ્રાણ** કેવા ભર્યા કરે !
મથતાંને મળે શક્તિ શ્રદ્ધાની જ્ઞાનયુક્ત તે,
જાગૃતિ ધ્યેયહેતુની શ્રેયાર્થીદિલ તેથી છે. ૭-૮

જીવન પુષ્ટ શ્રદ્ધાથી થયા કરતું કેવુંયે !
શ્રદ્ધા છે જેવી તેવા તો આપણે થઈએ છીએ. ૯

ડગ મક્કમ ને સ્થિર દઢ શા નિર્ણયાત્મક !
શ્રદ્ધાથી તો ભરાયે છે જીવને રચનાત્મક. ૧૦

જેમણે જેમણે સેવી શ્રદ્ધાને ધ્યેય પામવા,
શ્રદ્ધાના શા ચમત્કાર તેવાને દિલ ઊગતા,
માટીમાંથી કરે મર્દ શ્રદ્ધા સેવનથી કરી,
મર્યાદનગી નમાલામાં શ્રદ્ધા કેવી સ્ફુરાવતી ! ૧૧-૧૨

શો પ્રેરાયેલ શ્રદ્ધાથી જુસ્સો, ઉત્સાહ, ઉદ્યમ,
અદમ્ય શક્તિ શ્રદ્ધાની ધ્યેયે જે છે ક્રિયાશીલ. ૧૩

જેમણે જેમણે લીધો શ્રદ્ધાનો આશરો ખરો,
તેમણે તેમણે કેવો જીવને ફાલ મેળવ્યો !
ચેતનવંતી શ્રદ્ધા જ્યાં જીવને ફૂલી ફાલતી,
કરાવે કેવું સમૃદ્ધ જીવન ભલીભાતથી. ૧૪-૧૫

શ્રદ્ધા જેને વરેલી છે, શ્રદ્ધા એને જિવાડશે,
જિવાડીને, તરાવીને પાર પ્હોંચાડશે પથે. ૧૬

શી એકવાર શ્રદ્ધા જો પકડે આવી જાય છે !
તે શ્રદ્ધાથી થતું કામ કોઈનાથી ન થૈ શકે. ૧૭

રસનિષ્પત્તિ શ્રદ્ધાથી થતા સર્વ પ્રયત્નમાં
-નિર્ઝરતી સદા ર્‌હે છે, દીપતી જ્યોત જેવી ત્યાં. ૧૮

શ્રદ્ધા અનુભૂતિનું તે પરિણામ ખરેખરું,
-ફળાવે રણકો કેવો શ્રદ્ધા તો પ્રેરણાભર્યો ! ૧૯

શો પ્રગટાવવા ન્યારો જીવને પલટો નવો !
માત્ર એકલી શ્રદ્ધામાં એવી સક્રિય શક્તિ તો. ૨૦

ધ્યેય ને લક્ષ ધારીને એકાગ્રતાથી કેંદ્રિત,
વર્તે તેને રળાવે છે શ્રદ્ધા શું દિવ્યજીવન ! ૨૧

શ્રદ્ધાનાં શાં પરિણામો જીવને પ્રગટ્યા કરે !
વર્ણવે પાર ના'વે તે, સમજાયે અનુભવે. ૨૨

લક્ષણે માત્ર આધાર રાખે જે પૂર્ણ જીવને,
તેને ના છેતરાવાનો વારો આવે કદી પથે. ૨૩

● ● ●

## અધ્યાય-૨ : સેવતાં સેવતાં શ્રદ્ધા

(અનુષ્ટુપ)

સેવતાં સેવતાં શ્રદ્ધા સેવતાં જીવને મહા-
અવતારતી તે કેવાં જીવને પરિણામ ત્યાં ! ૧

શ્રદ્ધાની રાખતાં આશા અપેક્ષા, સર્વ તેહને,
ભારે સાંપડવાની છે નિરાશા નિજ જીવને.
કૈં પરિણામની ઇચ્છા વિના જે સેવશે હૃદે-
-જ્ઞાનમૂલક શ્રદ્ધાને, તેવા નિશ્ચિંત સૌ રીતે. ૨-૩

પોતે જીવનમાં કેવો ! શ્રદ્ધા ભાન કરાવતી,
કેવા કેવા થરો છે તે શ્રદ્ધા દર્શાવતી પછી. ૪

‘શાં કેટકેટલામાં તે’ જાણે પથિક સર્વ તે,
માહિતગાર રૈ’ પોતે આગળે ધપતી પથે. ૫

શ્રદ્ધાનાં અંગઉપાંગો શ્રેયાર્થીને પરિચય-
-તે સર્વનો થતો ર્‌હેતો કેવો વિકાસ જીવન ! ૬

પોતાના લાભમાં શ્રદ્ધા સદા ઉદ્યત કેવી છે !
**एनी** એકાગ્રતા તોલે કોઈ જ આવી ના શકે. ૭

શ્રદ્ધાના સેવને નિત્યે, ઈંદ્રિયો, કરણો બધાં-
રહે સતેજ એકાગ્ર એક જ વિષયે તદા. ૮

શ્રદ્ધા ખૂંપાવતી પંથ, શ્રદ્ધાથી ચિંત્વવું થતું,
શ્રદ્ધાથી ઊતરાતું છે આધારે કરણો વિશે.
જ્યાં ત્યાં પૂર્ણ, આધારે ચેતનાયુક્ત હો હૃદે,
શ્રદ્ધાથી પીગળે કેવું **अहं** આપણું જીવને ! ૯-૧૦

આત્મવિશ્વાસ ફાલે છે શ્રદ્ધાથી ખૂબ જીવને,
એવાં બીજાં બળો ઊગે શ્રદ્ધાને સેવવા વડે. ૧૧

શ્રદ્ધા માતાનું જે વ્‌હાલ બક્ષે શી તાજગી હૃદે !
વિશ્વાસ જીવતો ઊંડો ચેતનાત્મક હોય તે. ૧૨

સમજદારી શી યોગ્ય શ્રદ્ધાભાવ વિવેકથી
-જીવને જન્મીને કર્મે કેવી પાંગરતી જતી ! ૧૩

જેમાં તેમાં જ જીવંતું એકાકારપણે હૃદે
-શ્રદ્ધાથી હેતુનું જ્ઞાન શ્રેયાર્થીને રહે પથે. ૧૪

નક્કર શું પરિણામ જીવને પ્રગટાવતી,
પ્રત્યક્ષ એવી શક્તિ તો શ્રદ્ધા કેવી ખરેખરી ! ૧૫

અસર જીવને ઊંડે સક્રિય તે પમાડીને,
‘શ્રેય’ અનુભવે ઊગી કલ્યાણ તે કરાવશે. ૧૬

બીજી જે કોઈ શક્તિ તે આપ પોતે જ પ્રીછશે,
જ્યારે શ્રદ્ધાનું ના તેવું, પ્રત્યક્ષ પરિણામ છે. ૧૭

• • •

## અધ્યાય-૩ : શ્રદ્ધાને સેવતાં ભાવે

(અનુષ્ટુપ)

ધ્યાને એકાગ્ર કેંદ્રિત રહેવાનો જ પંથમાં
-શો ગુણધર્મ શ્રદ્ધાનો ! આપે પર્ખાય ત્યાં સદા.
શ્રેયાર્થીને શી ઓચિંતી અણધારેલી ઓથ તે-
-મળતાંમાં જ, શ્રદ્ધાની ખાતરી કેવી થાય છે !
અનેક એવી વેળાએ શ્રદ્ધાની ખાતરી થતાં
-શ્રેયાર્થીને હ્દે ત્યારે, ઊભેલ પડખે શી ત્યાં !
-શ્રદ્ધા થાબડતી પીઠે, એવું જ્યાં લાગતાં જતાં,
ખબરદારી શી જીવંતી શ્રેયાર્થીને ઊગે તદા.
‘મર્દ પરાક્રમી કેવો શ્રેયાર્થી જીવને પથે,
ત્યારે પોતે બને છે તે’, કળવામાં ન આવશે. ૧-૫

અનેકાનેક પાસાં છે શ્રદ્ધાનાં એમ જીવને-
શ્રેયાર્થી માત્ર જાણે છે, બીજાનું ગજું ના હ્દે. ૬

પરિપક્વ થયાકેરાં જુદાં જુદાં જ લક્ષણ,
શ્રેયાર્થી લક્ષણે પામે કક્ષાઓનો પરિચય. ૭

ભીંજવી શું પલાળે છે શ્રદ્ધાની પ્રેરણા હ્દે !
લોંદા શા માટીના જેવા મુલાયમ થવાય છે ! ૮

શ્રદ્ધાથી પ્રાર્થનાકેરો સહારો ભાવથી હ્દે-
-લેવાતાં એકધારો જ્યાં, શો આર્તનાદ અંતરે !
આર્તનાદથી પોકારો શા આર્દ્રતાથી નીકળે !
તેવા પોકારથી જન્મે અવતાર નવો હ્દે. ૯-૧૦

ત્યારે શ્રેયાર્થી ત્યાં કેવો ગદ્ગદ ભાવથી હ્દે-
-ભર્યો સદ્ભાવ ભક્તિથી જાય છે વારી વારી તે. ૧૧

સત્ય પારખવામાં તો શ્રદ્ધા કાબેલ પૂર્ણ છે,
કદી દૃષ્ટિ પડે ટૂંકી શ્રદ્ધાની કોઈ વારયે,
પ્રત્યેક ભૂમિકાની તે શ્રદ્ધાનું સત્ય તે રીતે,
સત્ય તેથી જ સાપેક્ષ, અંતિમ સત્ય આત્મ છે. ૧૨-૧૩

નિષ્ઠાથી કેળવાયેલું હૈયું પ્રવર્તતું જ છે
-જેના જીવનમાં પૂર્ણ તેવાનું સત્ય ઑર છે. ૧૪

શ્રદ્ધા થકી સિતારો શો પ્રવર્તેલ બુલંદ છે !
જીવન સાબદું કેવું શ્રદ્ધાતણા જ સેવને ! ૧૫

ઊઠે સંકલ્પ વિકલ્પ શ્રદ્ધાને કો પ્રકાર ના,
પરિપક્વ થઈ ત્યારે શ્રદ્ધા પ્રમાણવી તદા. ૧૬

'કામક્રોધાદિ મોળા છે' વાતાવરણ મુક્ત ને
વધ્યાથી ભાવ શ્રદ્ધામાં મોળા મેળે પડ્યા કરે. ૧૭

હેતુ સભાનતા જો હો જીવંત ચેતનાત્મક,
ઉત્તેજના નશાની તો પ્રેરે એકાગ્રતા હ્દે. ૧૮

પગમાં કેવું જીવંતું ને ધબકતું જોશ તે !
-શો અનુભવતો ત્યારે શ્રેયાર્થી નિજ જીવને ! ૧૯

કેવી પ્રત્યક્ષ જીવંતી શ્રદ્ધાની શક્તિ જીવને-
પરખાતાં શી પોતામાં **પ્રાણ** ધબકતા હશે ! ૨૦

શ્રદ્ધાને સેવતાં ભાવે શ્રદ્ધાની શક્તિ જીવને-
-વર્તતી, જોતરાઈને એકલક્ષ્યપણે ધપે. ૨૧

ભલભલા જ શત્રુને શ્રદ્ધાબળે જિતાય છે,
આત્મવિશ્વાસ શ્રદ્ધાનો નક્કર વજ્રથીયે છે. ૨૨

અનેક જાતના કેવા આગ્રહો જીવને રહ્યા,
પરિપક્વ થતાં શ્રદ્ધા કેવા ઓગળતા જતા ! ૨૩

● ● ●

## અધ્યાય-૪ : શહૂર શું ચઢાવશે !

(અનુષ્ટુપ)

શ્રદ્ધાનો જીવને રંગ જામતાં જામતાં દૃઢ,
શ્રદ્ધાનો પાશ જીવંત પ્રવર્તી થાય આરૂઢ. ૧

વર્તતાં વર્તતાં પંથે ધપતાં, દોડતાં પથે,
શ્રદ્ધાની શક્તિ પ્રત્યક્ષ અનન્ય તે થયા કરે,
શ્રદ્ધાની એવી શક્તિમાં પછી ઓટ ન ક્યાંય છે,
પાછું તો પડવાનું તે **આ** પછી ક્યાંય ના બને. ૨-૩

વિચારો લાગણી તીવ્ર વૃત્તિઓની અનંતતા-
-ચકરાવે ચઢાવે છે, શ્રેયાર્થીને શું પંથમાં !

કિંતુ ચેતેલી છે શ્રદ્ધા તેવા તે કાળ મર્દ શો-
-મર્દાનગીથી ખેલે છે સંગ્રામો ઝઝૂમી પૂરો. ૪-૫

જ્ઞાનપૂર્વક શ્રદ્ધાથી અર્પીએ હેતુ ભાવથી,
સાચું વાવેલું તે જાણો, 'નીકળે ઊગી મૂળથી !'
કેવું મહત્ત્વનું તે છે ઊગેલું તે ફળાવવા,
સૌ અર્પ્યાં કરી સંપૂર્ણ ખાલી થવાનું છે નર્યા. ૬-૭

શ્રદ્ધાનાં ભાવ ને શક્તિ વર્તાવ્યા વિણ ના ચૂકે,
પ્રમાદ છે ન શ્રદ્ધામાં મૂળગોયે જરા હૃદે,
નિત્ય નિત્ય નવા ભાવ નવી શક્તિ જ જીવને,
-પાંગર્યા કરતી જાય શ્રદ્ધાના નિત્ય સેવને. ૮-૯

પોતાને કરવાનું જે તેની જવાબદારીને-
-સ્વીકારીને પૂરેપૂરું, તેમાં **તે** ઝંપલાવીને-
-કરી યાહોમ કૂદીને ડૂબકી મારી અંતરે
-શ્રદ્ધાથી મેળવાયે તે અણમોલ અપાર છે ! ૧૦-૧૧

ટેકો જીવંત શ્રદ્ધાનો કદી ચાલ્યો ન જાય છે,
સાથ ને સાથમાં ઊભે શહૂર શું ચઢાવશે ! ૧૨

જ્યાં પરખાય છે શ્રદ્ધા આધારે પૂર્ણ વર્તતાં,
કેવું શહૂર વ્યાપેલું રોમરોમે જણાય ત્યાં. ૧૩

હો મડદાલ શા ત્યાંયે શ્રદ્ધા ઉગ્ર પ્રકારની,
થવા ફનાની તૈયારી શ્રદ્ધાથી ઊપજે નવી. ૧૪

આપેલાં બલિદાનો તે કદી વ્યર્થ ન થાય છે,
**તે** પરિણામ જોવાને તાકી તાકી ન બેસશે. ૧૫

બલિદાન પરિણામ લાવ્યા વિના નહિ રહે,
કિંતુ **તે** ઝંખના એવી દિલમાં નહિ રાખશે. ૧૬

સાહસ કેવું અદ્‌ભુત શ્રદ્ધા ઉગાડતી સદા !
શ્રદ્ધા કેવી નિરાળી છે જુદા જુદા પ્રદેશમાં ! ૧૭

શ્રદ્ધાને જે પિછાને છે શ્રદ્ધા અવતરે જહીં,
તેના પોબાર સૌ પાડી જિતાડે યુદ્ધ કારમાં. ૧૮

ત્યાર પછી પથે પૂર્ણ નિશ્ચિંત શું બનાય છે !
એકાકારપણું વ્યાપ્ત એકાગ્રે ત્યાં થવાય છે. ૧૯

● ● ●

## અધ્યાય-૫ : ગુણ ને ભાવ શ્રદ્ધાના

(અનુષ્ટુપ)

ગુણ ને ભાવ શ્રદ્ધાના વર્તને કરી જન્મતા,
પડે પ્રભાવ જેનાથી એથી છતી થતી તદા. ૧

જિજ્ઞાસુ દિલ શ્રેયાર્થી ધ્યેય કેંદ્રિત **જીવ** જે,
તેને તો **ગુણ** ને **ભાવ**, શ્રદ્ધાથી શું પ્રવર્તશે ! ૨

શ્રદ્ધામાં **પ્રાણ** જાગંતાં સ્ફૂર્તિ, ઉત્સાહ, ઉદ્યમ,
સાહસ, હામ ને શૌર્ય કેવા શા પ્રગટ્યા ગુણ ! ૩

શ્રદ્ધાથી નમ્રતા જન્મે, પાંગરે શૂન્યતા પછી,
અભાવાત્મક ના શૂન્ય ચેતનાનુભવે સ્થિતિ. ૪

બુદ્ધિમાં ભક્તિ, જિજ્ઞાસા, શુદ્ધિ, શુચિ, પવિત્રતા,
શ્રદ્ધામાંથી જ જન્મે છે પ્રેમ, ભાવ, વિનમ્રતા. ૫

સર્વ પ્રસંગમાં શ્રદ્ધા પૂર્ણ અભય જીવને,
હઠે કદીક જો પાછી, 'એને ત્યાં હેતુ હોય છે.' ૬

શ્રદ્ધાના ભાવથી કેવા ગુણો વિકસતા જતા !
જે પ્રકારનું હો કર્મ તેવા ગુણ પ્રવેશતા. ૭

શ્રદ્ધાથી ભાવના ઊગી તેમ વર્તાવવા હૃદે-
કેવી મથ્યા કરે છે તે ! ભાવનાનું પ્રમાણ તે. ૮

ભાવના ખાલી ખાલી ના, વર્તાવે તેવી રીતથી,
વર્તાવ્યા તે વિના ભાવ રહેતો નથી તે કદી. ૯

લાગણી ઊગી શ્રદ્ધાથી આવે તે જો ન વર્તને,
માનવી સાચી ના તેને, ઊભરો ખાલી દિલનો. ૧૦

શ્રદ્ધા તે જામતાં ભાવ કેવો ઊંડો ખીલ્યા કરે !
ભાવથી તાજગી જાગી પ્રફુલ્લિત થવાય છે. ૧૧

ઊગ્યો શ્રદ્ધાથી જે ભાવ કેવો ગાઢ હૃદે થતો-
-ઉગ્ર વૈરાગ્ય અભ્યાસે ! નિત્ય નિત્ય બઢ્યા જતો. ૧૨

ઊગતાં ભાવ શ્રદ્ધાથી રણકો વર્તને પડે,
તેવું અનુભવાતાં તો જાગ્યો તે ભાવ યોગ્ય છે. ૧૩

શ્રદ્ધાનો ભાવ તે માત્ર શો ફળ પ્રગટાવવા !
શ્રદ્ધા ચેતેલી તો ભાવ શી પ્રગટાવતી સદા. ૧૪

શ્રદ્ધાથી ઊપજ્યો ભાવ મુકાતાં વર્તને જતાં,
ભાવનું તે પરિણામ પ્રત્યક્ષ પ્રગટે તદા. ૧૫

ભાવનું વિશ્વ નોખું છે, ભાવ જીવન વર્તને
-ઑર પ્રેરાવતું ઉષ્મા, શ્રદ્ધા ઉષ્માથી શી ઝગે ! ૧૬

શ્રદ્ધાને સેવતાં યોગ્ય, ભાવ, સંસ્કાર, જીવને,
કર્મણ્યતા શી ફોરાય શ્રેયના પંથ વર્તને ! ૧૭

ઊડવા પાંખ શ્રદ્ધાની જાગેલો ભાવ જીવને,
-અત્યંત શો અનિવાર્ય વિકાસ તે થવા મથે,
શ્રદ્ધાના મંથને ઊંડું મનન ચિંત્વને થતું,
તેમાંથી ઊગતું કેવું વિકાસનું નવું નવું ! ૧૮-૧૯

ક્રિયાશીલ થતાં શ્રદ્ધા, શ્રદ્ધા વર્તન ઊતરી-
-જીવને ભાવ જન્માવી, ભાવે કામ કીધા કરે. ૨૦

શ્રદ્ધાથી કેટલા ગુણોભાવ જીવનમાં બઢે,
ગુણભાવથી તે યોગ્ય પાત્રતા તો ઘડાય છે. ૨૧

તે કૌવત શું શ્રદ્ધાનું ! શ્રદ્ધાતણી ખુમારી શી !
નમ્રતા શૂન્યથી શૂન્ય શ્રદ્ધાની ભેટ ભવ્ય શી ! ૨૨

• • •

## અધ્યાય-૬ : શ્રદ્ધાના ભાવથી જાગે

(અનુષ્ટુપ)

ઊગ્યા કરે જ શ્રદ્ધાથી તટસ્થતાય જીવને
ને પ્રવર્તતી સક્રિય કર્મના વ્યવહાર પે. ૧

તટસ્થતા શી સંપૂર્ણ શ્રદ્ધાની હોય વર્તને !
ને જેમાં તે પડે તેમાં વર્તે તાટસ્થ્ય ધારીને. ૨

શ્રદ્ધાનું કેવું સાક્ષિત્વ જેમાં તેમાં બધાં વિશે-
-કોઈ પ્રસંગમાયે તે ઘવાતું નથી સ્હેજેયે. ૩

શ્રદ્ધાના રસથી પૂર્ણ એકાકારપણે હ્રદે
-એકધારું જ મંડાયા રહેવાયા જવાતું જે. ૪

શ્રદ્ધાના ભાવથી જાગે વૈરાગ્ય તીવ્ર દિલમાં,
તે પછીથી જ અભ્યાસે ટકે **પ્રાણ** ખરેખરા. ૫

અભ્યાસ ઘટતો યોગ્ય જીવનના વિકાસનો-
-ઉગ્ર પ્રગટતાં, તેવા વર્તને ભાવ જાગતો. ૬

શ્રદ્ધાના ભાવથી કેવી ભાવ-ઉષ્મા ચગ્યા કરે,
નૂતન સર્જવાકેરી તેમાંથી શક્તિ ઊપજે,
અંતર્મુખ છુપાયેલી શ્રદ્ધાની શક્તિ જીવને,
લેવાતાં ઉપયોગે તે થાય પ્રત્યક્ષ વર્તને. ૭-૮

શ્રદ્ધાની મૂળગી ગૂઢ, નિરાળી, આગવી રીત !
'શાં પરિણામ જન્માવે !' તેની તો ના પડે ગમ.
સમજણ પડેલી જે તેવી તે ધારણા વડે,
-તેવું અંકાવું, ના યોગ્ય, અગમ્ય ગતિ **તેની** છે. ૯-૧૦

હો ભારેમાંય છો ભારે, મહાનમાં મહાન છો,
એવાંયે કર્મ શ્રદ્ધાથી શાં ઉતારાય પાર સૌ ! ૧૧

શ્રદ્ધા ઝગમગે કેવી જાગતાં ભાવ જીવને !
ઊંડી એકાગ્રતા હૈયે કેંદ્રિત શી થયા જતે ! ૧૨

એકાગ્રતા શી શ્રદ્ધાથી ઊપજે જે હૃદે ખરી,
કર્મે પરોવવાકેરી કળા જન્માવવી રહી. ૧૩

કર્મે એકાગ્રતાને જે તે અવતારતાં શીખે,
તેનો સફળ જન્મારો આ જન્મે શો થતો ખરો ! ૧૪

શ્રદ્ધાથી કર્મમાં કેવાં ઉત્સાહ પ્રેરણા હૃદે,
ઉદ્યમ, ખંત, શો ત્યાગ પરમાર્થાદિનો વધે ! ૧૫

શ્રેયાર્થીના પથે ત્યારે સહજ પુરુષાર્થ છે,
પડે ના કરવો એને, એ તો થયા જ જાય છે. ૧૬

● ● ●

## અધ્યાય-૭ : શ્રદ્ધાથી પ્રાણની શક્તિ

(અનુષ્ટુપ)

કેટલી કેટલી શક્તિ શ્રદ્ધા જ્યાં જીવતી થતાં !
કેટલી શી પ્રવર્તે છે જીવને ! કોણ જાણતાં ? ૧

શ્રદ્ધાથી **પ્રાણ**ની શક્તિ તેજ જ્વલંત શી જલે !
શ્રદ્ધા ના ઓલવાયે છે વર્તને તેજ થાય છે,
જામતાં તીવ્ર વૈરાગ્ય શ્રદ્ધાની શક્તિ ભવ્ય છે,
શ્રદ્ધા ત્યાં માત્ર ના શ્રદ્ધા ત્યાં **તે** આત્મપ્રભાવ છે. ૨-૩

જે શ્રદ્ધાની પ્રમાણે સૌ વર્તવાનું કર્યા કરે,
તેને આચરવામાં શી **પ્રાણ**શક્તિ ઝર્યા કરે !
ચઢઊતર શ્રદ્ધાની છતાં **एनी** થયા કરે,
તોય શ્રદ્ધા જીવે નિત્યે મર્દાનગીથી જીવને. ૪-૫

શ્રદ્ધા ના આપખુદી છે, શ્રદ્ધા શી સ્વાવલંબી છે !
દીર્ઘાયુષી જ શ્રદ્ધા છે, શ્રદ્ધા તે ના પ્રપંચી છે.
શ્રદ્ધાનો આત્મવિશ્વાસ પૂરો પેટભરેલ છે,
શ્રદ્ધાનો આત્મસંતોષ જીવને તે સતેજ છે. ૬-૭

તત્પરતા શી શ્રદ્ધાની ! ને તાલાવેલી ઉત્કટે,
થંભી, થોભી જવાનું તે શ્રદ્ધાને પાલવે ન છે,
**તે** સ્વસ્થતા શી પાછી ગુમાવી ના શકે પથે,
ધરાવી તેવી ને તેવી શાતા, શ્રદ્ધા શું કામ લે ! ૮-૯

ત્વરા, ત્વરા જ શી માત્ર શ્રદ્ધાને વર્તવાપણે
-થોભવાનું થતાં કૈંક ત્યાં જાણે પ્રાણ જાય છે,
વર્તણૂક તદા એવી શ્રદ્ધાની પંથ થાય છે,
તટસ્થતા શી તે વેળા **એની** ના ઝંખવાય છે. ૧૦-૧૧

હાલી જવાય છો એવી ભયંકર દશા વિશે,
તે અણનમ માથાને રાખે ટટાર મક્કમે.
શ્રદ્ધાવાળો જ તેથી તો જવાતાં ડૂબી કૈંકમાં-
-ડૂબતાં ડૂબતાં તેવો રહેતો તે જીવતો સદા. ૧૨-૧૩

શ્રદ્ધાનું નર્યું સંપૂર્ણ જે મૂલ્યાંકન સાચું તે,
અનુભવે સ્ફુરાતાં તે પામે શું શક્તિરૂપ તે !
વારાફેરી પથે એવા પલટા શા અનેકયે,
જીવને ઊગતા, તેને પારખે, ધન્ય થાય છે. ૧૪-૧૫

એમ એમ શી શ્રદ્ધા તે એક એક પ્રદેશથી
-ઉચ્ચ ઉચ્ચ ભૂમિકામાં શ્રદ્ધા કેવી પ્રવેશતી !

શ્રદ્ધાના સેવને કેવા અનુભવ પ્રદેશમાં
-પ્રવેશાવાનું તે થાય ! શ્રદ્ધાના છે પ્રતાપ શા ! ૧૬-૧૭

વર્તન આચરાવાથી શ્રદ્ધાનો ભાવ જીવને,
એકાગ્રતા અલૌકિક જન્માવ્યા કરતો હૃદે,
ભક્તિ શી પાંગરાવે છે ! જીવને શી સમગ્રતા !
જ્ઞાનમૂલક ભક્તિનો ઊગે કર્મ સ્વભાવ ત્યાં. ૧૮-૧૯

જોયા તે કરવાનું સૌ શ્રદ્ધા તાટસ્થ્ય ભાવથી,
કૃપાલીલા પ્રભુની શી તેમાં નિહાળવી રહી !
જેમાં તેમાંથી તે ભાવ જીવંત શો બઢ્યા કરે !
તેમ થવા જવું યોગ્ય શ્રદ્ધાના ભાવ કારણે. ૨૦-૨૧

મુકાતાં વર્તને ભાવ શ્રદ્ધાનો જીવને તદા,
મુક્તિ સંગ્રામમાં કેવા પૂર્ણ હોમાઈ ત્યાં જવા,
હર્ષ ઉમળકો ધોધ જેવો ઊછળતો તહાં,
શો શુદ્ધ, મુક્ત શ્રેયાર્થી એવા યજ્ઞે કરે થયા ! ૨૨-૨૩

શ્રદ્ધાનો ચેતનાભાવ કેવી અનન્ય શક્તિ ને-
-જીવને ઉદ્‌ભવાવીને અવતારે શી વર્તને !
ત્યારે વર્તનમાં **એનો** શો પ્રભાવ પ્રતાપ છે !
ઓળંગવા શી મર્યાદા **તે** ક્રિયાશીલ હોય છે ! ૨૪-૨૫

શ્રદ્ધાને જાણવાથી તે શ્રદ્ધાને માનવાથી તે,
જીવને વર્તને તેને શું અનુભવવાથી જે,
ભાવ, ગુણ અને શક્તિ શાં સાંપડે જ જીવને !
વર્તને તે પરિણામી જન્માવે ફેરફારને. ૨૬-૨૭

શ્રદ્ધાથી ઊગતો ભાવ, વર્તને અવતારતાં
-ભાવ તે શક્તિના રૂપે ફેરવાતો જ છે તદા,
શ્રદ્ધાની તેવી જે ભાવશક્તિ કામે લગાડતાં,
જીવનમાં ફળાવે છે તે પરિણામ ભવ્ય શાં ! ૨૮-૨૯

• • •

## અધ્યાય-૮ : શ્રદ્ધાથી જ્ઞાન આરંભ

(અનુષ્ટુપ)

શ્રદ્ધાને સેવતાં યોગ્ય બુદ્ધિ, ચાતુર્ય દૃષ્ટિયે-
-સંનિષ્ઠા, ધૈર્ય, ને ભાવ શાં ધ્યેય કામમાં ખપે ! ૧

આશ્રય દિલ શ્રદ્ધાનો જેને પૂર્ણ જીવંત છે,
તેવાનો આત્મસંતોષ વર્તાતો નિજ વર્તને.
પૂર્ણ સંતુષ્ટ હોવાથી એને શાંતિ અપાર છે,
રાગદ્વેષાદિથી મુક્ત એવો શો નિત્ય હોય છે ! ૨-૩

પૂરી શી જાણકારીથી જવાબદારીપૂર્વક !
શ્રદ્ધા જીવનને કેવું સ્વીકારે ભાવપ્રેરક ! ૪

શ્રદ્ધાના સેવને યોગ્ય સ્ફુરે નિર્મળતા નરી,
સેવાતાં યોગ્ય શ્રદ્ધાને અજ્ઞાન શું જતું ખરી !
શ્રદ્ધાથી જ્ઞાનઆરંભ, પામો શ્રદ્ધાથી જ્ઞાનશ્રી,
શ્રદ્ધાની શક્તિ નિષ્ઠામાં પરિણમતી આપથી. ૫-૬

સેવતાં સેવતાં શ્રદ્ધા નિષ્ઠા જીવનમાં થતાં,
જીવને પાંગરે છે શી પૂર્ણતા ને પવિત્રતા !
એવા માનવીનાં કર્મ સ્વાભાવિક જ લાગતાં,
નિષ્ઠાની શી ગતિ એવી પ્રવાહ જેમ સર્વદા. ૭-૮

શ્રદ્ધાના સેવને પૂર્ણ પ્રસ્થાપિત થયેલ છે,
શ્રદ્ધાની જીવને સ્થિતિ નિષ્ઠાશક્તિથી પાંગરે,
કામક્રોધાદિથી મુક્ત રાગદ્વેષ ન **एहने**,
ધ્યેયના લક્ષમાં મગ્ન ભોગવે શક્તિ અંતરે. ૯-૧૦

'પાલવ પકડેલો છે શ્રદ્ધાએ જીવને પથે',
તેની નિશ્ચિતતા કેવી ! અસર વજ્ર જેવી તે. ૧૧

શાંતિ, પ્રસન્નતા, શાતા, ભાવઆનંદ, સ્વસ્થતા,
શ્રદ્ધાને કેળવાવાથી હૃદે ઊગ્યા કરે સદા. ૧૨

સ્ફૂર્તિ, જોશ અને જોમ શાંતિ, પ્રસન્નતા હૃદે,
શાતા, આનંદ, શ્રદ્ધાથી મેળે પ્રગટવા ઘટે.
શ્રદ્ધા તો લક્ષણે તેવી વર્તને પરખાય છે,
**एने** એ જ રીતે નાણી લેવી ઘટે શી જીવને ! ૧૩-૧૪

● ● ●

## અધ્યાય-૯ : શ્રદ્ધાના જ્ઞાનનું ભાન

(અનુષ્ટુપ)

શ્રદ્ધાના જ્ઞાનનું ભાન જીવને જ્યાં થઈ જતું,
આવતાં તે કળા હાથ કામ પાકું પછી થતું. ૧

જીવંત પ્રગટેલી છે જે શ્રદ્ધા તેથી જીવને,
તટસ્થતા જ આરંભે પાકતાં તે, સમત્વ છે. ૨

શ્રદ્ધાના જ્ઞાનનું ભાન વર્તતું વર્તને તદા,
પુરુષાર્થે બઢે જ્ઞાન આત્મની શક્તિનું તહાં.
તટસ્થતા શી સક્રિય તેથી ઊગતી જીવને !
સમત્વ જાગતું રહે છે તેમાંથી કેવું વર્તને ! ૩-૪

પારમિતા શી શ્રદ્ધા છે ! શ્રદ્ધા શી જ્ઞાનવર્ધિની !
શ્રદ્ધા તો પોષતી કેવું શ્રદ્ધાને જે વરે ચહી. ૫

જીવને દિલથી શ્રદ્ધાવાળાને જ્ઞાન થાય છે,
શ્રદ્ધા ને જ્ઞાનનો એવો સંબંધ શો પરસ્પરે ! ૬

મહત્ત્વે મોખરે શ્રદ્ધા ઝગ્યા જીવનમાં કરે,
જ્ઞાનના પડઘા ત્યારે માલૂમ દિલમાં પડે,
શ્રદ્ધાવાળો જ પામે છે ચેતનાજ્ઞાન જીવને,
જે કથાયેલું એવું તે જાગે પ્રત્યક્ષ જીવને. ૭-૮

શ્રદ્ધામાં જ્ઞાન વર્તતું શ્રદ્ધાના વિષયે છતું,
એવી સક્રિય શ્રદ્ધા જે પમાડે શ્રેય પંથનું. ૯

એક એક પ્રદેશો શા જ્ઞાનના પંથના નવા,
શ્રદ્ધાથી તે પમાતા છે કેવા આશ્વાસને ભર્યા ! ૧૦

શ્રદ્ધાની ભાવની શક્તિ ભક્તિ જાગ્યાથી ઊપજે,
ભક્તિ તેથી અનિવાર્ય જ્ઞાનસંપાદને હૃદે. ૧૧

શ્રદ્ધાથી તેવું તે જ્ઞાન મળે છે જે અનુભવે,
કેવો પ્રભાવ શ્રદ્ધાનો અણુએ અણુના વિશે ! ૧૨

શ્રદ્ધાથી ઊપજે **ભાવ**, શ્રદ્ધાથી જ્ઞાન શું મળે !
શ્રદ્ધાથી ઉદ્‌ભવે શક્તિ શ્રદ્ધા છે **એક** ત્રિપદે. ૧૩

મીઠાની પૂતળી કેવી સમુદ્રે ગળી જાય છે !
શૂન્ય પોતે બને, તેવું જ્ઞાનના તે અનુભવે. ૧૪

ઊતરતાં પ્રભાવે ત્યાં શ્રદ્ધાને ઓળખાય છે,
શ્રદ્ધાની શક્તિ પ્રિછાતાં સાનભાન બઢ્યા કરે. ૧૫

ઊપજે જ્ઞાન શ્રદ્ધાથી, શ્રદ્ધાથી ભક્તિ નીપજે,
કર્મયે થાય શ્રદ્ધાથી, શ્રદ્ધા ‘પ્રયાગ’ જાણજે. ૧૬

ભાવ, કર્મ વળી જ્ઞાનતણો સુમેળ જીવને
-જેને ના પ્રગટેલો છે તેનું જાણવું કાચું તે. ૧૭

શ્રદ્ધાનો ભાવ જીવંતો કર્મે પ્રેર્યા વિના ન ર્‌હે,
કર્મ તેવું અનિવાર્ય જ્ઞાન કાજે ખરેખર. ૧૮

શ્રદ્ધાભાવે થતાં કર્મે જ્ઞાન ઊપજતું જતું
-જો ના તે પરખાયે છે, મોળું તે તે પ્રમાણવું. ૧૯

ઊપજે જ્ઞાન શ્રદ્ધાથી, શ્રદ્ધાથી જ્ઞાન તો મળે,
વિના શ્રદ્ધા ન પામે કો જ્ઞાનને જીવને પથે. ૨૦

શ્રદ્ધા તે સર્વનું જ્ઞાન પ્રેરાવે જીવને પથે,
કાળ ટૂંકાવી નાખે છે શ્રદ્ધા જ્યાં જીવતી થશે. ૨૧

સેવે જે અંતરે ભાવે શ્રદ્ધાને જ્ઞાનપૂર્વક,
શ્રદ્ધા તેને પિવાડે છે અમીનાં ઝરણાં હૃદે. ૨૨

પરિપક્વ થતાં શ્રદ્ધા નિષ્ઠામાં પરિણામતાં,
વિલીન થાય શાં આસ્તે હિંસા ને અસહિષ્ણુતા. ૨૩

• • •

# અધ્યાય-૧૦ : જીવન ન્યાલ થાય તે

(અનુષ્ટુપ)

ચોંટવા, ભેટવાકેરું શ્રદ્ધાનું દિવ્ય લક્ષણ,
તેમ તેમ કરી શ્રદ્ધા પમાડે દિવ્ય જીવન. ૧

શ્રદ્ધાથી બદલાયે છે રૂપ કેવાં નવાં નવાં !
એ ચમત્કાર કેવો તે આવે કો'કની જાણમાં ! ૨

શ્રદ્ધા રળિયામણી ચંદા કેવી શીતળકારી તે !
હૃદયે પૂર્ણ સંતોષ કેવો **एना**થી થાય છે ! ૩

કેવી નૂતનતા બક્ષે શ્રદ્ધા જીવનમાં પથે !
વધો છો આગળે જેમ નાવીન્ય શું ફળ્યા કરે ! ૪

શ્રદ્ધા ચઢાવતી તેવું કોઈ ચઢાવી ના શકે,
થતાં દર્શન શ્રદ્ધાનું, જીવન ન્યાલ થાય તે. ૫

પ્રકાશ પ્રસરાવે છે શ્રદ્ધા જીવનમાં બધે,
શ્રદ્ધા શી ઊતરાવે છે અંધારું છો ભલે હશે ! ૬

વર્તાવી એકલું માત્ર શ્રદ્ધા કદી ન બેસી ર્‌હે,
આનંદ મ્‌હાલવાકેરો જીવને શો રસાવશે ! ૭

ચખાડે શો રસાસ્વાદ ! અણુએ અણુ ઊતરે,
શા દિવ્ય રસની શક્તિ ત્યાં પસારો કર્યા કરે ! ૮

ચેતનાનિષ્ઠ શ્રદ્ધાની પ્રતિભા શી પ્રકાશી ર્‌હે !
કેવા **ते** અજવાળે છે ખૂણેખૂણાય જીવને ! ૯

હળવા હળવા પુષ્પ જેમ, જીવન લાગતું,
ઉડાતું ત્યાં જવાયે છે આકાશ આગળે નર્યું ! ૧૦

શ્રદ્ધા શું પાંગરાવે છે ઉત્તમ દિવ્ય સર્જન !
નિમ્નમાં નિમ્ન, શ્રદ્ધાથી કેવું તે થાય ઉન્નત ! ૧૧

પ્રભાવ દિવ્ય શક્તિનો કેવો પ્રતાપ પાંગરે !
પાંગરી પાંગરી ઊંડે ને ઊંડે શો જતો જશે ! ૧૨

ચેતનાત્મક જીવંતું શ્રદ્ધાથી જ્ઞાનપૂર્વક-
-ભક્તિથી થતું કેવું તે ઓજસે ભર્યું જીવને ! ૧૩

આવિર્ભાવ થતો પ્રેમ શ્રદ્ધાના ભાવથી હૃદે,
નવાં દૃશ્ય, નવા જન્મ શ્રદ્ધાથી દિલ સાંપડે. ૧૪

ખાલી ના જાય છે કૉલ શ્રદ્ધામાતાતણો કદી,
શ્રદ્ધામાતા થતાં ખુશ ન્યાલ તે કેવી દે કરી ! ૧૫

• • •

હરિ:ૐ

# ખંડ-૧૦ : પ્રાપ્તિ*

## અધ્યાય-૧ : શ્રદ્ધા શી શક્તિશાળી છે !

(અનુષ્ટુપ)

ઊંઘતાં છો ભલે હોને શ્રદ્ધા છતાંય જીવને,
-જગાડ્યા તે વિના ના રહે, શ્રદ્ધા શી શક્તિશાળી છે ! ૧

શક્તિ શ્રદ્ધાની છે માત્ર જીવન પલટાવવા,
જિજ્ઞાસા અગ્નિના જેવી તેને શ્રદ્ધા વરે તદા. ૨

પ્રચંડ શક્તિ શ્રદ્ધાની અનોખી ને અજોડ છે,
જ્વલંત જલતી એને રાખવા નિત્ય જીવને,
જ્ઞાનપૂર્વક હેતુની જાગૃતિ ધારી ધારીને,
જીવનકેરી આહુતિ સતત હોમવી પડે. ૩-૪

'જીવને હાથ ઝાલીને દોરી જનાર કો'ક છે',
ભાન પ્રત્યક્ષ જીવંતું, કામ શક્તિનું તે કરે. ૫

શ્રદ્ધાની શક્તિ જીવંતી હેતુથી વપરાય તે,
હેતુની ધારણા શ્રદ્ધા કર્મે પરોવવા ચહે. ૬

શ્રદ્ધા જીવનનું ભાથું કેવું બંધાવી આપતી !
થતા શ્રદ્ધાથી યત્નોમાં શક્તિ સંચારવા ઘણી ! ૭

પ્રત્યેક ડગલાનો જે ભરાયાનો વિકાસનો
શ્રદ્ધાનો શો ઈતિહાસ જીવન સર્જવાતણો !

* શક્તિ

ભરાતાં ડગલું એક મુક્તિતણી દિશા ગમી
-વિકાસ શો થતો જાય ! બઢે વિકાસ શક્તિ શી ! ૮-૯

સંકોરવું પડે તેવું શ્રદ્ધા તે જાણતી બધું,
કળા સંકેલવાની છે, વાંકાનેય કરે સીધું. ૧૦

જવાતાં પડી ખાડામાં શ્રદ્ધા ના લંગડાય છે,
પ્હોંચવા પ્હાડની ટોચે **એની** હિંમત ઑર છે ! ૧૧

આંચકા કદી શ્રદ્ધાને લાગતા દીસતા પથે,
તે આંચકાથી શ્રદ્ધા શી જરા ના ડગતી પથે ! ૧૨

પ્રેરાવનારી શક્તિ જે શ્રદ્ધા પોતે જ છે સદા,
જિજ્ઞાસા હડસેલે છે, જ્યારે શ્રદ્ધા શી સૂક્ષ્મ છે ! ૧૩

આધ્યાત્મિક ભૂમિકામાં બી મુકાવાની પ્રક્રિયા
-શ્રદ્ધાની ભાવનાથી તે શી સજીવન થાય ત્યાં ! ૧૪

શ્રદ્ધાથી ભૂમિકા થાય શાંત, સ્વસ્થ, પ્રસન્ન તે,
બીને ઊગવા જેથી સૌ સરળતા શી થાય છે ! ૧૫

ફળાવાને બી શ્રદ્ધા તો ઉત્તામોત્તામ જીવને,
વિદ્યા તે કેળવાવામાં ઊર્ધ્વ શ્રદ્ધા શી યોગ્ય તે ! ૧૬

ભારે શૂરાતને શ્રદ્ધા જ્યારે ચઢેલી હોય છે,
એની મર્દાનગી ત્યારે વેગળું માથું મૂકીને,
ગમે તેવાં બલિદાનો દેવા તત્પર હોય છે,
ઝઝૂમવા ઝૂઝવા શૌર્ય ત્યારે શું ભભૂક્યા કરે ! ૧૭-૧૮

બીને ફળાવવા કેવી શ્રદ્ધાની યોગ્ય ભૂમિકા,
બીને પકાવવાનાયે કાર્યમાં કેવી તત્પરા !
શ્રદ્ધા કેવી દૃઢાવે છે નિર્ણય નિશ્ચયો વળી !
પ્રેરે મક્કમતા શ્રદ્ધા જીવને પ્હાડના સમી. ૧૯-૨૦

શ્રેયાર્થીની પરે શ્રદ્ધા જાદુઅસર જીવને-
-પ્રસરાવી જ પોતાનો શક્તિપ્રસાર શો કરે ! ૨૧

● ● ●

## અધ્યાય-૨ : શ્રદ્ધાની શક્તિ કેવી તે !

(અનુષ્ટુપ)

જેમાં જેમાં હશો તેમાં શ્રદ્ધા ત્યાં ત્યાં જ નિત્ય છે,
કદી સંગાથ ના છોડે, શ્રદ્ધા નિત્યની લાગી છે. ૧

જે તે બધું જીવે, તેનાં મૂળમાં એકમાત્ર **તે**
-મહત્ત્વે કરીને શ્રદ્ધા, શ્રદ્ધા સાક્ષાત શક્તિ છે. ૨

ધ્યેયની લગનીમાં જ્યાં આતુરતા શી પ્રજ્વલે !
પ્રેરાવ્યા **તે** વિના કર્મે શેં રહે ? કેવી શક્તિ છે ! ૩

શ્રદ્ધા ચાલ્યા કરે ખૂબ છતાં થાક ન **एह**ને,
પ્રયત્ન કરવામાં તે પાછી પાની કરે ન છે. ૪

શ્રદ્ધાની શક્તિ કેવી તે ચેતેલી અગ્નિ પેઠ છે,
હૃદે ત્યારે ત્વરા દ્વારા વ્યક્ત કેવી થતી રહે ! ૫

શ્રદ્ધા જાગેલી ચેતેલી યોગ્ય જે કરવાનું હો,
કરાવ્યા તે વિના જંપે ના કદી એવી શક્તિ છે. ૬

વધતાં વધતાં શ્રદ્ધા, શક્તિનીયે પરંપરા
-જુદી જુદી ભૂમિકામાં શક્તિકક્ષા પરંપરા. ૭

ઉપાસના શી શ્રદ્ધાની જીવનઅંતરે વહે !
એને કોણ શકે જાણી ! શ્રદ્ધાનો ભક્ત જાણશે. ૮

નકારાત્મક શ્રદ્ધા ના, ચમત્કારિક કેવી છે !
ચેતનાત્મક જીવંતી શક્તિપ્રેરક જીવને. ૯

સુષુપ્ત શક્તિ શ્રદ્ધામાં કામે લગાડવાથી તે
-વ્યક્ત પોતે થતી શક્તિ, શ્રદ્ધા વિના ન શક્તિ છે. ૧૦

શ્રદ્ધાને નબળાઈઓ કરવા દૂર હામ છે,
થવાને મુક્ત તે સૌથી તાલાવેલી શી **एह**ને ! ૧૧

કંઈક પેંતરા શા શા જીવને મળતા રહે !
જવા સોંસરવું પાર શ્રદ્ધા શી યોગ્ય શક્તિ છે ! ૧૨

જે કરે કર્મ શ્રદ્ધા તે શુદ્ધ, નક્કર જીવને,
કેવું ચઢાવનારું છે ! પાછું **તે** ના પડાવશે. ૧૩

વર્તતાં વર્તતાં શ્રદ્ધા જીવતાં જીવતાં પથે,
વધે તે કેવી શક્તિમાં, શો ચમત્કાર ગૂઢ તે ! ૧૪

પંથમાં ચીટકી કોઈ રખાવનારું હોય જે,
શ્રદ્ધા તો એકલી માત્ર તે કાજે શી સમર્થ છે ! ૧૫

લાગ્યે પ્રચંડ આઘાત જડસુ બની જવાય છે.
શ્રદ્ધા ત્યાં કિંતુ શી યોગ્ય પાછું જગાડવા હૃદે ! ૧૬

મર્યા જેવા થયેલા હો, કેમે બેઠું થવાય ના,
છતાં શ્રદ્ધા કરાવે છે બેઠા શક્તિ પમાડવા. ૧૭

પૂરા ચળી ગયેલા હો, વળવા પાછું લક્ષ ના,
ત્યાંયે શ્રદ્ધા મથાવે છે પંથે પાછું વળાવવા. ૧૮

પૂરા બળ્યા જળ્યા હો છો, હતાશા વ્યાપી પૂર્ણ છે,
ત્યાંયે શ્રદ્ધા કરી બેઠા નવા **પ્રાણ** સ્ફુરાવશે. ૧૯

શો ગુણધર્મ શ્રદ્ધાનો ધ્યેયે દિલ જગાડવા !
બેઠા કરાવી પ્રેરાવે કમ્મરને કસાવવા. ૨૦

જવાયે ના મર્યા વિના પૂરું, આનંદના પથે,
સંસારી જીવવામાંથી શ્રદ્ધા **પ્રાણ** ઉરાડી દે. ૨૧

'જીવવું મરવું' એવી શી ઘટમાળ જીવને !
શૃંખલા એવીમાંથી તે શ્રદ્ધા છોડવવા મથે. ૨૨

ઘણી વેળા પડાયે છો, શ્રદ્ધા ઉઠાડવા મથે,
શ્રદ્ધા જાગેલ છે તેને રસ શો મથવા વિશે ! ૨૩

પડું હેઠો, વળી પાછો થઈ બેઠો, ચઢું ઊંચે,
લક્ષ્યમાં ધારવા **પ્રાણ** શ્રદ્ધા મથાવતી હૃદે. ૨૪

ચળાઈ શું જવાયે છે કેટલી વાર ધ્યેયથી !
ત્યાં શ્રદ્ધા એકલી માત્ર લાવવા પાછું, યોગ્ય શી ! ૨૫

ચળાઈ ક્યાંયનો ક્યાં હું વિપથે ચઢી જાઉં છું,
પાછો વળાવતી શ્રદ્ધા ત્યાંથી કેવો મનાવી શું ! ૨૬

ચળાવી દે પ્રસંગો શા એવા જીવનમાં મળે !
પ્રેરાવી દૃઢતા ત્યાંયે શ્રદ્ધા ટેક રખાવશે. ૨૭

જબરજસ્ત શ્રદ્ધાની પાંખ આકાશ ઊડવા,
**एनुं** નિશાન ઊંચે ને ઊંચે ફરકતું સદા. ૨૪

**एकने एकमां** રહેવા શ્રદ્ધાને ગમતું હૃદે,
**एकथी** ફળવા **एक** શ્રદ્ધા રળાવતી પથે. ૨૯

ચળાવવા અસુરો તે પેંતરા શા ચલાવતા !
શ્રદ્ધા ચેતેલી જે તોયે હારે, તોય મથે સદા. ૩૦

શી અમર્યાદ શક્તિ છે શ્રદ્ધાની મથવાતણી !
હારે હિંમત તેથી ના ગમે તેમ થતાં વળી. ૩૧

એકલું અટૂલું એવું શ્રદ્ધાને લાગતું નથી,
સામર્થ્ય પાર વિનાનું શ્રદ્ધાને લાગતું સહી. ૩૨

શ્રદ્ધા સ્વરૂપમાં શી રહે લચીલી ને મુલાયમ !
શ્રદ્ધા તેવી વિકાસે શી કામ લાગ્યા કરે પથ ! ૩૩

તમારામાં હશે જેવા દમ શ્રદ્ધા શી તેવી છે !
નિર્ધાર મરણિયો જો, શ્રદ્ધા તેજસ્વી આપ છે. ૩૪

દર્શાવવાની લાચારી શ્રદ્ધા જાણે કદી નહીં,
શ્રદ્ધા નામર્દ ના થાય મૃત્યુની આગળે વળી. ૩૫

શ્રદ્ધા જાગેલીમાંથી શી શક્તિ જીવંત જાગતી,
ચેતનવંતી તે શક્તિ વર્તને પરખાય શી ! ૩૬

ખરેખરી અણી વેળા શ્રદ્ધા હિંમતથી ભરે-
-ડગ મર્દાનગીથી શાં ખચકાયા વિના પથે ! ૩૭

શ્રદ્ધા છે ખાલી ખાલી ના નક્કર વાસ્તવિક તે,
લક્ષ્મીની પેઠ શ્રદ્ધા શી ઉપયોગે જ આવશે ! ૩૮

શ્રદ્ધા શાં ડગલાં પોતે ભરે નિશ્ચયપૂર્વક !
મરણાંતેય પાછી ના ફરે ધારેલ ધ્યેયથી. ૩૯

ચેતનાત્મક શ્રદ્ધામાં છે સંવેદનશીલતા,
જીવને કેવી સમૃદ્ધિ શ્રદ્ધા જન્માવતી સદા ! ૪૦

શકે છે બદલી પોતે શ્રદ્ધા તો પરિસ્થિતિને,
શ્રદ્ધાના જેવી તો દિવ્ય આંખ છે નવ કોઈને. ૪૧

સંકળાયેલું છે હિત શ્રદ્ધા જે સાથ જીવને,
તેમ ત્યાં તે પ્રવર્તે છે તેવે પ્રસંગ વર્તને. ૪૨

મક્કમ દૃઢ સંકલ્પ શ્રદ્ધાનો શો જીવંત છે !
ઉતાર્યા પાર વિના જ કેમેયે તે ન મૂકી દે. ૪૩

કૂદી તો પડવામાં તે સાહસ, હામ, ધૈર્ય શાં-
-શ્રદ્ધાને પાર વિનાનાં, જેનો તાગ પમાય ના. ૪૪

ઉત્સાહભેર, ખંતે જે ઉદ્યમે શી ખપી જતાં-
-શ્રદ્ધાને આવડે યોગ્ય, શ્રદ્ધાની કેવી છે કળા ! ૪૫

દોદળોય ગમે તેવો ભલેને હોય જીવને,
શો તેવાનેય શ્રદ્ધા તો બનાવી દે ટટાર તે ! ૪૬

હો ડફોળ પૂરેપૂરો છોને જીવનમાં ભલે,
સેવાતાં સેવતાં શ્રદ્ધા તે હોશિયાર શો બને ! ૪૭

**મા** શ્રદ્ધામાં છુપાયેલાં શારદા, લક્ષ્મી, કાળિકા,
શ્રદ્ધા નિષ્ઠા થતાં, **મા** તે મેળે પોતે છતાં થતાં. ૪૮

શ્રદ્ધામાંથી શી જાગે છે, હમદર્દી ક્રિયાશીલ !
જગાડી **તે** ઉઠાડી શા કરાવે ધ્યેયમાં રત ! ૪૯

ભીંજવનારી છે શ્રદ્ધા અંતરને પૂરેપૂરી,
ભાવ તે પ્રગટાવીને ફેલાવે રસ મૂળથી. ૫૦

શ્રદ્ધાથી જીવને કેવી કાર્ય તત્પરતા સ્ફુરે !
શા મશગૂલ તો શ્રદ્ધા ધ્યેયકર્મે પરોવી દે ! ૫૧

કેવી નક્કર તાકાત ! જીવને કેવી સ્વસ્થતા !
શ્રદ્ધા પાંગરતાં ઊંડું જીવને ઊતરાય ત્યાં. ૫૨

લીધેલાં કર્મને યોગ્ય પૂર્ણ પાર ઉતારવા,
એકધારું વિના થાક્યા શ્રદ્ધા મથાવતી સદા. ૫૩

જેણે સેવેલ છે શ્રદ્ધા તેના જીવનમાં ઊંડો-
-પ્રભાવ તો પડ્યા વિના કેમે કર્યો રહે ન છે. ૫૪

સેવાતાં, સેવતાં શ્રદ્ધા જાગતી શી પ્રસન્નતા !
અનુભવાય છે મેળે પરોવાતાં જ કર્મમાં. ૫૫

માથુંય દઈ દેવાની શ્રદ્ધા શી શક્તિ પ્રેરતી !
ન્યોછાવર થવા હર્ષે શ્રદ્ધા તત્પર **આપથી**. ૫૬

● ● ●

# અધ્યાય-૩ : શ્રદ્ધાની કેવી બાહોશી !

(અનુષ્ટુપ)

ગુપ્ત શી શક્તિ શ્રદ્ધા છે લે એને ઉપયોગ જે,
એનામાં છતી તે વર્તી દાખલો દે જ વર્તને. ૧

જીવને ઉપયોગેથી સ્વામિત્વભાવના હૃદે
-રહે છે કેળવાતી તે આવે કેવું અનુભવે ! ૨

શ્રદ્ધા પોતે શી તેજસ્વી પૂર્ણ તે શક્તિવંતી છે,
લેવાય ઉપયોગે તે જેમ, તે તેમ જીવશે. ૩

શ્રદ્ધાને ઉપયોગે તો જેમ જેમ જ જીવને
-આવે તે ખપમાં તેમ શક્તિમાં વળી શી વધે ! ૪

જેવું લેવા તમે માગો શ્રદ્ધાની પાસ કામ તે,
તત્પર કામ તે દેવા શ્રદ્ધા પોતે સમર્થ છે. ૫

સ્તવતાં, ભજતાં, શ્રદ્ધા લેવાતાં ઉપયોગમાં,
શ્રદ્ધાની શક્તિ વાધે છે હર્ષ ઉમળકે સદા. ૬

શ્રદ્ધાની કેવી શક્તિ તે બક્ષે તેવો અનુભવ !
તેવા અનુભવોથી શું સમૃદ્ધ થાય જીવન !
પડાતાં ભૂલું ત્યાં શ્રદ્ધા દર્શાવે માર્ગ જીવને,
શ્રદ્ધા પંથે બને પૂર્ણ સક્રિય રચનાત્મક. ૭-૮

શ્રદ્ધા શી ચાલી ચાલીને થાક ખાવા ન થંભતી !
શો પરિશ્રમ લેવાને શ્રદ્ધા ટેવાયેલી વળી ! ૯

શ્રદ્ધા પ્રત્યક્ષ શક્તિ છે શ્રદ્ધાનો દિલ જાગતો-
-વર્તતી ત્યાં જ પુરાવો શ્રદ્ધાના રણકાભર્યો. ૧૦

શ્રદ્ધાની કેવી બાહોશી કપરા કાળ જીવને-
સકંચામાં જ લેવાતાં, દક્ષ ત્યાં પરખાય તે. ૧૧

• • •

## અધ્યાય-૪ : શ્રદ્ધા સમર્થ શી પોતે !

(અનુષ્ટુપ)

શ્રદ્ધા માવડી આપે છે આશાવચન જીવને,
ફોકનાં વચનો તેવાં એ તો શાં વજ્રબાણ છે ! ૧

શ્રદ્ધામાં સર્વ શક્તિ છે પેદા સૌ કરવા વિશે,
જે જે ના હોય, જન્માવે પોતાનાં બાવડાં બળે. ૨

જે કર્મે નીકળી શ્રદ્ધા તેને પાર ઉતારવા,
હજારો સંકટો સામે ઊભશે પ્હાડ જેમ ત્યાં. ૩

જે જે કૈં પંથની વચ્ચે આવે તેને નિવારવા
-શ્રદ્ધા સમર્થ શી પોતે ! જાગૃત જીવતી સદા. ૪

ઘણી નિશ્ચિતતા મધ્યે, શી અનિશ્ચિત વર્તશે !
કશા વિશે ન **તે** ડોલે ડોલે ભાવથી મસ્ત તે. ૫

• • •

# અધ્યાય-૫ : શ્રદ્ધા નિર્ભય સંપૂર્ણ

(અનુષ્ટુપ)

મુશ્કેલીમાં શી શ્રદ્ધાને ઉત્સાહ ઑર શો ચઢે !
પાંખ અફાટ શી ઊડે ! વિઘ્ન ઓળંગવા પથે. ૧

નિરાધારી છતાં **એને** ના નબળી કરી શકે,
મળતાં હાર શ્રદ્ધાથી બેવડી હામ તે ધરે. ૨

આંખ ઊંચી ન કો સામે શ્રદ્ધા તો કરતી નથી,
સમો આવ્યે છતાં કેવી સામનો કરતી વળી. ૩

હતાશામાંય છે શ્રદ્ધા શી જોરદાર જીવને !
શ્રદ્ધા હોવા છતાં યોગ્ય તટસ્થ, મદદે ઊભે. ૪

પક્વ થયેલ શ્રદ્ધા જે ઊર્ધ્વે કેવી કુદાવવા
-શી શક્તિશાળી છે પોતે ! આવે અનુભવે સદા. ૫

શ્રદ્ધા નિર્ભય સંપૂર્ણ શ્રદ્ધા ના કદી રાંકડી,
હજારો ડરની વચ્ચે શ્રદ્ધાની ચાલ ફાંકડી ! ૬

ચમત્કારિક અદ્‌ભુત શ્રદ્ધાની શક્તિ જીવને,
મુશ્કેલી, વિઘ્ન કેવાંયે તોડી ફોડી ફગાવી દે. ૭

શ્રદ્ધા તેમાંય પોતે ત્યાં તેવા પ્રયત્નમાં પથે
-દડાવ્યા તે કરે વેગે, એનું મૂલ્ય અમાપ છે. ૮

જ્ઞાનપૂર્વક હેતુથી લક્ષ્યના જીવને પથે-
શ્રદ્ધા તો વપરાંતામાં કેવી પોતે અમાપ છે ! ૯

શી ગડમથલો વચ્ચે રણમાં વીરડી સમી,
-શ્રદ્ધાની સ્થિતિ છે તેવી હૈયે ટાઢક વાળતી. ૧૦

આસુરીતત્ત્વને શ્રદ્ધા પમાડી હાર જંપશે,
વપરાતાં જ શ્રદ્ધાની શક્તિ જ્વલંત થાય છે. ૧૧

જ્વલંત જાગૃતિયુક્ત શ્રદ્ધામાં શક્તિ દિવ્ય છે,
વિકાસ એવી શ્રદ્ધાથી આકાશે ઝડપી ચઢે. ૧૨

• • •

## અધ્યાય-૬ : શ્રદ્ધાની શક્તિનો છેડો

(અનુષ્ટુપ)

શ્રદ્ધાને માપવા કાજે સંસારી ત્રાજવું જ તે
-યોગ્ય ના કોઈ રીતે છે, શ્રદ્ધા અમાપ જીવને ! ૧

સૂક્ષ્મમાં સૂક્ષ્મ તુલા છે સાવ શ્રદ્ધાની વર્તને,
એના ન્યાયનું તે માપ સંસારી રીતનું ન છે. ૨

એને તો તોળનારો તો માત્ર **ए** એકલો જ છે.
એને તે તોળવા કાંટો કોઈ બીજા કને ન છે. ૩

શ્રદ્ધાનો કાઢવા ક્યાસ લાયકાત કશી ન છે,
મુકાતાં સાહસે શ્રદ્ધા પ્રવર્તતી શી ઉદ્યમે ! ૪

શ્રદ્ધાને આપમાં પૂર્ણ આપથી જીવવાતણી
-અપાર આત્મશ્રદ્ધા છે મર્દાનગી અજેય શી ! ૫

'માનવું, જાણવું, પાછું અનુભવે ઉતારવું,
અનુભવે ઉતારીને જીવને તે જ મ્હાલવું',

શ્રદ્ધા વિના બીજું કોઈ તે કાજે યોગ્ય પાત્ર ના,
શ્રદ્ધાનો ભક્ત સંપૂર્ણ થવાતાં જ પમાતું શું ! ૬-૭

શ્રદ્ધાની શક્તિનો છેડો ક્યાંયે ના આવી જાય છે,
ઉપયોગે વધે છે શી ! આવે છે તે અનુભવે. ૮

• • •

## અધ્યાય-૭ : અદ્ભુત દિવ્ય શક્તિ શી !

(અનુષ્ટુપ)

સક્રિય દિલ ચેતેલી શ્રદ્ધાની ખૂબી અદ્ભુત,
વર્ણવી ના શકાયે તે, આવે છે તે અનુભવે. ૧

શ્રદ્ધાની મજબૂતી શી વજ્ર જેવી જ જીવને !
એવી શ્રદ્ધા વિકાસે તે કામમાં લાગતી પથે. ૨

નામર્દમાંય પ્રેરે છે શ્રદ્ધા મર્દાનગી ખરી,
પર્વતટોચ લૂલાને શ્રદ્ધા કેવી ચઢાવતી ! ૩

છે પરિબળ શ્રદ્ધાનું જીવને શું અમાપ તે !
શ્રદ્ધા રખાવી આપે તે કોઈ રખાવી ના શકે. ૪

અવલંબન પોતાનું શ્રદ્ધાને એકલાનું છે,
પોતાથી મેળવે પોતે શક્તિ અમાપ આપ તે. ૫

ભભક સૂર્યના જેવી શ્રદ્ધાના નયને નરી,
કેવી અંજાવી દેવાને શક્તિ, છતાં સુંવાળી શી ! ૬

શ્રદ્ધાની પાંખમાં શક્તિ ભરપૂર અપાર છે,
આકાશે ઊડવાકેરી એને અનંત શક્તિ છે. ૭

અનંતાનંતગામિની શ્રદ્ધાશક્તિ અમાપ્ય છે,
પછી ના પ્રીછવાનું ર્‌હે તેને, અનુભવાતી છે. ૮

ઉગ્રમાં ઉગ્ર ને તીવ્ર, તીવ્રથી તીવ્ર **તે** થતાં,
પ્રચંડ શક્તિ શ્રદ્ધાની હોવા છતાં અગમ્ય ત્યાં,
-કળાતી ના કળાયે **તે** આરપાર શી વીંધીને-
-સર્વની પાર પ્‌હોંચે છે, છતાં પમાય વર્તને. ૯-૧૦

શ્રદ્ધાની પ્રસરેલી છે અણુ અણુ વિશેની જે
-અગાધ શક્તિ, તે કામ આપતી કેવું જીવને !
તેનો ના ખ્યાલ કોઈને કદીયે મન આવશે,
માત્ર અનુભવીને છે, એના જ્ઞાનનું તથ્ય તે. ૧૧-૧૨

એની હકીકતો સૂક્ષ્મ ચેતના દિવ્યતા ભરી,
એવી તે દિવ્યતામાં છે અદ્‌ભુત દિવ્ય શક્તિ શી ! ૧૩

• • •

હરિઃૐ

# ખંડ-૧૧ : પ્રાગટ્ય

## અધ્યાય-૧ : શ્રદ્ધાની પાંખ તો કેવી !

(અનુષ્ટુપ)

સ્થળ ને કાળ, સંજોગો મર્યાદામાં પુરાવી દે,
શ્રદ્ધાની શક્તિ ત્યાંયે શી ફાળ કુદાવવા જ છે !
તે એકદમ શ્રદ્ધા ના ડગ ઉતાવળું ભરે,
જોઈ વિચારીને પાકું આકાશે બથ શી ભરે ! ૧-૨

ચેતનાત્મક ચેતેલી શ્રદ્ધા જીવંત થાય જ્યાં,
શ્રદ્ધાની શક્તિ ત્યારે તે ઑર પ્રકાશતી તદા. ૩

શ્રદ્ધાનો મૂળ પાયો તો આત્માના તે પ્રદેશમાં,
શી નાનકડી આત્માની પ્રતિ છાયા શી આપમાં ! ૪

શ્રદ્ધાની પાંખ તો કેવી આકાશે ઊડવા ઊંચે !
ગગનાભિમુખી ધ્યેય શી એકાકાર નિત્ય છે ! ૫

શ્રદ્ધા ઉડાડતી કેવું આકાશે જીવને પથે,
એનાથીયે વધારે શી નિત્યે તે ઊડવા મથે. ૬

શ્રદ્ધા તો શી વિના પાંખે આકાશે ઝડપે ઊડે !
શા અવરોધ ત્યાં **એને** તેને ભેદી, શી તે ચઢે ! ૭

મહાભારે પુરુષાર્થ ઊતર્યા પછી અંતરે,
સાચો શો મર્મ શ્રદ્ધાનો કૈંક ત્યાં સમજાય છે ! ૮

આત્મસ્વરૂપ નિષ્ઠામાં **તે** પ્રતિષ્ઠિત થાય છે,
ત્યારે સ્વભાવ શ્રદ્ધાનો મૂળગો બદલાય છે. ૯

• • •

## અધ્યાય-૨ : આકાશી તત્ત્વમાં શ્રદ્ધા

(અનુષ્ટુપ)

**જીવદશાની** બુદ્ધિથી બુદ્ધિ તે કાળની જુદી,
ત્યારે વિચારવું ઊગે ઓચિંતું તે નિમિત્તથી. ૧

ડખલગીરી બુદ્ધિની ત્યારે શી સમજાય છે !
બુદ્ધિનો જીવને પૂર્ણ શો સહકાર સાંપડે ! ૨

હારમાળા કશી ના ત્યાં સંકલ્પ ને વિકલ્પની,
તર્ક પરંપરા ના ત્યાં દલીલબાજી ના કશી. ૩

કાળ ને સ્થળમર્યાદા શ્રદ્ધા આત્મપ્રદેશની-
-ઓળંગાવી જ દે પૂર્ણ શ્રદ્ધા ગજબ એવી શી ! ૪

એ સર્વનીય તે પાર જવાનું થતું આગળે,
તરંતાં તરંતાં, ત્યાં ત્યાં અનુભવે અનુગમે. ૫

શ્રદ્ધા એકાગ્ર, કેંદ્રિત પ્રજ્વલિત હૃદે થતાં,
અખંડ એકધારી જ્યાં, શ્રદ્ધા આત્મપ્રદેશમાં. ૬

શ્રદ્ધાની ઊડવા પાંખો આકાશે તે સમર્થ છે,
સ્થપાવા નેમ આકાશે શ્રદ્ધાની કેવી હોય છે ! ૭

આકાશી તત્ત્વમાં શ્રદ્ધા પોતે નિરંતરે વસે,
તત્ત્વ તે **તેજ** ને **વા**નું શ્રદ્ધાને ગતિ પ્રેરશે. ૮

આકાશ તત્ત્વ તો માત્ર છે જ્ઞાનોદય માટ તે-
-યોગ્યતા અર્થ સંપૂર્ણ, ખીલેલું હોવું જોઈશે. ૯

આકાશ માત્ર તો તત્ત્વ નિરાકાર પૂરેપૂરું,
શ્રદ્ધા ત્યાં જ સ્થપાતાં તો કલેવર બદલાય શું ! ૧૦

શો નિર્વિચાર સંપૂર્ણ આકાશ તત્ત્વમાં સ્થિતિ-
-થતાંમાં નિર્વિકારે **ए** ઊગે દિવ્ય પ્રકારની. ૧૧

આકાશ તત્ત્વમાં શ્રદ્ધા શૂન્યાકારે જ પૂર્ણ **ते**,
અવર્ણનીય તે શૂન્ય નિરાકારે અનુભવે.
આત્મતત્ત્વે જ સંપૂર્ણ ઓગળી પાર જાય **ते**,
'આત્મને ઓળખે આત્મા' એવી દશા પમાય છે. ૧૨-૧૩

ફૂટી શી નીકળેલી છે શ્રદ્ધામાં મસ્તી જીવને
-અપરંપાર તે જ્યારે અમર્યાદપણે હૃદે-
-તેવી શ્રદ્ધા કુદાવે શી પાર આકાશની જવા-
-ચેતેલી એવી શ્રદ્ધાની જીવંત શક્તિ ઑર ત્યાં ! ૧૪-૧૫

● ● ●

## અધ્યાય-૩ : દે ઓળંગાવી મર્યાદા

(અનુષ્ટુપ)

જીવને કામ ક્રોધાદિ, નિમ્ન પ્રાણ સ્વભાવ **ते**,
શ્રદ્ધાની સ્વસ્થતા તેથી કેવી ઘવાતી હોય છે !
જેના તેના વિશે સૂઝ શ્રદ્ધાથી મેળવાય છે,
પ્રાણ બદલવાની શી શ્રદ્ધાની શક્તિ જીવને ! ૧-૨

શો તલસાટ તે તીવ્ર માન્યામાંય ન આવતો,
ઉકળાટ છતાં પાછો શ્રદ્ધાને ના તહીં થતો,
પોતાના ધ્યેયને પ્રાપ્ત શું થવા કાજ, માત્ર ત્યાં
-એકાકાર જ સંપૂર્ણ ને તદાકાર શું તહાં ! ૩-૪

શ્રદ્ધાથી શી પમાયેલી નિષ્ઠા સ્થિત થતાં હૃદે,
તેવા જીવનમાં કેવો સમદર્શી આરપાર છે !
કલ્યાણમાર્ગમાં નિશ્ચે શ્રદ્ધાથી પાંગરાય છે,
શ્રદ્ધા જીવંત ભક્તિમાં શ્રેયાર્થીને ઉગાડશે. ૫-૬

પરોવાતાં જ સંપૂર્ણ જીવ અભ્યાસમાં ચહી,
ઉત્તરોત્તર વૃદ્ધિ તે શ્રદ્ધાના ભાવમાં થતી,
તેવો તે ભાવ શ્રદ્ધાનો ઊંડામાં ઊંડો જીવને-
ઊતરી ભજવે ભાગ ઊર્ધ્વમાં શો અનન્ય તે ! ૭-૮

આચરવાથી શ્રદ્ધાનું જામે કેવું પરિબળ !
-સોંસરું થતું તૈયાર આરપાર જવા પથ. ૯

અતિશયોક્તિ શ્રદ્ધામાં કદી કાળ ન થાય છે,
વાસ્તવિક્તા બધીયે **તે** ભૂમિકામાં ન છોડશે.
વાસ્તવિક્તાતણાં રૂપ, રંગ, રસ જુદાં જ છે,
વાસ્તવિક્તા જુદી જુદી, જુદી સૌ ભૂમિકા વિશે,
વાસ્તવિક્તા વિશે તે તે ભક્તિ ને જ્ઞાન, કર્મ છે,
અંકાયેલી ત્રાણેથી **તે** ત્રિભેટે **एक** *વર્તને. ૧૦-૧૨

---

* જીવને

શ્રદ્ધાથી વર્તતાં જ્યારે એવા વર્તનની વિશે-
-હેતુનું ભાન પ્રત્યક્ષ જેને છે ચેતનાત્મકે,
આડાંફેલાંથી ત્યાં મુક્ત શું થવાતું જવાય છે !
મુક્ત થવાતણો રમ્ય ભવ્ય તે ઈતિહાસ છે ! ૧૩-૧૪

ગૌરીશંકરની ટોચે શ્રદ્ધાનો ભાવ પ્હોંચતાં,
શો શુદ્ધ, ભવ્ય ને દિવ્ય છે ગુણાતીત પ્રેમ ત્યાં !
ભક્તિ, જ્ઞાન અને કર્મે પ્રાગટ્ય ભાવનું જ જે-
-સ્વરૂપ 'પ્રેમ'નું તે છે, પ્રજ્ઞા અમોઘમાં વસે. ૧૫-૧૬

દે ઓળંગાવી મર્યાદા તેવી શ્રદ્ધાની શક્તિ તે,
વર્તતી જીવને હોય ત્યારે પોતે અનંત છે,
અનંતગામી શી પોતે અનંત મુખવાળી છે !
પર્યાયે **एक** છે નિત્યે, છતાં અનેકરૂપી છે. ૧૭-૧૮

• • •

## અધ્યાય-૪ : ઊર્ધ્વના પંથમાં શ્રદ્ધા

(અનુષ્ટુપ)

જિજ્ઞાસા જલતી જ્યાં હો પ્રચંડમાં પ્રચંડ તે,
શ્રદ્ધાનો ભાવ શો ઑર દિવ્ય પ્રકારનો પથે !
ઉત્કટ ભાવ એવો જ્યાં મહત્ત્વે મોખરે હૃદે,
ઊર્ધ્વગામી થયા વિના રહેવાતું ન ત્યાં પથે. ૧-૨

જીવંતો ભાવ પ્રત્યક્ષ જીવનની કમાણી તે,
તેના વડે જ ઊર્ધ્વે તો ચઢાવાનું જ નિશ્ચયે,
ભાવ એ સાચું ભાથું છે શ્રેયાર્થીને ખરેખરું,
ઉત્તરોત્તર શો ભાવ ગાઢ નિરંતરે થતો. ૩-૪

નક્કર નાણું છે ભાવ શ્રેયાર્થીને શું જીવને,
ઊર્ધ્વે તો ચઢવાનું છે 'ભાવ' ઉત્તમ સાધને,
નિત્ય નિત્ય બઢે ભાવ જીવને એમ વર્તવું,
શ્રદ્ધાને સેવતાં નિત્યે વર્તને એમ તો થતું. ૫-૬

યજ્ઞ પરંપરા એવી કૈંક વાર જલાવીને,
શ્રદ્ધાથી યત્ન કીધા છે આહુતિ અર્પી અર્પીને,
જે જે અયોગ્ય લાગેલું સૌ હોમાતાં જ યજ્ઞમાં,
આપમેળે થતાં શુદ્ધિ, શ્રદ્ધા અગમ્ય તે શી ત્યાં ! ૭-૮

શ્રદ્ધાથી ભાવની શક્તિનો ઉઠાવ થતો જતો,
વિકાસ શો ફલાંગો ને ફલાંગે કૂદતો જતો ! ૯

શ્રદ્ધાને સેવતાં ભાવે, સેવા શ્રદ્ધાની ભાવથી-
તે અવતરી પાછી શી જીવને નીતરે પછી,
એવી શ્રદ્ધાતણો 'સ્વાર્થ' માત્ર આત્મનિમજ્જન,
એવો જ્યાં 'સ્વાર્થ' લાગ્યો છે તેની શ્રદ્ધા ખરેખર. ૧૦-૧૧

શ્રદ્ધાનો ભાવ નિષ્ઠામાં સંપૂર્ણ જ્યાં પરિણમે,
ભક્તિ ને જ્ઞાનનો યોગ કેવો કર્મ વિશે ફળે !
એવાનાં સર્વ તે કર્મ જીવંત કર્મયજ્ઞ છે,
ભાવ પ્લાવિત તેનાં શાં યજ્ઞનાં દિવ્ય કર્મયે. ૧૨-૧૩

ઊર્ધ્વના પંથમાં શ્રદ્ધા ભાવે જે વર્તતી સદા,
શ્રદ્ધાના ભાવથી કેવી પુષ્ટિ મળ્યા કરે તદા,
'જીવન પુષ્ટ શું થાય' કળ્યામાં આવતાં પથે,
શ્રદ્ધાનાં શાં ખુમારી ને ખમીર, તેજ થાય છે. ૧૪-૧૫

માન્યામાંયે ન આવે જે એવાં એ પરિણામને
-શ્રદ્ધાના સેવને ભાવે પ્રગટાવી શકાય તે,
પ્રકૃતિ નિમ્નમાં નિમ્ન શ્રદ્ધાના ગાઢ ભાવથી,
પ્રકૃતિયે થતી ઊર્ધ્વ ફળંતી ફળતી જતી. ૧૬-૧૭

સેવતાં સેવતાં શ્રદ્ધા શ્રદ્ધાનો ભાવ સૂક્ષ્મ શો-
ઊર્ધ્વે જતાં જતાં થાય ઑર દિવ્ય પ્રકારનો,
સૂક્ષ્મનો ભાવ એવો તે કેવો છે કાર્યસાધક !
પારાને પલટાવે છે સોનામાં, તેવું તેનું જ. ૧૮-૧૯

શ્રદ્ધા વસેલી આકાશે નિરાકાર જ પૂર્ણ **તે**,
ઊતરતાં નીચે કેવી તે સાકાર થતી પથે,
રૂપને બદલે તોયે જે મેળવેલ તે મૂળે-
-શક્તિ સ્વરૂપ તેનું તે, એનું નિત્ય જીવંત છે. ૨૦-૨૧

આકાશે પ્હોંચવા ધ્યેય આકાશે ઊડતી રહી,
આકાશે ઠરીને શ્રદ્ધા પૃથ્વીમાં ડગ માંડતી,
છતાં દૃષ્ટિ શી **एनी** તો આકાશે જ પ્રવર્તતી !
આકાશભાવને ધારી તે રંગે સર્વ રંગતી. ૨૨-૨૩

મુકામ નિત્ય શ્રદ્ધાનો આકાશે વસવાતણો,
થૈ ઠરી ઠામ આકાશે, ધર્મ અવતરવાતણો-
પૃથ્વી નીચે, પછી કર્મ **एनुं** ફેરવવાતણું,
પોતે જે કરતી કર્મ કલ્પનાતીત તે ઘણું. ૨૪-૨૫

સૂક્ષ્મની પ્રક્રિયામાં જે જીવન પલટાવવા-
-શાં શાં સાધન ત્યાં લેવાં પડે છે ઑર જાતનાં !
જ્ઞાનપૂર્વક શ્રદ્ધાનો ભાવ એકાગ્ર જ્યાં થતાં,
સૂક્ષ્મમાં તે પ્રવેશાવી સાધે પોતાનું કાર્ય ત્યાં. ૨૬-૨૭

● ● ●

## અધ્યાય-૫ : શું જન્માવતી શ્રદ્ધા તે !

(અનુષ્ટુપ)

શ્રદ્ધાનેયે હૃદે કેવો થતો છે હર્ષધોધ શો !
શ્રેયાર્થીનું પછી કામ થઈ ચૂક્યું જ જાણજો. ૧

શું જન્માવતી શ્રદ્ધા તે ઑર સર્જન, મૌલિક !
નવાં નવાં જ પાસાંનું દર્શન શું અલૌકિક ! ૨

'ભૂમિકા યોગ્ય શ્રદ્ધાને જ્યારે ઓળંગવા પથે,
મર્યાદાની જવા પાર' શ્રદ્ધાને દિલ લાગશે,
શ્રદ્ધાની ઊડવા પાંખો પાર આકાશની જવા-
ત્યારે શી શક્તિશાળી છે ! શી તાલાવેલી છે તદા ! ૩-૪

'પોતે ત્યાં સમજે માત્ર પોતાને' એવી તે દશા,
પ્રજ્ઞા શી પારમિતા છે ! જ્ઞાનની તે પરંપરા,
-ઓળંગી જાય છે પ્રજ્ઞા અનુભવાય ના કદી
-એવી એવી ભૂમિકામાં પ્રજ્ઞા પ્રવેશતી ચહી. ૫-૬

આત્માવલંબી છે શ્રદ્ધા, આત્મા પરત્વેની ઢળે,
સ્વાભાવિક જ શ્રદ્ધાનો ઊર્ધ્વ પરત્વે ધર્મ છે,
જિજ્ઞાસા બઢતાં શ્રદ્ધા ઊંજે છે શક્તિતેલ તે,
ચલાવવા શી શ્રદ્ધા છે શ્રેયાર્થીને જ યોગ્ય તે. ૭-૮

અવ્યક્તમાં ન વાંધા છે, વાંધા વ્યક્ત વિશે બધા,
અવ્યક્ત વ્યક્તમાં પોતે આનંદ તે છતું થતાં,
શ્રદ્ધા હોવા થકી વ્યક્તે અવ્યક્ત તે છતું થતું,
શ્રદ્ધા લીધે જ અસ્તિત્વ જેનું તેનું જ હોય શું ! ૯-૧૦

• • •

## અધ્યાય-૬ : લ્હેરિયાં મોજ મ્હાલવી !

(અનુષ્ટુપ)

ભવ્ય આદર્શ આવો શો શ્રદ્ધાની ભૂમિનો હૃદે !
પ્રતીતિ એવી શ્રદ્ધાને બુદ્ધિમાં બેસવી ઘટે. ૧

ઉત્કૃષ્ટ આત્મવિશ્વાસ ચેતેલો દિલ જીવનો,
અગ્નિ શો જલતો, તેવો સાધવે કાર્ય શ્રેષ્ઠ શો ! ૨

નશો પ્રચંડ શક્તિનો કેવો જીવનમાં તરે !
તેવા નશાથી ઊંડે ને ઊંડું શું ઊતરાય છે ! ૩

હજીયે તે ઊંડે જાય, ઊંડે ઊંડે જતાં જતાં,
શ્રદ્ધાને સૂઝી શું જાય ! આગવું સત્ય પંથમાં. ૪

જ્યાં જ્યાં પ્રવેશતાં ઊંડું, તારતમ્ય શું તેનુંયે-
-જીવન તે પમાયે છે, કેવું ઊગે અનુભવે. ૫

શકે છે ઓળખી, પ્રીછી એકલો ત્યાં અનુભવ,
એવા અનુભવોની છે કેવી કેવી પરંપરા ! ૬

શ્રદ્ધાની દિવ્યશક્તિ શી ત્યારે શ્રેયાર્થીને ઘડે !
કારીગરી જ છે દિવ્ય ઘડામણની જીવને ! ૭

તેવા સર્જનમાં શાં છે સંપૂર્ણ સ્વસ્થતા ત્વરા-
-શાંતિ, પ્રસન્નતા, ધૈર્ય સક્રિય શક્તિ તત્પરા. ૮

તેવુંય પાછી શ્રદ્ધા શી થવામાં પ્રેરણા હૃદે-
-નિત્ય પ્રેરાવવા ખંતે ઉદ્યમી કેવી જીવને ! ૯

આનંદે શું છવાયે છે આકાશ સારું ભાવથી !
સ્પર્શ સંપર્ક જ્યાં **एनो** લાગ્યે, આનંદ શો તહીં ! ૧૦

કેવું સૂક્ષ્મ મથે શ્રદ્ધા જીવનને ફળાવવા !
જતાં જતાં ફવાતાં ત્યાં શી ખુશખુશ થાય ત્યાં ! ૧૧

મોખરે તે ધપાવાને રસ મુખ્ય શું કારણ !
તેમાં શ્રેષ્ઠ અધિકારી શ્રદ્ધા એકલી માત્ર જ. ૧૨

રસ દૈવી ચિરંજીવી અનન્ય શા પ્રકારનો !
જુદી જુદી ભૂમિકામાં જુદો પોતે અનન્ય શો ! ૧૩

જે તે સૌ કરતો હોય છતાં શો રસમગ્ન તે !
એકાગ્ર રસમાં દિલ ઝબકોળાય કેંદ્રિતે. ૧૪

એકાકાર થયેલો જે રસે કેંદ્રિત, જીવને,
તેનો તો યજ્ઞ કર્મે શો પરોવાયેલ હોય છે ! ૧૫

શો રસાનંદ તે દિવ્ય એકાકારતણો હૃદે !
-મ્હાણવા, મ્હાલવાનો શો લ્હાવો જીવન ઑર છે ! ૧૬

આસપાસ બધું જે તે હોવા છતાંય તેતણું-
-અસ્તિત્વ ગૌણ ત્યાં થાય, એવો તે રસસ્વાદ શો ! ૧૭

શ્રદ્ધાની આત્મશક્તિની ઓળખ વર્તને થતે-
-પોતે સમર્થ કેવો છે જાણ શ્રેયાર્થીને પડે. ૧૮

એકાકાર થતાં તોયે પાછો પોતે જ સાક્ષી છે,
તેથી તો રસને મ્હાલી કૃતકૃતાર્થ થાય છે ! ૧૯

દેખાતો તે ન લાગે છે, છતાં નિશ્ચિત જીવને-
-વર્તાતો સૂક્ષ્મ આવે છે પોતે કેવો અનુભવે ! ૨૦

ચેતનાશક્તિ એવીમાં વિરોધાત્મક શા ગુણો !
ઊલટા એકબીજાથી, કામે લાગેલ સાથ સૌ. ૨૧

'અવતરવું સ્થૂળે ને ત્યાં પ્રતિષ્ઠિત પાછું તે-
-થવું', તે દિવ્યકર્તવ્ય ચેતનાનું ખરેખરું. ૨૨

શ્રદ્ધા કેવી પ્રવેશાવે દિવ્યતાના પ્રદેશમાં,
દિવ્યતાના પ્રદેશે છે દેશ કેવા નવા નવા ! ૨૩

શી સંતાકૂકડી ગૂઢ જીવને તે રમાય છે !
ત્યારે જહેમત શ્રદ્ધાને કેટલી લેવી ત્યાં પડે ! ૨૪

નૂર જીવનનું ત્યારે કોઈ દિવ્ય પ્રકારનું,
પછી તે દિવ્યશક્તિ શી કબજો લેતી નિજનો ! ૨૫

ભાવે અખંડતા વ્યાપી શ્રદ્ધા પૂર્ણ સ્વરૂપમાં-
ઝળકી ઊઠી કરે કામ આત્મપ્રદેશનું તદા. ૨૬

શ્રદ્ધાથી પામવું, પાછું શું અવતરવું નીચું !
અવતરી સ્થૂળે છેક કર્મે શું પ્રસરાવવું ! ૨૭

શ્રદ્ધા આનંદ નીચે ને નીચે શો અવતારવા !
કેવો સ્વભાવ **તેનો** તો આનંદ પ્રવર્તાવવા ! ૨૮

અનંતાનંત શો માર્ગ ! લાધી છે ભાળ તેતણી,
તેવા જીવનમાં કેવાં લ્હેરિયાં મોજ મ્હાલવી ! ૨૯

• • •

હરિઃૐ

# ખંડ-૧૨ : પ્રેમપરાગ

## અધ્યાય-૧ : 'મા'એ વધાવિયો તદા

(અનુષ્ટુપ)

ઊંડામાં ઊંડી હોવાથી આર્તતા આર્દ્રતા હ્રદે,
તેનો તેવો જ તે ભાવ ઊતરાવે ઊંડે ઊંડે. ૧

શી પ્રણિપાત મુદ્રામાં તારા તે પદમાં હ્રદે,
-શ્રદ્ધાના પ્રાર્થનાભાવે એકાકાર થવાયું છે ! ૨

જિજ્ઞાસાએ મને કેવું બક્ષ્યું શ્રદ્ધાનું દર્શન !
શ્રદ્ધાને પામવાથી શો રળ્યો સદ્‌ભાગ્ય, જીવન ! ૩

પડે કેળવવી ના **તે** અભ્યાસે મોખરે સદા
-જીવંતી કેવી શ્રદ્ધા ર્‌હે ! તે અનુભવ્યું દિલમાં. ૪

જ્વલંત તેથી અભ્યાસ ખાઈખપૂસીને હ્રદે,
હર્ષથી કરવામાં શો મંડ્યા કર્યો જ જીવને ! ૫

અભ્યાસે વળગી હુંથી શ્રદ્ધાથી જ ટકાયું છે,
આપી મહત્ત્વ અભ્યાસે પરોવ્યા કર્યું દિલ છે. ૬

પ્રગટ્યા પ્રાણ અભ્યાસે, અભ્યાસે રસ જામતાં
-કાયાપલટ શ્રદ્ધાની ઑર શી થાય છે તદા ! ૭

જીવનને ઘડાવાને શરૂમાં બુદ્ધિને હ્રદે,
મેં સમજાવવાને તો પ્રયત્નો શા કરેલ છે !

શ્રદ્ધા તેમાં પૂરેપૂરી સ્હાયે આવેલ છે પથે,
બુદ્ધિને ત્યાં મઠારતાં સ્વસ્થતા દિલમાં ઊગે. ૮-૯

આવ્યો છે મનનો વારો બુદ્ધિની પછી પંથ તો,
મન ખૂંપાવતાં ધ્યેયે નાકે શો દમ આવિયો !
નિશ્ચયે મંડતાં ર્‌હેતાં શ્રદ્ધાથી એકધારું તે
-મન મનાવવાના શા પ્રયત્ને લક્ષ્ય સાધ્યું છે. ૧૦-૧૧

મન, બુદ્ધિ અને પ્રાણ ધ્યેયતણા કૃપાથી તે-
સાધનાભ્યાસમાં સૌ તે લગાડવાનું રાખીને,
બીજી બાજુથી શ્રદ્ધાથી ભાવ જાગી શકે હૃદે
-એવા પ્રયત્નમાં ખંતે ઉત્સાહે દોટ મૂકી છે. ૧૨-૧૩

શ્રદ્ધાના ભાવથી હૈયે પ્રેરાયેલા રહી પથે
-મોખરે ભાવને ધારી વાળવાને મનાદિને
-પ્રયત્નો જે થયેલા છે તેમાં સફળતા પથે
-શી મળવાની સંપૂર્ણ શક્યતા ભરપૂર છે ! ૧૪-૧૫

સાધનાભ્યાસમાં ઊંડું ઊતરાતાં ઊંડું પથે,
ડગ આગળ સૂઝ્યું ના શ્રદ્ધાએ તેજ પાડ્યું છે. ૧૬

જીવને રીત સૌ જૂની મડાગાંઠો અનેક જે,
ટેવો, સમજણો સૌ તે શ્રદ્ધાબળથી તૂટી છે. ૧૭

શ્રદ્ધાના કારણે હૈયે વળાંક બુદ્ધિપ્રાણનો
-પ્રભુકૃપાથી વળાયો છે પૂર્વગ્રહોથી છૂટવા,
ઊર્ધ્વ વિકાસમાં થાવા પૂર્ણ સરળતા હૃદે,
કેવું કેવું મથાયું છે શ્રદ્ધાના બળ કારણે ! ૧૮-૧૯

ચાલતાં ચાલતાં શ્રદ્ધા મોટી ધીંગી થતી ગઈ,
પછી તો જબરી પાકી શી જબરજસ્ત નીવડી ! ૨૦

થયો જ્યાં ચાલતો કૈંક **મા**નો માતો ન હર્ષ ત્યાં,
શું ચૂમી ચૂમીને હર્ષે **મા**એ વધાવિયો તદા,
'**મા**' તે શબ્દ ઉચ્ચાર જ્યારે કૈંક બોલતો થયો,
હર્ષઉન્માદ ત્યાં **મા**નો શમાતો ના શમાય શો ! ૨૧-૨૨

શ્રદ્ધા**મા**એ રમાડ્યો છે ઉછાળીને ઉછાળીને,
છાતીએ સરસો ચાંપી વ્હાલ કર્યું શું ચૂમીને !
કદરૂપો હતો તોયે એ લક્ષ ધર્યું ન તે,
વાત્સલ્ય તો કર્યાં કીધું વારંવાર નિહાળીને. ૨૩-૨૪

• • •

## અધ્યાય-૨ : આંગળી પકડી મારી

(અનુષ્ટુપ)

ભૂલો ભવાટવિમાં હું કેવો પડેલ જીવને !
ગ્રહી ત્યાં હાથ શ્રદ્ધાએ સુઝાડ્યો પંથ આગળે. ૧

જેવો તેવો હતો કેવો બોથડ સાવ જીવને !
શ્રદ્ધાએ બુદ્ધિને કેવી મઠારી શો લીધો પથે ! ૨

આંગળી પકડી મારી શ્રદ્ધાએ શો ચલાવિયો !
ચાલતાં ચાલતાં **મા**એ મને પાકો ભણાવિયો. ૩

કેટલો અટવાયો છું અંધારામાં હું જીવને,
કાપ્યો છે કિંતુ તે પંથ શ્રદ્ધાની શક્તિની વડે. ૪

રખડ્યો રખડ્યો કેવું કારમા શા ભયંકર-
-પથે એવા મને ત્યારે શ્રદ્ધાએ થાબડી પીઠ. ૫

જીવને આપદા, ગૂંચો મળી કેવી ભયંકર !
તપાવી, તારવ્યો કેવો બનાવ્યો, શાંત જીવન ! ૬

જીવનમાં કૃપાથી શી શ્રદ્ધાએ પકડી મને,
ચલાવ્યો તેમ ચાલ્યો છું ધીરજ દૃઢ ધારીને. ૭

મને શા ભટકેલાને ઠેકાણે પાડી જીવને
-શ્રદ્ધાએ પ્રેમથી સાથ આપી શો તારવ્યો મને ! ૮

ઉત્સાહ, પ્રેરણા, ખંત, ઉદ્યમશીલતા પથે
-શ્રદ્ધાએ પ્રેરવેલાં છે, લાગ્યાં તે કામ જીવને. ૯

ખાધી પછાડ કૈં વેળા ઉઠાઈ ના શકાયું છે,
પોકાર પાડતાં કેવી શ્રદ્ધા વ્હારે ચઢી મને ! ૧૦

લોઢું ખૂબ તપેલું જે લાલચોળ થયેલ છે,
યોગ્ય કાળે હથોડાનો મારવો માર યોગ્ય છે,
એવું લોઢું ઘડાવાને કેવો આકાર આપવો !
તે કારીગર જાણે છે કળા ને કાળ યોગ્ય તો.
શ્રદ્ધાએ શીખવ્યું તે તે જે કાળે ઘડવાનું જે
શ્રદ્ધાએ તેમ ભાવેથી ચલાવ્યો છે જ જીવને. ૧૧-૧૩

ભાવ જ્યાં જામતાં પૂર્ણ પ્રવર્તતો હૃદે પથે,
સ્વસ્થ તટસ્થતા ત્યારે તીવ્ર જન્મેલી હોય છે,
ત્યારે અશુદ્ધિઓ શી શી કરણેન્દ્રિયની બધી,
હોવા તટસ્થતા લીધે લક્ષે તુરંત આવતી.

ત્યારે સભાનતા ઉગ્ર ચેતેલી વળી સક્રિય,
સૌ તેને વાળવા ત્યારે છે સ્વાભાવિક સંયમ.
એકધારો જ ચેતેલો જીવંત ભાવ સક્રિય-
-કાળ સમર્પવા યજ્ઞે યોગ્યમાં યોગ્ય નિશ્ચય. ૧૪-૧૭

• • •

## અધ્યાય-૩ : શ્રદ્ધા મિત્ર થઈ મારી

(અનુષ્ટુપ)

જિજ્ઞાસાએ બતાવી છે ઊણપો કેવી જીવને !
કાંટા પેઠે જ જે ડંખી ત્યારે મુક્ત થવા હૃદે
-ઉત્કટ ઝંખના કેવી ઉત્કટ જાગતાં હૃદે,
શ્રદ્ધાએ તે ટકાવી શી રાખી, મથાવિયો મને. ૧-૨

કેવી સભાનતા પ્રેરી શ્રદ્ધાએ જીવને મને,
ધર્મકર્તવ્યને પંથે શ્રદ્ધાથી જ ઊગ્યું હૃદે,
શ્રદ્ધાના આશ્રયે જ્યાં ત્યાં નિર્ભીત શો રહી શક્યો !
અભય તો થવાથી શા ગુણો ખીલ્યા કર્યા બીજા ! ૩-૪

શ્રદ્ધા મિત્ર થઈ મારી પ્રેરાવી હૂંફ, ઓથ ને,
-ખબરદાર સંપૂર્ણ રખાવ્યો શો પથે મને !
જાગૃતિ, સાવધાની ને સાવચેતી પૂરેપૂરી-
-રખાવ્યા કરીને, કેવો કપાવ્યો પંથ ભાવથી ! ૫-૬

વિસંવાદ ભરેલા આ જીવનપંથને વિશે,
શ્રદ્ધાએ શો કરાવ્યો છે ત્યાં સમન્વય તે વિશે,
‘જે તે કંઈ મળે, એનો કોઈ ને કોઈ હેતુ છે’,
હેતુ ફળાવવા શ્રદ્ધાનો ત્યાં અનન્ય ભાગ છે. ૭-૮

શ્રદ્ધાથી કેવી ઊગેલી તીવ્ર સભાનતા હૃદે !
શો **એણે** જ બચાવ્યો છે સાંકડી નેળમાંથી તે,
વાંકા વળાંકમાંથી શું શ્રદ્ધાથી ઊગરાયું છે !
રસ્તો **એણે** કઢાવ્યો છે શ્રદ્ધાએ સૂઝ પ્રેરીને. ૯-૧૦

સેવતાં સેવતાં શ્રદ્ધા હેતુ સભાન જ્ઞાનથી,
ડગ એક ભરાયેલું ભૂમિકામાં વિકાસની,
કેટલું પ્રેરણાદાયી ફળવા યોગ્યતાભર્યું !
એવાં ડગ ભરાયેલાં પ્રેરે જોમ અનન્ય શું ! ૧૧-૧૨

'છે વિકાસાર્થ જે સર્વ પરિસ્થિતિ જગે મળે',
સેવતાં સેવતાં શ્રદ્ધા શિખાયું છે વિધાન તે,
તેથી તે કાળ તે રીતે વર્તવાનું થયેલું છે,
શું વિકસવા ભારે મહત્ત્વ દિલ લાગ્યું છે ! ૧૩-૧૪

કેવા કેવા મળેલા છે સંજોગો કારમા પથે !
તે ભયંકર દેખીતી રીતે શા લાગતા ખરે !
મર્દાનગીથી તે ત્યારે જો સ્વીકારાય ભાવથી !
હેતુલક્ષી થતાં, કેવો અર્થ પ્રસંગનો ફળે ! ૧૫-૧૬

*આવેલું પાસ મૃત્યુ હો પ્રત્યક્ષ લાગતું તદા,
શ્રેયાર્થી ધ્યેયને તોયે મૂકી દેતો ન છે જરા,
ઊલટો તેવી વેળાએ ઝોડની જેમ દિલથી
-ચોંટી સજ્જડ શો રહે છે શ્રદ્ધાના ભાવથી કરી.

---

* સર્પદંશથી પ્રત્યક્ષ મૃત્યુ વેળાએ અનુભવેલી દશા.

જીવન જ્યાં જતું લાગે સંપૂર્ણ નિજમાંથી તે,
તે વેળાએ જ શ્રદ્ધાથી શું પકડી રખાય છે !
પ્રચંડ જાગૃતિથી શી ધ્યેયને મજબૂત તે-
-તે ભયંકર સંગ્રામે ! **તેનો** સાથ અજોડ છે ! ૧૭-૨૦

જીવને કઠણાઈઓ કેવી કેવી જ આવી છે,
કેળવવા જ આવી તે શ્રદ્ધાથી સમજાયું છે,
શ્રદ્ધાએ જ્ઞાનને તેવા ટકાવવા જ જીવને,
પોતાનો સાથ જીવંતો શ્રેયાર્થીને દીધા કર્યો. ૨૧-૨૨

● ● ●

## અધ્યાય-૪ : લંગડાતો હતો કેવો !

(અનુષ્ટુપ)

શ્રદ્ધાનું લક્ષ ધ્યેયેથી કદીયે ચળતું નથી,
શ્રદ્ધા તે જીવને મારે કૃપાથી કેવી છે વરી ! ૧

શ્રદ્ધાની સીડીએ, સાવ મૂર્ખ નાદાનથી પથે
-ચઢી શકાયું, તે ભારે શો ચમત્કાર જીવને !
ખાધાં લથડિયાં ક્યાંક, અફળાયાં કરાયું છે.
શ્રદ્ધા સાથે જ હોવાથી, ઊતરાયું જ પાર તે. ૨-૩

ટકાવવા પથે શ્રદ્ધા નિશ્ચયે તે જિવાડવા-
શ્રદ્ધા શા **પ્રાણ** પ્રેરે છે ધપંતામાં નવા નવા ! ૪

જીવને ટકરાવાનું કેટલી વાર તો થતું,
શ્રદ્ધા ઉત્કટને લીધે શાંત, સ્વસ્થ રહી શક્યો,
શ્રદ્ધાએ સાથ જે દીધો તે તો અપૂર્વ, અદ્‌ભુત,
શ્રદ્ધા જીવતી ર્‌હેવાથી જીવતું થયું જીવન. ૫-૬

રાખ્યો બેસાડી શ્રદ્ધાએ **एक** ના **एक** મૂળમાં,
ક્યાંયે ના ખસવા દીધો આમથી તેમ પંથમાં,
ચલાવ્યા શું કરાવ્યું છે શ્રદ્ધાએ એકલક્ષમાં,
કેવો સાચવી લીધો છે સકંચે પડતાં તદા ! ૭-૮

જીરવી તે શકાઈ છે જીવને હાડમારીઓ,
મુંઝાઈ જ્યાં મરાતું'તું થૈ પરેશાન ત્યાં પથે,
શાતા ને સ્વસ્થતાકેરું શ્રદ્ધાએ ઊંજ્યું તેલ છે,
રાખી શકાયું છે તેથી માથું ટટાર જીવને. ૮-૯

શા શાયે ઊથલા ખાધા ! આમથી તેમ જીવને-
ક્યાં ક્યાંયે રખડ્યો કેવો ! જિજ્ઞાસાએ બતાવ્યું તે,
શ્રદ્ધાથી ત્યાં ઊગ્યું તેમાં પ્રાણવાન થઈ હૃદે
-કેવું કેવું મથાયું છે શ્રદ્ધાના શા પ્રતાપ તે ! ૧૦-૧૧

જ્યારે જ્યારે થયું પંથે ડગાવાનું ભૂલે ભૂલે,
શ્રદ્ધાના તે બળે માત્ર ત્યાં ત્યાં સ્થિર ટકાયું છે,
ઝઝૂમવાની શક્તિ શી શ્રદ્ધાની શક્તિથી મળી !
શ્રદ્ધાથી જ મળ્યા **પ્રાણ**, ટકાવા શ્રેય પંથથી. ૧૨-૧૩

લંગડાતો હતો કેવો ચલાતું ના હતું પથે,
હારી ગયો હતો હામ, વિશ્વાસ તૂટતો દીસે,
શ્રદ્ધા શી તોય તે વેળા અદશ્ય ના થયેલ છે,
પ્રાર્થનાના સહારાથી ઊઠી તે બેઠી થાય છે. ૧૪-૧૫

હોશકોશ ગયા ઊડી લાગતા હોય જીવને,
જાણે મરેલ સંપૂર્ણ જરા ના પ્રાણ હોય છે,

અનેક વાર શો એવો અનુભવ થયેલ છે !
પ્રાર્થના શી થતાં હૈયે અચાનક જિવાય છે. ૧૬-૧૭

આધાર રાખતો હોવા છતાં શ્રદ્ધા પરે સદા-
આ હુમલા નિરાશાના આવ્યા છે જીવને બધા !
તે વેળા માત્ર શ્રદ્ધાના આધારે તો ટકાયું છે,
જે તે કંઈ થવા સાથે શ્રદ્ધાને નિસ્બતે ન છે. ૧૮-૧૯

• • •

## અધ્યાય-૫ : શો ટટાર ઊભો તહાં !

(અનુષ્ટુપ)

કેવાં ચેડાં વિકાસે તો જીવને આવીને ઊભાં !
શ્રદ્ધાના બળથી ત્યારે શો ટટાર ઊભો તહાં ! ૧

જ્યારે વીફરવા લાગ્યું સીધું ગાડું વિકાસનું,
શ્રદ્ધાના ભાવ ઉદ્રેકે ટક્યો, જાગૃતિ પામતો. ૨

વાતને વણસાડી છે, જીવને તત્ત્વ કોઈકે,
શ્રદ્ધાની શક્તિથી સત્ત્વ સચવાતું થયું પથે. ૩

ઊતરાતાં ઊંડે ઊંડે આધારે અંતરે ઊંડે,
કેવીયે અસરો વ્યાપી ગૂંચવાવ્યો પથે મને. ૪

કેવું કેવું ભરેલું છે ઉલેચાતું નથી પૂરું,
ઉલેચાવા થતા યત્નો પૂરા ના ફળતા હજી. ૫

પ્રલય પ્રગટે જ્યારે પ્રચંડ પૂરબ્હારમાં
હાજાં ગગડી જ્યાં જાય સર્વ વાતે હરાય ત્યાં.

પ્રયત્ન કોઈ ફાવે ના ઊલટા હો જ ડૂબતા,
ગરક કળણે પૂરા વ્હારે શ્રદ્ધા ચઢે તહાં. ૬-૭

જ્યારે પડી જવાતાંમાં નિરાશા વમળે પથે,
કૂંડાળાં ગોળ ને ગોળે ઘુમરાયા જવાતું છે. ૮

કશી સૂઝ મને ત્યારે નહોતી પડતી હ્દે,
શ્રદ્ધાએ લક્ષ ત્યાં પ્રોઈ કેડી શી શોધી કાઢી છે ! ૯

જીવને ભમરોવાળું કેવું કેવું પડેલું છે !
ઉધામા શા કરાવેલા ! શ્રદ્ધાએ સ્હાય અર્પી છે. ૧૦

શા ભયંકર સંજોગો જીવને પ્રગટી પથે !
-કારમી ભીંસમાં લીધો છુટાવાને મથ્યા કર્યું,
પ્રયત્ને કારી ના ફાવી, પોકાર આર્તનાદથી
-શ્રદ્ધાનો ત્યાં સહારો લૈ પ્રાર્થના શી કર્યા કરી ! ૧૧-૧૨

જ્યારે કશુંય ચાલ્યું ના માર્યા કર્યા હવાતિયાં,
પાડ્યો પોકાર શ્રદ્ધાને શ્રદ્ધા શી દોડી આવી ત્યાં ! ૧૩

અનેક વાર ભાવેથી શ્રદ્ધાના ભાવથી હ્દે
-પ્રાર્થનાના જ પોકારે થઈ સહાય પ્રાપ્ત તે,
હારજીતની વચ્ચે શી અટવાયા જતાં પથે
-શ્રદ્ધાના સેવને કેવો ફેરફાર થયો હ્દે ! ૧૪-૧૫

મને શો હડબડાવ્યો છે મુશ્કેલીએ જ જીવને,
શ્રદ્ધાએ ઓથ બક્ષીને ઉગારી ત્યાં લીધેલ છે !
સર્વ પ્રકારની કેવી જે તે સંદિગ્ધતા હતી !
શ્રદ્ધાના સેવને મુક્ત થવા સ્હાય મળી હતી ! ૧૬-૧૭

શ્રદ્ધા એકાગ્ર કેંદ્રિત આધારે જામતાં પથે,
અલૌકિક પ્રદેશે કો પ્રવેશાયું શું જીવને !
નવાં આશ્ચર્ય શાં ! એક એકથી છે જુદાં જુદાં !
ભેરવાઈ પડાયું છે તેમાં તાદાત્મ્ય શું થતાં !
સૂક્ષ્મ કળણ તે દિવ્ય નીકળાવું જ તે થકી,
કોઈનોયે પુરુષાર્થ કામ ત્યાં આવતો નથી.
સમર્થ સદ્‌ગુરુની શી ત્યાં કૃપાની પ્રસાદીથી
-તે ત્યાંથી ખેંચી કાઢે છે, અર્પે છે મુક્તિ પાશથી. ૧૮-૨૧

'શ્રદ્ધાના શા ચમત્કાર' ! ભક્ત જે કો થયેલ છે,
**તે** અનુભવમાં તેને પ્રગટ્યા કરે જ જીવને,
શ્રદ્ધા સમર્થ શક્તિ છે, લીધો આશ્રય જેમણે,
શ્રદ્ધાના ભક્ત સંપૂર્ણ, શક્તિ તે, તે અનુભવે. ૨૨-૨૩

શ્રદ્ધાનો ભાવ હૈયામાં કેવો સભર તો ભર્યો !
એ ભાવે શક્તિ પ્રેરી છે જેથી હું ભાળતા શીખ્યો,
શાં શાં જીવનમાંથી શો નીકળી નીકળી પડી !
ક્યાંનો ક્યાંય હું આવ્યો છું, નવા દેશો, નવી ભૂમિ. ૨૪-૨૫

થતાં થતાં પરિપક્વ શ્રદ્ધાનો અંચળો નવો,
નવો વેશ, નવા દેશ, ત્યાં જે તે બધું શું નવું !
જાણ્યામાં જે ન આવ્યું છે, માન્યામાંયે ન આવ્યું છે,
અનુભવતણો એવો દિવ્ય ઑર પ્રદેશ તે. ૨૬-૨૭

પ્રપંચ છલના તે શી શ્રદ્ધાએ સામનો કરી
-જાગૃત કરી એ પ્રત્યે તકેદારી રખાવી શી ! ૨૮

શ્રદ્ધાકેરા પ્રદેશે જ્યાં પ્રવેશતાં પ્રવેશતાં,
સૂઝ શી વર્તવાની તે જીવને જાગી છે તદા !
ઉત્કટ સૂઝથી તેવી તેણે ચલાવીને પથે,
-કેવા કેવા પ્રદેશોથી લાગી મૂક્યો જ શો ઊંચે ! ૨૯-૩૦

• • •

## અધ્યાય-૬ : શા અવરોધ આવ્યા છે !

(અનુષ્ટુપ)

શ્રદ્ધાનો ભાવ પાકેલો હોવા છતાંય જીવને-
-શા અવરોધ આવ્યા છે તેને હરાવવા પથે,
શ્રદ્ધા**મા**એ બતાવેલા સાધનાભ્યાસમાં તદા-
-થતાં થતાં તદાકાર, વળી છે હાશ દિલમાં ! ૧-૨

શ્રદ્ધાના વ્હાલથી પુષ્ટ માતબર થતાં જતાં,
શા દૈવાસુર સંગ્રામે આવી પડ્યા જ પંથમાં,
તાકાત જબરી એવી પ્રગટેલી હતી નહીં,
છતાંયે ત્યાં તરાવ્યા છે શા પુરુષાર્થથી કરી ! ૩-૪

જીવને પ્રગટેલો તે શો દાવાનળ કારમો !
શ્રદ્ધાકેરી જ શક્તિએ કરાવ્યો પુરુષાર્થ શો !
મડદાલ થયેલાને શ્રદ્ધા**મા**એ જ જીવને
-ફરીથી જીવતો પાછો કરી, બક્ષ્યું જ દૈવત. ૫-૬

શા ઠેકાણા વિનાનાને શ્રદ્ધા આશ્વાસનો દઈ,
ઠેકાણે પાડવા પૂરો મથાવ્યો છે ફરી ફરી,
તે મથામણની કેવી રામાયણકથા જ છે !
શ્રદ્ધા**મા**ની કૃપાથી તો પડ્યું ઠેકાણું જીવને. ૭-૮

શ્રદ્ધા**મા**એ ઉકેલાવ્યા પ્રશ્ન અટપટા પથે,
એવી પરંપરા કૈંક આવી છે તે અનુભવે,
શ્રદ્ધા થઈ પ્રતિષ્ઠિત તેથી જીવનહાર્દમાં,
આવ્યું અનુભવે તેવું નક્કર શું સ્વરૂપમાં. ૯-૧૦

પડી ચૂકેલ શ્રદ્ધાને પંથ અદ્ભુતતાભર્યા,
રાજી ના થાય છે **મા** તો સ્હેજમાં, દિલ સ્હેજમાં,
સંતોષવા કરેલા છે, મરજીવા પ્રયત્ન ત્યાં,
ભાવપ્રસાદ ઉત્કૃષ્ટે, માડી રાજી થઈ તદા. ૧૧-૧૨

તીવ્ર હચમચવાનું શું આવિયું કારમું પથે !
બાથંબાથા મચેલી શી તે વેળા સામ સામને !
કદીક લથડાયો છું, કદીક થઈ છે જીત,
વારંવાર થતાં તેમ, છેવટે પામિયો પદ. ૧૩-૧૪

શ્રદ્ધાએ શાં કરાવ્યાં છે દર્શન કંઈ પેરનાં !
અનુભવે ભરી દીધું જીવનહાર્દ શક્તિમાં,
અનુભવોની સમૃદ્ધિ વિશે કેવી નવીનતા-
-જીવને મ્હાલતી આવી ખૂબી શ્રદ્ધાની શી તહાં ! ૧૫-૧૬

• • •

## અધ્યાય-૭ : કૈં દૈવાસુર સંગ્રામ

(અનુષ્ટુપ)

જીવને તે કસોટીઓ એક એકથી ઉગ્ર છે,
સામનો કરવા એનો શ્રદ્ધા ઉદ્યત શૂર છે. ૧

કૈં દૈવાસુર સંગ્રામ જે સાંપડેલ જીવને,
ઊભો રખાવી શ્રદ્ધાએ ખેલાવ્યા છે જ યુદ્ધ તે. ૨

હાર્યો એનક વેળાએ, લાતો ખાધી બહુ બહુ,
જીવને પટકાયો જ્યાં, શ્રદ્ધાએ સ્‌હાય કીધી શું. ૩

મેળવી ઈશ્વરી શક્તિ સંહારે સૌ અસુરને,
શ્રદ્ધાશક્તિ અનેરી છે કદી પાછી પડે ન તે. ૪

શી શ્રદ્ધાની બલિહારી જીવને નીરખેલી છે,
ઓતપ્રોત થવામાં તો શ્રદ્ધાપ્રતાપ સ્પષ્ટ છે. ૫

શ્રદ્ધા વડે ટકાયું છે, શ્રદ્ધાથી તો લડાયું છે,
શ્રદ્ધાથી યુદ્ધમાં કેવો મરણિયો થવાયું છે ! ૬

શ્રદ્ધાથી જ ટકેલો છું, મથ્યો તેના વડે પથે,
રહ્યો શ્રદ્ધા વડે ઊભો, શ્રદ્ધાથી જ નભ્યો ખરે,
શ્રદ્ધાથી જ ધપાયું છે, શ્રદ્ધાથી જ તરાયું છે,
શ્રદ્ધા વડે જિવાયું છે, શ્રદ્ધા તારણહાર છે. ૭-૮

જેમાં તેમાંય શ્રદ્ધા તો યજ્ઞાસમર્પણે કરી
-મળ સ્વચ્છ કરાવીને શક્તિ ચઢાવવાતણી-
-વિકાસપંથમાં પ્રેરે, શ્રદ્ધા કેવી શિરોમણિ-
-ભક્તિ પ્રેરાવવા હૈયે, શ્રદ્ધા માતા શી ભક્તિની ! ૯-૧૦

શ્રદ્ધામાં ભક્તિ ને જ્ઞાન કર્મયોગ સમન્વય,
ભાવ તે ભક્તિ, હેતુનું ભાન તે જ્ઞાન, જીવને-
આકાર ભાવ ને હેતુ થકી જે થાય, કર્મ તે,
શ્રદ્ધા છે સેવી એ રીતે, જાગ્યું તેમ અનુભવે. ૧૧-૧૨

• • •

# અધ્યાય-૮ : સામર્થ્ય, જ્ઞાન, આનંદ

(અનુષ્ટુપ)

શો નિર્ભીત થતાં, માથે ઓથાર લટકેલ જે !
એકદમ થયો દૂર, શી હળવાશ, જાગી છે !
એમ મુક્ત થવાતાંમાં, બીજા બધાંથી મુક્ત તે-
-આપમેળે થવાતું ર્હે, શ્રદ્ધાનો તે પ્રભાવ છે. ૧-૨

‘જેમાં તેમાં પથે મુખ્ય મોખરે ભાવ ધારવો,
ભાવની ગાઢતા લીન રહેવાતાં હૃદે પૂરો’,
શ્રદ્ધાના સેવને એવું હૈયામાં ઊગી તે જતાં,
વર્તાયું તે પ્રમાણે તે, શ્રદ્ધાથી ફળી શી કૃપા ! ૩-૪

જીવતી તે થતાં શ્રદ્ધા ચેતનાત્મક જીવને,
ઓળંગવા જ કેવુંયે ! શ્રદ્ધા કુદાવતી પથે,
શ્રદ્ધા સાથે રહેવાથી શું સમૃદ્ધ થતાં હૃદે,
ભર્યું ભર્યું શું લાગે છે, જીવન **આ** સમગ્ર તે. ૫-૬

શો ઉપાસક ને ભક્ત શ્રદ્ધાનો નિત્ય જીવને-
-હું અનુભવવા જ્ઞાન ભાવે રહ્યા કર્યો જ તે !
સેવતાં સેવતાં શ્રદ્ધા હેતુ સભાનતાથી તે,
કૃપાથી મથતાં ભાવે શ્રદ્ધા ફળાવતી હૃદે. ૭-૮

શ્રદ્ધા**મા** પ્રેરજો ભાવ હૈયામાં મુજને સદા,
ખોળામાં લઈને તારે **મા** વ્હાલ કરજો નવાં,
ખોળામાં તુજ, નિશ્ચિંત **આ** બાળ સર્વ રીતથી,
‘ખોળો **મા**નો મળ્યો’ કેવું શ્રેષ્ઠ સદ્‌ભાગ્ય સર્વથી. ૯-૧૦

શા શા ધમપછાડાયે જન્મ્યા જીવનમાં નર્યા !
હાલ્યો, ચાલ્યો, વધારે ના ત્યારે ઉધમાતથી ભલા !
એ તો કૃપા જ શ્રદ્ધાની, શ્રદ્ધાની બલિહારી તે,
શ્રદ્ધાનુભવથી કેવું જીવન છલકાયું છે ! ૧૧-૧૨

શા ધસમસતા ધોધે જીવન વહી જાય છે !
ઉછાળા મારતું કેવું ! શું ધબકતું હીર છે !
શ્રદ્ધા વિશ્વાસ બેઠેલાં જીવનનાં ચઢાણમાં,
કેવા આનંદકિલ્લોલે જિવાયા જ જવાતું ત્યાં. ૧૩-૧૪

જીવનરસનું કેંદ્ર પમાવાને મથી મથી-
-શાં તરફડિયાં માર્યાં ! છતાં કૈં જ વળ્યું નથી,
પમાવું રહ્યું તો દૂર, નીરખવાપણુંય તે-
-હજી ના હાથ લાગ્યું છે, તેના સર્વ પ્રયત્ન છે.
શ્રદ્ધાના દીવડે કેવા ઉત્કટ ઝંખનાભર્યા
પ્રયત્નેથી જ જોવાને ઝાંવાં શો નાંખતો ફર્યો !
સદ્‌ભાગ્યે જ કૃપાથી શા પ્રયત્ન ફળતાં થતાં
-સામર્થ્ય, જ્ઞાન, આનંદ, પ્રવર્ત્યાં જીવને તદા ! ૧૫-૧૮

• • •

## અધ્યાય-૯ : જીવન છે નિમિત્તનું

(અનુષ્ટુપ)

થયેલા નિર્ણયો શા શા ! પુરુષાર્થ થયે જતાં,
મળી નિષ્ફળતા તોયે ડરી ગયો ન હું છતાં,
ચીંધાયેલા, લીધેલા જે માર્ગે ગયા કર્યા તદા,
કરંતા, કરતાં એમ કૃપાથી તે સધાયું ત્યાં,

તોયે તે ના થયું પૂર્ણ આવ્યો છે અંત ક્યાંય ના,
ગયા જ કરવાનું છે, આગળે હજી આગળે,
પ્રયત્નો ત્યાં કર્યા વિના મેળે શા યત્ન થાય છે !
એક ક્ષિતિજથી બીજી ક્ષિતિજે કૂદતાં, બીજે-
-આગળે ધપવાનું છે, પરંપરા શી એવી તે !
પમાયા દિવ્યતા કેડે જીવન છે નિમિત્તાનું. ૧-૫

નિમિત્ત જીવને તેવા આત્માના ગુણધર્મ જે
-કેવા પ્રત્યક્ષ વર્તાતા પોતે અનુભવાય છે,
અનુભવો થતાં એવા આત્મા ભળેલ જીવને-
-એકધારો જીવંતો તે હોવા છતાં, નિમિત્ત તે
-જેવું જેવું મળે તેમાં આત્મભાવે જ વર્તશે,
ત્યાં પાછો સાક્ષી હોવાથી આત્મ શો આત્મને પ્રીછે !
નિમિત્ત શાં જુદાં જુદાં પ્રકૃતિ જીવને મળે !
નિમ્ન, ઊર્ધ્વ પ્રકારેયે છતાં ત્યાંયેય તે વિશે-
આત્મા નિર્લેપ તે તેથી વર્તને તે રહ્યા કરે-
પ્રત્યક્ષ જીવવું એવું પ્રકૃતિપડળો વિશે. ૬-૧૦

ત્યાં ત્યાં એવો થતાં સ્પર્શ ઈશ્વરીભાવ જીવને-
પ્રકૃતિપડળોમાં શું રહે અસ્તિત્વ ગૂઢ તે.
થવા છતો જ આત્માને શક્યતા તેથી જીવને-
અસ્તિત્વ માત્ર એવાનું પૃથ્વીમાં જીવ્યું ધન્ય છે !
પ્રકૃતિમાં થવા કેવો **एना** અસ્તિત્વની વડે
-ઊર્ધ્વ વિકાસ આત્માનો ! સંજોગ દિવ્ય સાંપડે ! ૧૧-૧૩

• • •

# અધ્યાય-૧૦ : કોઈ માને, ન માને કે

(અનુષ્ટુપ)

જેમણે જેમણે કીધું શ્રદ્ધાથી દિલ પ્લાવિત,
ઓતપ્રોત થતાં પૂર્ણ શ્રદ્ધામાં નિત્યજીવન,
તાસીર ઊપજી આવે તેવાની કેવી જીવને !
આનંદોત્સાહ તેવાનાં શાં છલોછલ ઊછળે ! ૧-૨

આવે ચમક આંખોમાં, અંગે શાં રોમરોમમાં-
-શ્રદ્ધાનું નૃત્ય સૌંદર્યે રૂપે રસે કળાભર્યાં ! ૩

ફરી તાસીર શ્રદ્ધાથી અજબ મૂળમાંથી શી !
શ્રદ્ધાના તે ચમત્કાર ફળ્યા ગજબ આપથી ! ૪

શ્રદ્ધા**મા**ના ચમત્કાર જીવને શા અનુભવ્યા !
જીવતી શક્તિ શ્રદ્ધા છે, **તે** વાસ્તવિક મ્હાલી ત્યાં. ૫

કોઈ માને, ન માને કે છતાં શ્રદ્ધા શી સાથ છે !
માનતા, માનતા છો ના, નિસ્બતે તે વિશે ન છે. ૬

અનેક નિજમાં એવા હજી મેળવવા રહ્યા,
અનંતાનંત શો માર્ગ ! જતાં જતાં જણાય ત્યાં. ૭

ક્યાં સુધી હજી **આ** યજ્ઞ રહેવાનો જ ચાલુ તે,
કોઈની કલ્પનામાં તે કેમેયે આવી ના શકે. ૮

સમર્પાતાં સમર્પાતાં ભાવથી નિત્ય જીવને,
કેવું સૌભાગ્યવંતું **આ** થયું જીવન શ્રીપદે. ૯

• • •

# અધ્યાય-૧૧ : નચાવ્યો છે મને તદા

(અનુષ્ટુપ)

કેટલુંય ભમેલો છું, શો ભટકેલ જીવને !
કેટલા ભાવથી શ્રદ્ધા**મા**એ ઉછેરિયો મને. ૧

અનેક ગુણ ને ભાવ શ્રદ્ધાથી જીવને ફળ્યા,
ખોળે શ્રદ્ધાતણા સૂતાં શી શક્તિ કરી પાંગર્યાં ! ૨

આડે પંથે જતાં રોક્યો કેટલી વાર જીવને,
શ્રદ્ધાએ ચેતવી દૈને સુઝાડ્યું જ્ઞાન છે હૃદે. ૩

સંસારકર્દમે કેવા ખરડાયેલ **જીવ**ને,
સુગંધિત સુવાસેથી મ્હેકતો શો કર્યો હૃદે ! ૪

શ્રદ્ધાને સેવી સેવીને, શ્રદ્ધાની પ્રાર્થના થતાં,
થૈ ઓતપ્રોત શ્રદ્ધામાં શ્રદ્ધાથી જીવતો સદા. ૫

શ્રદ્ધા**મા**એ મને પોષ્યો પેરે જિવાડવા પથે
પેરે પેરે મથાવ્યો છે તો જિવાયું જ છે હૃદે. ૬

શ્રદ્ધા**મા**એ કુદાવ્યો છે ! ઓળંગાવ્યા જ પ્હાડ છે,
ટચૂકડો જ ઠિંગુજી ઓળંગે કેટલુંય તે ? ૭

આકર્ષણ જગાડેલું શ્રદ્ધા**મા**એ શું અંતરે !
ખેંચાયા શો કરેલો છું ! તેથી પરત્વે **મા**ની તે. ૮

જીવને રાસ શ્રદ્ધાના રમાયા કેટકેટલા !
શ્રદ્ધામાતા ભળી તેમાં નચાવ્યો છે મને તદા. ૯

• • •

## અધ્યાય-૧૨ : તીર્થ જીવન આ થયું

(અનુષ્ટુપ)

ઊણપો કેવી કેવીયે મારા જીવનમાંહી જે,
શ્રદ્ધાએ ઓળખાવીને થવા મુક્ત મથાવ્યું છે. ૧

કૂંડાળાંમાં પડેલાને શ્રદ્ધાએ બ્હાર કાઢીને,
વાતાવરણમાં મુક્ત કેવો લાવી દીધો મને ! ૨

કચાશ એટલી મારી ત્યારે કેવી હતી હૃદે,
કાઢવા નબળાઈ તે મથાવ્યો ખૂબ ત્યાં મને. ૩

શ્રદ્ધાએ શો ઉછાળ્યો છે, આમથી તેમ જીવને !
એના તે હેતુનું જ્ઞાન તે વેળા ના થયું હૃદે. ૪

શ્રદ્ધાએ જ ચલાવ્યો તો મારાથી શું ચલાયું છે !
છછુંદર કૂદી કૂદી કેટલુંક કૂદી શકે ? ૫

શ્રદ્ધા**મા**એ ચખાડ્યો છે શો રસાસ્વાદ અંતરે !
વળગી શું રહેવાયું તેથી તો મૂર્ખથી પથે ! ૬

શ્રદ્ધાના શા ચમત્કાર અનેક જીવને થયા !
ઊભરો વ્હાલનો કેવો ! જાગી કેવી કૃતજ્ઞતા ! ૭

જીવતાં જીવતાં તેવું, શ્રદ્ધાના પરચા મને-
-કેવા મળેલ પ્રત્યક્ષ ! એની ખબર છે હૃદે. ૮

મારે જીવન લાચારી કેવા કેવા પ્રકારની !
કરાવી ભાન શ્રદ્ધાએ લીધો ઉગારી શો ચહી ! ૯

ભરોંસો જીવતો એવો શ્રદ્ધાથી શો વસેલ છે !
તેથી સમર્પવા ભાગ્યશાળી કેવો થયો હૃદે ! ૧૦

અમૃતપાન **તે** **મા**એ કેટલા દિવ્ય હેતથી
-કરાવ્યું છે જ પાજીને, ધન્યતા ભવ્ય બક્ષી શી ! ૧૧

ઘોર શો ઊંઘતો'તો હું ! એને જગાડવા જતાં-
-જાગી શકે ન, તેવાને બેઠો કર્યો જ **તેં** તદા. ૧૨

નવાડ્યો કેટલી વાર આનંદ નદીનાં પૂરે !
ઉછાળા મારી મારીને ત્યારે કેવો કૂદ્યા કર્યો ! ૧૩

મને જે આપ્યું છે **મા**એ અનંતાનંત માર્ગનું
-પૂરેપૂરું દીધું ભાથું, જે ખૂટી ના પડે કશું. ૧૪

મનેય ધન્ય કીધો છે એ પૂરે નવરાવતાં,
હજીયે કરું છું નાહ્યા શ્રદ્ધાનાં પાદપદ્મમાં. ૧૫

જીવને સૂર્યશ્રદ્ધાનો કેવો પ્રકાશ દિવ્ય તે !
-પાંગરી પ્રસરેલો છે, સારાય જીવનેપથે ! ૧૬

ધવરાવ્યો જ શ્રદ્ધાએ, પોષણ પ્રેરી પ્રેરીને,
મને 'મોટો' કર્યો કેવો ! શી પ્રસાદી મળી મને ! ૧૭

ધન્ય ધન્ય થયું કેવું ! તીર્થ જીવન **આ** થયું,
પ્રભુએ સંપડાવેલું, પ્રભુમાં કેવું તે ભળ્યું ! ૧૮

આનંદોલ્લાસ ફૂટેલો **મા**ના ભાવથી દિલ જે
-સમાયો ના સમાયે છે, ઊછળતાં શમે ન તે. ૧૯

વારંવાર નમસ્કાર, વારંવાર પ્રણામ છે,
ભાવાંજલિ હું શ્રદ્ધાને ધરું ખોબલે ખોબલે. ૨૦

**મા**ના વ્હાલથી હૈયે શો આનંદવિભોર થૈ !
મ્હાલવાકેરું સદ્ભાગ્ય **મા**એ જીવન બક્ષ્યું છે. ૨૧

સંઘર્યો મૂર્ખ નાદાન હૈયાના હેતથી હૃદે,
લઈ ઉછંગમાં ખોળે, રમાડ્યો મસ્તીથી મને. ૨૨

છોળો આનંદ શી સ્ફુરે, ફુવારા જેમ ફૂટીને !
આકાશે ઊડી ઊડીને જીવને મસ્ત છાવરે. ૨૩

**મા**નાથી આજ કેવો હું ધન્ય જીવનમાં થયો !
શ્રદ્ધા**મા**નાં જ તે પદ્મપાદમાં રમતો થયો. ૨૪

**મા**ના ખોળા વિશે સૂવાકેરો આનંદ ઑર છે,
લ્હાવો લેવા દીધો કેવો **મા**એ પ્રેમથી મુજને ! ૨૫

હૈયામાં સંઘરાયેલો શ્રદ્ધાના સેવને ગૂઢ-
-સર્જનાત્મક શો ભાવ ! ભક્તિથી ધરું તે પદ. ૨૬

નવું જીવન શ્રદ્ધાએ, શ્રદ્ધાથી નવસર્જન,
કેટકેટલું સમૃદ્ધ **આ** ભિખારીનું જીવને ! ૨૭

બધી વાતે પૂરેપૂરો સાવ નાદાન મૂર્ખ તે,
**મા**ને શી દક્ષિણા અર્પું ? શક્તિ લક્ષ્મી ન એવી છે. ૨૮

ભાવના ભાવથી ભાવે શ્રદ્ધાએ ભર્યું જીવન,
જીવન તે સમર્પું છું શ્રદ્ધા**મા**ને લળી પદ. ૨૯

**॥ હરિઃૐ ॥**

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૨૦ :** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૦:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૦ :** ગૂજરાત વિદ્યાપીઠ પ્રવેશ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૨ :** 'મનને'ની રચના.

**૧૯૨૩ :** 'તુજ ચરણે'ની રચના તથા પ્રકાશન.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૪ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** સાકુરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકુરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૨૮ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

**૧૯૩૪થી ૧૯૩૯** દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં છાણાંની ૬૩ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને ૨૮ દિવસની સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦:** દક્ષિણભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે’જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

## આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા ટેપવાણી | ૧૨ |
| ૪. | પ્રવચન વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનંસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

१३.આર્તપોકાર १९५४
१४.અભ્યાસીને १९६७
१५.જિજ્ઞાસા १९७०
१६.ભાવ १९७१
१७.જીવનઝલક १९७१
१८.જીવનસૌરભ १९७१
१९.જીવનઅનુભવગીત १९७१
२०.જીવનસ્મરણ १९७१
२१.શ્રદ્ધા १९७१
२२.જીવનલહરી १९७१
२३.જીવનતપ १९७२
२४.જીવનરસાયણ १९७२
२५.જીવનઆહ્‌લાદ १९७२
२६.રાગદ્વેષ १९७२
२७.નિમિત્ત १९७२
२८.ગુણવિમર્શ १९७२
२९.જીવનસ્પંદન १९७३
३०.જીવનરંગત १९७३
३१.જીવનકથની १९७३
३२.જીવનસ્મરણસાધના १९७३
३३.જીવનમથામણ १९७३
३४.પ્રેમ १९७३
३५.મોહ १९७३
३६.કૃપા १९७३
३७.સ્વાર્થ १९७३
३८.શ્રીસદ્‌ગુરુ १९७३
३९.કર્મઉપાસના १९७३
४०.જીવનચણતર १९७४
४१.જીવનઘડતર १९७४
४२.જીવનપગદંડી १९७४
४३.જીવનકેડી १९७४
४४.ભાવકણિકા १९७४
४५.ભાવરેણુ १९७४
४६.ભાવજ્યોતિ १९७४
४७.ભાવપુષ્પ १९७४
४८.ભાવહર્ષા १९७५
४९.જીવનપ્રભાત १९७५
५०.જીવનપ્રવાહ १९७५
५१.મૌનાર્થીને માર્ગદર્શન २००३

•

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | દાંપત્ય ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કેન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

●

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | મોટા - મારી મા | ૨૦૦૩ |

●

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

●

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મમૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

| | | |
|---|---|---|
| ૧૭. | દુર્લભ દેહ મનુષ્યનો | ૨૦૦૭ |
| ૧૮. | દૈવાસુર સંગ્રામ | ૨૦૦૭ |
| ૧૯. | પ્રસાદી (ગુજરાતી) | ૨૦૦૮ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટાના બે બોલ (તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક) | ૨૦૧૪ |
| ૨૧. | જીવનયોગ ભાગ ૧ અને ૨ | ૨૦૧૬ |
| ૨૨. | બુદ્ધિ | ૨૦૧૭ |

●

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી મોટાનો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા ‘ભાઈ’ શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

●

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના મોટા | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટા ચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટા ચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્‌ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

●

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तिका का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम – श्रीभगवान के अनुभव का स्थान | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के मोटा | २०१२ |
| ११. | विद्यार्थी मोटा का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

## હરિઃૐ આશ્રમમાં ઉપલબ્ધ અંગ્રેજી પુસ્તકોની યાદી. જાન્યુઆરી - ૨૦૨૦

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet (Tuj Charane) | 1948 |
| 2. | To The Mind (Man ne) | 1950 |
| 3. | Life's Struggle (Jeevan Sangram) | 1955 |
| 4. | The Fragrance of a Saint (Paraslila) | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-interest (Swarth) | 2005 |
| 9. | Inquisitiveness (Jignasa) | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals (Vidhi-Vidhan) | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children (Balako na Mota) | 2008 |
| 14. | Against Cancer (Cancer ni Same) | 2008 |
| 15. | Faith (Shraddha) | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human to Divine (Bhagat ma Bhagwan) | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace (Krupa) | 2012 |
| 20. | I Bow at Thy Feet (Tuj Charane) | 2013 |
| 21. | Attachment and Aversion (Raag Dhwesh) | 2015 |
| 22. | The Undending Odyssey - My Experience of Sadguru Sri Mota's Grace | 2019 |

●

॥ હરિઃૐ ॥

કમાવાનું કશું ના હું જાણું, મૂર્ખ પૂરેપૂરો,
માના ખોળે જ નિશ્ચિંતે પડી રહેવાનું જાણતો.

આશરો આપવા શ્રદ્ધા સર્વ રીતે સમર્થ છે,
શ્રદ્ધાનો આશરો જેને તેના પોબાર જીવને.

મળ્યો છે આશરો પાકો શ્રદ્ધાનો જીવ જેહને,
નિશ્ચિંત જીવને તેના જેવો બીજો ન કોઈ છે.

શરણે તુજ આવેલો નરાતાર ગરીબ જે,
તેને તું કેવું આપે છે જ્યારે જોઈતું સર્વ તે.

- શ્રીમોટા

'શ્રદ્ધા', ત્રીજી આ., પૃ. ૧૫,૬૧,૧૯૨, 54

કિંમત : રૂ. ૨૫/-